284 D

# પંચ કલ્યાણક યોગ

(ધ્યાન યોગના અનુભવિત સંખ્યાબંધ પ્રયોગો સાથે)

રજનીકાંત લક્ષ્મીચંદ ત્રિભોવનદાસ
જાંબુવાલા



# પંચ કલ્યાણક યોગ

(ધ્યાનયોગના અનુભવિત સંખ્યાબંધ પ્રયોગો સાથે)

રજનીકાંત લક્ષ્મીચંદ ત્રિભોવનદાસ જાંબુવાલા

પ્રકાશક

**રજનીકાંત લક્ષ્મીચંદ ત્રિભોવનદાસ જાંબુવાલા**

૨૦૩, રિદ્ધિ એપાર્ટમેન્ટ, ગણેશ મંદિર રોડ,
અશોકનગર, કાંદિવલી (ઇસ્ટ), મુંબઈ
ટે. ન. (૦૨૨) ૨૮૮૪૦૭૪૨

**નવભારત સાહિત્ય મંદિર**

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ – ૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧
૨૦૧, પેલીકન હાઉસ, નટરાજ ટોકીઝ પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૬
Email : navbharat@icenet.net
Visit us at : www.navbharatonline.com

PANCH KALYANKA YOG
by Rajanikant Laxmichand Tribhovandas
Published by Rajanikant Laxmichand Tribhovandas
Mumbai

© વિશાળ રજનીકાંત જાંબુવાલા

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૫

કિંમત :- રૂા. ૪૫/૦૦

પ્રકાશક :
રજનીકાંત લક્ષ્મીચંદ ત્રિભોવનદાસ જાંબુવાલા
૨૦૩, રિદ્ધિ એપાર્ટમેન્ટ,
ગણેશ મંદિર રોડ,
અશોકનગર, કાંદિવલી (ઇસ્ટ),
મુંબઈ
ટે. ન. ૨૮૮૪૦૭૪૨

ટાઇપ સેટિંગ :
પ્રિન્ટ પોઇંટ, ૨૪, ૪થો માળ,
ઇલોરા કૉમ. સેન્ટર, અમદાવાદ-૧

મુદ્રક :
યુનિક ઑફસેટ
એન. આર. એસ્ટેટ, તાવડીપુરા,
શાહીબાગ, અમદાવાદ-૪

# સમર્પણ

જે પરમાત્માની
પરમ કૃપાઓના અમોઘ પ્રવાહોએ
જીવનનાં વહેણોને
આધ્યાત્મિક માર્ગે વાળ્યાં
તે પરમાત્મા મહાવીરસ્વામી ભગવાનની
પંચકલ્યાણકોની
પરમ તારક શક્તિઓને
કૃતજ્ઞ ભાવે નતમસ્તકે
આ ગ્રંથ
સમર્પણ
કરીને કૃતાર્થ થાઉં છું.

## પ્રસ્તાવના

ૐ હ્રીં શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથાય નમ:

એક દી ભીતરમાં ભવભ્રમણનો ભયંકર ભય જાગ્યો. લગાતાર ત્રણ ત્રણ દિન લગી ત્રાસ વહ્યો. ડીસા ચાતુર્માસસ્થિત સંસ્કૃતિરક્ષક પ્રખર પ્રવચનકાર મારા પ. પૂ. ગુરુદેવ શ્રી ચન્દ્રશેખર વિ. સા. (હાલ પ. પૂ. પં. પ્ર. શ્રી ચન્દ્રશેખરજી ગણિવર)ને અંતર વ્યથાઓ પત્ર થકી વ્યક્ત કરી.

સાદના પ્રતિસાદ તરીકે પૂજ્યશ્રીજીએ વિ.સં. ૨૦૩૧ના આશ્વિન માસે ભાવકરુણાપૂર્વક ભવતારક પંચકલ્યાણકોની આરાધના આપી. અસીમ કૃપા વરસાવી. કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારી.

આજ્ઞા આશીર્વાદપૂર્વક વહેલામાં વહેલા ઉત્કૃષ્ટ મુહૂર્તે અનન્ય શ્રદ્ધા સાથે આરંભી. એક પણ દિવસના ખાડા વિના આજેય અખંડિતતાપૂર્વક ચાલે છે.

આ આરાધના નવસારી તપોવનના જિનાલયના પ્રતિમાઓના પ્રાણપ્રતિષ્ઠા અને પ્રતિષ્ઠાના પ્રસંગે ગ્રંથરચનામાં પ્રધાનપણે પ્રેરક બની છે.

બેય પ્રસંગો પ્રકૃષ્ટ પ્રભાવકતાઓ પ્રસરાવે તો ભગવાનના શાસન અને પ. પૂ. ગુરુદેવશ્રીજીના અસીમ ઋણને અલ્પાંશેય ચૂકવવાનું સદ્ભાગ્ય સાંપડે એવા આશયોએ પંચકલ્યાણકો અને અંજન-અધિવાસનાના ધ્યાનયોગમાં પૂરેપૂરો પરોવાયો. દેવગુરુ ભગવંતોની અગાધ કૃપાઓથી અણધારી એકધારી પ્રગતિ પ્રવર્તી.

પ. પૂ. ગુરુદેવશ્રીજીએ વર્ષોવર્ષના વિશ્વાસપાત્ર શ્રદ્ધેય મુહૂર્તધાર તરીકે આ કૃપાકાંક્ષુને મુહૂર્તો વિશેની સઘળી જવાબદારીઓ સોંપી. સખત

પરિશ્રમેય મનગમતાં શ્રેષ્ઠતમ મુહૂર્તો લબ્ધ બનતાં ન હતાં. છેવટે સ્વરોદય શાસ્ત્રનો આશરો લીધો. સ્વરસિદ્ધથી શીઘ્રતાએ ઉત્કૃષ્ટતમ મુહૂર્તો ઉપલબ્ધ બન્યાં.

ગ્રંથસ્થ સંક્ષિપ્ત પ્રતિમા મુહૂર્ત યોગના પ્રકરણ પ્રમાણે શિલાન્યાસના ગ્રહયોગો સાથે પ્રસંગેપ્રસંગના ગ્રહયોગો સુસંગત સુસંવાદિત હતા.

શ્રી મહાવીરસ્વામી ભગવાનનું જીવનચરિત્ર પરમ પ્રભાવવંત, મહામહિમાવંત અને વિરલ વિભૂતિવંત છે. એનાં ગૂઢ રહસ્યો લુપ્ત ગુપ્ત છે. એમના અંતરંગ ભાવોની કેવલ અંતરથી કે આત્માથી અલ્પાંશે સ્પર્શના પામી શકાય.

દેવગુરુની કૃપાથી ધ્યાનાદિ આરાધનાઓના પ્રભાવે ત્રણેય ભવનાં થોડાં રહસ્યોના થોડાક અંશો મળ્યા. ભક્તિભાવે બાળબુદ્ધિથી આલેખ્યા છે. એમાં ક્ષતિઓને અવશ્ય અવકાશ છે.

ભગવાનની અગાધ કારુણ્યવાહિતાઓ અને અતાગ કલ્યાણકારકતાઓ ઓળખવા-પરખવામાં અચૂક ઉપયોગી નીવડશે. આથી જ ત્રણેય ભવોની પ્રસ્તુતિ પેટે ગજા બહારનો પ્રયાસ કર્યો છે.

જિનબિંબો અને જિનાલયો એકબીજા સાથે જોડાયેલાં છે તેમ જ્યોતિષ અને શિલ્પશાસ્ત્રો સાથે બંને સંકળાયેલાં છે. એ અપેક્ષાએ એકેક નાના નાના પ્રકરણમાં બેયના સાર સારવ્યા છે.

ગચ્છીય યા પક્ષીય ભેદભાવ વિના શાસનશ્રેયાર્થે યોગસાધનાપાત્ર સુપાત્ર મુનિવરો યોગીવરોની શોધખોળ ટૂંકી પડી. એનો વસમો વસવસો વસ્યો. કોઈ પણ ધર્મના મહાત્મા ધ્યાતાને યોગધ્યાનની પ્રગતિમાં અટકાયત અટકાવે નહીં, એ જ આ ગ્રંથપ્રકાશન પછવાડેનો આશય છે.

આ સંશોધકનું શાસ્ત્રજ્ઞાન સાવ સામાન્ય કક્ષાનું છે. ગ્રંથરચનામાં શાસ્ત્ર સંબંધી અનેક ભૂલોની સંભવનાઓ છે. જ્ઞાનીઓ યોગીઓ ભૂલસુધારણામાં સહાયભૂત બને એવી વિનમ્ર ભાવે વિનંતિ છે.

આ આલેખન ઘણું અધૂરું છે. જ્ઞાતા ધ્યાતા મહાત્માઓ એને આગળ ધપાવે. અવનવી ક્ષિતિજો ઉઘાડે. સ્વપર કલ્યાણમાં જોડાય એવી

ભાવભરી પ્રાર્થના છે.

પથદર્શક માર્ગનિર્દેશક પરમ તારક ચરમ તીર્થપતિશ્રી મહાવીર સ્વામી ભગવાનની પંચકલ્યાણકોની પરા શક્તિઓને ગ્રંથ સમર્પણ કરીને કૃતાર્થ થાઉં છું.

ક્ષતિઓની ક્ષમા માંગુ છું. જિનાજ્ઞા વિરુદ્ધના લેખનના મિચ્છા મિ દુક્કડં આપું છું.

વિ.સં. ૨૦૫૨ શ્રાવણ સુદી ચોથ **રજનીકાંત લક્ષ્મીચંદ ત્રિભોવનદાસ**

તા. ૧૮-૮-૧૯૯૬ જાંબુવાલા


**નવું સરનામું**

૨૦૩, રિદ્ધિ એપાર્ટમેન્ટ્સ,
ગણેશ મંદિર રોડ,
અશોકનગર, કાંદિવલી (ઇસ્ટ)
મુંબઈ
ટે. નં. ૨૮૮૪૦૭૪૨

'પ્રશમ'
ભારતની વાડી સામે,
જિનતાન રોડ,
સુરેન્દ્રનગર – ૩૬૩૦૦૧


**તા. ક.** : છેલ્લાં ત્રણ ભવલેખનોની મધુરપમાં ૨૪ ભવોની અધૂરપ સાલતી હતી. બાલ બાલુડાનાં બાલુકડાં ગીતડાં લેખેય 'જન્મ-જન્માંતરોની જન્મોત્રીઓ'ના મથાળાથી પૂરક પુરવણીઓ પૂરી છે.

# નિવેદન

એક તેજસ્વી દ્રવ્ય કેટલે સુધી પ્રકાશ ફેલાવી શકે ?

મીણબત્તી બેચાર ફૂટ, ફાનસ દશબાર ફૂટ, વિદ્યુતનો ગોળો પચીસ-પચાસ ફૂટ અને સોડીઅમ લૅમ્પ બસોપાંચસો ફૂટ સુધી પ્રકાશ ફેલાવે છે.

આધુનિક ખગોળવિજ્ઞાન(Astronomy)ની પરિભાષામાં એક ચન્દ્ર લાખો પ્રકાશવર્ષ, એક સૂર્ય કરોડ પ્રકાશવર્ષ અને એક તારો અબજો પ્રકાશવર્ષ જેટલા દૂરાતિદૂર પ્રદેશોથી પૃથ્વી પર પ્રકાશ પાથરે છે.

આથી અધિક અંતર સુધી અન્ય કોઈ દ્રવ્ય પ્રકાશ ફેલાવી શકે ખરું ? હા. ભગવાનના એક કલ્યાણકનું એક સૂક્ષ્મ બિંદુ પલભરમાં જ ત્રણ લોકમાં પ્રકાશ રેલાવે છે.

એક સમર્થ માનવ એકસાથે કેટલા માનવીઓને કમ્પાવી શકે ?

એક રાજા હજારો, એક મહારાજા લાખો, એક ચક્રવર્તી કરોડો અને એક ઇન્દ્ર અબજો માનવીઓને કમ્પાવી શકે છે.

એક ઇન્દ્રથી અધિક શક્તિ અન્ય કોઈમાં હશે ખરી ?

હા. અરિહંત ભગવંતના એક કલ્યાણકનું એક બિંદુ એકીસાથે ચોસઠેય ઇન્દ્રોનાં સિંહાસનો કમ્પાવે છે.

એક માનવીમાં કેટલી વ્યક્તિઓની આત્મોત્થાનક શક્તિ સંક્રાંત હશે ?

એક ત્યાગી વિરાગી મુનિ મહારાજામાં સોબસો, એક બ્રહ્મસિદ્ધ મુનિ મહાત્મામાં હજારો અને એક મહાયોગી પુરુષમાં લાખો વ્યક્તિઓની આત્મોત્થાનક શક્તિ સંક્રાંત હોય છે.

એક મહાયોગી વિભૂતિથી અન્ય કોઈમાં અધિક વ્યક્તિઓની આત્મોત્થાનક શક્તિ સંક્રાંત હશે ખરી ?

હા. એક તીર્થંકર ભગવાનના એક કલ્યાણકના એક જ સૂક્ષ્મ બિંદુમાં એકસામટી પાપોના ઉખેડીને અને પુણ્યોના ગંજના ગંજ ખડકીને અસંખ્ય જીવાત્માઓના આત્મોત્થાનક, પુનર્આત્મોત્થાનક અને પરમ આત્મોત્થાનક શક્તિ સંક્રમિત હોય છે.

અરિહંત પરમાત્માના એક જ કલ્યાણકના એક જ સૂક્ષ્મ બિંદુમાં આવી અપરિમિત શક્તિ સંક્રમિત હોય તો એક જ કલ્યાણકમાં સમગ્રતયા શક્તિ કેટલી ? અનંતીને ?

એક દેવાધિદેવના એક જ કલ્યાણકમાં અનંત શક્તિ હોય તો એ જ દેવાધિદેવનાં પાંચેય કલ્યાણકો સમગ્રતયા સામર્થ્યતા કેટલી ? અનંતીને ?

એક જ ભગવાનના પાંચેય કલ્યાણકોમાં અનંત શક્તિ સંક્રમિત હોય તો અનંત તીર્થંકર પરમાત્માઓના અનંત કલ્યાણકોમાં સામર્થ્યતા કેટલી ? અનંતા અનંતી ને ?

આવી અસીમ નિઃસીમ શક્તિઓનું કોઈ સચોટ સબૂત હશે ખરું ?

હા, છે. છે. છે. એમાં સવાલ છે સમય, સાધનાઓ અને સત્ત્વોનો...

અનંત શક્તિનો વિષય બુદ્ધિગમ્ય નથી કિંતુ અનુભવગમ્ય છે માટે જવાબ ખુદે જ ખોળવાનો, જાતે જ જાણવાનો અને પોતે જ પામવાનો છે.

સચોટ સબૂત વાસ્તે સંશયકાર સ્વયં દીર્ઘકાળ લગી શ્રી મહાવીરસ્વામી ભગવાનનાં પાંચેય કલ્યાણકોની આરાધનાઓ ભાવભેર આરાધે. પશ્ચાત્ ક્ષત્રિયકુંડના જન્મકલ્યાણક અને પાવાપુરીજીના નિર્વાણકલ્યાણકોના પરમ પવિત્ર ભૂમિપ્રદેશોએ આવે. દત્તચિત્તે ભરપૂર ભક્તિભાવોએ એકાકારતાપૂર્વક આરાધનાઓ આરાધે.

જન્મનિર્વાણની ભૂમિઓએ ઉભય કલ્યાણકોના અણુપરમાણુઓ વર્તમાન કાળેય વિદ્યમાન છે.

આરાધનાઓ જનિત ભગવાન સાથેના સંબંધને નાતે આત્મપ્રદેશો પરમાત્માના કલ્યાણકોની અણુપરમાણુઓની સ્પર્શના સધાવશે. પાત્રતા પ્રમાણે પ્રત્યક્ષ અનુભૂતિઓ પમાડશે અકથ્ય આત્માનંદથી આનંદવિભોર બનાવશે. આથી આપોઆપ આપમેળે જ સચોટ સબૂત સાંપડશે.

કર્મવશાત્ આવી અનુભૂતિઓ મણાય નહીં તોય અણુ-પરમાણુઓની સ્પર્શનાને પ્રભાવે અગમ્ય આનંદની અનુભૂતિઓ અવશ્ય અનુભવશો. છેવટે સંશયનો છેદ ઊડશે એને આત્મા સાથે આલિંગી લો.

ઉત્તરના પ્રત્યુત્તર તરીકે લાજવાબ જવાબદાર જવાબ જડશે - અંતરસ્થ - આત્મસ્થ.

*

# શાસ્ત્રાધારની ધાર

પ. પૂ. યાકિની મહાત્તરા સૂનુ હરિભદ્રસૂરીશ્વરજી રચિત 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથમાં વિશેષ વિશ્લેષણ વિના સામર્થ્ય યોગનું શબ્દાલેખન છે. પૂર્વ કાલે સર્વ ધર્મ અંતર્ગત કૈવલ્યદાતા યોગ હશે !

પ. પૂ. કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય વિરચિત 'યોગશાસ્ત્ર' નામક મહાગ્રંથના પાંચમા પ્રકાશમાં સ્વરોદય સમેત કાલજ્ઞાનના તેમજ સ્વાનુભવ સિદ્ધિ નામના બારમા પ્રકાશમાં 'મન-અમન' યોગ વિશે વિસ્તૃત વિચારણા છે. સ્વરોદય-કાલજ્ઞાન શિવ સંપ્રદાયના 'શિવ સ્વરોદય' પર તથા 'મન-અમન' નાથ સંપ્રદાયના ગોરખનાથજીના 'અમનસ્ક' યોગના બીજા ભાગના ચોરાણુંથી એકસો ત્રણ શ્લોક પર અવલંબિત લાગે છે.

અન્ય દર્શનોની વિશિષ્ટ વસ્તુઓ અનેકાંતવાદના ઘરની છે એવી જૈન દર્શનકારોની સર્વમાન્ય માન્યતાના આ સાબૂત સબૂત છે.

પ. પૂ. મહોપાધ્યાય યશોવિજયજી વિરચિત ગીતાજી સમાન 'જ્ઞાનસાર' ગ્રંથસ્થ છવીસમા અષ્ટકમાં અનુભવ વિશે પ્રકૃષ્ટ પ્રકાશ પાથર્યા છે.

"સર્વ ધર્મો દિશાસૂચક છે. શાસ્ત્રની સેંકડો યુક્તિઓ કે ગ્રંથ વાણી અગર અર્થજ્ઞાન થકી આત્મપરમાત્મ સ્વરૂપ અજ્ઞાત રહે છે. માત્ર સમસ્ત શબ્દબ્રહ્મના જ્ઞાનમય અનુભવે પરબ્રહ્મ પરમાત્મા પ્રજ્ઞાત બને છે એવાં તાત્ત્વિક તારણ છે."

શાસ્ત્રાધાર વિહોણી દ્રવ્ય, ક્ષેત્ર અને કાલ અનુસારી સ્વપર દર્શનોની સાપેક્ષ અનુભૂતિઓ અનેકાંત દૃષ્ટિએ શાસ્ત્રાનુસારી છે.

શાસ્ત્રો દૂધભૂત અને અનુભવો અમૃતભૂત છે એવા મહાજ્ઞાનીઓના આલેખ આલેખન છે.

ગ્રંથસ્થ વિષયોને અનુભવની એરણ પર ચકાસે એવી જ્ઞાની, વિરાગી, ત્યાગી, યોગી પુરુષોને પૂજ્યભાવે પ્રાર્થના છે.

પરિપ્રેક્ષણ અનુપ્રેક્ષણ થકી જૈન દર્શનમાં યોગધ્યાન નથી એના ટોણા ટળશે. યોગરસિયાઓ જૈનેતર બદલે જૈનયોગને માર્ગે વળશે. પાત્રતા પ્રમાણે ગૂઢ રહસ્યો કળશે. અનુપમ અનુભવો મળશે. જીવનઆરાધન ફળશે.

*

## જન્મજન્માંતરોની જન્મોત્રીઓ

ચરમ તીર્થપતિ શ્રી મહાવીરસ્વામી ભગવાનના સત્તાવીસેય ભવોના અર્થ અન્વર્થ અકથ્ય છે.

ભવભવનાં પુન્યપાપોના પર્યાયોની પર્યાલોચના, ઊલટાસૂલટા પલટાઓની સમાલોચના અને ક્ષમતાઅક્ષમતાની સક્ષમ સમીક્ષાઓ, ભાવભાવોના ભાષ્યભૂત ભાષણ, સારાસારના સારભૂત સારણ અને તારતમ્યતાનાં તાત્ત્વિક તારણો તેમજ દૃષ્ટાદૃષ્ટત્વની દાર્શનિક દર્શનાઓ અને આત્મતત્ત્વની કાર્મિક પ્રદર્શનાઓ અગમ્ય છે.

સંસારના સીમાંકનબદ્ધ અને ભવોભવના મૂલ્યાંકનભૂત ફૂલફૂલવણીઓના ઇષ્ટાનિષ્ટ કુંજનગુંજન અકળ છે.

ઉત્કૃષ્ટ નિકૃષ્ટ ઉષ્કર્ષ અપકર્ષના નિષ્કર્ષ ઘટઘટમાં ઘૂંટવવા, રગરગમાં રગડવા, રોમરોમમાં રમાડવા અને પ્રદેશેપ્રદેશમાં ઘુમાડવા જેવા છે.

ચાર ભવમાંના પહેલા ત્રીજા નયસાર મરીચિના તથા બીજા ચોથા દેવલોકના, પાંચથી પંદરમાં એકાદ અપવાદ સિવાય ત્રિદંડી સંન્યાસ અને દેવલોકના, સોળ, સત્તર અઢારમા વિશ્વભૂતિ, ત્રિપૃષ્ટ વાસુદેવ મધ્યે દેવલોકના, ઓગણીસથી એકવીસમા સાતમી ચોથી નરક મધ્યે કેશરીસિંહના, બાવીસ તેવીસ ચોવીસમા ધર્મારાધક વિમલ રાજકુમાર અને આત્મારાધક પ્રિયમિત્ર ચક્રવર્તી અને દેવલોકના તેમજ પચીસ છવીસ સત્તાવીસમા મધ્યમધ્યિત દેવલોક આસપાસના તીર્થંકર નામકર્મ નિકાચક નંદન મુનીશ્વર અને મહાવીર જિનેશ્વરના દાવનદાવત કલ્પનાતીત છે.

પહેલો ભવ નયસાર. ગામનો ગામેતી. રાજાજ્ઞાથી કાષ્ટકાપણ કાજે વનગમન. મધ્યાહ્ને જઠરાગ્નિના જલદ જલન. અતિથિના આતિથ્ય અર્થે મનોમન મંથન.

પુન્યયોગે મુનિઓના પધરામણા. સાચા બોલા સાચુકલા સાધુઓને આહારના ભાવપૂર્વક વહોરામણા અને વિધિપૂર્વક વપરામણા.

નગર માર્ગે માર્ગદર્શક માર્ગદેશકની થોડી થોભામણી. કર્તવ્ય પરાયણતાએ આત્મધર્મની કથામણી. ધર્મકર્મની માર્મિક શિક્ષામણી. અન્નદાન

પ્રતિ પાત્રને પાત્રતા પ્રમાણે પિરસામણી. સમ્યગ્ દર્શન, તત્ત્વગ્રહણ અને નવકાર આરાધનાની પહેરામણી, વળાવિયાને વળતા વળતરની વળામણી.

કાર્યપૂર્તિએ મુખ્ય મુખીના પોતીકા પૃથ્વી પ્રતિષ્ઠાનપુરે પ્રેમભેર પ્રવેશન. આયુક્ષયે સમાધિપૂર્વક નમસ્કાર મહામંત્રના સ્મરણમાં મરણશરણન.

બીજે ભવે સૌધર્મ દેવલોકે વાસવાસન.

ગુણાવલિઓએ પોતીકા નહીં પરંતુ પારકાના પેટપૂરણમય પનોતા સંસ્કરણ. કાર્યકરણીના પુનિત પુરસ્કરણ.

ફલાવલિઓએ સમ્યગ્ દર્શન થકી સંનિષ્ઠ સમદૃષ્ટતા. આત્મદૃષ્ટિની ઘનિષ્ઠ સ્રષ્ટતા, ભવગણનાની વિશિષ્ટ વૃષ્ટતા.

ભવાવલિઓએ દુષ્કૃત્યોની અભાવિતા, સુકૃત્વોની સદ્ભાવિતા ગુણગ્રહણની પરિભાવિતા અને આત્મતત્ત્વની આત્મભાવિતા.

ત્રીજો ભવ મરીચિ. ભરત ચક્રવર્તીના સુપુત્ર તરીકે જન્મધારણ. કિરણપ્રસરણ થકી સાર્થક નામ અવધારણ.

પિતાભ્રાતા સાથે સમવસરણ અનુસરણ. સમવસરણના ઐશ્વર્યભૂત દર્શનાઓથી સમ્યગ્ દર્શનના અનુચરણ. દેશના શ્રવણ થકી સંયમના તત્કાળ અનુગ્રહણ.

વિભુ સાથે જ વિહારમાં સમિતિગુપ્તિ અને કષાયવર્જનના પરિપાલન. એકાદશ અંગના અધ્યયન અને શારીરિક નિસ્પૃહનના પરિશીલન.

ધખધખતા ધોમ થકી જલદ જ્વલન અને તૃષાના પ્રચંડ પ્રજ્વલન. ચારિત્રાવરણીય કર્મના ઉદયે ચારિત્રના પરિતજન અને સંન્યાસના પરિગ્રહણ.

પ્રવજ્યા ત્યાગે ચારિત્રની અધૂરતા, વ્રતનિયમોની વિધુરતા છતાંય દીક્ષાર્થીઓને પ્રભુ પાસે પ્રેષણની મધુરતા.

- ભરત ચક્રવર્તીને ધર્મચક્રવર્તી આદિનાથ ભગવાન થકી પુત્ર મરીચિના આત્માના પોતનપુરીએ ત્રિપૃષ્ઠ નામે પ્રથમ વાસુદેવ, વિદેહની મુકાનગરીએ પ્રિયમિત્ર નામના ચક્રવર્તી અને આ જ ભરતક્ષેત્રે મહાવીરસ્વામી નામક ચરમ તીર્થંકર તરીકે કેવલજ્ઞાનદર્શને સમવસરણમાં જ અસંદિગ્ધ ઉદ્ઘોષણા.

ભાવી તીર્થંકર તરીકે ત્રણ પ્રદક્ષિણા પશ્ચાત્ પતિત પુત્રને પુનિત પિતા તરફથી વિભુવચનના વાંચન.

પોતે પોતનપુરીએ પહેલા વાસુદેવ, મુકાનગરીએ ચક્રવર્તી અને આ ભરતક્ષેત્રે ચરમ તીર્થપતિ તથા પોતે, પિતા, પિતામહ પ્રથમપ્રથમ વાસુદેવ, ચક્રવર્તી અને તીર્થંકર. કુળમદ વિશે ઉદ્ધત ઉન્માદતા, નફ્ફટ ઉન્મત્તતા અને નીચ ગોત્રની સજ્જડ ઉન્માર્ગિતા.

વ્યાધિગ્રસ્તતાએ શિષ્યત્રસ્તતામાં ફસડામણ, કુલપુત્ર કપિલને સ્વપર ધર્મ સમાનતાની ઉત્સૂત્ર પ્રરૂપણાની સલવાડણ, કોટીકોટી સાગરોપમ પ્રમાણ

સંસારવર્ધનની સપડામણ. અનસનમય અવસાનેય આલોચના રહિતતાની ઝડપામણ તથા શિષ્ય કપિલ પેઠે આયુષ્યબંધે બ્રહ્મદેવલોકે ઊતરામણ.

સંયમાવલિઓએ પંચ મહાવ્રત સમેત સમિતિગુપ્તિના ગુરુલઘુ ચારિત્ર યોગ, એકાદશ અંગ અધ્યયનના જ્ઞાનયોગ, નિશ્ચય વ્યવહારના કર્મયોગ તથા સ્યાદ્વાદ અનેકાંતવાદના રાજયોગ છે.

વર્જનાવલિઓએ ક્રોધ માન માયા લોભના ઉપશમના અને ક્ષમા નમ્રતા સરલતા. નિર્લોભતામય યોગ સમતાયોગના આચાર યોગે શરીર પરની નિસ્પૃહતા નિરાસક્તતા અને ગુરુજીપ્રભુજી નિશ્રિત ગુરુકુલવાસમય આજ્ઞાયોગના સિદ્ધિયોગ.

અશાતા વેદનીય કર્મના ઉદયે તૃષા પરીષહના પરાભવે નિયમભ્રષ્ટતા, તેમજ ચારિત્રાવરણીય કર્મના ઉદયે ચારિત્રભ્રષ્ટતા, પ્રવજ્યાત્યાગે સંયમભ્રષ્ટતા, ઉત્સૂત્ર પ્રરૂપણાએ શાસ્ત્રભ્રષ્ટતા, મિથ્યા ધર્મે તત્ત્વભ્રષ્ટતા, શિષ્યલોભે પાપભ્રષ્ટતા, આલોચનાઅભાવે પુન્યભ્રષ્ટતાના ભ્રષ્ટાચાર યોગ.

મુનિપદના અપદે ત્રિદંડી સંન્યાસની વિન્યાસિયત, ત્રિપદવીની શ્રવણિયત, કુળમદની ઉન્મત્તિયત, નીચગોત્રની બંધનિયત, શરીરની બીમારિયત, શિષ્યલોભની લાચારિયત, ઉત્સૂત્ર પ્રરૂપણાની વિધાનિયત, સંસારની વર્ધનિયત, શિષ્યમાર્ગની ઉન્માર્ગિયત, અનાલોચનાની શલ્યતિયત, તત્ત્વત્રયી રત્નત્રયીની વિરાધાનિયત થકી નાલેશીભરી નાદાનિયત નાદારિયત, અભિયોગ-અભિશાપ યોગ છે.

દેવગુરુધર્મ અને જ્ઞાનદર્શનચારિત્રની આરાધના ઉપાસનાઓ આત્મોત્થાન યોગ તથા વિરાધના આશાતનાઓ આત્મપતન યોગ છે.

ધર્મ કર્મયોગના યોગયોગનોએ તેમજ ચારિત્રાવરણીય કર્મના ક્ષયોપશમોએ બુલંદમાં બુલંદ બોલબાલા બોલાવી દીધી અને વિપરીત યોગયોગનોએ એ જ કર્મના ઉદયે ખરાબમાં ખરાબ ખરાબી ખોલાવી નાખી.

ખરેખર કર્મની કળા અકળ અને ગતિ ગહન છે. અકળ ગહન કાર્મિકતાના પાર અપાર છે.

કેવાકેવા પ્રકારના પુન્યોદયો ચક્રવર્તી ધર્મચક્રવર્તીના પુત્રપૌત્રત્વ પમાવે ?

જન્મતાંવેંત જ ચોપાસ કિરણો પ્રસરાવે અને અવસરે સમવસરણે સંસરાવે ?

સમવસરણદર્શને સમક્તિના અને દિવ્ય દેશના શ્રવણે દીક્ષાના ગ્રહણ ગ્રહાવે ?

યતિધર્મના અણીશુદ્ધ પાલન અને ચરણકરણસિત્તરીઓના વિશુદ્ધ આચરણ સધાવે ?

કષાયવિરતિ અને કાયવિરક્તિ થકી વધાવે ?

એકાદશ અંગના અધ્યયને અને વિભુ સાથે વિહરણે વિલસાવે ?

પિતા પાસે ત્રણ પ્રદક્ષિણાઓ અને પિતામહ પ્રભુ પાસે ભાવી પદપદવીઓ પ્રકાશાવે ?

કેવાકેવા પ્રકારના પાપોદયો તૃષા પરીષહે પરાજય અને સંયમ ત્યાગ સમેત ત્રિદંડી સંન્યાસે લસરાવે ?

કુળમદે નીચ ગોત્ર અને બીમારીએ લાચારીઓમાં લપસાવે ?

સ્વસેવાર્થે શિષ્ય પ્રલોભન, સ્વસ્વાર્થાર્થે ઉત્સૂત્ર પ્રરૂપણા અને સ્વસ્વાર્થાંધતાએ મિથ્યા ધર્મસ્થાપનમાં લપટાવે ?

આલોચનાની ભુલવણી, શલ્યોની ચુકવણી અને શુદ્ધિ-અશુદ્ધિઓની મુલવણી થકી લથડાવે ?

એકાદ અપવાદ સિવાય પાંચથી પંદર ભવ બાહ્મણકુળ-જન્મિત ત્રિદંડી સંન્યાસના અને દેવલોકવાસ વિન્યાસના છે.

સંસાર એવા સંસ્કાર અને સંસ્કાર એવા સંસારના સારના જ સારણ છે ને ?

સોળમો ભવ વિશ્વભૂતિ રાજકુમાર. વિશ્વનંદી રાજાને વિશાખાનંદી અને રાજભ્રાતૃ વિશાખાભૂતિને વિશ્વભૂતિ નામક રાજપુત્ર.

એકદા પુષ્પકરંડક ઉદ્યાને વિશ્વભૂતિના અંત:પુર સાથે ક્રીડાર્થે ગમન. યોગાનુયોગ થોડી વારે વિશાખાનંદીના મોજમજા માટે એ જ ઉદ્યાને આગમન. રાણીની પુષ્પચૂંટક દાસીઓથી એ જ વેળાએ નિર્ગમન.

મર્યાદા પાલને ઉદ્યાન બહાર વિશાખાનંદીના દાસીઓથી દેખન. વિષય વિષયી વિષમ વિચિત્રતાના દાસીઓના શ્રવણ થકી રાણીને સદેખન (અદેખાઈ).

રાણીના કોપભવને ધાવન.

રિસામણાના રિઝામણા અર્થે રાજાના દાવપેચભર્યા સંવાદન. યુદ્ધની યુક્તિએ ભેરીવાદન. રાજસભાએ એક સામંતની ઉદ્ધતાઈ ઉપર વિવાદન.

ભેરીવાદનના શ્રવણે વિશ્વભૂતિના રાજસભાએ આવન. યુદ્ધાર્થે સેના સાથે જાવન. આજ્ઞાવંત સામંત તરફથી માનસન્માનના ગાવન.

પુનરાગમને માર્ગમાં પુષ્પકરંડક ઉદ્યાને થોડા સ્થૈર્યના વાંચ્છન. દ્વારપારને હુકમભેર પૃચ્છન. વિનમ્ર જવાબે વિશાખાનંદીના ક્રીડનના ગચ્છન.

વંચનાના વાંચને લોચનના લાલચોળ તડન. કોઠાના વૃક્ષ પર તાકાતભેર તાડન. કોઠે કોઠાના તોડન. ભૂમિપ્રદેશે તેડન.

મહેલાતને લાત સાથે પરિવારના પરિતજન. પ્રતિજ્ઞાપૂર્વક પ્રવજ્યાના પંથે પરિવહન. રાજ્યારોહણ સાટે લાલચના પરિવર્જન.

પરિપુષ્ટ પરિપક્વતાએ વિશ્વભૂતિ મુનિવર્યને ગુરુવર્યની આજ્ઞાએ નગરી નગરીએ એકાકી વિહરણતા. એકદા મથુરાપુરીએ એકલ વિચરણતા. માસક્ષમણના તપશ્ચરણથકી શાસરિક કૃશણતા.

યોગાનુયોગે મથુરા નગરે જ વિશાખાનંદીની શાદી વાસ્તે સ્વાગતતા. પરિચારકોથી પરિચિત વિશ્વભૂતિની પિછાનતાએ આદરણતા. વિશ્વભૂતિના નામ માત્ર શ્રવણે જ વિશાખાનંદીની પ્રચંડ પ્રકોપતા.

કર્મયોગે એ જ ટાણે વિશ્વભૂતિને ગાયથી અથડામણ પટકામણ. કોઠાના તાડનતોડનના બળના ટોળામણથી ટકરામણ વકરામણ. જોરીલા જોરમાં ગાયની શિંગડાઓથી ઝલામણ પકડામણ. તોરીલા તોરમાં આકાશમાં ભમડામણ ધુમડામણ.

વેરીલા વેરમાં ભાઈના કરુણ મરણના બદલામણ પગલામણ. ઝેરીલા ઝોરમાં પુન્યફળના નિયાણાથી પલટામણ વટલામણ. કોટીવર્ષકાલીન સંયમ નિયમની સંયમનતા નિયમનતા. નિયાણાની નિયંત્રણતા વિના જ કાલધર્મની કાલિકતા ધાર્મિકતા.

દેવલોકે દેવવાસની વસના.

ઉદ્યાન બહાર સ્થિરણ એટલે મર્યાદાબેઠણ. કોપભવન પેસણ એટલે હઠીલી હઠણ. છળપ્રપંચ એટલે કપટની ઉઠણ.

કોઠાવૃક્ષે મુષ્ટિપ્રહાર એટલે સામર્થ્યતાની દર્શનિકા. ચારિત્રગ્રહણ એટલે અવગણનાની પ્રદર્શનિકા. રાજ્યારોહણના ઇન્કાર એટલે અવધીરણાની નિર્દેશનિકા.

સંયમ અંગીકરણ એટલે આરાધનાઓના આવર્જીકરણ અને વિરાધનાઓના વિવર્જીકરણ, ઉપકરણોના સશસ્ત્રીકરણ અને અધિકરણોના નિઃશસ્ત્રીકરણ, શુભ કર્મોના સુબંધીકરણ અને અશુભ કર્મોના નિર્બંધીકરણ.

માસક્ષમણ એટલે ત્રીસ ઉપવાસની નિશ્રામણા, ક્ષમાક્ષમનની આશ્રમણા અને મનવચન કાયયોગની આત્મામાં વિશ્રામણા.

ગાયની અથડામણ એટલે સ્વમાનની લથડામણ. ગાયના ભમાણ એટલે ગુમાનના ધુમાણ. ભૂમિના પછડણ એટલે સન્માનની પટકણ.

નિયાણુ એટલે ધર્મની લિલામબાજી અને આત્માની વેચાણબાજી, શાપિત સોદાબાજી અને પદપદવીની સિક્કાબાજી, શત્રુપરાજયની ગાણાબાજી અને વિજયની લાણાબાજી, સદ્‌ગતિની દેવાળિયાબાજી અને દુર્ગતિની વળાવિયાબાજી.

અઢારમો ભવ ત્રિપૃષ્ટ વાસુદેવ. રિપુશત્રુ રાજાને ભદ્રા રાણીથી ચાર સ્વપ્નો અને સ્વપુત્રી મૃગાવતી થકી સાત સ્વપ્ન સૂચિત અચળ તથા ત્રિપૃષ્ટ નામધારક રાજપુત્ર રત્નો.

મહા સમર્થ અશ્વગ્રીવ મહારાજાને મહારાજ્યના રાજવાસ. સ્વદેશને તુંગગિરિ પ્રદેશે વિશાખાનંદીના કેશરીસિંહ તરીકે ગુફાવાસ.

નૈમિત્તિકના નિમિત્ત જ્ઞાને કેશરીસિંહને સહજતાએ ફાડનાર અને માનીતા દૂતને સરળતાએ તાડનાર આદમી અશ્વગ્રીવને મારનારના ભાવી ભાખણ.

પ્રાણઘાતકની પિછાનીની નિશાની નિમિત્તે આજ્ઞાધીન રાજવીઓને શાલીના વિશાળ ક્ષેત્રે વાવેતરથી લણતર લગી રક્ષણની સોંપણ.

એકદા સુભટો સાથે પ્રિય દૂત ચંડવેગના પ્રચંડ પ્રવેગે પ્રજાપતિ રાજા પાસે અશ્વગ્રીવના પ્રેષણ. રાજસભાએ મનગમતા નિશેષણ સંગીતમાં શેષણ. દાદાગીરીની ચમચાગીરી, શેષ અવશેષણનાય નામશેષણ.

અનજાન રાજકુમારોને જાણીતાઓથી જાણકારી. બંધુઓ વચ્ચે મારામારીની શિક્ષાગીરી જામીનગીરી.

માનભરી વિદાય બાદ માર્ગ મધ્યે રાજપુત્રોથી દૂત અને સુભટોના ઠમઠોરણ. દૂતના માનસન્માનથી ફરીવાર ખુશામતભરી મઠારણ. અશ્વગ્રીવને ઉભયની કઠોર મારામારીનીં નઠોર ભંભેરણ.

અપમાન બદલ બદલાગીરીની નિર્ણયગીરી, હાકીમગરની હુકમગીરી. સેના સાથે તુંડગિરિએ રાજકુમારોની આવનગીરી. ગોપાલક રક્ષકો તરફથી રક્ષણગીરીની માહિતગીરી, લણણી લગી રાહગીરીની નારાજગીરી.

કીમિયાગરી થકી સેનાની એકધારી નારાગીરી પ્રતિ સિંહની જોશભરી ગર્જનાગીરી, સામસામી સામનાગીરી, રાજપુત્રના ભવની જાતિસ્મરણથી જ્ઞાનગીરી, ધીઠાણગીરી પ્રત્યે હઠાણગીરી, તરાપગીરી પરત્વે સિંહ મુખની ફાડનગીરી, ગર્વખંડને તરફડાટભર્યા સિંહની નામોશીભરી ધ્રુજારગીરી. સારથિ રૂપી ભાવી ગૌતમસ્વામીજીનાં મીઠાં વેણોથી શાતાગીરી, મરણે પ્રસન્નગીરી, પોતનપુર પ્રત્યે પ્રયાણગીરી.

અશ્વગ્રીવની યુદ્ધ અંગે આહ્‌વાનભરી હાકલગીરી, સેનાઓની આમનેસામને મોરચાગીરી. ઉભય પક્ષે જાનની કુરબાનીઓ થકી જબરી ફનાગીરી. પ્રતિસ્પર્ધીઓની શરતી દ્વંદ થકી ખેલનગીરી. પ્રતિવાસુદેવની સ્વચક્રથી આક્રમણગીરી. વાસુદેવ થકી એ જ ચક્રથી પ્રતિવાસુદેવની ગ્રીવાની છેદનગીરી.

બંધુ બેલડીની બલદેવ અને વાસુદેવ તરીકે દેવતાઓની ઘોષણાગીરી. ભરતાર્ધ સામ્રાજ્યની સમ્રાટગીરી. કોટિ શિલાની મસ્તક લગી ઊંચકાણગીરી. વાસુદેવની સાક્ષીભૂત પુરાવાગીરી.

પ્રત્યેક વાસુદેવના નિયમ અન્વયે ત્રિપૃષ્ટ વાસુદેવનેય બત્રીસ હજાર સ્ત્રીઓ, બેતાલીસ બેતાલીસ લાખ હસ્તિદળ, અશ્વદળ, રથદળ સમેત અડતાલીસ કરોડ પાયદળ સમેત સપ્ત રત્નની મહારાજગીરી.

ગાયક રત્નનાં ગીતગાનોગત આરોહઅવરોહ સહ ઊલટાસૂલટા પલટાઓની મજાની મોજદાર મજાદારગીરી. નિપ્રતાએ ગાયનબંધની અફર ફરમાનગીરી. શય્યાપાળની પ્રતિદિન પાલનગીરી. એક દી' શ્રવણલોભે આજ્ઞાની અવજ્ઞાગીરી. સજા સાટે ધગધગતા સીસારસની કર્ણમાં પુરણગીરી. અમાનુષી

અત્યાચારથી ક્રૂરાતિક્રૂર મરણ મારણગીરી.

ચોરાસી લાખ વર્ષકાલીન આયુષ્યમાં સંખ્યાબંધ નિકાચિત ઉગ્ર પાપ કર્મોની બંધનગીરી, કાઠામાં કાઠાં પાપોનાં માઠાંમામાંઠાં ફળોની ભાવી ફલનગીરી.

સાતમી નરકની નારકગીરી.

સિંહના દારુણ મરણ નિયાણાની શાપિતતા અને માનવીય પાશવી પાશવતાઓની શેતાનતા છે.

સારથિની શાતાદાતા આશ્વાસના પર સિંહની વિશ્વાસના છે. દિલસોજી સામે દિલેર દિલબાજી છે.

વાસુદેવ થકી પ્રતિવાસુદેવની ઘાતકી ઘાતકતા નિયત: નિયતિ નિયત છે.

ગાયક રત્નના ગીતગાનો પર ત્રિપૃષ્ટની મુગ્ધતા છે, તેમ શય્યાપાળની ગીત શ્રવણોમાં લુબ્ધતા, સીસારસની સજાથી લુબ્ધતા અને અસંદિગ્ધ દગ્ધ મરણની લબ્ધતા છે.

તેવીસમો ભવ પ્રિયમિત્ર ચક્રવર્તી. ધનંજય રાજાની ધારિણી રાણીને ચૌદ સ્વપ્નદર્શને ગર્ભ ધારણ. ચક્રવર્તી પુત્રનું અવતરણ. પ્રિયમિત્ર તરીકે નામકરણ.

દીક્ષાનિર્ણયે મહારાજાથી જ પ્રિયમિત્રના રાજ્યારોહણે સત્તાકરણ. એકદા ષટ્ખંડ વિજયકરણ. છ માસ સુધી ચક્રવર્તીપદના ઉજવણીકરણ.

ચક્રવર્તીના નિયમ અન્વયે પ્રિયમિત્ર ચક્રવર્તીને ચોસઠ હજાર સ્ત્રીઓ, ચોરાસી ચોરાસી લાખ હસ્તિદળ, રથદળ, અશ્વદળ, પાયદળ સમેત ચૌદ રત્નો અને નવ નિધિના અધિપતિકરણ.

પોટ્ટીલ આચાર્ય પાસે ધર્મશ્રવણ અને સંયમગ્રહણ.

કોટી વર્ષકાલ લગી ઉત્કૃષ્ટ તપતપન. ચોરાસી લાખ પૂર્વના આયુકાળ અંતે કાલધર્મધર્મન.

મહા શુક્ર દેવલોકના સર્વાર્થ વિમાને દેવદેવન.

ચક્રવર્તીપદે અફાટ ભોગોની ભોગામણમાં અનાસક્તિના યોગામણ અને વિરાટ વિભવની વિરાગણમાં આત્માના અજવામણ.

મુનિપદે તપસ્યાઓના તેજામણા અને આત્મપદે આત્માના ઓજામણા.

મરીચિ જેમ વિશ્વભૂતિ રાજકુમાર, ત્રિપૃષ્ટ વાસુદેવ અને પ્રિયમિત્ર ચક્રવર્તીનાં પુન્યપાપોનાં વૃત્તાંત આધારિત રસપ્રદ પ્રશ્નાવલિઓ અને લાભપ્રદ ઉત્તરાવલિઓ રુચિપ્રદ છે એટલું નોંધવું ઘટે છે.

સરવૈયાની સરવાણીએ સત્તાવીસેય ભવના દેવગુરુધર્મ, જ્ઞાનદર્શન ચારિત્ર અને જીવમૈત્રીના આરાધનવિરાધન સંબંધી ગહન અવગાહન જીવમાત્રના જીવતા જાગતા ઉપદેશક છે.

હેય જ્ઞેય ઉપદેય, દ્રવ્ય ક્ષેત્ર કાળ, ભાવ, દાન, શીલા, તપ, ભાવના ચિંતનવહન જીવેજીવને જિનેશ્વરજીની જીવંત ઉપદેશિકા છે.

ચતુર્ભંગીમા પુન્યાનુબંધીપુન્ય, પુન્યાનુબંધી પાપ, પાપાનુબંધી-પુણ્ય અને પાપાનુબંધીપાપમય પ્રવૃત્તિઓના અનેકાંતિક તારણવારણ એકેક જીવાત્માને જીવનભરના માર્ગદર્શક છે.

પાત્રઅપાત્રના ભેદભેદનોમાં પાત્રને પ્રદાન અને અપાત્રને અપ્રદાનમાં પુન્ય તથા પાત્રને અપ્રદાન અને પાત્રને પ્રદાનમાં પાપ પરના સંશ્લેષી વિશ્લેષીકરણ પ્રત્યેકે પ્રત્યેક જીવતત્ત્વને જીવનકાલીન માર્ગદર્શિકા છે.

શુભાશુભ કાર્મિક બંધ અનુબંધોના વિપાકવાહક સુખઅસુખ, શાંતિ અશાંતિ, સમાધિઅસમાધિ અને વિશુદ્ધિઓઅશુદ્ધિઓ માનવ માનવને જીવજીવનની નિર્દેશક છે.

રુચિ અરુચિની અભિરુચિભૂત અભિગમના અધિગમ ભવે ભવના ભવન ભાવનોની આચારવિચાર સંબંધી નિર્દેશિકા છે.

સંસારસાગરની સરિતા સરિતાએ નયસારના આહારદાન અને મુનિઓના ધર્મદાન ગૃહસ્થ ગૃહસ્થીઓને દાનધર્મના સંદેશક છે.

મરીચિના પ્રવજ્યા પરિતજન, નવજાત પરિવહન અને છેક તીર્થંકરને ભવે બાંસીબાંસી દિન લગીના ગર્ભકાલીન પરિસરણ પરિચરણ મદસેવનનિષેધની સંદેશિકા છે.

વિશ્વભૂતિના રોષીલા પ્રવજ્યાપ્રયાણ અને દોષીલા નિયાણ-નિર્માણ આવેશ આવેગ પરના નિયંત્રણ અધ્યાપનના અધ્યાપક છે.

ત્રિપૃષ્ટ વાસુદેવને સમૃદ્ધિમાં ગૃદ્ધિ અને વૈર વૈમનસ્યોમાં બુદ્ધિના પરિણામ પરિણમન અધ્યયનની અધ્યાપિકા છે.

પ્રિયમિત્ર ચક્રવર્તીને વિરાટ વિભવમાં વિરક્તતા અને વિશાળ સંસારમાં સમરકતતા તેમજ ચારિત્રશ્ચરણ અને તપશ્ચર્યાતપશ્ચરણ બોધબોધિની સુબોધકસુબોધિકા છે.

તીર્થંકરનામકર્મ નિકાચના અને તીર્થંકરપદ ઉપાર્જના પ્રકૃષ્ટતમ પુન્યાનુબંધી પુન્યની ફલફલિકતા ફલક છે.

જન્મજન્માંતરોની જન્મોત્રીઓના ઉત્કૃષ્ટ ઉષ્કૃષ્ટતમ ઉષ્કર્ષો અને નિકૃષ્ટ નિકૃષ્ટતમ અપકર્ષોના નિષ્કર્ષો ભવોભવ ભવિતભાવિત ફાલ ફાલિકતા ફાલક છે.

સારાંશે સાત્ત્વિક સારિકા રસસિદ્ધિ અને તાત્ત્વિક તારિકા અમૃતસિદ્ધિ છે.

*

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | વીર પ્રભુનો ત્રીજો ભવ | ૧ |
| ૨. | વીર પ્રભુનો બીજો ભવ | ૨૨ |
| ૩. | શ્રી મહાવીરસ્વામી ભગવાન | ૩૯ |
| ૪. | પંચકલ્યાણકો | ૬૭ |
| ૫. | પ્રતીકાત્મક પંચકલ્યાણક ધ્યાનયોગ | ૭૬ |
| ૬. | તીર્થંકર નામકર્મ નિકાચન યોગ | ૭૮ |
| ૭. | તીર્થંકરપદ પદવીયોગ | ૯૨ |
| ૮. | પ્રાણપ્રતિષ્ઠા યોગ | ૧૦૩ |
| ૯. | પ્રતિમાપ્રતિષ્ઠાયોગ | ૧૨૬ |
| ૧૦. | પ્રતિમાપૂજન યોગ | ૧૩૨ |
| ૧૧. | પ્રતિમાપ્રતિષ્ઠામુહૂર્તયોગ | ૧૪૨ |
| ૧૨. | જિનાલયનો શિલ્પયોગ | ૧૪૯ |
| • | પરિશિષ્ટ | ૧૫૩ |


* * *

પંચકલ્યાણક યોગ

•

## પુસ્તકો લખાવનાર પુન્યવંતોની નામાવલિ

* પંકજ જૈન સંઘ - પંકજ સોસાયટી, અમદાવાદ
* શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર ટ્રસ્ટ, શંખેશ્વર
* શ્રી મહાવીર રીસર્ચ ફાઉન્ડેશન, વીરાલયમ્, પૂના
* શ્રીમતી ઇન્દુમતી વિનુભાઈ શાહ - જ્ઞાનસત્ર, મુંબઈ
* શ્રીમતી સૂર્યાબહેન રસિકભાઈ દોશી - મુંબઈ
* તીર્થયાત્રા - મુંબઈ

# ૧

# વીર પ્રભુનો ત્રીજો ભવ

તીર્થંકર પરમાત્માના આત્માઓ અનાદિ કાળથી વરબોધિના વરદ વરદાનને વરેલા છે. વરબોધિની સ્વાભાવિક પ્રભાવકતાઓ ચોરાસી લાખ યોનિમાંના અનંતાનંત ભવો પૈકી એકેકા ભવે કેટલાક અસાધારણ પ્રભાવ પ્રગટાવે છે. એકેન્દ્રિય જેવા જીવનોએય પોતીકો પ્રતાપ પ્રવર્તાવે છે.

વરબોધિ વિશિષ્ટ ગુણ અવસ્થાવ્યવસ્થાનું સ્વયં સંચાલિત તંત્ર છે. તીર્થંકર નામકર્મ નિકાચક અપરિહાર્ય દ્રવ્ય છે. તીર્થંકર પદપ્રદાતા અપ્રતિહત તત્ત્વ છે. સમ્યગ્ દર્શન પશ્ચાત્ કેટલેક ભવે પરિપૂર્ણ પરિપાકે તીર્થંકર નામકર્મ ઉપાર્જન ઉપરાંત ત્રીજે ભવે તીર્થંકરપદના નિર્માણને નીર્મે છે. નિકાચના પૂર્વે આયુષ્ય કર્મને નિર્બંધે દેવલોકે અને નારકને કર્મબંધે નરકગતિએ ગમનનિર્ગમન સર્જે છે.

દેવનારકને ભવને અંતે મનુષ્ય સ્ત્રીની કુક્ષિએ ચ્યવે, નવ માસે જન્મે. વાર્ષિક દાને દીક્ષા ગ્રહે. ઘાતીકર્મક્ષયે કેવલ પામે અને અઘાતીકર્મને ક્ષયે મોક્ષ સાધે તેને અનુક્રમે ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ અને નિર્વાણ કલ્યાણક કહેવાય છે.

શ્રી મહાવીરસ્વામી ભગવાનનો આત્મા સત્તાવીસમે ભવે સમ્યગ્દર્શન, ત્રીજે ભવે તીર્થંકર નામકર્મ નિકાચન, બીજે ભવે દેવલોક ગમન અને ચરમ ભવે તીર્થંકર પદને પદાંતે પરિનિર્વાણ પામ્યો હતો.

તીર્થંકર નામકર્મ ઉપાર્જનને ભવે ભરત ખંડની છત્રા નગરીએ જીતશત્રુ રાજા અને ભદ્રા રાણીના નંદન નામક પનોતા પુન્યવંતા પુત્ર તરીકે જન્મે છે. કાળક્રમે યુવાવસ્થાએ અને પુન્યકર્મે રાજ્યાવસ્થાએ આરુઢ બને છે.

નામનિર્દિષ્ટ અર્થગુણોને અન્વયે લોકમાનસમાં સ્વનામે આનંદદાતા, પિતા નામે શત્રુવિજેતા, માતા નામે કલ્યાણકર્તા અને નગર નામે છત્રછાયા પ્રદાતા જેવા ગુણગણની પ્રશસ્ત પ્રશસ્તિને વરે છે.

સમય સરરર સરરર સરે છે. દિન પર દિન દડબડ દડબડ દડે છે. વર્ષ પર વર્ષ વહે છે. શતક પર શતક, સહસ્ર પર સહસ્ર અને લક્ષ પર લક્ષ

વર્ષોની વર્ષાવલિઓ વીતે છે.

એક દી' નંદન મહારાજા રાજમહેલના વૈભવશાળી કમરાએ ઉપસ્થિત છે. રાજાશાહી પર્યંક પરની શાનદાર શય્યાએ સંસ્થિત છે. શયનાવસ્થાની જાગૃતાવસ્થાએ અવસ્થિત છે.

નીરવ નિશાનું નિશાંત વાતાવરણ છે. એકાંત વાસવાસિત વસવાટ છે. દીપકનો આછો અજવાસ છે. પૃથ્વી પર પૂર્ણ ચન્દ્રમાનો પ્રારંભિક પ્રકાશ છે.

સ્વાભાવિક સંયોગોને સહજ સહયોગોએ મન સકલ સૃષ્ટિના સર્વ જીવોના મનગમતા સંસારશરણે સંચરે છે. દુ:ખ અને પાપમય, સ્વાર્થ અને અજ્ઞાનમય, દોષ અને રોષમય, અશરણ અને અસહાયમય અવસ્થાઓના વાંક વળાંકોએ વળે છે. આત્મેતર દુર્દશાઓના ઢાળઢોળાવોએ ઢળે છે. આત્માએ આત્માના આત્મત્વ પરમાત્મત્વને ખોળે ખંખોળે છે.

"ક્ષેત્રાંતર, ગત્યંતર, ભવાંતર, દેહાંતર" મનનમંથન દરમિયાન નંદન મહારાજા જીવેજીવના જન્મજન્માંતરોની જન્મદાતા ઊગતી નાડીને શોધે છે.

"એક ક્ષેત્રમાંથી અન્ય ક્ષેત્રમાં ગમન સાધે, એક ગતિમાંથી બીજી ગતિમાં ગતિ કરે, એક ભવમાંથી ભિન્ન ભવમાં જન્મ ઉપાર્જે અને એક દેહમાંથી જુદા દેહમાં પ્રવેશ પામે એ જીવાત્માઓના ક્ષેત્રાંતર ગત્યંતર, ભવાંતર અને દેહાંતરો છે." સંશોધનને માર્ગે ક્ષેત્રાંતર જેવા અંતરોની વ્યાખ્યાઓ બાંધે છે.

"અનાદિ કાળથી જીવ ભવેભવે સદ્‌ગતિના સુખાંતરોમાં સબડે છે અને દુર્ગતિના દુ:ખાંતરોમાં દદડે છે. જનમજનમે સુખદુ:ખના તોલમાપ સુખસત્કાર અને દુ:ખધિક્કારના ત્રાજવે તોલે છે તેમ લેખાજોખા સુખની ભૂખ અને દુ:ખની સૂગને કાટલે જોખે છે." શોધખોળ જીવાત્માઓની આંતરસૃષ્ટિએ ધૂસે છે.

"સુખદુ:ખનિહિત સૂત્રસંહિતાના હિતવિહિત એકાંતિક અભિગમો જ સુખાર્ત્ત અને દુ:ખાર્ત્ત, પુન્યાર્ત્ત અને પાપાર્ત્ત, ભોગાર્ત્ત અને ભયાર્ત્ત અવસ્થાઓએ ભમાડે છે. ક્રોધાંધ અને કામાંધ, રાગાંધ અને દ્વેષાંધ, મદાંધ અને મોહાંધ, ભોગાંધ અને રોગાંધ દશાઓએ રમાડે છે." આંતરસૃષ્ટિની ઘૂસણખોરી થોડાં ઊંડાં ઊંડાણોએ ઊતરે છે.

"એક અતિ દુ:ખી નારક ક્ષેત્રાંતરે માનવ કે તિર્યંચક્ષેત્રને ક્ષેત્રે અલ્પાધિક સુખ સેવવા લાગે છે. એક અતિસુખી દેવ ગત્યંતરે તિર્યંચ કે મનુષ્યની ગતિએ ઓછાંવત્તાં દુ:ખોને અનુભવવા લાગે છે. એક અતિ સુખી માનવ દેહાંતરે નારક, તિર્યંચ કે દેવને દેહે ક્રમશ: કેવળ દુ:ખ, અલ્પાધિક સુખદુ:ખ અને અતિશય સુખ ભોગવવા માંડે છે." જન્મોજન્મ જન્મિત જન્મોત્રીઓના તાણાવણા જેવા ત્રૂટકત્રૂટક તારોને એકત્રિત કરે છે.

"દેહાંતરાદિએ પંચેન્દ્રિય જીવ લગભગ નારક, તિર્યંચ, માનવ યા દેવગતિમાં ભમે છે. સુખાંતરો અને દુઃખાંતરો, પુણ્યાંતરો અને પાપાંતરો, ભોગાંતરો અને ફલાંતરો ફલિત અગમ્ય અંતરોના અકથ્ય આંતરાઓમાં ઘૂમે છે." તાણાવાણાના તારો વડે જન્મજન્માંતરોની જન્મોત્રીઓના જોશોને જોશપૂર્વક જોવે છે.

"સુખાંતરો દુઃખાંતરો જેવા અંતરોને આંતરે આંતર્વર્તી શાના સાદ હશે ? અંતરના આંતરાઓએ આંતર્વાહી કોના નાદ હશે ?" નંદન મહારાજાને ભવભ્રમણનાં કપરાં રહસ્યો સંબંધી અઘરા સવાલો ઊઠે છે.

રહસ્યોની ખોજ કાજે પર્યંક પરથી ઊતરે છે. મક્કમ ચાલે ચાલે છે. માનીતા ઝરૂખે આવે છે. આસમાન સામે સામે માર્મિક મીટ માંડે છે. ગગન પાસે પાસે સાદનાદની ગહન માહિતીઓ માંગે છે.

"સુખની ભૂખ આંતર્વર્તી સાદ છે અને દુઃખની સૂગ આંતર્વાહી નાદ છે." આકાશી આવરણોનાં નિરાવરણમય નિગૂઢ અવતરણો તાત્ત્વિક સવાલોના માર્મિક અહેવાલો મોકલે છે.

"સુખની ભૂખ દુઃખની કારમી સૂગ ચડાવે છે અને દુઃખની સૂગ સુખની કાતિલ ભૂખ જગાડે છે. ભૂખસુખયુગલના દંગલ વરવા વિષચક્રના વિષમ વીંટાઓમાં વીંટાળે છે." અવકાશી આવર્તોનાં બારીક અવલોકનો ભેદભર્યા આંટાએઆંટાની અટપટી આંટીઓને આંટે છે.

"વિષચક્રના વીંટાઓનાં વીંટણો સુખથી સુખાર્તતા અને દુઃખથી દુઃખાર્તતા, રાગથી રાગાર્તતા અને દ્વેષથી દ્વેષાર્તતા, ભોગથી ભોગાર્તતા અને ભયથી ભયાર્તતાના ચકરાવાઓએ ચડાવે ભમાડે છે." ક્ષિતિજ સુધીનાં આકાશી મૃગજળોના આભાસી જલતરંગો આંખોની એકેકી કીકીમાં પેસે છે. કીકીઓ ભૂખસૂગની તડપનોનાં એકધાર્યા વેદનાભર્યા પડઘાઓથી પડઘે છે.

"વિષચક્રના ચકરાવાઓના ચડાણઉતરાણમય ભમાણ વગર વિચાર્યે અધમ અધમતમ પ્રકારનાં પાપો સેવરાવે છે અને વગર સમજ્યે વિષમવિષમ કક્ષાનાં દુઃખો ભોગવાવે છે. ભવભવાંતરોએ કરુણ કથાગાથાઓના રદ્દી રોદણાઓએ રોવરાવે છે." પ્રકૃતિની પ્રાકૃત વિકૃતિઓ વિશે વિશેષ વિહંગાવલોકનો કરે છે.

એકાએક ગગન પરથી બાગના એક વૃક્ષ પર લોચનો લળે છે. એક ડાળે ઢળે છે. એ જ ક્ષણે વૃક્ષવાસી નાજુક પક્ષી પર બિલાડી ત્રાટકે છે. શિકારી શિકારને ઝડપભેર ઝડપેહડપે છે.

સંતાપપૂર્વક કમરામાં પેસે છે. નાનાશા કક્ષાસને નિસાસા સાથે બેસે છે.

જીવેજીવના જન્મજન્માંતરો જન્મિત શિકાર શિકારી સમા દુ:ખપાપવિહારી જીવનવિહારોએ વિહરે છે.

"વિષચક્રચક્રિત એક જીવના દુ:ખપાપવિહારી ચકરાવાઓના બિડાણભિડાણભૂત ભવ કેટલા ?" જીવનવિહારોએ પ્રશ્ન પ્રગટે છે.

જવાબદાર જવાબ કાજે ચોફેર નજર ફેરવે છે. દીપકની જ્યોત પર સેરવે છે. જ્યોતિ તળેના ગોળાકાર અંધકાર પર ભેરવે છે. દેવગુરુની કૃપાના અજવાળે અંધકારને આત્મ અંધકાર તરીકે ઠેરવે છે.

"અનંતાઅનંત" અજ્ઞાન અંધકાર સમા આત્મઅંધાપે ભવસંખ્યા સંબંધી તત્ત્વભૂત તારણ તારવે છે.

"દુ:ખપાપવિહારી ચકરાવાઓ ઘેરિત જીવના પિસાણભિસાણભૂત દુ:ખ કેટલાં ?" જીવન વિહારોએ કોયડો જાગે છે.

યોગાનુયોગે જોરદાર પવન ફૂંકાય છે. ઝપાટાઓથી જ્યોતિ ટમટમે છે. જ્ઞાનદૃષ્ટિએ ઝપટાઓને જનમોજનમના જફા, ખફા, બેવફા સમા દુષ્ટદુષ્ટતમ દોષો ખાતે તથા ટમટમાટોને જીવનના ઉગ્રઉગ્રતમ ઝટકા, ફટકા અને કટકાઓ જેવા કટુ ફળો ખાતે ખતવે છે.

"અનંતાઅનંત." જ્યોતિના લાગલગાટ ટમટમાટો સામે જીવાત્માઓના દોષદોહિત વલખાટભર્યા વલવલાટોને આધારે દુ:ખમય સંસાર પર સાર સારવે છે.

"દુ:ખપાપવિહારી ચકરાવાઓ ચક્રિત જીવના રોળણચોલણભૂત પાપ કેટલાં ?" જીવનવિહારનાં વિહરણોએ સમસ્યા ઊઠે છે.

વાયુવેગે વાયુ વાય છે. પવનના સમસમાટાભર્યા સુસવાટાઓ દીપક પર એકધારાં આકરાં આક્રમણો કરે છે. ટમટમતી જ્યોતિ બુઝાય છે. ભેંકાર અંધકાર ફેલાય છે.

તત્ત્વદૃષ્ટિએ સુસવાટાઓને અનંત ભવયાત્રાઓના રતિઅરતિરત અર્થાત્ સુખરાગ અને દુ:ખદ્વેષ નિરત પાપમય સંસારોના ભડભડતા ભડકાઓ લેખે તથા બુઝાણોને ભડકાઓજનિત રાખખાખમય જીવનદીપોના લયવિલયો લેખે આલેખે છે.

આ દરમિયાન દુ:ખપાપના પ્રતિનિધિભૂત પક્ષી અને બિલાડી મનોપ્રદેશોએ ઘમ્મર ઘૂમરીઓએ ઘૂમરે છે.

"અનંતાઅનંત." પાપમય સંસારના ઘોર આત્મ અંધકારકારક કારમાં પાપોના ઘોરાતિઘોર અંજામોને આધારે દળદાર દોહનોને દોહે છે.

અનંતાઅનંત જીવોના કરુણ શરણમય દારુણ મરણાવલિઓએ દિલ દ્રવી ઊઠે છે. જખમોથી જિગર જખમી બને છે. લમણાઓને બંને હાથો વડે દાબે

છે. અસહ્ય વેદનાઓએ પોપચાઓને નીચાં ઢાળે છે. ભીતરી ભીનાશ આંખ વાટે ટીપેટીપે ટપકે છે.

"એકેકા જીવના અનંતાઅનંત ભવો, અનંતાઅનંત ભવોના અનંતાઅનંત દુ:ખો તેમજ અનંતાઅનંત પાપો. અનંતાઅનંત દુ:ખપાપની જુગલ જોડી જોડે ક્યાંક્યાં અને કેવાંકેવાં પ્રકારનાં સાધનવાહનો જોડાયેલાં હશે ?" નંદન મહારાજા રહસ્યોદ્‌ઘાટનાર્થે ગહન અવગાહન ગ્રહે છે.

"સુખના ભોગવટાની ભૂતાવળો અને દુ:ખના દેશવટાની વળગણો જ ઉભયનાં સાધનવાહનો છે." દોષવિસ્ફોટક નબળી નવી નાડીઓથી કાળજું કાળા કકળાટે કકળે છે. હૈયાના ઘાને ઊંડાંઊંડાં ઊંડાણોએ ઘાલે છે. આત્મપ્રદેશોને ઘેરા શોકથી ઘેરે છે. કારણોનાં નિરાકરણોની શોધખોળ કાજે અંધકાર વચ્ચેય લગાતાર લટાર પર લટાર લગાવે છે.

"અનંતાઅનંત જીવોનાં અનંતાઅનંત દુ:ખો અને પાપો છે. બન્નેની જૂથબંધી સામે પાપઘાતક અને પુન્યદાયક ધર્મ કેટલો ? જોડિયા જોડીદાર જોડે પાપસાધક અને પુન્યબાધક અધર્મ કેવડો ?" લટાર દરમિયાન સુખદુ:ખ સર્જકવિસર્જક તારકમારક તત્ત્વોની મધ્યવર્તી નાડને ઝાલે છે.

નિરીક્ષણના પરીક્ષણ અર્થે બીજા ઝરૂખે પ્રવેશે છે. પુન્યપાપના સુમેળકુમેળભૂત તાલમેલની મેળવણીઓ મેળવે છે. બગીચાના છોડઝાડના માપમાપોને વિશેષ ધ્યેયે આંખની માપપટ્ટીથી માપે છે. અધૂરા ઊગેલા, પૂરા ખીલેલા તેમજ બળેલાસૂકેલા વૃક્ષવેલાઓને લક્ષવેધક તાકોએ તાકે છે. એમને અનુરૂપ જીવોની પ્રકૃતિકૃત અનુકૂળ પ્રતિકૂળ આકૃતિઓને આત્મપટ પર આંકે છે. આત્મ ત્રિજ્યાને ત્રાજવે તાવે છે.

"પાપઘાતક અને પુણ્યપાયક ધર્મ લગભગ અલ્પવત્ છે. પાપસાધક અને પુણ્યબાધક અધર્મ બહુધા પૂર્ણવત્ છે." જીવસૃષ્ટિની સંજ્ઞાભૂખી લાલસાઓના લાગલાગે સાફ સાફ ઇન્સાફ તોલે છે.

"જીવોના જન્મજન્માંતરોકૃત સુકૃતદુષ્કૃત આશ્રિતનિશ્રિત ધર્માધર્મો શાના સાટા સાટે હશે ?" ગહન ખેપની ખેપમાં ખૂંપે છે. સંશોધનાર્થે ચન્દ્રબિંબ સાથે દૃષ્ટિસંધાન સાધે છે.

"પાપની વાસનાઓ અને સુખની કામનાઓ, ભોગની ભાવનાઓ અને ઉપભોગની ઉપાસનાઓ, તૃષ્ણાની સાધનાઓ અને અતૃપ્તિની આરાધનાઓ ધર્માધર્માંતરોની ખેપાની ખેપોના ખાપરા ખેપિયાઓ છે." દૃષ્ટિ સંધાનભૂત ચન્દ્રબિંબના પ્રતિબિંબ સંગીન અનુસંધાન થકી સચોટ સંશોધન સધાવે છે.

"પાપની વાસનાઓ વિનાશી દ્રવ્યોની છે પણ અવિનાશી દ્રવ્યોની નથી.

ભોગની ભાવનાઓ ભોગોથી ભોગાવાની છે, પરંતુ ભોગોને ભોગવવાની નથી. તૃષ્ણાની સાધનાઓ તૃષ્ણાઓથી તલપવાની છે કિંતુ તૃષ્ણાઓને તલપાવવાની નથી. અતૃપ્તિની આરાધનાઓ અતૃપ્તિઓથી તલસવાની છે. અતૃપ્તિઓને તલસાવવાની નથી.'' અનંત વીર્યવાન આત્માની નિર્વીર્યતાની નાદાન નાદાનીભરી અગમ્ય ગૂંગળામણોથી ગૂંગળાય છે. ચન્દ્રકળાને કાળાં વાદળાં આવરે છે. ધરતી પરના ધવલ પ્રકાશને છાવરે છે.

નંદન મહારાજા ધર્માધર્માંતરોના ઊગમભૂત ઉન્માર્ગોના ઊથલપાથલભર્યા ઊલટપૂલટ ઊથલાઓનાં રહસ્યોને ઉકેલે છે. આત્મપ્રદેશો ચિત્કારભરી ચિકાર ચીસો નાખે છે. અવળી અવદશાઓએ આંખોએ અંધારાઓ અવતરે છે. લથડતે પગે અને કકળતે કાળજે કમરામાં પ્રવેશે છે. નિકટના કક્ષાસને નિશ્વાસભેર પોતાને પટકે છે.

''એક જીવના માત્ર એક જ ભવના અનેકાનેક ધર્માધર્માંતરો છે. અનંતાઅનંત જીવોના અનંતાઅનંત ભવોના અનંતાઅનંત ધર્મધર્માંતરો છે. અનંતાઅનંત ધર્મધર્માંતરોમાં અનંતાઅનંત પુણ્યાંતરો અને પાપાંતરો, સુખાંતરો અને દુઃખાંતરો, ભોગાંતરો અને ફલાંતરો છે. અનંતાઅનંત અંતરોના અનંતાઅનંત આંતરાઓ છે. અનંતાઅનંત આંતરાઓના અનંતાઅનંત આંતર પ્રવાહો છે.'' આત્મભૂમિભૂત ભૂગર્ભના મૂળ પેટાળ પ્રવાહ પ્રસરિત પ્રત્યેક પેટાપ્રવાહને પકડે છે.

''અનંતાઅનંત ધર્માધર્માંતરોને આંતર પ્રવાહોને છેડે છેવટે અધર્મ, અધર્મ અને અધર્મ છે. અનંતાઅનંત પુણ્યાંતરો અને પાપાંતરોને આંતર પ્રવાહોને આખરી આખરે પાપ, પાપ અને પાપ છે. અનંતાઅનંત સુખાંતરો અને દુઃખાંતરોને અંતે પ્રાંતે દુઃખ, દુઃખ અને દુઃખ છે. અનંતાઅનંત ભોગાંતરો અને ફલાંતરોને છેવાડે છેવટે છેલ્લે દુઃખ અને પાપના અનંતાઅનંત બંધ અનુબંધો છે.'' આત્મ દ્રવ્યોના અંતરિયાળ ચેપી રોગચાળાઓને દ્રવ્યાનુયોગને ચારણે ચાળે છે.

''અનંતાઅનંત જીવોના અનંતાઅનંત ભોગાંતરોના અશુભ અશુભતમ બંધઅનુબંધબદ્ધ વિકરાળ વિકૃતિઓને કેવી રીતે સમૂળગી નાથી શકું ?'' નંદન મહારાજાની વરબોધિવાહક ગુણવિશેષતા જીવેજીવની આત્મરોગ સામેની શાશ્વત આરોગ્યપ્રદ જડીબુટ્ટીની શોધને નિર્ણાયક વળાંકે વળે છે.

જડીબુટ્ટીના લબ્ધિલક્ષે પ્રમાદને પ્રબળ પ્રવેગે પટકે છે. પડકારને પૂરા પૌરુષે પકડે છે. પરિણામે આત્મવીર્ય ઉલ્લાસપૂર્વક ઉલ્લસે છે. આત્મશૌર્ય ઉછાળાભેર ઊછળે છે. નવચેતનાઓ અવનવા ઊભરાટોએ ઊભરે છે.

બુઝિત પ્રદીપને પ્રદીપ્ત કરે છે. જ્યોતિપૂર્ણ પ્રકાશ પાથરે છે. ચન્દ્રમા આચ્છાદિત કેટલાંક વાદળો લસરે છે. પૃથ્વી પર આછેરું અજવાળું પ્રસરે છે.

"જીવાત્માઓનાં પુદ્‌ગલોનાં અપુદ્‌ગલીકરણો અર્થાત્ આત્માઓનાં આત્મનીકરણો અર્થે તીર્થંકર પરમાત્માઓએ જ તીર્થંકર નામકર્મ નિકાચનનો ઉત્કૃષ્ટતમ ઉપદેશ ઉપદેશ્યો છે. અપાયના ઉપાય કાજે ઉચિત ઉપચારોય ઉદ્‌બોધ્યા છે. તીર્થંકર પદના પુન્યપ્રભાવભૂત જાદુઈ જડીબુટ્ટીના અમોઘ ઔષધામૃત વડે ખોફનાક આત્મરોગોના તમામ હઠીલા દોષોને સર્વાંગતયા હઠાવીશ. તમામ આત્માઓને અનંતકાલીન રાગમુક્તિ, દોષમુક્તિ, પાપમુક્તિ અને કર્મમુક્તિએ ઉઠાવીશ પમાડીશ." નંદન મહારાજાને રાજરાજેશ્વર ચક્રવર્તી યોગનો એકચક્રી ધર્મસામ્રાજ્યનો યોગમાર્ગ સાંપડે છે.

પરિણામે ઉર પ્રદેશોમાં ઉત્કટ ઉમંગ ઊમટે છે. આત્મપ્રદેશો અનેરી છોળોએ ઊછળે છે. ઉછરંગના ઉછળાટોએ દુઝતા જખમો રુઝાવા લાગે છે. મુઠ્ઠીઓને વિશ્વાસભેર વાળે છે.

"તીર્થંકર નામકર્મની નિકાચનાના નિજી નેજાનેજે તીર્થંકર પદની પ્રકૃષ્ટતમ પુણ્ય પ્રકૃતિઓ પ્રગટાવીશ. અધમઅધમતમ આંતરપ્રવાહોને શુભ શુભતમ આંતર પ્રવાહોમાં પલટાવીશ. ભોગ સુખથી લિપ્સાઓને આત્મસુખની અભીપ્સાઓમાં સુલટાવીશ. કર્મવાદની કાર્મિક પ્રકૃતિઓને અકાર્મિક કાર્મિકતાઓમાં ઉલટાવીશ." આત્મવીર્યના શૌર્ય મક્કમ મુકામ બાંધે છે. મુઠ્ઠીબંધ હસ્તોને હવામાં હાકોટા ભેર હંકારે છે.

ચન્દ્ર આવરિત શેષ આવરણો નિશેષતયા લસરે છે. ચન્દ્રકળા સોળેસોળ કળાઓએ નીખરે છે. પૃથ્વી પર પૂરેપૂરો પ્રકાશ પ્રસરે છે. સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતમ અને સૂક્ષ્મતમ દેહ સમેત આત્મા પરના સર્વ જખમો સર્વાંગતયા રુઝાય છે.

"એકેક જીવના સુખાંતરો અને દુઃખાંતરો, પુણ્યાંતરો અને પાપાંતરો, ભોગાંતરો અને ફલાંતરોના એકેક અંતરને સમૂળ નિર્મૂળ કરીશ. સુખાર્તતા અને દુઃખાર્તતા, પુણ્યાર્તતા અને પાપાર્તતા, ભોગાર્તતા અને ભયાર્તતાની એકેકી આર્તતાને ધરમૂળથી ધરાશાયી કરીશ."

"અનંતાઅનંત જીવોને અનંત સુખનો મોક્ષમાર્ગ બતાડીશ. મોક્ષમજલની મંજિલને પુણ્ય ચીલે ચલાવીશ. મોક્ષવાસના અક્ષય નિવાસે વસાવીશ. શાશ્વત શાંતિપદ પમાડીશ." વરબોધિ બોધિત આત્મગુણ પ્રભાવ અસીમ સીમાને આંબતા જ નંદન મહારાજા ભીષ્મ પ્રતિજ્ઞા લે છે.

ચન્દ્રની ચન્દ્રિકાની અસ્ખલિત અખિલ ખિલવણી સંપૂર્ણ સાફલ્યતાની સાક્ષી પૂરે છે.

## ૧. કારુણ્યતાની લાવણ્યતા

"સકલ જીવસૃષ્ટિના સ્થાનસંસ્થાનો ક્યાં ક્યાં સંસ્થિત છે ? પુણ્યપાપોસર્જિત સુખદુ:ખો કેવાકેવા પ્રકારે પ્રસ્થિત છે ? જીવોની જીવત્વતાઓ કઈ કઈ સ્થિતિપરિસ્થિતિઓએ ઉપસ્થિત છે ? જીવોની જીવનશૈલીઓ કેટકેટલી સુગમદુર્ગમ અવસ્થાઓએ અવસ્થિત છે ?" સર્વ જીવમુક્તિના લક્ષને અનુલક્ષીને નંદન મહારાજા જીવેજીવની જીવનકાળકળાની રજેરજ જાણકારી કાજે પોતાને પ્રશ્નાવલિઓ પૂછે છે.

"ત્રિલોક એટલે અધો, મધ્ય અને ઊર્ધ્વલોક અર્થાત્ નીચલા, વચલા અને ઉપલા લોકે લોકિત નરક, મર્ત્ય અને દેવલોકમય જીવવાસી સકલ લોક. લોક બાહ્ય અખિલ અલોક નિખિલતયા જીવજીવનશૂન્ય છે." જીવનક્ષેત્રની સરહદો દોરે છે. ડાબા પર જમણા પગને ચડાવે છે.

"નરક, તિર્યંચ અને દેવલોકમાં અનુક્રમે નારકોના, માનવો અને તિર્યંચોના તથા દેવોના વાસ છે. ત્રણેય લોકમાં ચારેન્દ્રિયથી એકેન્દ્રિયમય જીવોના જીવનનિવાસ છે." મનોસૃષ્ટિમાં જીવસૃષ્ટિના વાસવસવાટોને વસાવે છે.

"નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ, માખી અને મધમાખી, કીડી અને મંકોડી, ઇયળ અને અળશિયાં તથા પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ જેવા પાંચપાંચ પ્રકારે જે જીવવર્ગ છે તે ક્રમાનુક્રમયા પાંચથી એક ઇન્દ્રિયમય જીવસૃષ્ટિ છે." મનોપ્રદેશોના નામનામાંકનપૂર્વક વર્ગેવર્ગનાં વર્ગીકરણો નોંધે છે.

"સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરેન્દ્રિય અને શ્રોતેન્દ્રિય એ પાંચ ઇન્દ્રિયો છે. એકેકી ક્રમિકતયા સ્પર્શના, રસના, ઘ્રાણના, દર્શના અને શ્રવણાની વિષયવિહારી છે." ઇન્દ્રિયને સ્વસ્વ વિષય સાથે જોડે છે.

"વર્ગવર્ગીકરણો અન્વયે પાંચ ઇન્દ્રિયમય જીવો પાંચેપાંચ ઇન્દ્રિયોના સર્જને તથા ચારથી એકેન્દ્રિયમય જીવો સ્પર્શેન્દ્રિય સિવાયની વિલોમ ક્રમક્રમાનુ ક્રમાંકિત શ્રોતેન્દ્રિયથી રસનેન્દ્રિય સુધીની એકેક ઇન્દ્રિયને વિસર્જને છે." જીવવર્ગો સાથે ઇન્દ્રિયોની સંખ્યાઓને સાંકળે છે."

"દેવો દ્વેષના દોષથી બળેજલે છે. માનવો રાગના ખટરાગોથી આખડે બાખડે છે. તિર્યંચો પરતંત્રતાની નિયંત્રિતતાઓથી પીડાય પિટાય છે. નારકો અસહ્ય દુ:ખદર્દોથી દંડાય ખંડાય છે." પાંચ ઇન્દ્રિય ધારક જીવોની સ્વભાવગત સ્વાભાવિક ક્ષતિઓને અંતરના અંકોડાઓમાં ભેરવે છે. કરાંગુલિઓને કરાંગુલિઓમાં પરોવે છે.

"દેવલોકના દેવો સિવાયના ચૌદેય રાજલોકવાસી જીવો મોસમ મોસમના

પલટાતાં મૌસમી હવામાનોની કારમી ઠંડી ગરમી જેવા નૈસર્ગિક ઉપદ્રવોથી થથડે છે. અલ્પ ઇન્દ્રિયધારી જીવો અધિક ઇન્દ્રિય ધારી જીવો તરફનાં ધાર્યાં અણધાર્યા આક્રમણોથી ફફડે છે. ઉભય ભયાવહ સંયોગો પ્રાણવિયોગો પણ સર્જે છે." જાનના જીવલેણ જોખમોને જોખે છે. ચિંતાતુર ચિત્તે હસ્તબદ્ધ હસ્તમુદ્રાને મસ્તક પછવાડે લગાડે છે.

"એકેન્દ્રિય જીવરાશિના પૃથક્કરણભૂત પૃથ્વીકાયના જીવો પૃથ્વીપટ તળે લગભગ દટ્ટન છે. જલ, અગ્નિ અને વાયુ કાળના જીવો પ્રાયઃ પળેપળે ચ્યવે ઊપજે છે. વનસ્પતિ કાયના જીવો બહુધા કપાતા, સુકાતા કે શેકાતા મરે છે." ખતરનાક દર્દનાક વિપાક થકી કાળજું કમકમાટોએ કમકમે છે.

"તેમાંય પૃથ્વી અને વનસ્પતિ કાયના બિચારા લાચાર જીવો ગતિહીન યાને ચેષ્ટાવિહીન છે. સ્વસ્વ સ્થાનસંસ્થાને સર્વથા સંસ્થિત છે. કાતિલ ઠંડીથી ઠરી ઠીંગરી અને જાલિમ ગરમીથી જલી પ્રજ્વલી જાય છે." કર્માધીન પરાધીનતાના હાયકારાઓએ હૈયું હચમચે છે.

"સામાન્યતઃ તમામ જીવો પોતપોતીકી એકથી પાંચેય ઇન્દ્રિયજનિત વિષયોના વિકૃષ્ટ ભોગપાશમાં સપડાયેલા છે. ઇન્દ્રિયની સંજ્ઞાવિજ્ઞાવિહિત દુષ્કૃતિઓના નિકૃષ્ટ પાપશાપમાં ઝડપાયેલા છે." નંદન મહારાજા નશીલી ઇન્દ્રિયોની દર્દીલી દુર્દશાઓએ ઉદ્વિગ્ન બને છે.

"દેવોના દ્વેષદોષજલિત જ્વલનપ્રજ્વલનો પ્રત્યે થોડોય ઠંડાપો રાખીશ નહીં. માનવોના રાગખટરાગપ્રેરિત પાપી પ્રપંચો પરત્વે નાનીશી ખામોશી ખમીશ નહીં. તિર્યંચોની પરતંત્રતા નિયંત્રિત વિવશતાઓ વિરુદ્ધ સ્વલ્પ સ્વતંત્રતા સેવીશ નહીં. નારકોના દુર્ગમ દાહદહિત બળબળતી બળતરાઓ સામે લવલેશ શાંતા માણીશ નહીં." જીવનપલટીની સૂલટી ગુલાંટે શપથ થકી લાખેણા લેખ આલેખે છે.

"એકપણ જીવના એકેય ઇન્દ્રિયના સદુપયોગ સામેના દુરુપયોગના શમનવમનને ધ્યેયલક્ષે એકપણ ઇન્દ્રિયના વિષમ વિષય વિહારે વિહરીશ નહીં."

ઇન્દ્રિયજન્ય સુખોના પરિત્યાગ અર્થે સંકલ્પબદ્ધ બને છે.

"અનંતાઅનંત જીવોના દુઃખભોગભર્યા કાતિલ ભરડાઓને દોષે લગીરેય સુખભોગે ભટકીશ નહીં. ચોરાસી ચોરાસી લાખ ચક્કરોના ઘેરા ભોગદુઃખઘેર્યા કુટિલ કુંડાળાઓને પાપે લગાર પણ ભોગસુખે ભમીશ નહીં." સર્વ સુખસંન્યાસની ન્યાસબદ્ધ રેશમી ગાંઠ બાંધે છે.

"વ્યથાવ્યગ્ર આત્માવસ્થાએ કક્ષાસન પરથી ખસે છે. માર્ગદર્શનાર્થે દીવા પાસે બેસે છે. જ્યોતિના ઊંચે નીચેના પ્રકાશ અંધકારમાં નજર ધૂંસે છે.

કાળાધોળા પુદ્ગલો પરનું ગહન ચિંતનવહન આત્મપ્રદેશોમાં પેસે છે. અંધારા-ઉજાલાના પથપથરાટ કાર્મિક અંધારા અજવાળારૂપ આત્મિક કાલિમાલાલિમાઓનાં અર્થપૂર્ણ તારતમ્યો પીરસે છે. દીપક પ્રકાશ સમા માર્ગદાતા જ્ઞાનપ્રકાશના પુન્યયોગો આત્મપ્રકાશના પૂજ્ય યોગો થકી વિરલ વિલાસોએ વિલસે છે.

"અનંતાઅનંત જીવોમાંના એક પણ જીવને અલ્પતમ દુઃખ ભોગવવા દઈશ નહીં. એકેય જીવને ન્યૂનતમ પણ પાપ સેવવા દઈશ નહીં. ભોગપાત અને પ્રાણઘાત સમી ભાતભાતની ભાતીગળ ભાતોથી ઘાતકપાતક બનવા દઈશ નહીં." નિશ્ચલ નિર્ણાયક નિર્ણય લે છે.

"સૌ જીવાત્માઓને આત્મશુદ્ધિદાયક પ્રાણ અપાન, સમાન, ઉદાન અને વ્યાન સમેત નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય સમા વિષયવિજયકારી પાંચેપાંચ પ્રધાન તથા ઉપવાયુઓની શુદ્ધિઓ પમાડીશ. આત્મશુદ્ધિસિદ્ધિસાધક સિદ્ધિઓ સધાવીશ. દશેદશ વાયુઓના આત્મપ્રાણપૂરક વાયરાઓના વાયુ યોગોથી આત્મયોગના પાઠો પઠાવીશ. આત્મશાંતિ, આત્મસુખ અને આત્મભોગના રસાળા રસાસ્વાદ ચખાડીશ. તમામ આત્માઓને પરમ ઉત્થાનના ચરમ શિખરોએ ચડાવીશ. અંતે વાયુ યોગનેય અયોગે સશરીરીમાંથી અશરીરી સિદ્ધ ભગવાન બનાવીશ." આત્મપ્રકાશના પુન્યયોગોએ પ્રબદ્ધ પ્રબુદ્ધ આત્મવર્તનપ્રવર્તન પ્રવર્તે છે.

ગુણગ્રાહકતાના ગુહ્ય આત્મયોગે બાહ્ય દીપજ્યોતિ જેવી આત્મજ્યોતિ આત્મપ્રદેશો મધ્યે પ્રગટે છે. આત્મજ્યોતિના પ્રશાંત પ્રકાશ દેશવિદેશોના પ્રદેશો પર્યંત પ્રસરે છે.

શ્રી મહાવીરસ્વામી પ્રભુની આત્મસ્થ ગુણપ્રભાવિતતા પરાકષ્ટાએ પહોંચે છે.

## ૨. જીવમૈત્રી વ્યવહાર રાશિ

"જીવસૃષ્ટિની વિશિષ્ટ દૃષ્ટિએ એક જ સૃષ્ટિવાસી બધા જીવો છે. બાહ્ય અભ્યંતરતયા સૌના સર્જન, વિસર્જન અને નવસર્જનો જેમ આવર્ધન, પ્રવર્ધન, વિવર્ધન અને સંવર્ધનો, આવર્જન, પ્રવર્જન, વિવર્જન અને સંવર્જનો, આવર્તન, પ્રવર્તન, વિવર્તન અને સંવર્તનોના પ્રવાહો સમવાહી છે." નંદન મહારાજા સર્વ જીવોની ગુણદોષવાહક આરોહક અવરોહક સામ્યતાઓને દોહરાવે છે.

"આત્મસૃષ્ટિની સર્જનતાઓએ પ્રત્યેક જીવાત્મા અસંખ્ય પ્રદેશાત્મક આત્મા છે. ફલસૃષ્ટિની ફલિતતાઓએ શુભાશુભ કર્મોના કર્તા તરીકે

સુખદુ:ખોનો સમાન ભોક્તા છે. સંસારસૃષ્ટિની સંસરણતાઓએ જનમમરણની એકધારી ઘટનાઓનો સમાન ઘટક છે. કર્મસૃષ્ટિની કર્માધીનતાઓએ સંસારી જીવાત્મા અને કર્માતીતતાઓએ અસંસારી પરમાત્મા છે." વ્યષ્ટિ સમષ્ટિ અવલંબિત કર્મવાદના નિર્વિવાદ નિચોડને નિચોવે છે.

"દરેક સંસારી જીવ વ્યવહાર નયથી અષ્ટ કર્મયુક્ત છે કિંતુ નિશ્ચય નયથી સર્વ કર્મમુક્ત છે." કર્મશાસ્ત્રની કર્માકર્મની કાર્મિકતાઓને નયવાદના લવાદે લહેરાવે છે.

"સર્વ સંસારીઓ વાસ્તે નયનિક્ષેપનિહિત અનેકાંતિક બંધારણ છે. એના કાયદાઓ અનાદિકાલીન, સંચાલન શાશ્વતકાલીન અને કાર્યકારણકારકતાઓ સર્વકાલીન છે." વિરાટ વિશ્વની વિશિષ્ટ વિશિષ્ટતમ વ્યવસ્થાઓને વખાણે છે.

"શાસનતયા એના એકેકા કાર્મિક કાનૂન સર્વ જીવોને સર્વથા બંધનબદ્ધ છે. અનુશાસનતયા એકેય જીવને અપવાદિક નાનીસૂનીય છૂટછાટની છટકબારી નથી. પ્રશાસનતયા પરમાત્માના આત્માઓ સુધ્ધાં પ્રતિબદ્ધતાઓથી ઉપરવટ નથી." કર્મસત્તાની બંધારણબંધિત એક નિષ્ઠાનિષ્ઠ નિયમાવલિઓની સાપેક્ષ પાલનાઓને નવાજે છે.

"ચર્મચક્ષુઓએ જીવેજીવમાં જે જે વિષમતાઓ વિલોકાય છે તે તમામે તમામ સ્વસ્વકર્મસર્જિત છે. જ્ઞાનચક્ષુઓએ પુન્યપાપનાં પ્રગલ્ભ પરિણામો પર પ્રવર્તિત છે. આવી વર્તનાપ્રવર્તનાઓ જ ઉચ્ચનીચ, જાતિજ્ઞાતિ, અમીરી ગરીબી જેવા દ્વિમુખી મુખડાઓ રચે છે. એ જ સુખીદુ:ખી, રોગીનીરોગી, જ્ઞાનીઅજ્ઞાની, ભોગીયોગી સમા દ્વિપક્ષી પક્ષો સર્જે છે." કર્મપ્રકૃતિકૃત કૃતિઆકૃતિઓની ચિત્રવિચિત્ર વિચિત્રાવલિઓને ચીતરે છે.

"વાસ્તવિકતયા જીવમાત્રમાં તલમાત્ર ભેદવિભેદ નથી. તાત્ત્વિકતયા લેશમાત્ર તરતમતા નથી. પુન્યબંધ અને પાપબંધ, કર્મબંધ અને કર્મક્ષય, દુ:ખમુક્તિ, પાપમુક્તિ, કર્મમુક્તિ અને સંસારમુક્તિના કાર્મિક કાયદાઓ સદા સર્વદા પક્ષવાદની પક્ષાપક્ષીથી પર છે." આત્માએ આત્માની સંસાર સરણતરણભૂત કાર્યવાહીઓનાં કાંતણોને કાંતે છે.

"વ્યવહારતયા એકેક કુટુંબીને કુટુંબનાં રીતરિવાજો, ગામવાસીને ગામનાં ધારાધોરણો, દેશવાસીને દેશના દસ્તૂરો સર્વાંશે સ્વીકૃત છે તેમ એકેક વિશ્વવાસીને વિશ્વના કાર્મિક કાનૂનો સર્વાંગે અંગીકૃત છે." એકેકા વર્તુલનાં વિસ્તૃતવિસ્તૃત્તર વિસ્તરણોએ સકલ સૃષ્ટિના સર્વ જીવોને સમાન સમાનતાનાં ગૂંથણોએ ગૂંથે છે.

"સંસારતયા અનંતાઅનંત કાળના અનંતાઅનંત ભવોના સંબંધો થકી

અનંતાઅનંત જીવાત્માઓ પરસ્પરના પૂર્વપૂર્વતરકાલકાલીન સંબંધીઓ છે. જન્મજન્માંતરોના ઘનિષ્ઠ ઘનિષ્ઠતર સંબંધોના નાતનાતે એકબીજાના સ્નેહાળ સ્નેહીઓ છે. ગુરુ શિષ્ય સમા નિકટનિકટતર આધ્યાત્મિક સંબંધોના દાવાદાવે અન્યોઅન્યના અભ્યર્થનીય અભ્યાગતો છે. જીવાત્માઓના પરમાત્મપદો સિદ્ધપદો પશ્ચાત્ શુદ્ધ તત્ત્વોના તાત્ત્વિક લેખાલેખે આત્મપદના સમાન ધારક છે.'' લોહીના પ્રગાઢ સંબંધો સમા આત્મદ્રવ્યના પાકટ વહાલા સંબંધોને બંધનોથી બાંધે છે.

''વ્યક્તિત: ગુણદોષયુક્ત પ્રત્યેક જીવ વિશ્વસંસ્થાનો અનાદિકાલીન સદસ્ય તેમજ વફાદાર જવાબદાર સભાસદ છે. સત્તાત: વસિયતની હેસિયત થકી સભ્યપદના ઈમાનદાર ઇજારાદાર છે તેમજ પરવાનાદાર દાવાદાર છે. મુખ્યત: મુખ્ય મુખત્યાર છે તેમજ અખિલ અખત્યાર છે.'' એકેક જીવાત્માને સચરાચરની સમસ્ત સત્તામત્તાના સત્તાવાર વારસદાર ઠરાવે છે.

સંયુક્ત: તમામે તમામ જીવાત્માઓ વિશ્વનિગમના અધિકૃત અધિકારી અને પ્રમાણિત પ્રતિનિધિ છે. વગદાર વટદાર ચોકીદાર અને ફરજકરજપરસ્ત ફરજદાર કરજદાર હિસ્સેદાર છે.'' એકેકા જીવને હક્કદાર અમલદાર ઠેરવે છે.

''આવા વિશ્વવાસી દરેકે દરેક જીવ સ્વભાવે શિવ છે. એકેક જીવમાં જીવત્વ સાથે શિવત્વનું શાશ્વતુ તત્ત્વ છે. આત્મત્વ સાથે પરમાત્મત્વનું અનાદિકાલીન ચૈતન્ય છે. કર્મબદ્ધતાએ એકેએક સંસારસંરણમય સાકાર જીવ અને કર્મશૂન્યતાઓએ સંસાર સંસ્તરણમય નિરાકાર શિવ છે. આવું શિવપદ જ મુક્તિનું પરમ પદ અને આત્માનું પરમાત્મપદ છે.'' જીવદ્રવ્યનાં રૂપી અરૂપી દ્રવ્યોનાં નિગૂઢ નિરૂપણો નિરૂપે છે.

''ચીવટદાર આબરૂદાર વહીવટદારની સમજણે જીવશિવના શિવપદપ્રદાતા લોકોત્તર ધર્મ અનુત્તર કુરબાનીઓ અને નિરુત્તર વીર્યોલ્લાસ વડે બજાવીશ. આધ્યાત્મિકતયા માનવ માનવને માતા માફક માવજત બક્ષીશ. પિતા પેઠે પૂરેપૂરું પાલનપોષણ પૂરીશ. ભ્રાતા જેમ બધો જ ભારબોજ વહીશ. ત્રાતા તરીકે તરણતારણ તારક ઠરીશ.'' વિશ્વકલ્યાણના વિરાટ પટ પર આબાદ આબાદીદાર વ્યૂહરચના ગોઠવે છે.

''માનવ સૃષ્ટિને ભૌતિક હિતરહિત અને આત્મિક હિતવિહિત જ્ઞાનસૃષ્ટિ પમાડીશ. આત્મસુખ તરસ્યા અને શિવસુખ ભૂખ્યા બનાવીશ. સ્થૂલથી સૂક્ષ્મતમ પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશતત્ત્વનાં તૃપ્તિભર્યાં અગમ્ય ખાનપાનોથી અનંતકાલીન ક્ષુધાતૃષાઓ છિપાવીશ. પાંચેય તત્ત્વોનાં વિશુદ્ધતમ શુદ્ધીકરણો થકી આત્મયોગને તત્ત્વાતીત અનંતયોગે અંબાવીશ. લક્ષલક્ષે જીવમુક્તિ સિવાયનાં

અન્ય સર્વ ક્ષેત્રોમાંથી સર્વથા ક્ષેત્ર સંન્યાસ સ્વીકારીશ." નંદન મહારાજાના જીવમૈત્રીના આત્મિક આવિષ્કાર આસમાનને આંબે છે.

## ૩. જીવમૈત્રી અવ્યવહાર રાશિ

"આકાશમાં અસંખ્યાતા ગોળાઓ છે. એકેકા ગોળાએ નિગોદના અનંતા જીવો છે. એકેક નિગોદને ફક્ત એક જ ઔદારિક દેહ છે. એના થકી એકેએક એકીસાથે શ્વાસોશ્વાસ લે છે. આહારો ગ્રહે છે અને કષ્ટો સહે છે. એકેક નિગોદનો અનંતમો ભાગ નિયમા નિરંતર મરે ઊપજે છે." નંદન મહારાજા અવ્યવહાર રાશિનાં સ્થાનસંસ્થાનો સંસ્થાપિત અનાદિકાલીન કાર્મિક અવસ્થાઓની વ્યવસ્થાઓને અવલોકે છે.

"ભૌતિક સુખની તુલનાએ સકલ જીવસૃષ્ટિમાં નિગોદની જીવસૃષ્ટિ પૂરામાંપૂરી પાયમાલ છે. બૂરામાંબૂરી બરબાદ છે. બદતરમાં બદતર બદનસીબ છે. સમગ્રતયા સુખશૂન્ય અને દુઃખપૂર્ણ છે. આત્માના પ્રદેશ પ્રદેશે સર્વાંશતયા દુઃખાર્ત, અને પાપાર્ત, તૃષાર્ત અને ક્ષુધાર્ત, ભોગાર્ત અને ભયાર્ત છે. સમસ્તતયા વિશદતમ વિષાદભરી સંયોજનાઓએ ભયગ્રસ્ત અને વિકટતમ સંકટભરી સંયોગનાઓએ ત્રાસત્રસ્ત છે." નંદન મહારાજા સૂક્ષ્મ નિગોદની બેહાલમાં બેહાલ હાલતોએ હલબલી ઊઠે છે.

"એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષ પામ્યો છે. જિનેશ્વર ભગવંતોને જ્યારે જ્યારે મોક્ષિત જીવસંખ્યા સંબંધી પ્રશ્ન પુછાય છે ત્યારેત્યારે એકના એક વાક્યવાચી જવાબ મેળવાય છે." મોક્ષવાસના અનુસંધાનમાં અનંતાઅનંત કાલકાલીન અનંત અરિહંત ભગવંતોના ટંકશાળી વચન ટાંકે છે.

"એક તરફથી અનંતા જીવો મોક્ષગત છે અને બીજી તરફથી એક નિગોદના અનંતમા ભાગ જેટલા જીવો મોક્ષગતિગત છે. આવાં વિધાનોને આધારે અનંતા જીવો એક નિગોદનો અનંતમો ભાગ ઠરે છે." નિગોદસ્થ મોક્ષસ્થ જીવસંખ્યાઓને સામસામે સરખાવે છે.

"અનંતાની સંખ્યા જો એક નિગોદનો અનંતમો ભાગ ગણાય તો અસંખ્યાતા નિગોદ ગોદિત જીવોની સંખ્યા કેટલી મનાય...?" આત્મા આત્મપ્રદેશોને પ્રશ્ન પૂછે છે,

"અનંતાઅનંત." આત્મપ્રદેશો આત્માને જવાબદાર જવાબ આપે છે.

"નિગોદનિહિત જીવોની સંખ્યા અનંતાઅનંત લેખાય તો સકલ સૃષ્ટિસંસ્થિત સંસારી જીવોની સંખ્યા કેટલી આલેખાય?" આત્મા આત્મપ્રદેશોને પુનઃ પ્રશ્ન પૂછે છે.

"અનંતાઅનંત." આત્મ પ્રદેશો આત્માને લાજવાબ જવાબ વાળે છે.

"અનંતાઅનંતનું ગણિત અંકગણિત જેવું સીધું સાદું નથી. અટપટી આંટી ઘૂંટી ઘૂંટ્યું છે. ગૂંચળામણી ગૂંચોથી ગૂંચ્યું છે. બૌદ્ધિકતાએ બિલકુલ બુદ્ધિગમ્ય નથી કિંતુ શાસ્ત્રબદ્ધતાએ અગમ્ય શ્રદ્ધાગમ્ય છે. ગણિતની ગણનાએ અગણિત છે. શાશ્વતકાલીન અને શાશ્વત શાસિત છે. આથી જ અનંતાઅનંતની સંખ્યા સાથે અનંતાઅનંતના સરવાળા, બાદબાકી, ગુણાકાર કે ભાગાકાર અનંતાઅનંતનો એકનો એક જ ત્રૈકાલિક ઉત્તર ઉત્તરાવે છે." નંદન મહારાજા શાશ્વત ગણિતના પ્રસ્તાવ સાથે શાશ્વતી ગણાનાઓ પ્રસ્તુત કરે છે. એને જીવમોક્ષ સંબંધી અનંત અરિહંત ભગવંતોના ટંકશાળી વચન થકી સમર્થ સમર્થન સાંપડે છે.

"શાશ્વતકાલીન વ્યવસ્થા અનુસાર વ્યવહાર રાશિગત એકેક જીવના મોક્ષગમને અવ્યવહાર રાશિમાંથી એકેકો જીવ વ્યવહાર રાશિમાં પ્રવેશે છે. સૃષ્ટિ સંચાલનનું આ ત્રિકાલબાધિત શાશ્વત શાસન છે. વ્યવહાર રાશિની જીવસંખ્યા સમાન પ્રમાણમાં પ્રામાણિત રાખે છે." જીવમુક્તિના લક્ષમાં શાશ્વતશાસિત શાસનને શાનદાર સાદદાદ દે છે.

"અવ્યવહાર રાશિગત એકેક જીવના વ્યવહાર રાશિના ક્રમાનુક્રમિક ગમન છતાંય શાશ્વત ગણિત ગણનાએ વ્યવહાર અવ્યવહાર રાશિઓના જીવોનું પ્રમાણ અનંતાઅનંત કાળેય અનંતાઅનંતની સંખ્યાએ નિયત નિયતિબદ્ધ છે." કાલાતીત વિશ્વસ્થ વ્યવસ્થાને અબજ અદબ ભરે છે.

"શાશ્વત વ્યવસ્થાની વિરાટતમ વાટવાટે વ્યવહાર રાશિના એકેકા જીવના મુક્તિ ગમને અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં લાવીશ. એ ન્યાયે ક્રમાનુક્રમયા અવ્યવહાર રાશિના બધા જ જીવોને વ્યવહાર રાશિમાં બોલાવીશ. સૌને વ્યવહારાતીત સંસારાતીત શાશ્વત પદે ચલાવીશ." અનંત તીર્થંકર પરમાત્માઓના શાસનકાળોએ કેવળ અનંતા જીવો જ સિદ્ધપદને વર્યા છે એ જ્ઞાનગંગોત્રીની ઉપરવટેય નંદન મહારાજા જીવમૈત્રી અને જીવમુક્તિની ભાવભાવનાઓથી ભાવિત પ્રભાવિત બને છે. મજબૂરીઓ અને સબૂરીઓને ખંખરે છે. જિનકલ્પ મુજબ સર્વ જીવમુક્તિનો વિકલ્પવિહીન કલ્પબદ્ધ સંકલ્પ કરે છે.

## ૪. શપથના પથપથરાટ

"ત્રિલોકલોકિત એકેકા જીવના મોક્ષલક્ષને અખિલ જીવન બાનાખત છે. જિંદગીના દિનેદિન, માસેમાસ અને વર્ષેવર્ષ એકપક્ષે જામીનખત છે. સર્વ

જીવમુક્તિને આંતરબાહ્ય શાંતિ સર્વાંશે ગીરોખત છે.'' નંદન મહારાજા બાંયધરીથી જવાબદાર ખાતેદાર બને છે.

''તીર્થંકરપદપદવી સાટે શાહુકારી સોદાગીરી કરીશ, શાહી સોદાગર તરીકે સદા સાદા સોદાઓ નોંધીશ. શરીફ શરાફની રૂએ અનામત ખાતે શાફી ખતવણીઓ ખતવીશ. શરતી શરતોએ તમામ જીવો પર બીનશરતી કરુણા ધારીશ. સંસારે અભિમાન વિના મહેમાન માફક જીવીશ. સદ્યતયા સંયમને સ્વીકારીશ. મુનિપદોના મૂળગત મૂળ ઉત્તર ગુણોની તળગત સમૃદ્ધિ સાધીશ. ઘોરઘોરતમ તપ તપીશ. ઉચ્ચઉચ્ચતમ જપ જપીશ. ઉત્કૃષ્ટ ઉષ્કૃષ્ટતમ ધ્યાનો ધ્યાવીશ. પ્રકૃષ્ટપ્રકૃષ્ટતમ આરાધનાઓ આરાધીશ. જમા ઉધાર ખાતાઓની લેણદેણને સરવૈયે તીર્થંકર નામકર્મ ઉપાર્જનને લેણે લાવીશ.'' પૂર્વાભિમુખ અવસ્થાએ પ્રાર્થનામુદ્રાએ સુષુમ્ણાસ્વરના આકાશ તત્ત્વનેવહને શપથ ગ્રહે છે.

''તીર્થંકર પદવીએ કર્મસત્તાની કર્મકર્માંતરોકર્મિત કર્મ પ્રકૃતિઓને કાતિલ કાતરોથી કાતરીશ. દેહદેહાંતરો, ભોગભોગાંતરો અને ફલફલાંતરોના વેઠિયા જેવા વેંતિયા વેતનોને વેતે વેતે વેતરીશ. કર્મસત્તાના સબળ સામ્રાજ્ય સામે ધર્મસત્તાનું સફળ સામ્રાજ્ય સર્જીશ.'' વિશ્વકલ્યાણકારી સંસ્થાની સંસ્થાપના માટે વચન ઉચ્ચારે છે.

''કર્મકર્માંતરો જ જન્મજન્માંતરોની જડબેસલાક જડ છે. એ જડને જ જડમૂળથી ઉખેડી નાખીશ. પરિણામે કર્મકર્માંતરો અને ભવભવાંતરોનાં નડતરો નડશે નહીં. સુખાંતરો અને દુઃખાંતરોનાં ચણતરો ચણાશે નહીં. પુન્યાંતરો અને પાપાંતરોના ગણતરો ગણાશે નહીં. ભોગાંતરો અને ફલાંતરોનાં ભણતરો ભણાશે નહીં. જન્માતીત, દેહાતીત અને કર્માતીત અવસ્થાઓના જ અજર અમર જડતરોં જડાશે.'' એ જ અવસ્થા, મુદ્રા, સ્વર અને તત્ત્વે દેહાંતરોને દેહાંત દંડની સજા કાજે પ્રતિજ્ઞા લે છે.

''જ્ઞાનદૃષ્ટિએ જીવાત્માઓની સદેહાવસ્થાઓ સર્જિત દુઃખ અને પાપો જ ખોફનાક અભિશાપભૂત છે. તત્ત્વદષ્ટિએ અદેહાવસ્થા અવસ્થિત અનંત સુખ અને શાશ્વત શાંતિ જ વરદ્ વરદાનભૂત છે. આ સૂત્રોના સંદર્ભમાં દુઃખપાપોત્પાદક દેહોત્પતિના મૂળને જ મૂળમાંથી મૂરઝાવીશ. એ સંબંધી બધી જ બાધાઓને બધે બંધાવીશ. ગોઝારા ગાળિયાઓની ગડબડિયાગડબોને ગડગડાટ ગબડાવીશ. એકેકા જીવાત્માને આત્માની નિકૃષ્ટ અપક્રાંતિમાંથી ઉત્કૃષ્ટતમ ઉપક્રાંતિમાં ઉતારીશ.'' એ જ અવસ્થાદિએ સંકલ્પો બાંધે છે.

''આત્મોત્ક્રાંતિના વિક્રાંતિને માર્ગે જીવાત્માઓને રાગવિરાગી અને વિરાગરાગી બનાવીશ. કુંડલિનીના આરોહણ અવરોહણભૂત ગતિવિધિઓને

યોગનિયોગે આત્મયોગના ભોગી અને આત્મભોગના યોગી બનાવીશ. સહસ્રાર ચક્રે કુંડલિઓને અમૃત સરોવરનાં અમીપાનો કરાવીશ.''

''ધ્યાનયોગે જ મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત અને વિશુદ્ધ ચક્રનાં શુદ્ધીકરણોથી સાતમા અપ્રમત્ત સંયત ગુણસ્થાનસ્થાનિત સ્થૂલ ક્રોધ, માન, માયા અને લોભના ક્ષય સધાવીશ. આજ્ઞા અને મનસચક્રનાં શુદ્ધીકરણોથી આગામી ગુણશ્રેણીઓના સૂક્ષ્મ ક્રોધ, માન, માયા અને લોભના ક્ષયોપશયો પમાડીશ. સહસ્રાર ચક્રના સંપૂર્ણ શુદ્ધીકરણ થકી બારમા ક્ષીણમોહ ગુણસ્થાન સ્થાપિત રાગ, દ્વેષ અને મોહજનિત સૂક્ષ્મ ક્રોધાદિ કષાયોના સર્વથા ક્ષય સધાવીશ. અંતઃમુહૂર્ત કાળે તેરમા સયોગી કેવલી પદે અને અંતિમ કાળે ચૌદમા ગુણસ્થાનસ્થાનકના અયોગી સિદ્ધપદે વિરાજાવીશ.'' એ જ અવસ્થાઓએ ઉત્કૃષ્ટતમ ઉત્ક્રાંતિભૂત સયોગ અયોગ પદોના સોગંદ ગ્રહે છે.

આવી અનેરી ભાવપ્રભાવવાહી ધારાઓ દરમિયાન પ્હો ફાટે છે, વહાણું વાય છે. પૂર્વ ક્ષિતિજે પ્રભાતની ભાતભાતની ભાત ફૂટે છે. રતુંબડા અજવાળિયાં ડોકિયાં દે છે. કૂકડાઓ કૂકડેકૂક કરે છે.

નૈસર્ગિક વિક્ષેપને વિક્ષોભે નંદન મહારાજાની અચિંત્ય ચિંતનધારા ઓચિંતી ખંડિત થાય છે. આત્મપ્રદેશો જીવસંગી સંગીત અને જીવમુક્તિમય સૂરીલા ગીતસંગીતની તાલબદ્ધ લયબદ્ધ અજબ અજીબ તરજોની મહેફિલોએ મહેકે છે. સ્થૂલસૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ દેહો સમેત આત્મામાં અમીધારાના એકધારા ધારાવાહી પ્રવાહો અસ્ખલિત વેગવિવેગોએ વહે છે.

## ૫. ધર્માત્માની આત્મચર્યાઓ

તીર્થંકરપદ ઉપાર્જનાર્થે નંદન મહારાજા સંકલ્પો અને શપથો, વચનો અને પ્રતિજ્ઞાઓને અનુરૂપ દિનચર્યાઓમાં ધર્મચર્યાઓને વ્યવસ્થિત વણી લે છે. ધર્મચર્યાઓને આત્મચર્યાઓ સાથે ખૂબીપૂર્વક જોડી દે છે. ધ્યેયધ્યેયે સાધના, આરાધના અને ઉપાસનાઓના ક્રમક્રમાનુક્રમાંકિત અનુકરણોને નિયમસર અનુસરે છે.

ચર્યાઓભર્યા ચરણસંચરણોએ નર્યા અભિનવ અભિગ્રહો ગ્રહે છે. બાહ્ય અભ્યંતર ભાવપ્રભાવો ઉચ્ચઉચ્ચતર સ્તરે સંસ્તરે છે. કરુણાના પ્રવાહો પ્રકૃષ્ટપ્રકૃષ્ટતર પ્રવેગોએ પ્રસ્તરે છે. તમામ જીવાત્માઓ સાથે ધર્મદાન અને મોક્ષપ્રદાનના પારમાર્થિક સંબંધો વિશિષ્ટવિશિષ્ટતર વિસ્તારોએ વિસ્તરે છે.

આત્મસાધનાસાધિત આત્મસિદ્ધ સિદ્ધિઓએ એક જીવના બચૂકડા દુઃખે દિલ દ્રવિત અને ટચૂકડા પાપે કાળજું કમ્પિત બની ઊઠે છે. અરે,

સ્વપ્નસૃષ્ટિમાંય એક જીવજન્મિત દુ:ખપાપની માત્ર અલ્પતમ માત્રાએય આત્મપ્રદેશો ઝબકી ઊઠે છે.

જણ્યો છે આવો માડી જાયો મરજીવો જીવડો જગતની કોઈ જનેતાએ ? જાણ્યો છે આવો પરાર્થપ્રેમી પરાક્રમી પુરુષ ઇતિહાસને કોઈ પાને ?'' આવી પ્રશ્નાવલિઓ સ્વાભાવિક છે.

''તીર્થંકર પરમાત્માની માતાઓ આવા લોકોત્તર પુરુષોની જન્મદાતા છે. ચમત્કારિક ચરિત્રગ્રંથોના પુન્યવંતાં પૃષ્ઠો એના સાક્ષીદાતા છે.

## ૬. પુન્યાત્માની પ્રાણવાન પ્રભાવનાઓ

વિશ્વોદ્ધારના લક્ષવેધાર્થે નંદન મહારાજા મંગલાતિમંગલ દિને મહાભિનિષ્ક્રમણ આદરે છે. પરમ પવિત્રતમ પળે પોટ્ટીલ આચાર્ય પાસે સંયમ સ્વીકારે છે. સંયમ દેહ રાજચિહ્નોને બદલે મુનિચિહ્નોની ગુણાવલિઓએ ગુંજે છે. પુનિત દેહ રાજપદને સ્થાને મુનિપદની ધર્માવલિઓએ ગાજે છે.

સંયમ જીવનમાં આત્મસંયમવહનમાં પુન્યવંતા પનોતા વાહને વિશ્વકલ્યાણવહન જીવની ધબકતી જીવાદોરી જેમ એકધારા ધબકારાઓએ ધબકે છે.

સંયમ સમયથી જ દેહના અણુએ અણુ અને આત્માના પ્રદેશપ્રદેશમાં કરુણાના અપાર પ્રવાહો ઊમટે છે. કરુણાની કારુણ્યમૂર્તિ અસીમ કરુણાની કારુણ્ય મૂર્તિ તરીકે મૂર્તિમંત બને છે.

અગાધ કરુણાના અતાગ પ્રવાહમાં હું, તમે અને આપણે એમ સહુ જીવો સમાયા હતા. અક્ષત કરુણાના અક્ષય પવિત્ર પ્રવાહોએ પ્રવાહોમા તમામેતમામ જીવાત્માઓ પુન:પુન: પરિપ્લાવન પામતા હતા. એકેય જીવ અગમ્ય કરુણાની અદમ્ય તાકાતમાંથી બાકાત ન હતો.

સકલ સૃષ્ટિના સર્વજીવો સર્વાંશતયા સમાવિષ્ટ હતા અનંત કરુણામાં, અનંત કરુણાના અનંત સાગરમાં, અનંત સાગરના અનંત પ્રવાહમાં, અનંત પ્રવાહના અનંતેઅનંત બિંદુમાં.

પ્રવજ્યાની પ્રથમ પળથી જ તીર્થંકરપદને સંનિષ્ઠ સંકલ્પે તપશ્ચર્યા આદરી કાળધર્મ પર્યંત માસક્ષમણને પારણે માસક્ષમણ વહવાની અને વિશ્વોદ્ધારના વિશિષ્ટ લક્ષે આરાધનાઓ આરાધી તીર્થંકર નામકર્મની નિકાચના પશ્ચાત્ પણ વીસ સ્થાનક પદપદોને આરાધવાની.

કરાળ પરીષહો ઉપસર્ગો સમા વિકરાળ વિઘ્નો વચ્ચેય ઉભય ઉપાસનાઓને નિર્વિઘ્ને આગળ ધપાવી. એક લાખ વર્ષના શેષ આયુકાળ સુધી

એકધારી આરાધી.

અપ્રતિમ સાધનાકાળ દરમિયાન કરુણાના માધ્યમથી દેહાત્માનાં દ્રવ્યો દરેક જીવાત્માના આઠ રુચકપ્રદેશો સાથે પુનઃપુનઃ સંગીન સંધાન અનુસંધાન સાધતા હતા.

લયબદ્ધપણે ગતિમાન પામતા હતા માસક્ષમણને તપ:તાપે પ્રત્યેક જીવાત્માના આઠ રુચક પ્રદેશો સાથે આત્મપ્રદેશોના અંતરનાદ. તાલબદ્ધપણે પ્રવર્તમાન બનતા હતા વીશ સ્થાનકની આરાધનાઓના આરાધનપ્રભાવે એકેક જીવાત્માના આઠ રુચક પ્રદેશો સાથે આત્મપ્રદેશોના અનાહત નાદ.

સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ દેહ દ્રવ્યો સમેત આત્મદ્રવ્યમાંથી સમ વેગે પડઘાતા હતા અંતરનાદવિહિત જીવમુક્તિના નિતાંત નિનાદ અને અનાહતનાદનિહિત વિશ્વોદ્ધારના નિખિલ નિનાદ.

## ૭. દિવ્યાત્માના તીર્થંકરપદ નિકાચન

તીર્થંકરપદ આરાધક મહામુનિવર શ્રી નંદનમુનિજી આત્મચર્યાની વિશ્વકલ્યાણવાહક તપજપની રોજિંદી અનુપમ આરાધનાઓ સાથે ધ્યેયધ્યેયિત નિરુપમ ધ્યાનો સુધ્ધાં ધ્યાવે છે. પ્રબળપ્રબળતમ પુન્યબળોએ વિરલાતિવિરલ વિકાસોએ અવિરતતયા વિકસે છે. આત્મપરમાત્મ-યોગોનાં શિખરો પર શિખરો ક્રમસર સર કરે છે.

સાક્ષાત્કારયોગ પૈકી આત્મસાક્ષાત્કાર, ગુરુસાક્ષાત્કાર અને પરમાત્મ સાક્ષાત્કાર યોગ થકી આત્માના, ગણધર દેવોના અને દેવાધિદેવોના પ્રત્યક્ષ દર્શનો અવારનવાર પામે છે.

નાડીયોગમાં ઇડા, પિંગલા, સુષુમ્ણા, ગાંધારી, હસ્તિજિહ્વા, પૂષા, યશસ્વિની, અલંબૂષા, કુહૂ, શંખિની, વજ્રિણી, ચિત્રિણી જેવી પ્રસિદ્ધ નાડીઓના તેમજ શુક્ર, બ્રહ્મ, યોગ, ધ્રુવ, સિદ્ધ અને દિવ્ય સમી અપ્રસિદ્ધ ગુરુગમસિદ્ધ નાડીઓના શુદ્ધિસિદ્ધીકરણો સાધે છે.

ચક્રયોગ થકી મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા સહસ્રાર અને બ્રહ્મરન્ધ્રનાં શુદ્ધીકરણો તેમજ કુંડલિનીયોગ થકી કુંડલિનીનાં ઉત્કૃષ્ટઉત્કૃષ્ટતમ ઉત્થાનો વડે મૂલધારથી બ્રહ્મરન્ધ્ર સુધીનાં આઠેય ચક્રોનાં ભેદનો પામે છે.

ભેદયોગમાં સંભેદ ધ્યાનોએ દેહદ્રવ્ય શ્રી અરિહંત ભગવંતોનાં દેહદ્રવ્યો સાથે એકમયતા એકરૂપતા તથા અભેદ ધ્યાનધ્યાવનોમાં આત્મદ્રવ્ય શ્રી તીર્થંકર ભગવાનોના આત્મદ્રવ્યો સાથે તાદાત્મ્યતાઓ તદ્રૂપતાઓ સાધે છે. નિરૂપમ

આત્મપરમાત્મયોગની શુદ્ધિસિદ્ધિઓને અનુરૂપ અનુપમ અનુભૂતિઓય અનુભવે છે. આત્મદ્રવ્ય અરિહંતો અને તીર્થંકરોના દેહાત્માઓનાં દ્રવ્યો સાથે નિતાંત નિકટતમ સંબંધો બાંધે છે.

શ્રી અરિહંત ભગવંતોના અરિહંતપદમાં મારક ગુણ અને શ્રી તીર્થંકર ભગવાનોના તીર્થ શબ્દમાં તારક ગુણ સ્વસ્વ સ્વભાવોએ જ પ્રતિષ્ઠિત છે. તે દ્વય અદ્વિતીય ગુણો કલ્પવૃક્ષ સમી શીઘ્ર ઇષ્ટફળદાતા ઇષ્ટ સિદ્ધપ્રદાતા સમર્થતમ સામર્થ્યશીલ શક્તિપીઠો છે. પ્રકૃષ્ટતમ સંબંધ શક્તિપીઠોનાં પુન્યબળો થકી અપરિહાર્ય પીઠબળો પૂરે છે.

પીઠબળોના અપ્રતિહત પુરવઠાઓને પ્રકૃષ્ટભાવે વરબોધિ ગુણ પરિપૂર્ણ પરિપાકે પાકે છે. તીર્થંકરપદ અન્વેષક નંદનજીના આત્માના અષ્ટરુચક પ્રદેશો તમામે તમામ જીવાત્માઓના અષ્ટરુચક પ્રદેશો સાથે સર્વાંગ સંપૂર્ણ અખંડ અભંગ સંબંધ સંસ્થાપે છે.

એ સાથે જ તીર્થંકર નામકર્મ નિકાચન તેમજ ત્રીજે ભવે તીર્થંકર તરીકેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પાંચેય કલ્યાણકોના સબદ્ધ વિપાક નિયત નિયતિનિષ્પન્ન બને છે.

નિકાચનાની અપરિમિત પ્રભાવક પ્રભાવનાઓ પેટે આત્મપ્રદેશો એક પ્રહર પર્યંત આત્માનંદ, યોગાનંદ, બ્રહ્માનંદ, ચિદાનંદ જેવા અદ્ભુત આનંદોના અભૂતપૂર્વ પ્રવાહોથી ઝૂમે છે. ગગનમંડળમાં વિવિધ વાદ્યો ગજબ ગુંજારવોએ ગુંજે છે. પ્રકૃતિ પ્રાકૃત પ્રવાહોથી પ્રમોદ પામે છે.

ધન્ય છે નંદન મુનિવરને અને નંદન મુનિવરના તીર્થંકર નામકર્મ નિકાચક મહામંગલ દિનને. ધન્યધન્ય છે મહામંગલ દિનની ઘટીવિઘટીને અને ઘટીવિઘટીની પરમ પુનિત પળવિપળને. ધન્યાતિધન્ય છે પરમ પુનિત પળવિપળની અનુત્તર સર્જનસર્જિત તીર્થંકર સામ્રાજ્યસર્જક નિરુત્તર લોકોત્તર સર્જનાને.

અનંત અનંત વંદન હો નંદન મુનિવરજીની આત્મસામર્થ્યતા સમર્થક ભાવી તીર્થંકરપદની અતુલનીય કૃતકતાર્થ સાર્થક સાર્થક્યતાને.

## ૮. આત્માની દિવ્ય સમાધિ

નંદન મુનિજી આયુઆથમણા અને આત્મઉઠમણા ઉજમણાના ઉત્સવને ઉજ્જ્વળતમતાએ ઊજવે છે. જ્ઞાનબળે કાળધર્મના કાળથી સુપેરે સુજ્ઞાત છે. ગુર્વાજ્ઞાએ પદ્માસને પાટ પર પ્રારૂઢ છે.

આત્માનું આત્મત્વ પ્રશાંતતા પેટે પ્રતિબદ્ધ અને વિશ્રાંતતા વાસ્તે

પ્રતિજ્ઞાબદ્ધ છે. સુસમાધિ સાટે સંકલ્પબદ્ધ અને કાયોત્સર્ગકાજે કટિબદ્ધ છે. આત્માના સુષુમ્ણા સ્વરના આત્મિક આકાશતત્ત્વના વહન વિશે વિધિબદ્ધ છે.

યોગ્ય યોગમુદ્રાઓએ ચાર શરણા, દુષ્કૃત ગર્હણા અને સુકૃત સેવના, મૂલોત્તર ગુણોના પુન: પ્રત્યાખાન, સર્વ જીવક્ષમાપના, ચતુર્વિધ આહાર ત્યાગ, સમેત શ્રી નમસ્કાર મહામંત્રના સ્મરણ સમ શાસનનિયત આરાધ્ય આત્મધર્મોને આગવા આત્મવીર્યોએ આરાધે છે.

આત્મતત્ત્વ અધિષ્ઠિત ખેચરી મુદ્રાએ દેહ સંન્યાસ યાને દેહોત્સર્ગની પ્રત્યેક ક્રિયાપ્રક્રિયાને પ્રસવે છે. આત્મ દ્રવ્ય આરાધિત પરમોપકારી અરિહંત અને ગણધર ભગવંતો તેમજ ઉપાસિત દેવદેવીઓની અજોડ ભક્તિઓ બેજોડ આચારશુદ્ધિ, વિચારશુદ્ધિ અને આત્મશુદ્ધિને પ્રભવે છે.

કૃપાકરણોએ આરાધિત ઉપાસિત આરાધ્ય ઉપાસ્યોનું સાંનિધ્ય સત્વરે સાંપડે છે. થોડે જ અધ્ધર દેવાધિદેવો, ગણધરદેવો અને દેવોના સ્વસ્વને સમુચિત સ્થાનોએ સાક્ષાત્ દશ્યતા લાધે છે. ઇષ્ટાતિષ્ટ સમાધિ વાસ્તે પૂજનીય પૂજ્યપૂજ્યતમવરોના આશીર્વાદો આશીર્વાદમુદ્રાઓએ અને વરદાનો વરમુદ્રાઓએ વરસે છે.

એમના પુનિત હાથોના પનોતા પંજાઓમાં કૃપાકરુણાના શ્વેતપિત્ત વર્ણના પ્રચંડ પ્રભાવવંતા પ્રવાહો ઊતરે છે. શારીરિક, માનસિક અને આત્મિક પ્રદેશોમાં અવિરતતયા અવતરે છે. દેવશક્તિઓ સંક્રમિતક દિવ્ય પ્રવાહો સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ દેહ પ્રદેશો સહિત આત્માના પ્રદેશોમાં પ્રસરે છે. એ એકેકના અંગઅંગીભૂત વિશેષ શેષ દોષોના અવશેષોને નિતાંતતયા નામશેષ કરે છે.

દેહ, મન અને આત્માની ભીતરી સમવિષમ ગતિઓ શૂન્યતા તરફ ધસે છે. આત્મદ્રવ્ય આધિ, વ્યાધિ અને ઉપાધિશૂન્ય સમતાયોગમાં પેસે છે. આત્માનું આત્મત્વ નિર્વિકલ્પ સમાધિમાં બેસે છે. દેહાતીત મનાતીત એકાંતિક આત્મયોગમાં વસે છે.

અચળ આત્મયોગને નિશ્ચળ નિયોગે આત્મપ્રદેશો નવકાર ઓમકારના ઝલકાર ઝલકાવે છે. આરંભમાં નવકારના લલકાર લલકારે છે, મધ્યમાં અરિહંતપદના રણકાર રણકાવે છે અને અંતમાં પ્રણવના પલકાર પલકારે છે.

સ્થૂલથી સૂક્ષ્મતમ દેહો સાથોસાથ સ્થૂલસૂક્ષ્મ મનોની ચેષ્ટાઓ નિશ્ચેષ્ટતાઓ તરફ ઢળે છે. આત્મદ્રવ્યની ચેતનાઓ નિશ્ચેતનાઓ ભણી વળે છે. અંતે અંતકાળની અંતિમ વિપળ વહે છે.

જીવનદીપ બુઝાય છે. આત્મા બ્રહ્મનાડીના બ્રહ્મદ્વાર દ્વારા નીકળે છે.

નિર્ગમને અદ્વિતીય ચમકારાઓએ ચમકે છે.

આત્મજ્યોતના દિવ્ય તેજ ચોફેર ફેલાય છે. આત્મજ્યોત અંતર્વિહિત અંતર્સ્થિત તીર્થંકરપદવાહક દિવ્યતમ જ્યોતમાંથી દિવ્યાતિદિવ્ય દીપ્તિઓ રેલાય છે. ઉભયની આભાવિભાઓથી ઉપસ્થિત મુનિવરાદિની આંખો અંજાય છે.

કર્મયોગે નિખિલ નિશ્ચેષ્ટ દેહ દિવ્યપ્રકાશની દિવ્ય પ્રભાઓથી ઝળહળે છે. દેવયોગે દિનભર સમગ્ર અગ્રઅગ્રતમ અંગોપાંગોમાંથી અનેરી સુવાસો છૂટે છે અને આખાય આવાસને ન્યારી સુગંધોથી લપેટે છે. અખિલ આલય મહેકદાર મહેકોથી મહેકે છે.

દિવ્ય સમાધિના દિવ્યતર રિદ્ધિસિદ્ધના નિધિમય નિધન ભાવી તીર્થંકરપદથી સાફસાફ શરાફી શાખ ગાય છે.

"નમસ્કાર હો અલૌકિક સમાધિસાધક નંદન મુનિવરજીને ! દેહ સંન્યાસસાધિત ચમત્કારિક સાધનાસિદ્ધિઓને ! આત્મવિન્યાસન્યાસિત અગમ અગમ્ય પ્રભાવોને !

❑

# ૨

# વીર પ્રભુનો બીજો ભવ

શ્રી નંદન મુનિવરજીનો તીર્થંકર નામકર્મ નિકાચક પરમારાધક પુન્યાત્મા આયુષ્યક્ષયે દશમા પ્રાણત દેવલોકે સંસરે છે. પુષ્પોત્તર નામના દૈવી ઉપપાદ શય્યા પર ઊતરે છે. અંત:મુહૂર્ત સમયે સમચતુરસ્ત્ર સંસ્થાનસ્થ દેવેદેહે અવતરે છે.

પુષ્પના પોયણા સમા પોપચાઓ ઊઘડે છે. દરેક દિશાએ દૃગો દોટે છે. દિવ્ય દેહ અને દૈવી દ્રવ્યો પર લોટે છે. દંગદિંગ દશામાં દડે છે. સ્તબ્ધતા બાદ ક્ષુબ્ધતામાં ચડે છે. પરિસ્થિતિથી પરિચિતતા કેળવે છે. પરિણામે સંતુલતા મેળવે છે.

"હું અહીં ક્યાંથી આવ્યો ?" જ્ઞાનાર્થે અવધિજ્ઞાનના વિજ્ઞાનને ઉપયોગમાં લે છે.

તરત જ આત્મપ્રદેશ પર પૂર્વભવગત રાજપદ અવસ્થાએ ભાવિત ભાવભાવનાઓ, મુનિપદ અવસ્થાએ આરાધિત સંયમ, તપ, જપ, ધ્યાન જેવી આરાધનાઓ ઉપરાંત ઉભય પદોના અદ્ભુત ફળભૂત તીર્થંકર નામકર્મ નિકાચન, સમાધિમરણ અને દેવલોકગમનની દર્શનાવલિઓને સ્પષ્ટતયા દર્શે છે.

પૂર્વભવત્યક્ત દેહદર્શનની ઉત્કટ ઉત્કંઠાઓ ઉરપ્રદેશે ઊછળે છે. અવધિજ્ઞાન અવસ્થિત દિવ્ય દૃષ્ટિ નામક દેવશક્તિ વાપરે છે. એ સાથે જ અંત:મુહૂર્તકાળ-વ્યતીત દિવ્ય સમાધિસાધક સ્વદેહ અને પરંપરામાન્ય અગ્નિસંસ્કારની સંસ્કૃતિ સ્વીકૃત ગતિવિધિઓ દૃષ્ટિગોચર બને છે. વિશ્વ અમૃતતુલ્ય ભાવી તીર્થંકરપદ ઉપાર્જન અર્થે ઉત્કૃષ્ટતમ ઉપકારી ખુદના મૃતકનો અજબ અદબભેર આભાર માને છે.

મૃતદેહ પરથી દિવ્ય દૃષ્ટિને દિવ્યદેહ પર દોરે છે. અંત:મુહૂર્ત અંતર્ગત દિવંગત અને દેવગતિગત દેહોને તુલનાત્મકતાઓએ તોલે છે.

"ક્યાં નિસ્તેજ માનવદેહ અને ક્યાં સતેજ દિવ્યદેહ ?

ક્યાં નિશ્ચેષ્ટ મુનિદેહ અને ક્યાં સચેષ્ટ દેવદેહ ?

ક્યાં મલાદિવિહિત મનુષ્યદેહ અને ક્યાં મલાદિરહિત દૈવદેહ ? માત્ર અંતઃમુહૂર્ત કાલકાલીન દેહોની ખામીખૂબીઓને ખંખોળે છે.

ગુલાબી ગુલાબના બાગની સૌંદર્યસભર - ભૂમિગત મૃતદેહ દિવ્ય દૃષ્ટિ દ્વારા પુનઃ દૃષ્ટિદૃષ્ટ બને છે. કોઈ ભાવિભાવિક નાનકડા દીવડા વડે ચિતાને ચેતાવે છે. થોડી વારમાં જ અગ્નિની અગનજ્વાળાઓ ભડભડ ભભૂકે છે. અગનશમને દેહદ્રવ્ય રાખના પર્યાયમાં પરિણામે છે. મંગલ ભાવનાકામનાના શુભ લક્ષે શ્રદ્ધાવંત શ્રદ્ધાળુઓ શ્રદ્ધેય રાખરાખોડીને પડીકાઓમાં ભરે છે.

"સર્વ સ્વપ્નવત્ ! સર્વ શૂન્યવત્ ! મારો માનવ દેહેય સ્વપ્નવત્ અને દેવદેહેય સ્વપ્નવત્ ! મૃતદેહ પણ શૂન્યવત્ અને જીવંત દેહ સુધ્ધાં શૂન્યવત્ ! પૂર્ણતમ છે માત્ર પુદ્ગલરહિત મારો અપૌદ્ગલિક આત્મા !" રાખખાખનાં તાત્ત્વિક તારણોને આધારે આત્માની પૂર્ણતા અપૂર્ણતાની નક્કર ભેદરેખાઓ દોરે છે.

"મારો માનવ દેહેય વિકારી અને દેવદેહેય વિકારી. મારો મનુષ્ય દેહ વિનાશી અને દેવદેહેય વિનાશી. અવિકારી અવિનાશી મારો અદેહાવસ્થાનો કર્મકલંકશૂન્યઅકલંકિત આતમા" સદેહાદેહની પર્યાયાપર્યાયમય અવસ્થાઓને અવલોકે છે.

"મારો માનવદેહ સંસારાવસ્થાનો પર્યાયમય ચંચળ દેહ હતો અને દેવદેહ પણ સંસારાવસ્થાનો પર્યાયમય ચંચળ દેહ છે. કેવળ અચળ અવિચળ છે સંસારનિસ્તરિત કર્મરહિત અપર્યાયમય અવસ્થાનો મારો સચ્ચિદાનંદઘન આત્મા." દેહાધીન દેહાતીત અવસ્થાભેદોના વિભાવસ્વભાવભૂત તાત્ત્વિક ચિંતનો ચિંતવે છે.

"મારી માફક આયુષ્યાંતે આત્મા એક કર્મબદ્ધ દેહમાંથી પ્રસ્થાન પામે છે અને બીજા કર્માધીન દેહમાં સંસ્થાન સાધે છે. આ ન્યાયે મુક્તિ પર્યંત પ્રત્યેકપ્રત્યેક આત્મા એકેક કર્મસર્જિત દેહમાંથી અન્યઅન્ય કર્મોપાર્જિત દેહમાં અવિરતતયા અવતરે છે." અનાદિકાલીન ભીષણાતિભીષણ ભવભ્રમણોની કાતિલાતિકાતિલ કતલો પર જ્ઞાનદૃષ્ટિએ દૃષ્ટિપાત કરે છે.

"અદેહાવસ્થાનો કેવળ વિમલ આત્મા જ અવિકારી અને અપૌદગલિક, અપરિવર્તનમય અને અપર્યાયમય, કર્માતીત અને કાલાતીત, સહજાનંદમય અને સચ્ચિદાનંદઘન. અનંત રૂપમય અને શાશ્વત સ્વરૂપમય." અવધિજ્ઞાનના અવલંબને આત્માના મૂળગત તળગત રૂપસ્વરૂપોની પ્રરૂપણાઓને પ્રરૂપે છે.

આલોકન અવલોકનોની આવી તાત્ત્વિક તુલનાવલિઓની અગમ્ય ગમનાવલિઓએ એક દેવસમૂહ આનંદભેર આવાસે આવે છે. ખલેલ ખટકપૂર્વક ખટકે છે. ચિત્રાવલિઓની તુલનાવલિઓમાં ભીષણ ભંગાણ સર્જે છે. આંખોમાં

ઠોકરનો કઠોર ઠબકો ઠબઠબે છે. દેહાચ્છાદિત દેવદૂષ્યને એક બાજુએ ઉતારે છે અને બીજી બાજુથી નીચે ઊતરે છે. વિશાળ વૃંદને વક્ર વેધકતાએ વિહાળે છે.

"હે નાથ ! અમે આપના આજ્ઞાધારી દેવો છીએ." દેવસમૂહમાંના એક અધિકારીદેવ ક્ષમાભાવે બે હાથ જોડીને અનોખા સ્થાનનું આગવું મહત્ત્વ ચીંધે છે.

"હે નાથ ! આ આપની સ્નાનવાટિકાઓ અને સુધર્મસભા છે. આ આપના ઉપવન, દેવવિમાન અને સિદ્ધાયતન છે." દેવગણગત બીજા અધિકૃત દેવ અંગુલિ વડે દિશાસ્થિત દરેક દૈવી વૈભવી દ્રવ્યને નિર્દેશે છે.

"હે પ્રભુ ! આચાર અનુસાર અધિકૃત અધિકારી તરીકે અભિષેક વિધિ વિશે આજ્ઞા ફરમાવો. સ્થાન સ્થાપનાર્થે સ્નાનગૃહે પધારો." ત્રીજા અધિકારી દેવ સમસ્ત સમૂહવતી વળી વિનમ્રભાવે વિનંતિ કરે છે.

"વારુ !" દેવાત્મા દેવાચારને આચરે છે. આજ્ઞા વડે અનુજ્ઞા આપે છે.

સેવકોની સેવા વાસ્તે સ્નાનગૃહ તરફ ધીરગંભીર ચાલે ચાલે છે. દેવગણમાંનો એકેક અનુચર અનુગ્રહભેર અનુસરે છે.

આચાર અનુસાર સ્નાનગૃહે અભિષેકો વડે ભૂષિત, અલંકાર ગૃહે વસ્ત્રાભૂષણોથી આભૂષિત, વ્યવસાયગૃહે આચારસંહિતાથી પ્રભૂષિત અને સિદ્ધાયતને સિદ્ધભગવંતોની ભક્તિઓથી વિભૂષિત કરે છે.

કલ્પપાલને દેવાત્મા તરત જ દેવવૃંદની સુધર્માસભા ભરે છે. રત્નજડિત સુવર્ણના સિંહાસને બિરાજે છે. દેવો પ્રસંગ સાથે સુસંગત આનંદમંગલનાં ગીતગાનો ગાય છે. દરખાસ્ત સાથે સભા બરખાસ્ત કરે છે.

દેવાત્મા જન્મજન્મિત ઉપપાદ શય્યાવાળા દેવાવાસે આવે છે. ઉભય ભવના ભાવગ્રાહી ભાતીગળ ભાવભાવનોને ભાવે છે.

કઈ ભૂલોએ હું દેવલોકે ભૂલો પડ્યો ? દૈવી વિભવવિલાસની ભેખડે કયાં કારણોએ ભરાયો ?" ગમનાગમનના જ્ઞાનભાને ઘણાય અફસોસના અહેસાસ મહેસૂસ કરે છે.

"વિરાટ વિભવો અને વિશાળ વિલાસોનાં અવળી વળગણોને શું મારે વળી વળગવાનું છે ?" દરેક દૈવી દ્રવ્યને વેધક વેધકતાઓએ વેધે છે. એકેક દ્રવ્ય પર અનિત્યતાની નિત્યતા સત્યતાનો શરાફી સિક્કો મારે છે. એકેક સિક્કે ખાસ્સો નિસાસો નાખે છે.

"વિરાટ વિશ્વના અનંતાઅનંત જીવો ક્ષણેક્ષણે અનંતાઅનંત દુ:ખો ભોગવે છે ત્યારે હું વૈભવી સુખોમાં લવલેશ લસરીશ નહીં અનંતાઅનંત જીવો પળેપળ અનંતાઅનંત પાપો સેવે છે ત્યારે હું વિલાસી ભોગોમાં લેશમાત્ર લપસીશ

નહીં.'' પૂર્વભવ જેવા સંકલનબદ્ધ સંકલ્પોએ સંચરે છે.

''સકલ જીવસૃષ્ટિ મારા જ આત્મસૃષ્ટિનું ન્યારું મૈત્રીપૂર્ણ અને અનેરું મારું સ્નેહસર્જનભૂત જીવતુંજાગતું પ્યારું જગત છે. વૈભવ વિલાસો જેવા અઢળક વળતરો સાટેય આત્મસર્જનસર્જિત નજીવાય વિસર્જનને કદીય વિચારીશ નહીં.'' વિશ્વવાત્સલ્યને વળગી રહે છે.

''સ્નેહબદ્ધ જીવોનાં દુઃખાચરણો પર ભોગાચરણોને અને પાપાચારો પર વિલાસાચરણોને કદાપિ સેવીશ નહીં.'' પૂર્વભવની પ્રતિજ્ઞાઓનાં પુનરાવર્તનોને નિશ્ચયાત્મકતયા પ્રવર્તાવે છે.

''મારે સર્વ જીવોને સુખાંતરો અને દુઃખાંતરો, પુણ્યાંતરો અને પાપાંતરો, ભોગાંતરો અને ફલાંતરોની મહા માયાવી માયાજાળોમાંથી છોડાવવા છે.'' પ્રત્યાખ્યાનના આખ્યાન લેખે સિંહાસનને સમવસરણના સિંહાસન તરીકે પ્રદક્ષિણા દે છે. સુવર્ણકમલ સમ વંદન કરે છે.

''પૂર્વભવે સર્વ જીવમુક્તિના લક્ષવેધાર્થે સંયમને વિશુદ્ધિપૂર્વક સેવ્યો હતો. એક લાખ વર્ષકાલીન શેષ આયુકાળ લગી લગાતાર માસક્ષમણો અને વીશ સ્થાનકનાં પદપદોને એકધારા નિરાતિચારપણે આરાધ્યા હતા.'' તીર્થંકર નામકર્મ નિકાચનની નિરાલી ભાવભાવનાઓની અનેરી ભાવુકતાઓ આત્મપ્રદેશો પર ઘૂમે છે. સિંહાસનને તીર્થંકરપદના સમવસરણ તરીકે વિધિવત્ ત્રણ ત્રણ પ્રદક્ષિણાઓ આપે છે.

મેં શું અફાટ વૈભવો વાસ્તે એ સેવનીય સેવ્યોને સેવ્યા હતા ? વિરાટવિલાસ સાટે શું એ પૂજનીય પૂજ્યોને પૂજ્યા હતા ? ''નિવાસનિવાસિત દિવ્ય દૈવી દ્રવ્યો પરના દોષરોષે આવેશો ઊભરાય છે.

''એ દ્રવ્યોની એકતરફી બરતરફી પેટે અટપટી ચટપટી ઊપડે છે.'' અભ્યંતર પ્રદેશો ધખધખતા ધખારાઓએ ધખધખે છે.

કટોકટીના સંક્રાંતિ કાળે સંવેગો ઓચિંતો ઊલટો પલટો લે છે. આત્મપ્રદેશોમાંથી સૂરીલી સ્વરાવલિઓ સંસરે છે.

''હે દેવાત્મા ! વ્યથાઓને વ્યર્થ વ્યગ્રતા વ્યંગતાઓ વડે વ્યક્ત કરીશ મા. તીર્થંકર નામકર્મ નિકાચક પરમારાધકો ભાગ્યયોગે દેવલોકે અને ભાગ્યે જ નરકલોકે ગમન સાધે છે. નિયતકાલીન નિયતિવાદે દેવ તરીકે વિસ્તૃત વિભવવિલાસો પામે છે. આયુષ્યાંતે તીર્થંકરના અવતારોએ અવતરે છે. તીર્થંકર પદપદવીની આવી અનાદિકાલીન અકલઅટળ આચારસંહિતા છે.'' સૂક્ષ્મ નાદનિનાદ વિરમે છે.

દેવાત્મા અણધારી પરિસ્થિતિએ થોડી વાર થોભે છે. ખાસ્સી ખામોશી

ખમે છે. મંથનની મથામણોએ મથે છે. છેવટે ઝેરીલા ઝનૂન ઝણઝણાવે છે. ખમીરની ખંજરી ખુમારીભેર ખણખણાવે છે.

"દેવકલ્પ તીર્થંકર નામકર્મ ઉપાર્જક પુન્યાત્માને વિભવવિલાસવિહિત ગુલામી જીવનની સજા સુણાવે કે વિભવવિલાસવિહીન ગુલાબી જિંદગાનીની મજા મણાવે ?" આચારસંહિતા સામે ઝઘડાનો ઝંડો ઝાલે છે.

"તીર્થંકર નામકર્મ નિકાચક પુણ્યશ્લોક પુરુષને શાબાશીનાં વખાણોથી વખાણાય યા નાખુશીની વખોડણીથી વખોડાય ?" આચાર વિરુદ્ધ ધારદાર પડકાર ફેંકે છે.

"તીર્થંકર નામકર્મ ઉપાર્જક જે પુન્ય પુરુષો વૈભવવિલાસો પ્રત્યે તીવ્રાતિતીવ્ર તિરસ્કારો વરસાવે છે તેમને દૈવી વૈભવી વિલાસી જીવનની સખતાતિસખત લપસણોમાં લપસાવે એવો કલ્પ કેવો કુકલ્પ કહેવાય ?" કલ્પના વિકલ્પ સામે બળવો પોકારે છે.

"દેવનરકગતિની પસંદગીમાં અસીમ સુખભોગમય દેવભવ કરતાંય અપાર દુ:ખશોગમય નારકભવ પસંદ કરત. નરકવાસના દુ:ખાગારવાસ જાતે જીવતજોવત. દુ:ખાવલિઓમાં સુખાવલિઓની દુ:ખણાવલિઓ લેત. દુ:ખસાગરમાં સગા સહોદર સમ સૌનો સાથીદાર થાત. દુ:ખના બેફામ તોફાનો વચ્ચેય નરદમ હરદમ હમદર્દ બનત. આશ્વાસનાવિશ્વાસનાઓની નોંકદાર નોબત વગાડત." સ્વર્ગગમન સામે પસ્તાવાના પ્રસ્તાવ પ્રસ્તુત કરે છે.

"દેવકલ્પ સામે નરકકલ્પની કલ્પના જ મિથ્યા વિકલ્પની ભ્રામક કલ્પના છે. વિશ્વોદ્ધાર એ જ મારો એકાંતિક કલ્પ છે. સકલ જીવકરુણા એ જ મારો અનેકાંતિક વિકલ્પ છે. સર્વ જીવમુક્તિ એ જ મારો સ્યાદવાદી સંકલ્પ છે." દેવકલ્પ વાંચનની સ્મરણાઓ તેમજ સૂક્ષ્મ નાદનાદિત શ્રવણાઓ આતશબાજીભરી આક્ષેપબાજીને મોક્ષબાજીથી સાપેક્ષવાદીબાજી બાજુ વાળી દે છે.

"દેવભવના અંતકાળથી જ્ઞાનબળે જ્ઞાત થાઉં. તીર્થંકર ભવના જન્મદાતા અકળ કાળને કળથી કળી લઉં." વાસ્તવિકતાની ધરતી પર નક્કર તાત્ત્વિકતાની સમાધાનસાધક તાજી સોગઠાબાજી ગોઠવે છે.

"મારું આયુ કેટલું છે ?" અવધિજ્ઞાનની અગાધ જ્ઞાનશક્તિને આવરદાની અવધઅવધિ પૂછે છે.

"વીસ સાગરોપમ." આત્મપ્રદેશોમાંથી સૂક્ષ્મ નાદનિનાદના સ્વરીલા સ્વરો સ્વરે છે.

"બાપ રે બાપ. વીસ સાગરોપમનો દીર્ઘાતિદીર્ઘકાળ વિકરાળ વિપત્ કાળ છે. જાલિમ જુલમોનો જુલમગાર કારાગાર છે. વિરાટ વિભવવિલાસની વરવી

સજા સાથે વીસવીસ સાગરોપમકાલીન દેહ કેદ વસમીમાંવસમી શિક્ષા ઝીંકે છે.'' આત્મપ્રદેશો વિલાપભર્યા વલોપાતોથી વલોવાય છે.

શેં સહેવાશે વીસવીસ સાગરોપમ સમા કાલપ્રમાણિત દેવદેહના બંદીવાસ ? કેવી રીતે વિતાવાશે વિરાટ વિભવવિલાસમય દીર્ઘાતિદીર્ઘકાલીન દૈવીકારાવાસ ?'' વિશદ વિશદતર વિષાદો વચ્ચે નિમ્નનિમ્નતર નિશ્વાસો નાખે છે.

''તીર્થંકર નામકર્મોપાર્જક ભાવી વિશ્વોદ્ધારકને વીસવીસ સાગરોપમકાલીન અસીમ વિભવવિલાસના નિ:સીમ અર્પણતર્પણભૂત દેવભવનું ગૂઢ રહસ્ય હજુય જડતું નથી.'' અજ્ઞાનતાના વસવસાના કાળા કકળાટ વસવસાવે છે.

''રે કર્મસત્તા ! તારી કરામત અવળી છે. અવળી કરામતને બદલે મારી સવળી મરામત કરી દે. મરામત મહત્તમ ખુશાલીની ખિદમત ઠરશે.'' ખુશામતખોરીના થાબડભાણાઓથી થાબડે છે.

''રે મહાસતા ! પૂર્વ ભવે તેં જ તીર્થંકર નામકર્મથી નિશ્ચલ નિર્ભેળ નિકાચના ચારિત્ર થકી ચરિતાર્થ કરાવી. તીર્થંકરપદની પદવી પ્રમાણિત ઠરાવી. બીજે જ ભવે અનામત પદવીની એનાયત બક્ષશે. ખરેખર તેં કમાલ કરી છે.'' કૃતકૃત્યતાને કૃતજ્ઞતા વડે બિરદાવે છે.

''હે કર્મસત્તા ! સાથે સાથે બેરહેમથી વિરાટ વિભવવિલાસના વસમા વિસામાનિસાસાઓ વડે નામોશીભર્યા પરાજયમાં ફંગોળ્યો છે. કમાલને બેહદ હદ વડે હલાલ બનાવી છે.'' ''કૃતઘ્નતાનું કલંકભર્યું આરોપનામું ઘડે છે.

''ઓ કર્મસત્તા ! તને હું શું કહું ? તારી કને કેવી ફરિયાદ કરું ? તારી સમક્ષ કેવી રીતે આરજુ ગુજારું ? કશું જ સૂઝતું નથી. એક તરફથી અંતરતમ ઝંખનાઓની પરિપૂર્ણ પરિતૃપ્તિ પેટે તીર્થંકરપદની અપૂર્વ ઋદ્ધિ સમૃદ્ધિઓ ઔદાર્યપૂર્વક અર્પે છે. બીજી તરફથી વિભવવિલાસવીંટ્યા વીસવીસ સાગરોપમકાલીન કાળકોટડી જેવા દેવજીવનના કારમામાંકારમા કરજ લાદે છે. ઉત્તર દક્ષિણ ધ્રુવ સમા અંતિમ છેડાભૂત બે સમર્થતમ પ્રતિસ્પર્ધીઓના પાશવી પાશો વચ્ચે પીસી નાખે છે.'' કરારના એકરારનામા સાથે બેકરાર તકરાર કરે છે.

''હે કર્મસત્તા ! એક બાજુથી ભાવભાવનાભાવિત તીર્થંકરપદની ભાવી પદવી મારા જેવા ભાવુકને અર્પણ કરે છે અને બીજી બાજુથી દીર્ઘકાલીન દૈવી સુખભોગોના આકરાંમાં આકરાં તર્પણ માંગે છે. એકસાથે એકસમયે આનંદ આક્રંદોનાં દ્વિક્ષેત્રીય ક્ષેત્રોથી હસાવે રડાવે છે.'' ફરજિયાત ફરજકરજ વચ્ચે ગદ્ગદતા આર્ત્તનાદે આરજુભરી અરજ અર્જે છે.

"હે દેવાત્મા ! વ્યથાઓને વ્યર્થ વ્યગ્રતાઓથી વાગોળીશ મા. કલ્પના કલ્પાતીત કોઈ જ વિકલ્પ વિચારીશ મા. અનાદિકાલીન શાશ્વત વ્યવસ્થાઓને વિના વિષાદવિવાદ વધાવી લ્યે." અગમ શક્તિ સૂક્ષ્મ નાદનિનાદ દ્વારા અફર ફરમાન ફરમાવે છે.

"હે પરમચરમ સત્તા ! તારા શાશ્વત શાસન અનુશાસનને વિધિશ: વધાવું છું. આજ્ઞાને માથે ચડાવું છું. હુકમને ગળે વળગાડું છું. ફરમાનને માનપૂર્વક ઝૂકું છું. અદબ અદબભેર આવકારું છું." સત્તાવાહી સાદ સામે ઉષ્માભર્યા પ્રતિસાદ પાઠવે છે.

"હે દિવ્યતમ નાદનિનાદ ! કલ્પનો સ્વલ્પ પણ વિકલ્પ નથી. અનાદિકાલીન વ્યવસ્થાઓ શિરોધાર્ય છે. પરંપરામાન્ય માન્યતાઓ સન્માન્ય છે. વિશ્વવાત્સલ્યભર્યા અત્મપ્રદેશોમાંથી વિરાટ વિભવવિલાસના અફાટ વિસ્તારોનાં ફાટફાટ સાધનવાહનો સામે આકરા આક્રોશના સ્ફોટક વિસ્ફોટો ફૂટે છે." બળવાની બળબળતી બળતરાઓ બાદ આત્મપ્રદેશોમાંથી શીતળ ઝરણાઓ ઝરેનિર્ઝરે છે.

"કર્મસત્તા. તુંય શું કરી શકે ? વિશ્વાચાર પાસે તું જ લાચાર છે. તારે ખુદને જ અમર્યાદ મર્યાદાઓ છે. તારી પાસે કશી જ સ્વાયત સત્તા નથી. તારું કોઈ જ સ્વતંત્ર તંત્ર નથી. સત્તાતંત્ર નિયત નિયમોથી નિયંત્રિત છે. એકનિષ્ઠ નિષ્ઠાભાવે સૃષ્ટિ સંચાલને સંચરે છે. તારી પ્રકૃતિ ખુશામતખોરી કે રુશવતખોરી નથી. તારી તાસીર દગાખોરી કે ઝઘડાખોરી નથી. તારી સત્તા નફાખોરી કે સટ્ટાખોરી નથી. તારી વ્યવસ્થા ધંધાખોરી કે ધાંધલખોરી નથી. તારી બંધારણબદ્ધ સંચાલના નિરપવાદે નિર્લેપ અને નિર્મલ છે." અવધિજ્ઞાન અવધારિત કર્મશાસ્ત્રની સૂક્ષ્માતિસૂક્ષ્મ કાર્મિક કર્તવ્યોથી ગૂઢાતિગૂઢ ધારકતા, કારકતા, તારકતા, મારકતા અને સારકતાને છાતી સરસી ચાંપે છે.

"હે ધર્મસત્તા, ઉચ્ચતમ આત્મધર્મપાલનના પ્રત્યક્ષ પારિતોષ પેટે તું અખૂટ વૈભવવિલાસના અતૂટ આદાનો સાથે નિરાળી નિરાસક્તિનું નિશેષ પ્રદાન કરે છે. અછેદ્ય અનાસક્તિના અભેદ્ય રક્ષાકવચના દાનવરદાન બદલ લાખલાખ સલામ ભરું છું." અવધિજ્ઞાન અવસ્થિત ધર્મસત્તાના ન્યારા ન્યાયોને અવનવા અવાજે નવાજે છે.

"હે ધર્મસત્તા ! વિરલ વિરક્ત વિરાગી ધર્માત્માઓને તું આરાધનાસાધના અને ઉપાસનાઓમાં શુદ્ધિપૂર્ણ તથા આશાતના વિરાધનામાં અશુદ્ધિશૂન્ય આત્મશાસનનું સ્વતંત્ર અનુશાસન બક્ષે છે." ધર્મરાજાના ધર્મસત્તાનશીન ગહન

સંચાલન પર છડી પોકારે છે.

"અનાદિકાલીન શાશ્વત બંધારણે સૃષ્ટિસામ્રાજ્યના સંચાલનના સત્તાવાર સર્વાધિકાર અધિકૃત અધિકારીઓ તરીકે કર્મસત્તા ધર્મસત્તાને સોંપ્યા છે. પારસ્પરિક પૂરક પુરવણીઓ વડે વિશ્વવહીવટ ભળાવ્યો છે. સત્તાબાહ્ય અપેક્ષાઉપેક્ષાગ્રાહ્ય એક પણ વલણ વિરાટ વિશ્વની વ્યવસ્થાને વિનષ્ટ, પ્રનષ્ટ કરે. સૃષ્ટિસંચાલનને હતપ્રહત બનાવે."

"બૃહત બ્રહ્માંડના બંધારણને વીંખીપીંખી નાખે. સચરાચરમાં ઘોર સ્વચ્છંદતાની ધૂમ અવ્યવસ્થા વ્યાપે. પરિણામે વિશાળ વિશ્વ વિકરાળ વિલયપ્રલયમાં પરિણમે. સર્વમાન્ય સર્વસત્તાધીશોના અસ્તિત્વ જ અસ્ત પામે. સૃષ્ટિના સકલ સૂત્રધારીઓને અવ્યવસ્થાની અંશમાત્ર અવસ્થા એકાંતે અવગણ્ય છે." સૃષ્ટિસંચાલકોની સુસંકલનબદ્ધ સકલ સંચાલનોની એકતરફી તારીફ કરે છે.

"આ અપેક્ષાઓએ તીર્થંકર નામકર્મ નિકાચક• પરમારાધકોનેય સચરાચરચરિતસંચરિત સર્વોપરી સત્તાધીશોને એકપક્ષીય એકાંતિક આજ્ઞાધીનતાની અફર ફરજ છે." આત્મપ્રદેશો ગજબનાક ગુંજારવોએ ગુંજે છે.

"ઓ કર્મસત્તા ! ઓ ધર્મસત્તા ! આપને, આપની કાર્યવાહીઓને અને કાર્યવાહીઓની કારવાઈઓનાં અકળ અગમ્ય સ્થૂલથી સૂક્ષ્મતમ સંચાલનોને આત્માના પ્રદેશેપ્રદેશથી કોટકોટિ ધન્યવાદ પાઠવું છું." અવધિજ્ઞાનજ્ઞાનિત કર્તવ્ય પરાયણતાઓ પર પ્રશંસાનાં પુષ્પો પાથરે છે.

"અનુપમ અનુત્તર છે કર્મસત્તાનું કૌવત ! નિરુપમ નિરુત્તર છે ધર્મસત્તાનું દૈવત !" કર્મધર્મ સત્તાધીશોની ગરવી ગુણ ગરિમાઓને શાબાશીના શિરપાવોથી વધાવે છે.

"હે પ્રાણપ્યારા અવધિજ્ઞાન ! હે પ્રાણપ્રતિષ્ઠિત અવધિનાદ ! કર્મધર્મ-સત્તાઓના સ્થૂલથી સૂક્ષ્મતમ જ્ઞાનદાનનાં પ્રશસ્ત પ્રદાનો બદલ આત્માના અસંખ્યે અસંખ્ય પ્રદેશો વતી કોટકોટાન કૃતજ્ઞતા દર્શાવું છું." ઋણગુણના ગૌરવભર્યાં ગુણગાનો ગાય છે.

**શ્રી મહાવીરસ્વામી ભગવાનનો પૂર્વના બીજા ભવનો આત્મા દેવાત્મા તરીકે આભારવિભોર આનંદવિભોર અને ભાવવિભોર બને છે.**

## ૧. દેવોના જીવનકથન

બાર દેવલોક, નવગ્રૈવેયક અને પાંચ અનુત્તરમય સ્વર્ગલોક છે. જન્મથી જ ઉપરઉપરના સુરલોકના સુરો ઉત્તરોત્તર દિવ્યદિવ્યતર દેહો, દોલતો, ઋદ્ધિ

સમૃદ્ધિઓ અને રિદ્ધિ સિદ્ધિઓના ધારક છે. સામાન્યત: ત્રણેય સ્વર્ગલોકના સુરોની અસામાન્ય અવસ્થા વ્યવસ્થાઓ અસમાનતા અવધારક છે.

વિશેષત: બારમાંના એકેએક દેવલોક દેવેન્દ્ર, મહર્દ્ધિક દેવો અને દેવો સમા ત્રણત્રણ વિભાગોએ વિભાગિત છે તેમ સત્તા, મત્તા, મહત્તા, અહંતા સમેત આનંદપ્રમોદ અને ભોગોપભોગોય વિવિધ વિભાજનોએ વિભાજિત છે.

સત્તાની સૃષ્ટિએ સંચાલનની દૃષ્ટિએ એકેક દેવરાજ પોતપોતાના અખિલ દેવલોકની તથા મહર્દ્ધિક દેવો નિશ્રાવર્તી દેવતાઓની દેવસભાઓ સંયોજે છે. વ્યષ્ટિ સમષ્ટિગત ગીતસંગીત, ગીતગાન, નાચગાન, નાટકનાટિકાઓ સહિત ભોગોપભોગોના કાર્યક્રમો પ્રયોજે છે. દેવપતિની આજ્ઞાથી સઘળા દેવો તીર્થંકરોનાં કલ્યાણકોએ નંદીશ્વર દ્વીપની યાત્રાઓના મહોત્સવો આયોજે છે.

ધારાધોરણસર દેવસભા, કાર્યક્રમાદિમાં દરેકેદરેક દેવની ઉપસ્થિતિ આદેશાત્મક અને આજ્ઞાની અવજ્ઞા શિક્ષાત્મક છે.

નિયત નિયમસર દેવદેવતાઓ, મહર્દ્ધિક દેવો અને દેવેન્દ્રોને સિલસિલા સંખ્યાતી, અસંખ્યાતી અને અસંખ્યાતીત સંપત્તિઓના સત્તાવાર સ્વામીત્વ સાંપડે છે. સંખ્યાતાની ગણના ગણિતગત છે કિંતુ અસંખ્યાતા અને અસંખ્યાતીતની ગણના ગણિતાતીત છે. છતાંય ઉપમાઓની ઉપધારણાઓથી અવધારી શકાય છે.

અખિલ પૃથ્વીને લાખ, કરોડ અને અબજવાર ખરીદે અગર પૃથ્વીવાસી છ અબજમાંના એકેએક માનવને લખપતિ, કરોડપતિ, અબજપતિ બનાવે તોય મિલકતના મૂલ્ય આછી ઓછપ બતાડે એ કક્ષાની મિલકતની માલિકી છે.

પ્રતિષ્ઠાવંત મહર્દ્ધિક દેવદેવેન્દ્રોની અપ્રતિમ પ્રતિભાસંપન્ન રિદ્ધિસિદ્ધિઓનાં દર્શનપ્રદર્શનો અસંખ્ય દેવતાઓને વિશદ વિષાદોમાં લપટાવે છે. લક્ષવંતી લક્ષ્મીઓની લાલચુ લાલસાઓમાં લપેટાવે છે.

છતી છત છતાંય મનોપ્રદેશોને મનોગત અંગત અછત ઉછાંછળી છળોએ છળે છે. ચિત્તપ્રદેશોને પુન્યાર્જનોના માંગણવેડાના વાડાઓમાં વાળે છે. આત્મપ્રદેશોને ધનોપાર્જનોનાં ભિક્ષાપાત્રોના ઢાળોમાં ઢાળે છે.

અંતર્ગત કાલાવાલાઘેલી કાકલૂદીઓ અસીમ સુખભર્યા દેવજીવનને નિ:સીમ દુ:ખઘેર્યા ઘેરાવાઓમાં ઘેરી લે છે. કારમામાં કારમાં ક્લેશસંકલેશોની કાળામાં કાળી હોળીઓમાં હોમી દે છે.

રીતરિવાજોની રૂએ અપાર આનંદપ્રમોદ અર્થે ગીતસંગીતથી નાટક જેવા દીર્ઘકાલીન કાર્યક્રમો ઘડે છે. બારમાંના કોઈ પણ દેવલોકના દેવદેવો પહેલાં બે દેવલોકવાસી દેવાંગનાઓ સાથે કામમુકામ મુકરર કરે છે. નિર્ધિત નિલયાદિએ

મેળો સવેળો ભેળો થાય છે.

કાર્યસૂચિ મુજબ રંગબેરંગી રંગમંચ ઉપર ગંધર્વ દેવદેવીઓ, કિન્નરકિન્નરીઓ અને અન્ય અનન્ય દેવદેવાંગનાઓ નાચગાનાદિને કલાકૌશલ્યપૂર્વક પ્રસ્તુત કરે છે. એકેકના રુઆબદાર રૂપો, ભપકદાર ભપકાઓ, ઠોસદાર ઠસ્સાઓ, છટાદાર છટાઓ સાથે અદલ અદાઓ અને ચોટદાર સંવાદો મોખરે રહે છે.

નાચગાનમાં રૂમઝૂમતાપૂર્વકના ઠમકાઠૂમકીઓ, લટકામટકાઓ ઝમકદાર ઝમકોએ ઝમકે છે. ગીતસંગીતમાં ઝૂમઝૂમતાં ગીતોના આલાપો સાથે સંગીતની સંગીન તરજો જોરદાર જમાવટો જમાવે છે. ગીતસંગીતમય નાટકનાટિકાઓમાં ગીતના લય અને સંગીતના તાલ સાથે આરોહ અવરોહોના ઊલટપૂલટ પલટાઓ તેમજ બેનમૂન નમૂનેદાર નખરાઓ ઝલકદાર ઝલકોએ ઝલકે છે. તમામેતમામમાં અભિનવ અભિનયોની અવનવી અંગભંગીઓ ઉઠાવદાર ઉઠાવો ઉઠાવે છે.

નિયત નિયમાવલિઓ અન્વયે બાર દેવલોક અંતર્ગત પહેલા બીજા સૌધર્મ અને ઇશાન દેવલોકના દેવો માનવ માફક કાયસેવી, ત્રીજાચોથા સનતકુમાર અને મહેન્દ્રના દેવો સ્પર્શસેવી, પાંચમાછઠ્ઠા બ્રહ્મ અને લાતંકના દેવો રૂપસેવી, સાતમાઆઠમા મહાશુક્ર અને સહસ્રારના દેવો શબ્દસેવી તથા નવમાદશમા પ્રાણતઆણતના તેમજ આરણઅચ્યુતના દેવો મનસેવી છે.

પહેલા બે દેવલોકમય એક નિશ્ચિત દેવી સાથે દેવ મોહામણા ઉદ્યાનો અને ઉપવનો સમેત સોહામણાં સરોવરો અને સાગરો સમા સુરમ્ય સ્થાનસંસ્થાનોએ વિરમ્ય બને છે. સાથીદાર સુરાંગના સાથે સ્વચ્છંદી સુરાપાનો સહિત સંગીન સંગસંગમોએ સંચરે છે. આ રીતે એક કે અનેક દેવ એકથી અનેક દિવ્યાંગના સાથે વિધિસરના વિષયવિહારોએ વિહરે છે.

ઊર્ધ્વલોકના ક્રમાનુક્રમયા બાર દેવલોકના દેવો કામસેવનથી મનસેવનમય, એની ઉપરના ક્રમિક નવગ્રૈવેયક અને પાંચ અનુત્તરના દેવો નિસેવઅસેવનમય તથા સૌથી ઊંચેના સિદ્ધલોકના સિદ્ધ ભગવંતો વિદેહવિહિત આત્મસેવનમય છે. સહુ સ્વસ્વ સ્વભાવની સ્વાભાવિક વિષયાવલિઓએ વિચરિત છે.

## ૨. દેવાત્માના જીવનવહન

નિયત નિયમત: દેવાચાર દરેકેદરેક દેવ જેમ વીર પરમાત્માના મહાવિરાગી આત્માનેય દેવાત્મા તરીકે દિવ્યદેહ, રૂપ, દોલત, રિદ્ધ-સિદ્ધિઓના સત્તાવાર વારસદાર નીમે છે.

જન્મતાંવેંત જ આકરામાં આકરા આક્રોશો સાથે બળબળતા બળવાઓ પોકારે છે. અવધિજ્ઞાનના જ્ઞાનબળે કલ્પપાલનની મર્યાદિત મર્યાદાઓ, કર્મધર્મ સત્તાઓના કૌવતદૈવતો સમેત સર્વોત્તમ સત્તાધીશોના નાદનિનાદોએ શાંતિ, પ્રશાંતિ ઉપશાંતિને ઓવારે છે. ફરજિયાત ફરજપરસ્તીએ દેવસભાના ઠરાવોને સલામ અને અમલપાલનોને સલામી ભરે છે.

અસંખ્ય દેવદેવતાઓ જેમ દેવાત્માને દોમદોમ દોલતના એક પણ અનિષ્ટકનિષ્ટ અવસ્થાભેદ તલમાત્ર ભેદતાછેદતા નથી. રિદ્ધિસિદ્ધિઓની ન્યૂનતાશૂન્યતા રજમાત્ર ખટકતીપટકતી નથી, ક્ષતિપૂર્તિની લાલસાઓ લેશમાત્ર લજવતીપજવતી નથી. ભર્યાભાદર્યા વૈભવો વચ્ચે વૈભવી વિરક્તિઓએ વિલસે છે.

"ભવાંતરોએ વિશાળ સંપત્તિઓ વિકરાળ વિપત્તિઓ અને સદ્નસીબ રિદ્ધિસિદ્ધિઓ કમનસીબ કમબખ્તીઓ છે." દેવાત્મા દૈવી દોલતો પર નવલાં નવનીતો નિતારે છે.

નાચગાનાદિમાં અંગઅંગોની વિકારી અંગભંગીઓ અને વિલાસી દર્શનોને નિર્મલ નેત્રોએ તેમજ નિર્લેપભાવોએ નિહાળે છે. તન, મન યા આત્મા વિષમવિષમતર વિલ્વાળતાઓએ વિહરતા જ ભાગંભાગ ભાગી છૂટે છે.

"દેવભવની દૃષ્ટિએ કામોત્તેજક કાર્યક્રમો દૈહિક દિવ્યતાઓની બેહદ બદબોઈઓ અને આત્મિક આબાદીઓથી બેહૂદી બરબાદીઓ છે. ભવાંતરોએ ઠૂમકાઓ ડૂસકાઓ, ઠૂમકીઓ ડૂબકીઓ, લટકામટકાઓ કટકાફટકાઓનાં કટુ ફળોએ ફળે છે. આલાપો વિલાપો, તાલો બેતાલો, સુસ્વરો દુઃસ્વરો અને લયો વિલયોનાં ખોફનાક પરિણામોમાં પરિણમે છે." દેવાત્મા - કાર્યક્રિયાવલિઓની ફલાવલિઓ પર તાત્ત્વિક તારણો તારવે છે.

દેવાત્મા નિવાસિત પ્રાણત દેવલોકની પ્રણાલિ પ્રમાણે દરેકેદરેક દેવ નિયમા માનસિક વિષયસેવનમય છે. એક દેવદેવી નિશ્ચિત સ્થાને સંસ્થિત થાય છે. મનઝંખ્યા જે જે વિહારોએ દેવવિહરે છે તે તે વિહારોને દેવી પ્રવેગપૂર્વક પકડે છે. મનચિંત્યા જે જે વિચારોએ દેવી વિચરે છે તે તે વિચારોને દેવ ઝડપભેર ઝડપે છે. વિચારચીંધ્યા વિહારવીંધ્યા વિકારવિચાર વિહારોએ ધરપત પર્યંત આગળઆગળ ધપે છે. આવી છે વિકારવિહારની વિચિત્ર ચેષ્ટાવિચેષ્ટાઓ.

એક દેવદેવી જેમ અનેકથી અનેકાનેક દેવદેવીઓની સામૂહિક માનસિક વિકારવિચારવિહારી વિહારોના ભોગકાળોએ વિષયસેવનો બહોળામાં બહોળી બહેકોએ બહેકે છે.

કલ્પપાલન ખાતર દેવાત્મા કામસેવનના કાર્યક્રમોમાં હાજરી આપે છે. એક દેવ તરીકે વ્યક્તિગત સમૂહગત વિષયસેવનો સેવે છે. અકથ્ય કામકથાઓના સ્રષ્ટાદ્રષ્ટા બને છે.

દ્રષ્ટાએ દૃષ્ટત્વતા અને સ્રષ્ટાએ સ્રષ્ટત્વતા જેમ કારકતાએ અકારકતાથી અને કર્તૃત્વએ અકર્તૃત્વતાની લક્ષબદ્ધ લાખેણી લિપિઓ લીપે છે. અનાસક્ત યોગી જેમ નિરાસક્ત ભોગીનાં લેપલેપનોને આલેપેવિલેપે છે.

"કામભોગી અબ્રહ્મચારીઓને કામસેવનસેવિત અલ્પકાલીન તૃપ્તિઓ થોડા કાળે અતૃપ્તિઓની અગનજ્વાલાઓથી જલાવે છે. કામત્યાગી બ્રહ્મચારીઓને કામસેવનવિહીન જીવનકાલીન પરિતૃપ્તિઓ પ્રશાંતવાહિતાના શીતળ પ્રવાહો વડે પ્રક્ષાલે છે." દેવાત્મા બ્રાહ્મ બ્રહ્મચર્યના ક્ષેત્રનિહિત નિયત નિયમને નિમંત્રે છે.

"મારા તન મન આતમ કામવાસનાઓની જ્વાલાઓથી જલિત છે કે પ્રશાંતવાહિતાઓથી વહિત છે ?" દેવાત્મા સવાલક્ષી સવાલની શોધખોળ અર્થે દેહાદિના પ્રદેશેપ્રદેશને ખૂંદે છે.

"મારા તનમનમાં વિષયવાસનાનો છૂટો છાંટોય નથી. હું કામવાસનામય નથી. વિપળનાય વિકારવિચારવિહાર વિહિત નથી. આથી હું વિકાર વિહીન છું. પ્રશાંત વાહિતાના શીતળ જળથી પરિપૂર્ણપણે પરિપ્લાવિત છું એટલે વિષયવિજેતા વિકારવિજેતા છું." કામસેવનોના પૂર્વપશ્ચાત્ કાળોએ પરમાણુએ પરમાણુનાં પરીક્ષણો નિરીક્ષણો બ્રહ્મચર્યના સાદ સામે બ્રહ્મનાદના પ્રતિસાદ પાઠવે છે.

"વિષયસેવનના ભોગકાળ દરમિયાન સુધ્ધાં મારા તન, મન કે આતમ ભોગોપભોગમય નથી. તેમાં મારું તન તન્મય નથી, મન મન્મથમય નથી કે આતમ- આતપમય નથી. દેહાદિ નહીં કિંતુ મારા ભોગકર્મો જ ભોગો ભોગવે છે. એ જ ભોગાવલિ કર્મો જ ક્રિયારત કાર્યરત છે. મારા તનાદિના પરમાણુએ પરમાણુ કામનાની નિષ્કામનામય છે. ક્રિયાશૂન્ય કાર્યશૂન્ય છે. ભોગફલોના - ભોગકર્મોના નિખિલ ક્ષયલય એ જ મારા આત્મા માટે અક્ષય આલયનિલય છે." ભોગવિલાસ કાળેય ભોગોના ભોક્તા તરીકેની અવસ્થાઓને અવલોકે છે.

"અખિલ દેવલોકના કાયસેવનથી અસેવન સુધીનાં ક્રમાનુક્રમિત વિષયવાહનો માનવોને વિષયવિજયપરાજયોના અગમ માર્ગો સુગમપણે ચીંધે છે. ખેલદિલીપૂર્વક ખુદના ખેલોને ખુલાસાવાર ખોલે છે. શાશ્વત આત્મસેવનમય પરમાત્મપદ પર્યંતના યોગમાર્ગોએ દિલેર દિલે દોરે છે. મોક્ષદાતા અભેદ્ય ભેદવિભેદોની યોગકળા બક્ષે છે." અવધિજ્ઞાનના અવલંબને ભોગ કાળ પૂર્વ પશ્ચાત્ કાળ દરમિયાન દેવાત્માને દેવોના ભોગાચારી પરથી માનવોના

ભોગાચાર યોગાચારના માર્ગ માર્ગાવલિઓની અનેક જડબુટ્ટીઓ લાધે છે.

"એકેક દેવનો માનવીમાનવી માટે કાયસેવનથી અસેવન સુધીના, વિલોમક્રમ બ્રહ્મચર્યપાતક ભોગમાર્ગ અને અનુલોમક્રમ બ્રહ્મચર્યપાયક યોગમાર્ગ છે. ભોગમાર્ગ વિષયવિહારના પ્રહાર થકી આત્માને અસદ્ ગતિની પરમ્પરાઓમાં પૂરી દે છે અને યોગમાર્ગ વિષયવિહારના પરિહાર થકી સદ્ગતિઓની પરંપરાઓ મારફત સિદ્ધગતિની શાશ્વત સેવનમય, શાશ્વત આત્મસેવનમય શાશ્વતી શાશ્વતતાઓ ધરી દે છે.

"હે બ્રહ્મપરબ્રહ્મમય માનવો ! યોગમાર્ગના યોગાચાર અનુસાર વાસનાને કદાપિ જગાડશો નહીં, ભોગના નિમિત્તોને કદીય નિહાળશો નહીં, વિવેકબુદ્ધિથી વૈષયિક વાસનાઓને આત્મશુદ્ધિની વાસનાઓમાં વટલાવજો. આત્મદૃષ્ટિથી ભોગની ભૂખને સદાય ભૂખી રાખજો. ભોગભૂખની ઉગ્રતમ ઉષ્ણતાના પારાને ઉત્તરોત્તર નીચે ઉતારજો. સંપૂર્ણ શમનોપશમનોએ ઠેઠ શૂન્ય બિંદુએ ઠરાવજો. આત્મપ્રદેશોમાં પ્રશાંતવાહિતાના પ્રશસ્ત પ્રવાહોને પૂર્ણતયા પ્રસરાવજો. આત્મસ્થ અવિકારના અધિકારની સ્વાભાવિક ક્ષમતા પ્રગટાવજો. સૂક્ષ્મતમ બ્રહ્મચર્ય યોગની બ્રહ્મત્વતાઓ, બ્રહ્મસિદ્ધિઓ અને બ્રહ્મવિભૂતિઓને વિકસાવજો." બ્રહ્મચર્યયોગની બ્રહ્મશિક્ષાની બ્રહ્મશીખો શીખવે છે.

"ભવાંતરોએ ભોગયોગના કામયોગ કામભોગ કામગ્રસ્તતાઓ અને ભોગત્રસ્તતાઓના રાક્ષસી સાણસાઓમાં સપડાવે છે. ગુહ્યાંગોની ગુહ્યગુહ્યતમ અરિષ્ટતાઓ અને રોગીષ્ઠતાઓ, હીનતાઓ અને દીનતાઓ, વંધ્યવ્યતાઓ અને નપુંસકતાઓ, વૈધવ્યતાઓ અને વિધુરત્વતાઓ સમા ફાંસીઓના ફાંસલાઓમાં ફસડાવે છે. ભરયૌવનના મધદરિયે સજાતીય વિજાતીય તત્ત્વોના ઝંઝાવાતોમાં ઝડપાવે છે. બ્રહ્મયોગના બ્રહ્માચારો અને યોગાચારો વિષયવિજયોએ વિચરાવે છે. પરમાત્મપદનાં પરમ સુખોએ સંચરાવે છે." દેવાત્મા ભોગરતતાવિરતતાના પાઠપાઠોને પાઠવે છે.

માનવોના ભોગાચારયોગાચાર પરથી દેવાત્મા નારક, તિર્યંચ, માનવ અને દેવ એમ પંચેન્દ્રિય જીવયોનિમય શારીરિક રચનાઓ, રૂપરાશિઓ અને આવરદાઓના વાંકાચૂંકા વાંકવળાંકોએ વળે છે.

"શારીરિક રચનાના ભાવસ્વભાવોએ પહેલા ત્રણનાં શરીરો મલ, મૂત્ર, દુર્ગંધ જેવા દોષોની દૂષિતતામય તથા ચોથા સુરોનાં શરીરો મળમૂત્રાદિરહિત દિવ્યતાની ભૂષણતાભૂત છે."

"રૂપરાશિઓના ભાવપ્રભાવોએ સામાન્યતઃ પહેલા બેના દેહો કુરૂપતાકુડોળતા નિષ્પન્ન છે તથા છેલ્લા બેના દેહો સુરૂપતાસુડોળતા સંપન્ન છે."

"આવરદાઓના સ્વભાવ પ્રભાવોએ પહેલા ચોથાના તથા ત્રીજા બીજાના શારીરિક અણુપરમાણુઓ અનુક્રમે અલ્પ અને અતિ વિકારી છે. લાંબાંટૂંકાં જીવતરોના જનક છે." શારીરિક રચના વિગેરેનાં ગૂઢ કારણો શોધે છે.

"ભાવસ્વભાવપ્રભાવતયા માટી અને સુવર્ણના ઘડાઓના સંલગ્ન અણુપરમાણુઓ ક્રમશઃ થોડા કે લાંબા કાળે વિલગ્ન બને છે. એ ન્યાયે માટીના ઘડા સમા માનવો તિર્યંચોના તથા સુવર્ણના ઘડા સમા નારકો દેવોનાં આયુષ્યોના આંકઆંકડાઓ છે." જીવાદોરીઓની અલ્પતાદીર્ઘતાની તરતમતાઓનાં મૂળભૂત રહસ્યોય શોધે છે.

"ચારેયમાં શારીરિક રચનાઓ, રૂપરાશિઓ અને આયુર્દયોમાં સરેરાશ સરવાળાઓએ દેવતાઈ દેહો, રૂપો, આયુષ્યો અધિકઅધિકી દમકદમક દમકતાઓએ દમકે છે." સર્વ જીવસૃષ્ટિઓમાં દેવસૃષ્ટિની સર્વોપરિતાના સજ્જડ સબૂતો સાંપડે છે.

"જીવાદોરીઓની નીચીઊંચી સપાટીઓ છતાંય નિયતકાળે કાળ કાયાના કોળિયો કરે જ છે. એકેકા કોળિયે દેહાંત તથા દરેકદરેક દેહાંતે દેહાંતર-રૂપાંતરોની કર્મબદ્ધ વિકથાઓ નિયમા નિયમબદ્ધ છે." અનંતા અનંત કાલકાલીન અનંતાઅનંત આયુમૃત્યુની ઘટઘટઘટિત ઘટનાઓને ઘૂંટે છે.

"જીવસૃષ્ટિનો એકેકો જીવડો અનંતાઅનંત કાળના અનંતાઅનંત ભવોમાં અનંતીવાર ઉચ્ચતમથી નીચતમ દેહાંતરોએ દડક્યો છે. ઉત્કૃષ્ટતમથી નિકૃષ્ટતમ રૂપાંતરોએ રડક્યો છે. પ્રકૃષ્ટતમથી વિકૃષ્ટતમ આવરદાઓએ ધડક્યો છે." જીવેજીવની અનિત્યતાની નિત્યતાનિહિત દારુણાતિદારુણ દાસ્તાનોને દોહે છે.

"કર્મકર્માંતરોકૃત દેહાંતર રૂપાંતરોની અનાદિકાલીન કાતિલ કતલોએય દિવ્ય દેહો અને દૈવી રૂપોના અહંકારના ટંકાર છેડાય એ દોષદૃષ્ટિની નરી બેવકૂફીભરી દર્શનિયત છે."

"દેહની દિવ્યતા કે રૂપની રમણીયતામાં નાચવું, રાચવું નહીં એ જ કર્મસત્તા સામે ધર્મસત્તાનો એકસૂત્રી સંદેશ છે." દેવાત્મા સંસારસંસરણ સંસરિત ઘડતરપડતરના ઘડાઓ ઘડે છે.

પંચેન્દ્રિયમય જીવસૃષ્ટિનાં શારીરિકાદિ મૂલ્યાંકનો પશ્ચાત્ દેવાત્મા સર્વ જીવસૃષ્ટિના દ્રવ્ય, ગુણ અને પર્યાયમય આત્મઆત્મેતર અવસ્થાઓની મુલવણીઓ મૂલવે છે.

"આવરદાઓ આથમતાં જ દેવદેવીઓના ક્ષેત્ર, ગતિ, ભવ અને દેહો બદલાય છે. જીવનદશાની દશાઓ પલટાય છે. સુખદુઃખની પરિસ્થિતિઓય ઊલટાય છે."

"પરિવર્તનોનાં પ્રવર્તનોએ દેવગતિગત જીવાત્માઓ ક્ષેત્રાધીન ઉપચયમય ઉચ્ચઉચ્ચતર સંપત્તિઓને સ્થાને પામે છે ક્ષેત્રેતર અપચયમય નિકૃષ્ટ-નિકૃષ્ટતર સંપત્તિઓ.

"ગત્યાધીન કામભોગના ઉત્કર્ષમય ઉત્કૃષ્ટઉત્કૃષ્ટતર ભોગફલોને બદલે સાધે છે ગત્યેતર અપકર્ષમય નિમ્નનિમ્નતર ભોગફલો.

"ભવાધીન ઉન્નતઉન્નતતર આનંદપ્રમાદોને સ્થાને લાધે છે ભવેતર તુચ્છતુચ્છતર કક્ષાના આનંદપ્રમોદો.

"દેહાધીન દિવ્યદેહો અને દૈવી રૂપોના પ્રકર્ષભૂત આધિપત્યોને બદલે ઉપાર્જે છે દેહેતર સામાન્ય દેહો અને સાધારણ રૂપ સમા અપકર્ષભૂત આધિપત્યો:." દેવાત્મા સુરલોકના સુરોનાં ચિતરણોના ચિતાર ચીતરે છે.

"સર્વ કર્મક્ષયમય સંસારાંતે દેવદેવીઓના ભાવિ ભાગ્યવાન જીવાત્માઓ ભવિતવ્યતાના ભવ્યતમ યોગોએ તથા તથાભવ્યત્વના પરિપૂર્ણ સહયોગોએ ક્ષેત્રાંતર, ગત્યંતર, ભવાંતર અને દેહાંતરભૂત પરિવર્તનશીલ અવસ્થાઓને સ્થાને પ્રસ્થાપે છે. ક્ષેત્રાતીત, ગત્યાતીત, ભવાતીત અને દેહાતીત અપરિવર્તનશીલ આત્મસ્થ શાશ્વત અવસ્થાઓ." દેવાત્મા અંતિમ ભવના અંતમય અનંત સુખનાં પરિણામોને પરિપ્રેક્ષે છે.

"સુખાંતરો અને દુઃખાંતરો, પુણ્યાંતરો અને પાપાંતરો, ભોગાંતરો અને ફલાંતરો સમી કર્માધીન અવસ્થાઓને ઉત્થાપે વિત્થાપે છે. સુખદુઃખ, પુન્યપાપ અને ભોગફલશૂન્ય કર્માતીત શાશ્વત અવસ્થાઓને સંસ્થાપે છે." દેવાત્મા દેવદેવીઓની દ્રવ્ય, ગુણ પર્યાયમય આત્મઆત્મેતર ગુણદોષોને આત્મદૃષ્ટિના અવનવા અવબોધોને અવલોકે છે.

## ૩. દેવાત્માની દિવ્ય ચર્યાઓ

દેવાત્મા મદભર્યા નાચગાનાદિની જુગુપ્સાઓથી તથા ઉન્માદઘેર્યા વિષયવિલાસોની બીભત્સતાઓથી બાવરા બેબાકળા બને છે. દેહથી ઉદ્વિગ્ન, મનથી ગમગીન, અંતરથી ખિન્ન અને આત્માથી ગ્લાનમ્લાન સમી દર્દનાક દુર્દશાઓમાં દબડે ગબડે છે.

અવલોકનોનાં અવલંબનોએ સંખ્યાબંધ દેવદેવીઓ દેવાત્માની આવી શોકસંતાપગ્રસ્તત્રસ્ત અવનત અવસ્થાઓને અવમંગલના લેખે લેખવે છે. સમજાવટની સઘળીય સજાવટ બિછાવટોને નિષ્ફળતાઓના ખાતે ખતવે છે.

અવસર અવસર પર કારણસરના કારભાર દરમિયાન ઔદાસીન્યતાના આશ્રયે લગભગ મૌન ધારે છે. કારુણ્યતાના કારણે કેટલીકવાર પ્રસંગોચિત

ભલી ભલામણો કરે છે. દાક્ષિણ્યતાના દાવે વિરતિવિરક્તિઓ વિશે યુક્તિપ્રયુક્તિયુક્ત ઉક્તિઓ ઉચ્ચરે છે. સજ્જનતાની સજતાએ આત્મઆત્મેતર અવસ્થાઓ સુધીનાં પોતાનાં ચિંતનીય ચિંતનોથી ચેતવે છે.

"વિલાસ વિલાપનું વાહન છે."

"સંપત્તિ વિપત્તિનું સાધન છે."

"ભોગ રોગની સાધના છે."

"આનંદ વિષાદની વિહારિકા છે. મમતા સમતાની ઘાતિકા છે સુખ દુ:ખની દૂતિકા છે."

"પ્રત્યેક પાર્થિવ પદાર્થ પર્યાયમય છે."

"દરેક દુન્યવી દ્રવ્ય પરિવર્તનશીલ છે."

"દેહ મરણાધીન છે."

"આત્મા મરણાતીત છે."

"અપૂર્ણતામાં પૂર્ણતા છે અને પૂર્ણતામાં અપૂર્ણતા છે."

"શૂન્યતામાં સંપૂર્ણતા છે અને સંપૂર્ણતામાં શૂન્યતા છે."

"રાગ રોગ, દ્વેષ વિષ અને મોહ મોત છે."

આવાં અવતરણો અને ઉદ્ધરણોને ઉતારે છે.

"દેવાત્મા દેવલોકના દિવ્યદૈવી દ્રવ્યોથી પર છે. દેવતાઈ વૈભવને વશ, ભોગવિલાસોને વિવશ કે પદાર્થોને પરવશ નથી." દેવાધિદેવોની દિવ્યવાણી સમા દેવાત્માનાં દોહિત દોહનોના આધારે વિશાળ દેવગણ અભિપ્રાયો બાંધે છે.

આવી અનુપમ અનુપ્રેક્ષાઓને દેવસમૂહ વિવિધ વધામણાઓ વડે વધાવે છે. અધિકતર આદરસત્કારના અધિકારી તરીકે નવાજે છે.

- પૂર્વ ભવોના સુસંસ્કારોને પ્રભાવે સંખ્યાબંધ દેવદેવીઓ નિત્યઅનિત્યના ત્રૈકાલિક તત્ત્વજ્ઞાનને આવકારે સ્વીકારે છે.

દિવ્યદૈવી દેહ, રૂપ, દૌલત, રિદ્ધિસિદ્ધિઓ, મનોરંજનો, ભોગોપભોગો પરની નિતાંત નિરાસક્તિઓએ નીખરે છે. આત્મઆત્મેતર અવસ્થાઓના લોકોત્તર ભેદ સાથે પૌદ્‌ગલિક પદાર્થો પર વિરાગ અને આત્મિક દ્રવ્યો પરના અનુરાગને અનુગ્રહભેર અનુસરે છે. ઘણાં દેવદેવીઓ તત્ત્વજ્ઞાન ભેદજ્ઞાન પર ધરાર ધિક્કાર ધરાવે છે. પૂર્વવત્ આરક્તિઓ અનુરક્તિઓમાં રમમાણ રહે છે.

દેવાત્મા બાહ્ય અભ્યંતરતયા દરેકેદરેક દેવદેવી પર સદ્‌ભાવ, સમભાવ અને મૈત્રીભાવના માહોલોએ મહાલે છે.

દેવાત્મા સિદ્ધાયતનમાં સિદ્ધ ભગવંતોની ભક્તિઓમા નિશદિન મગ્ન નિમગ્ન બને છે. કલ્યાણક સમા પરમ પવિત્ર પ્રસંગોએ પ્રભુભક્તિમાં

લીનવિલીન થાય છે.

આ દરમિયાન દેવરાજને દેવાત્માની ગોપનીય અકથનીય કથનીઓના વાવડ વારંવાર સાંપડે છે... અવધિજ્ઞાનના જ્ઞાનકાંડની કંડિકાઓ જ્યારે દેવાત્માને આગામી જ ભવગામી તીર્થંકર પરમાત્મા તરીકે કંડારે છે ત્યારે અત્યંત વિસ્મયવિભોર, આનંદવિભોર, ભાવવિભોર, ભક્તિવિભોર બને છે.

સર્વોત્તમ ભૌતિક સુખના સર્વોચ્ચ ભોક્તા દેવરાજ પૌદ્‌ગલિક સુખ વિરસનીરસ ભાવિ જિનરાજ પર વારેવારે ઓવારે છે. ભીતરી ભક્તિભરી અનેરી આરતીઓ ઉતારે છે. દેવાચારના અપવાદો સાથે કેટલીક ઉપેક્ષાઓ સુધ્ધાં આચરે છે. દિલોજાન દોસ્ત જેવી દોસ્તીએ દોરે છે.

દેવેન્દ્ર ભાવી જિનેન્દ્ર સાથે ગૌરવવંતી ગોઠડીઓ ગોઠવે છે. વિરાટ વિશ્વ વિશેના વિશિષ્ટ વિચારવિમર્શોએય વિચરે છે. ભુલભુલામણા અભેદ્ય ભેદોના ભલભલા ભેદવિભેદોને પણ ભૂલ વિના ભેદે છે.

અખિલ સુરલોક સુરરાજ સુરેન્દ્ર અને ભાવી જિનરાજ જિનેન્દ્ર વચ્ચેની મંત્રણાઓથી મંત્રમુગ્ધ બને છે.

કાળવહને આયુકાળ ધીરેધીરે અસ્તાચળ તરફ ઢળે છે.

❑

# ૩

# શ્રી મહાવીરસ્વામી ભગવાન

અનાદિ કાલકાલીન અનંતાઅનંત કાલચક્રમાં અનંત અરિહંત ભગવંત પ્રકાશ્યા છે. એકેકા કાલચક્રચક્રિત ઉત્સર્પિણ અવસર્પિણીએ કાળક્રમિક એકેકી ચોવીસી ચમકી છે. દરેકેદરેક ચોવીસીમાંના પ્રત્યેકે પ્રત્યેક તીર્થંકર નિયત નિયતિ નિર્મિત કર્મકાળે ઝળક્યા છે.

એકેક અરિહંત ભગવંત સમ્યગ્ દર્શનસમેત પૂર્વપશ્ચાત્‌ના ભવભવાંતરોએ પ્રાયઃ પુણ્યપાપની પ્રશસ્તાપ્રશસ્ત પ્રવૃત્તિઓથી પરિવૃત્ત હતા. તીર્થંકર નામકર્મના વિપાકોદયે પાંચ કલ્યાણક, ચાર મૂળ અતિશય, અષ્ટ મહાપ્રાતિહાર્ય, ચોત્રીસ અતિશય અને પાંત્રીસ ગુણવાહક વાણીએથી સમસેવી હતા.

એકેક તીર્થંકર દેવ આત્મદ્રવ્યે સમસ્થિત, ધ્યેયલક્ષે સમવૃત્ત, તીર્થંકર નામકર્મોપાર્જને સમધારક, તીર્થંકર પુન્યપ્રકૃતિએ સમવાહક, તીર્થંકર પદપદવીએ સમરૂપ અને તીર્થંકર નિક્ષેપાએ સમકક્ષ હતા.

તેમાં આત્મદ્રવ્ય એટલે આત્માઆત્માની અલગઅલગ આત્મત્વતાઓ. ધ્યેય લક્ષ એટલે સર્વજીવ સંસારમુક્તિ, તીર્થંકર નામકર્મોપાર્જન એટલે તીર્થંકરના ભાવી બીજાધાન, તીર્થંકર પુન્યપ્રકૃતિ એટલે ચાર મહાઅતિશય પ્રભવિત દિવ્યદિવ્યતમ ઐશ્વર્યો, તીર્થંકરપદપદવી એટલે ત્રિલોક ગુરુ પદારોહણ, અને તીર્થંકર નિક્ષેપા એટલે નિયમબદ્ધ સ્થાનસિદ્ધ સમાવસ્થાઓ.

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ નામક એકેક તીર્થંકરના ચાર ચાર નિક્ષેપાઓ છે. એકેકો સામાન્યતઃ સ્વનામ, પ્રતિમા, દેહ અને તીર્થંકરપદનો નિર્દેશક છે.

પહેલા ત્રણ નિક્ષેપાઓ અસાધારણ શક્તિઓ, સિદ્ધિઓ અને લબ્ધિઓના અક્ષય ભંડાર છે. ચોથો નિક્ષેપો લોકોત્તર દિવ્યતાઓ અને ભવ્યતાઓ, પવિત્રતાઓ અને પ્રભાવકતાઓ, ગુણવૈભવો અને ઋદ્ધિસમૃદ્ધિઓનો અનંત ખજાનો છે.

નિયમતઃ ચારેચાર નિક્ષેપાઓ દોષદાહક અને ગુણવાહક, અજ્ઞાનબાધક

અને જ્ઞાનસાધક, અશુદ્ધિરોધક અને શુદ્ધિશોધક અદ્વિતીય પ્રભાવભૂત શિલ્પીઓ છે. શુભાશુભ ક્રિયાપ્રક્રિયાઓ, વૃત્તિપ્રવૃત્તિઓ અને ભાવસ્વભાવોનાં સર્જનવિસર્જનસર્જક શિલ્પો છે.

અરિહંત, અરહંત, અરુહંત, તીર્થંકર, દેવાધિદેવ, પરમાત્મા, પરમેશ્વર, ભગવાન, ભગવંત, પ્રભુ, વિભુ, જિનવર, જિનેશ્વર, જિનેન્દ્ર જેવા તીર્થંકરપદવાચક શબ્દો સ્વનામ નામક પરમેષ્ઠિ ભગવંતનો પ્રકૃષ્ટ પૂજ્યવંતો નામ નિક્ષેપો છે.

પર્યાયવાચી શબ્દોને સંબંધે એકેય નામમાં કશો જ ભેદ નથી કિંતુ અર્થ રહસ્યે કાર્ય અને ક્રિયા, ગુણ અને શક્તિ, શુદ્ધિ અને સિદ્ધિ, યોગ અને ક્ષેમ, તપ અને જપ, જ્ઞાન અને ધ્યાન, દ્રવ્ય અને ભાવ તેમજ સ્થૂલ અને સૂક્ષ્મ ભેદોએ વિવિધ વિભેદો સર્જે છે.

અર્થ અન્વર્થે અરિહંત, અરહંત અને અરુહંત નામ નિક્ષેપા ક્રમશ: શત્રુનાશ, પૂજ્યતા અને દાહકતાના ગુણ દર્શાવે છે. આ દૃષ્ટિએ એકેકમાં ક્રમશ: મોહમારકતા, પૂજ્યવાહકતા અને કર્મદાહકતાની શક્તિઓ સંક્રાંત છે.

અર્થ અર્થનોએ તીર્થંકર, દેવાધિદેવ, પરમાત્મા અને પરમેશ્વર જેવા નામ નિક્ષેપા તારકતા, દિવ્યતમતા, પરમ આત્મત્વતા અને પરમ ઐશ્વર્યતાના ગુણ ધરાવે છે. આ અપેક્ષાએ એકેકમાં ક્રમત: સંસારતારકતા, દિવ્યતાદાયકતા, પરમાત્મપદ પ્રદાનતા અને પરમ ઐશ્વર્ય અર્પણતાની શક્તિઓ સંક્રમિત છે.

અર્થ અર્થતાએ ભગવાન અને ભગવંત નામનિક્ષેપા પરમ જ્ઞાન અને પરમ પદના સહિયારા ગુણ સૂચવે છે. આ દૃષ્ટિબિંદુએ ઉભયમાં કૈવલ્ય અને મોક્ષપદ પ્રદાનોની શક્તિઓ સંક્રમણિત છે.

અર્થ સાર્થકતાએ પ્રભુ અને વિભુ નામ નિક્ષેપા પ્રભુતા વિભૂતા અર્થાત્ દિવ્યતમ દેવત્વતાઓના ગુણ નિર્દેશે છે. એને અનુલક્ષીને બંનેમાં સદેહ સંહારતા અને વિદેહવિહારતા એટલે કે સદેહાવસ્થા વિનાશ અને અદેહાવસ્થા વિકાસની શક્તિઓ સંક્રિત છે.

અર્થભાવાર્થે જિનવર, જિનેશ્વર, જિનેન્દ્ર નામ નિક્ષેપા વિશિષ્ટતમ વિરાટ વિજય ગુણને બતાડે છે. આ સંદર્ભમાં ત્રણેત્રણમાં રાગવિજેતા, કામવિજેતા, દોષવિજેતા, ગુણવિજેતા જ્ઞાનવિજેતા, વાક્‌વિજેતા, કર્મવિજેતા અને આત્મવિજેતા પદ પદ પ્રદાન સમી શક્તિઓ સંસ્થાપિત છે.

નામનિક્ષેપાના અધિનિયમે નામાવલિમાં નામનામાંકનોને અનુરૂપ શદ્બીકરણો સિદ્ધીકરણોનાં પરિષ્કરણો પુરષ્કરણો પ્રકૃતિતયા પ્રતિષ્ઠિત છે.

તત્ત્વતયા અનંતમાંથી એકપણ તીર્થંકરમાં તલભાર તરતમતા નથી.

અર્થતયા નામનામાવલિ આદિ નિર્મિત જે તરતમતાઓ છે તે પરસ્પરની પ્રેરક, પૂરક, પોષક છે. પરંતુ સમ્યગ્ દર્શન ભવ સમેત પૂર્વપૂર્વતર અને પશ્ચાત્પશ્ચાત્પર ભવાંતરો સર્જિત જે કર્માવલિઓ છે તે તીર્થંકરને ભવે સાપેક્ષભાવે ભિન્નભિન્ન સ્વભાવવિભાવભૂત પ્રભાવનાઓ સર્જે છે.

કર્માવલિઓનાં સ્વભાવવિભાવભૂત કર્મફળો તીર્થંકરને ભવે અનેક શક્તિઓ સિદ્ધિઓ અને લબ્ધિઓના અનેરા ન્યારા સુધારા વધારા ઉમેરાઓ ઉમેરાવે છે. એ જ કેટકેટલીક વિશિષ્ટ વિશિષ્ટતર વિભૂતિઓ અને પ્રકૃષ્ટપ્રકૃષ્ટતર પ્રભૂતિઓ કાર્યક્રિયાઓના ભેદો પ્રવર્તાવે છે. એ જ કેટલેક અંશે કાર્ય અને ક્રિયાભેદે, ગુણ અને શક્તિભેદે, શુદ્ધિ અને સિદ્ધિભેદે, યોગ અને ક્ષેમભેદે, તપ અને જપભેદે, જ્ઞાન અને ધ્યાનભેદે, દ્રવ્ય અને ભાવભેદે, સ્થૂલ અને સૂક્ષ્મ ભેદે, ભિન્નભિન્નતર પ્રચુર પ્રભાવકતાઓ પ્રગટાવે છે. કાર્ય અને ક્રિયા સમા ભેદવિભેદો - પ્રભેદો પૂર્વોક્ત ભાતભાતની - ભિન્ન ભિન્ન ભાતીગળ પ્રભાવકતાઓ પ્રગટાવે છે.

વિભૂતિપ્રભૂતિઓ પ્રકાશિત વિભાપ્રભાઓ કેટલીકવાર કેટલાકને શાસ્ત્રમાન્ય માન્યતાઓને નામે ભ્રમવિભ્રમો વડે ભરમાવે છે. ધાર્યા તીર્થંકર પ્રભુ પ્રત્યેના એકપક્ષી પૂજ્યભાવો અણધાર્યાં પક્ષપાતી વલણોએ વળાવે છે.

કોઈ પણ તીર્થંકર પ્રત્યેના સાપેક્ષ ભાવપૂર્વકના અપવાદિક ભક્તિભાવો સર્વદા સમુચિત છે કિંતુ નિરપેક્ષ ભાવપૂર્વકના નિરપવાદિક ભક્તિભાવો સર્વધા અનુચિત છે. સાપેક્ષ નિરપેક્ષ ભાવના આચરણવિચરણ સંચરણો એકાંતે આત્મશુદ્ધિ સાધકબાધક છે.

જેમના અનંત ઉપકારના અસીમ ઋણ તળે દટાયેલા છીએ તેમજ જેમના કારણે શાસનના શાસનત્વ, આગમના આગમત્વ, શાસ્ત્રના શાસ્ત્રત્વ, જ્ઞાનના જ્ઞાનત્વ, મોક્ષમાર્ગના મોક્ષમાર્ગત્વ, ધર્મના ધર્મત્વ, મુનિઓના મુનિત્વ, શ્રાવકોના શ્રાવકત્વ, સંઘના સંઘત્વ તેમજ આરાધનાના આરાધનત્વ સાંપ્રત સમયે પ્રવર્તે છે તેવા વીરપ્રભુ પ્રત્યે ધારિત અવધારિત સાધારણ અને અન્ય પૂર્વ નિર્ધિત પ્રભુઓ પરત્વે અસાધારણ ભક્તિભાવો ધરાયધરાવાય છે એ શું દોષજનક વર્તનવર્તાવ નથી ? વર્તનપ્રવર્તન નથી ?

સામાન્યત: વર્તમાન કાળેય શાસનમાં સ્વપર શ્રેયલક્ષી જે અસામાન્ય ભાવ, સ્વભાવ અને પ્રભાવો-વર્તમાનકાલે પ્રવર્તમાન છે તેમાં વીર વર્ધમાનસ્વામીજીનું પ્રત્યક્ષ પરોક્ષ પ્રધાનમાં પ્રધાન પ્રદાન છે. એમના ઉપરની ઉદાસીનતાભરી આંતરબાહ્ય વૃત્તિપ્રવૃત્તિઓ શું સંઘ શાસનના ખેદજનક વિચરણ પ્રચરણ આચરણ નથી ?

અસીમ અમોઘ અમૂલ્ય ઉપકારમય મૂલ્યવાન ઋણોના મુદ્દે મુદ્દાનાં મુદ્દાસર મૂલ્યાંકનો કૃતજ્ઞધારક આરાધકો માટે અસીમ સીમાચિહ્નભૂત સર્જક અવિસ્મરણીય સ્મારક સર્જને આત્મિક રાધ્યાત્મિક આત્મસભાનતાનું શાશ્વત સ્મારક સર્જાવેને ?

અમૂલ્ય ઉપકારોના મૂલ્યવાન ઋણોના મુદ્દેમુદ્દાના મુદ્દાસર મૂલ્યાંકનોબદ્ધ ચુકવણીઓ કૃતજ્ઞતાધારક આરાધકો કાજે અનંત આત્મસામ્રાજ્યોના શાશ્વત સમ્રાટપદને સામ્રાજ્યના ?''

પ્રકૃષ્ટતમ પ્રભાવવંતા અને મહત્તમ માહિમાવંતા, અનંત અરિહંત ભગવંત પૈકી યોગાનુયોગે એક હતા વર્તમાન ચોવીસીના ચરમ તીર્થપતિશ્રી વર્ધમાન સ્વામી ભગવાન.

એમનું અખિલ જીવનચરિત્ર ચિકાર ચમત્કૃતિઓથી અલંકૃત છે. ગર્ભસ્થ, ગૃહસ્થ, છદ્મસ્થ અને તીર્થંકરસ્થ જેવા ચારચાર આધ્યાત્મિક અધ્યાયોએ અધ્યાપનીય છે.

અતુલબલ, અતાગ વિરાગ, અપ્રતિમ પરાક્રમ જેવા વિશિષ્ટ વિશિષ્ટતમ ગુણવૈભવથી વાસિત સુવાસિત છે ગર્ભસ્થ ગૃહસ્થ અવસ્થાઓ.

મૌનસિદ્ધિ, ક્ષમાસિદ્ધિ, તપસિદ્ધિ, ધ્યાનસિદ્ધિ, યોગસિદ્ધિ, જેવી સિદ્ધ સિદ્ધિઓથી અધિવાસિત અભિવાસિત છે છદ્મસ્થ અવસ્થા.

વીતરાગતા, સર્વજ્ઞતા, યથાસ્થિતવસ્તુવાદિતા, ત્રિલોક ગુરુતા, પરમાત્મત્વતા, અરહંતતા, ભગવંતતા જેવી સર્વ સર્વોચ્ચ ગુણનિધિથી આભૂષિત વિભૂષિત છે ચાર મૂલ અતિશય અષ્ટ મહાપ્રતિહાર્ય ચોત્રીસ અતિશયો પાંત્રીસ..... ગુણવાહી તીર્થંકરસ્થ અવસ્થા.

ગર્ભાવસ્થા દરમિયાન જ ભગવાન સંયમગ્રહણાર્થે સંકલ્પબદ્ધ બન્યા. સંયમ જીવનવહનના નિકટતમ સમય અને ફલકથન અંગે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. પ્રગાઢ મોહાંધ દશાએ પુત્રપ્રવજ્યા જેવા પ્રાથમિક શબ્દ શ્રવણે જ માતપિતાના તત્કાળ અકાળ કાળ કળાયા. માવતરના જીવતર ખાતર સંયમભાવના ધોધમાર ઘોડાપુરને અસંયમની પ્રતિજ્ઞા વડે ખાળ્યું. ગર્ભાવસ્થાથી જ પાર્થિવ પદાર્થોના નિરુપમ નિરાગી અને માતાપિતાના અનુપમ અનુરાગી હતા.

માતાની શાતાજ્ઞાતા કાજે ગર્ભકાળે જ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. ગર્ભસ્થ અવસ્થાની વેદનાઓનું સંવેદન લાધ્યું. અશાતાઓની ઉપશાતાઓના શુભ લક્ષે હલનચલનને સર્વાંગતયા થોભાવ્યું. ગર્ભક્ષયના ભયંકર ભયથી જનેતાને વિકરાળ વિહ્વળતાઓ ઘેરી વળી. જ્ઞાનબળે પ્રશસ્ત પરિણતિનું અપ્રશસ્ત

પરિણામ પેખ્યું. સાંકેતિક સંચરણવિચરણોથી જીવંત ગર્ભનું પ્રમાણભૂત સબૂત સોંપ્યું. માએ મીઠા મીઠડા વડે વધાવ્યું. ગર્ભકાળથી જ અજોડબેજોડ માતૃવત્સલ વત્સ હતા.

નૂતનજન્મિત બાળ ભગવાન પ્રચંડ પ્રવાહોને ઝીલી શકશે નહીં એવી જન્માભિષેક પ્રસંગે સૌધર્મેન્દ્રને શંકા જાગી. અવધિજ્ઞાનથી એ વિજ્ઞાત બની. શંકાની નિશંકા કાજે ડાબા પગના અંગૂઠાને ભૂમિપ્રદેશે ચાંપ્યો. અખિલ મેરુગિરિ ખળભળી ઊઠ્યો. ભયાનક ઉલ્કાપાત સર્જી દીધો. ભક્તિરસને રંગભંગે ઇન્દ્ર મહારાજા કોપાયમાન બન્યા. કારણના નિરાકરણ નિમિત્તે અવધિજ્ઞાનને અવધાર્યું. ઉપદ્રવના મૂળનું મૂળ મૂળિયું મળ્યું. દોષભાવે પ્રભુની ક્ષમા માંગી. જન્મથી જ અતુલબલી અને અપ્રતિમ પરાક્રમી પુરુષવર હતા.

એકદા સમયવયસ્ક બાળકો સાથે બાળક્રીડાઓએ રમતો રમતા હતા. એવે ટાણે એક નાદાન દેવે પરીક્ષાર્થે કારમી કસોટી લસોટી. વિરાટ રાક્ષસના વિકરાળ રૂપસ્વરૂપને વિકુર્વ્યુ. અવધિજ્ઞાનથી ગૂઢ રહસ્યને જાણી લીધું. મુષ્ટિ પ્રહારો વડે વિરાટને વિપળોમાં જ વામન બનાવી દીધો. તેજની તેજીથી ચોંકાવી નાખ્યો.

ઉરના ઉમળકાઓ ભરી ભક્તિભાવે પાછો ફર્યો. બાલ્યકાળથી જ વિક્રમ પરાક્રમી પુરુષ હતા. મર્દીલા હમદર્દ મર્દ હતા. શૂરવીર શૂર પુરુષ હતા.

માતાપિતાને પુત્રલગ્નની અનહદ લગન લાગી હતી. વિવાહના વેણને ઠાલી ઠેલ્યા નહીં. વિરાટ વિરાગની મસ્ત મસ્તીઓએ લાગણી માગણી અવગણી નહીં. યુવાવસ્થાએ અનાસક્તાવસ્થાએ પત્નીબંધને બંધાયા. માતાપિતાના અણમોલ રત્ન સમા પુત્રરત્ન હતા.

છદ્માવસ્થાનો સાડાબાર વર્ષ પ્રમાણ દીર્ઘકાળ હતો. બહુધા મૌનસેવન સેવિત હતો. શૂલપાણિ યક્ષના ઉપસર્ગ સંબંધી સપનાના અર્થઘટન, ગોશાળાને તેજોલેશ્યાના વિધિવિધાન કથન તથા ચંડકૌશિક પ્રતિબોધન જેવા જૂજ પ્રસંગોએ મૌનના નજીવા જ અમૌનમય હતા. એવી વેળાએ ન્યૂનતમ શબ્દોવાળી વાણી વીણીવીણીને વાવરી હતી. એ સિવાયનો સઘળો કાળ ઊજળા મૌનવ્રતે વીત્યો હતો. મૌનસિદ્ધિ સિદ્ધસાધક હતા.

છદ્મસ્થાવસ્થાએ ઘોર તપ વહ્યો હતો. સાડા બાર વર્ષના સાડા ચાર હજાર જેટલા દિનકાળમાં ખાલી ઓગણપચાસ દિવસ જ પારણામય હતા. એ સિવાયના ચાર હજાર ચારસો એકાવન જેટલા દિવસ ચોવિહારા ઉપવાસોથી ઉપકૃત હતા. પચીસમા નંદનમુનિના ભવે એક લાખ વર્ષકાલીન સંયમકાળે માસક્ષમણ પર માસક્ષમણની તથા તેવીસમા પ્રિયમિત્ર ચક્રવર્તીના ભવે એક કોટિ

વર્ષકાળની તપશ્ચર્યાઓએ વહ્યો હતો. આ દૃષ્ટિઓએ જન્મજન્માંતરીય તપ:પૂત તપસિદ્ધ તેજસ્વી તપસ્વી મહાત્મા હતા.

ચંડકૌશિક, સંગમ જેવા અનેક જીવાત્માઓએ ઘોરાતિઘોર ઉપસર્ગો ઝીંક્યા હતા. વિજયવિધાતા અપરાજિત લબ્ધિઓ લબ્ધ હતી છતાંય એકેય ઉપસર્ગ ઉપાર્જકને ટચૂકડા ટપારાથી ટપાર્યો કે નાનકડા પરાજયથીય પજવ્યો ન હતો. એકેક પર બાહ્ય અભ્યંતરથી ક્ષમાના અગાધ પ્રવાહો અને કરુણાનાં અપાર પૂર વહાવ્યાં હતાં. અશુભ કર્મબંધનાર્થે દયાપાત્ર તથા સ્વકર્મક્ષયાર્થે કૃપાપાત્ર તરીકે આલોક્યા હતા. આ અપેક્ષાઓએ ક્ષમાસિદ્ધ કરુણાસિદ્ધ સિદ્ધપુરુષ હતા.

છદ્મસ્થાવસ્થાએ કર્મવશાત્ પરીષહો ઉપસર્ગોની વણથંભી વણજાર વહી હતી. પળનાય પ્રતિકાર તિરસ્કાર વિના આત્મ આવકારે ઝિંદાદિલીથી ઝીલી હતી. નિખિલ નિર્ભય અને નિતાંત નિષ્પ્રકમ્પ અવસ્થાઓએ નિશ્ચયતયા નિર્ભર હતા. પરીષહ ઉપસર્ગ વિજેતા નિયત સંયત સંયતિ હતા.

છદ્મસ્થાવસ્થાના કાળવહન દરમિયાન બહુધા ધ્યાનાવસ્થાએ ધ્યાનમગ્ન હતા. કારમામાં કારમી કસોટીઓ અને આકરામાં આકરી આપત્તિઓએ ધ્યાન મગ્નનિમગ્નતામાંથી કદાપિ ધ્યાન ભગ્નવિભગ્ન બન્યા ન હતા. અપ્રમત્ત અપરાજેય ધ્યાનયોગી હતા.

સાડાબાર વર્ષના કાલાંતે ક્ષપકશ્રેણીએ આરુઢ બન્યા હતા. શુક્લ ધ્યાનના ચારમાંના પરમ બે પાયાઓને ધ્યાવ્યા હતા. ધ્યાનાંતે કૈવલ્યપદ પશ્ચાત્ તીર્થંકરપદ પર વિરાજ્યા હતા. યુગયુગાંતર યોગ-યોગેશ્વર ભગવંત હતા.

તીર્થંકરાવસ્થાના અસ્ત કાળે શુક્લ ધ્યાનના ચરમ બે પાયાઓને ધ્યાવ્યા હતા. ધ્યાનાંતે અધાતી કર્મક્ષય અને દેહવિલય સાથે જ નિર્વાણપદ સિદ્ધપદને વર્યા હતા. યોગેશ્વરોનાય યોગેશ્વર યુગયુગેશ્વર પરમ પરમેશ્વર હતા.

દશદશ ભાવી તીર્થંકરોના તીર્થપતિ તરીકે વર્તમાન ચોવીસીમા વર્ધમાન સ્વામીજી શિરમોર તીર્થકરોનાય તીર્થેશ્વર પરમેશ્વર છે.

એક તીર્થંકરની આરાધનાએ દશદશ અગર અગિયાર અગિયાર તીર્થંકરોની આરાધનાઓના સ્વભાવપ્રભાવે એકમાત્ર તીર્થંકરોનાય તીર્થેશ્વર છે.

## ૧. ગૌતમસ્વામીજી

ગૌતમસ્વામી ગણધર ભગવાન એ ચરમ તીર્થપતિ કૃત કૃતકૃતાર્થભૂત સુકૃત છે. અખિલ અવસર્પિણી કાલની અનુપમેય કર્મકલાકૃતિ છે. કાલકાલાંતરિક અદ્વિતીય દિવ્યતમ મંગલ છે. (મંગલં ભગવાન વીરો, મંગલ ગૌતમપ્રભુ)

ગૌતમસ્વામીજી એટલે વિરાટ વિશ્વની વિશિષ્ટતમ વિભૂતિભૂત અને

પ્રકૃષ્ટતમ પ્રભાવભૂત પ્રકૃતિ. અખિલ અવસર્પિણીના એકમાત્ર અનંત લબ્ધિધર અગર કૈવલ્ય લબ્ધિધર પુન્યતમવંતા પુરુષ. અજોડ વિનયશીલ અને બેજોડ શરણશીલ શિષ્ય.

અનંત લબ્ધિએ સર્વ લબ્ધિ શક્તિસિદ્ધિઓના સર્વાંગ સંપૂર્ણ સિદ્ધપુરુષવર. કૈવલ્ય લબ્ધિએ બીજા દિનના દીક્ષાત્યાગમય કૃષિબલ શિષ્ય સિવાયના પચાસેપચાસ હજાર શિષ્યોને કેવલદાન દાતા કેવલ એકલ ગુરુવર. પ્રસાદપ્રદાતાએ પ્રાત: સ્મરણીય પૂજ્યતમ પુરુષપ્રવર.

છદ્મસ્થાવસ્થામય ઉત્તમોત્તમ ઉત્થાનોએય આવેશ(ક્રોધ)ના પ્રવેશ, અહંકારના વિકાર, માયાની છાયા અને લોભનાં પ્રલોભનોથી પર સંતમહંત. પ્રાય: કષાયના અપાયશૂન્ય શાંતપ્રશાંત ગુણવંત ભગવંત.

કેવલલબ્ધિએ બધા જ શિષ્યોને ક્રમક્રમાંતરે કૈવલ્યના વધામણા અને રાગરહિત વીતરાગ ગુરુપ્રભુ ઉપરની અતલ રાગદશાએ ખુદને અતુલ કેવલના લબડામણા, સ્વયં પ્રભુમુખે જ કૈવલ્ય આડે સ્વના અસીમ રાગઅનુરાગ ભર્યા નડતરની ઘોષણા. અભીષ્ટ અભીપ્સાઓ છતાંય ઇષ્ટપૂર્તિ અર્થે પ્રભુગુરુ ઉપરની અંત:ભૂત લિપ્તલિપ્સાઓનાં ક્ષણપણ ખાળણ નહીં કિંતુ એકાંતિક આત્માર્પણતાના નિરંતર પખાળણ.

એકવાર વીર ગુરુપ્રભુપ્રવરની જ્ઞાનબદ્ધ આજ્ઞાએ વિહારે રહ્યા. માર્ગ પરતતાએ વીરનિર્વાણના માઠામાં માઠા સમાચાર લહ્યા. વીરવિદાયે આત્મપ્રદેશોને વિકૃષ્ટ વિલાપોએ દહ્યા. વિવિધ વિલાપોએ આત્મપ્રદેશોને વિશિષ્ટતમ વિરાગોએ ગ્રહ્યા. વિરાટ વિરાગોએ સર્વજ્ઞતાના શાશ્વતા પ્રકાશ વહ્યા.

આવી છે ગૌતમસ્વામીજીની શાસ્ત્રકથિત સંક્ષિપ્ત કથની.

જ્ઞાનીઓના જ્ઞાનયોગે શાસનસ્થાપન સમયથી જ કેવલી તરીકે વીર પ્રભુ જેમ શ્રુતકેવલી તરીકે ગૌતમસ્વામીજી પોતાના ખુદના જ આત્મપ્રદેશપ્રતિષ્ઠિત અનંત લબ્ધિ, કૈવલ્ય લબ્ધિ તેમજ કાલયોગકાલિત કર્મયોગકર્મિત અને પુન્યપાપનિર્મિત ગણધરોના પદાંતર સત્તાંતરોથી પ્રજ્ઞાત હતા. ઉભય પરમચરમ ગુરુઓ પરમેશ્વરની પરમ ઐશ્વર્યવંત કેવલજાગરણ લબ્ધિથી વિજ્ઞાત હતા.

સ્વસ્વ સ્વભાવપ્રભાવોએ જ અનંત લબ્ધિ સર્વ કાર્યસિદ્ધિ અને કેવલલબ્ધિ એકેએક શિષ્યને યથાકાળે કેવલજ્ઞાનની તથા કૈવલ્યજાગરણ લબ્ધિ આત્મસ્થ અવસ્થિત કેવલલબ્ધિને અબાધા કાળમાંથી સત્તાકાળમાં પ્રવર્તનના અર્થાત્ નિષ્ક્રિયમાંથી સક્રિયતાનાં અનુત્તર અનુદાનો અર્પે છે.

વીર વર્ધમાનસ્વામીજીએ ત્વરિતમાંત્વરિત ત્વરા સત્વરતાએ કેવલ જાગરણ

લબ્ધિ થકી ગૌતમસ્વામીજીના કૈવલ્યલબ્ધિધારક આત્મસ્થ સુષુપ્ત પ્રદેશોને જાગૃત તથા અનંતવીર્યના અસીમ સામર્થ્ય થકી અનંત લબ્ધિવાહક અશુદ્ધ આત્મપ્રદેશોને વિશુદ્ધ બનાવ્યા. કર્મવાદની પરિભાષામાં ઉદીરણા કરણ દ્વારા ઉભય લબ્ધિઓને ઉદિત કરી.

ભગવાને આવી અખિલ અવસર્પિણીની નિખિલ કાલવર્તી અઘટ્ય ઘટના ઘડીમાં ઘડી અને દિગદિગંતમય દુનિયા દંગદિંગતામાં દડી.

ગૌતમસ્વામીજીના અનંત લબ્ધિ કે કેવલલબ્ધિ સમા અલબ્ધતમ લબ્ધિઓ અગર ઉત્પત્તિઓ વિશે ધર્મશાસ્ત્રોમાં નાનોય નિર્દેશ નથી.

પ્રભુ પ્રભાપ્રભાવ વિના કયું કારણ કારણભૂત હોય ? પ્રભુવિભુની પ્રભાવિભા વિનાના કોઈ રહસ્ય વિચારણીય નથી.

શાસનશાસને તીર્થંકર, પ્રથમ ગણધર અગર ચતુર્વિધ સંઘ નિશ્ચયતયા નિયમવર્તી શાસ્ત્રવર્તી તીર્થ છે. સ્વસ્વના જીવનકાલીન જીવંત ચૈતન્યવંત તત્ત્વ છે. આદ્ય ગણધર ગૌતમસ્વામીજી, તીર્થંકર અને શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘની કક્ષા સમકક્ષ છે.

અચિંત્ય ચિંતામણિરૂપ અને તીર્થસ્વરૂપ પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીને ભવક્ષયલય લક્ષે નમસ્કાર કરીએ.

## ૨. ભાવી દશદશ તીર્થંકરો

વરબોધિ એ તીર્થંકરત્વનું આત્મપ્રદેશપ્રતિષ્ઠિત અનાદિકાલીન અમોઘ દ્રવ્ય છે. તીર્થંકરપદપ્રદાતા કાલાધીન દિવ્યતમતત્ત્વ છે. તીર્થંકર પદવીનું વિપાકકાલીન અનપવાદિક અગ્રતમ અંગ છે. વીશસ્થાનક, કરુણા, તપ, જપ, ધ્યાન, અગ્રતમ અંગ અંતર્ગત અગ્રઅગ્રભર ઉપાંગો છે.

તીર્થંકર નામકર્મ નિકાચનના નિશ્ચિત નિયામક વરબોધિના અગ્રતમ અંગસંગે એક જ ઉપાંગ સાર્થક અને અગ્રતમ અંગભંગે બહુધા બધાં ઉપાંગો નિરર્થક નીવડે છે.

વરબોધિધારક પુન્યાત્માઓ યથાયોગ્ય કાળે સર્વ જીવમુક્તિના લક્ષવેધી કાર્યોએ કાર્યરત અને લક્ષસેવી ક્રિયાઓએ ક્રિયારત થાય છે. વરબોધિના પરિપૂર્ણ પરિપાકે ત્રીજા ભાવગત જગતે જગદુદ્ધાર કાજે સતત નિરત અને તીર્થંકરપદના વિપાકોદયે પારમાત્મિક વિશ્વે વિશ્વોદ્ધાર વાસ્તે અવિરત અનુરત બને છે.

વીતરાગ સર્વજ્ઞતાની શિરમોર શિરતાજ સમી શાશ્વત શાશ્વતતાની નિશ્ચિત અવસ્થાએ અવસ્થાન છતાંય તીર્થસ્થાપના સાથે જ બાહ્યથી દિવ્ય દેશનાઓ, ઉગ્ર વિહારો, દીક્ષાપ્રદાનો, પ્રભુપ્રતિષ્ઠાઓ શાસનપ્રભાવનાઓના સર્વ

જીવહિતકર લોકોત્તર ધર્મને આદરે છે.

એ રીતે વરબોધિધારક તીર્થંકરપદપાત્ર પુન્યાત્માઓને કેવલજ્ઞાનદર્શનના દિવ્ય માર્ગે જ્યારે જ્યારે જાણેજુએ છે ત્યારેત્યારે તે પુન્યવરોના તીર્થંકર નામકર્મ નિકાચનની પરિપૂર્તિ પેટે અનુત્તર આશીર્વાદો આરાધનાઓ જેવા નિરુત્તર લોકોત્તર ધર્મનેય આચરે છે.

ચરમ તીર્થપતિના જીવનકાળ દરમિયાન આવા વરબોધિવાહક દશદશ આરાધકોએ તીર્થંકરનામકર્મ નિકાચ્યા હતા. વર્તમાન અવસર્પિણી ઉપાર્જિત ભાવી ઉત્સર્પિણીના ઉત્કર્ષાતિઉત્કર્ષભૂત ઉપાર્જન છે. ઊર્ધ્વાતિઊર્ધ્વતમ ઉન્મૂલન છે. વીર વિભુની અનુપમેય વીરતાતીર્થતા છે.

એ ઐશ્વર્યનુંય ઐશ્વર્ય છે. દશમાંથી માત્ર એકની જ શ્રમણતા અને નવની શ્રાવકશ્રાવિકતા એ મહાઆશ્ચર્યનુંય મહાઆશ્ચર્ય છે. આ જ ભરતક્ષેત્રે દશેદશની અનાગત ચોવીસી અંતર્ગત તીર્થંકરતા અજાયબમાંય અજાયબ અજાયબી છે.

દશેદશની પુન્યવર નામાવલિ છે શ્રણિક મહારાજા, વીરપ્રભુના કાકા સુપાર્શ્વ, કોણિક પુત્ર ઉદાયી જેવા જીવોના પદ્મનામ, સુરદેવ અને સુપાર્શ્વ નામે પહેલા, બીજા અને ત્રીજા તીર્થંકરે બિરાદન.

પોટ્ટીલ અણગાર, દઢાયુ, કાર્તિક શેઠ અને શંખ શ્રાવક સમા આત્માઓના ચોથા પાંચમા, છઠ્ઠા અને સાતમા સ્વયંપ્રભ, સર્વાનુભૂતિ, દેવશ્રુત અને ઉદય નામે તીર્થંકર પદે બિરાજન.

શતક, સુલસા અને રેવતી જેવા જીવાત્માઓના શતકીર્તિ, નિર્મમ અને ચિત્રગુપ્ત નામક દશમા, પંદરમા અને સોળમા તીર્થંકર તરીકે વિરાજન.

પાઠપાઠાંતર, શબ્દશબ્દાંતર, અક્ષરઅક્ષરાંતર સમા ક્ષતિભૂતકારણોએ નામાવલિના ક્રમક્રમાંતર બાબત મતમતાંતરના પ્રવર્તન છે. કિંતુ ભરતક્ષેત્રે દશેદશના તીર્થંકરપદ અંગે એકેએક એકમતે અનુમત છે.

આ છે દશેદશ ભાવી તીર્થંકરોની શાસ્ત્રકથિત સંક્ષિપ્ત કથાવલિઓ.

ધર્મશાસ્ત્રોમાં દશેદશ ભાવી તીર્થંકરોના વરબોધિ પરિપાક પાયક આત્મિક પારમાત્મિક ધર્મકરણ અંગે પ્રતીતિકર એકપણ સ્પષ્ટ સ્પષ્ટીકરણ નથી. એનું ગૂઢ રહસ્ય શું હશે ?

વીરવિભુને તીર્થંકર વિપાકોદય સાથે જ વિલક્ષણ વિભૂતિભૂત તીર્થંકરપદ પ્રસ્થાપનની અલબ્ધતમ લબ્ધિ લબ્ધ બની હતી. જે જે પુણ્યશાળી ભાગ્યશાળી વરબોધિધારીઓમાં કેવલજ્ઞાનદર્શનના દિવ્ય દ્વાર દ્વારા તીર્થંકર પદપાત્રતાની સુરખી પરખી હતી તેમના આત્મપ્રદેશોમાં તીર્થંકરપદ પ્રસ્થાપન લબ્ધિ થકી તીર્થંકરપદની સુરેખ રેખાઓ આરેખી હતી. વરબોધિની અપૂર્ણ વિકસિત ગ્રંથિને

પરિપૂર્ણ ગ્રંથિમાં પલટાવી હતી. આથી તમામેતમામ પોતપોતીકી પુણ્યપ્રકૃતિઓ પ્રભવિત ત્રીજાથી સત્તાવીસમે ભવે પ્રભુપદે પ્રકાશશે.

કાળના પ્રવાહમાં તીર્થંકરપદ પ્રસ્થાપન લબ્ધિનાં ગુપ્ત રહસ્યો લુપ્ત બન્યાં છે. છતાંય દેવગુરુની કૃપાથી કાળપેટાળ પ્રાસંગિક સબૂતો માટે નવનવ પુરાવાઓની પુરવણીઓ પુરાય છે.

(૧) તપથી તપશ્ચર્યાઓને અનુરૂપ લબ્ધિઓ લાધે છે એવા શાસ્ત્રોક્ત સૂક્ત છે. વીર જિનવરજી પૂર્વના ત્રીજા ભવે સર્વજીવમુક્તિના બદ્ધલક્ષે લાગલાગટ એક લાખ વર્ષ લગી માસક્ષમણોની સળંગ અખંડ અદ્વિતીય તપશ્ચર્યાઓ તપ્યા હતા. ફક્ત આ એક જ સૂક્ત તીર્થંકરપદ પ્રસ્થાપન જેવી લબ્ધિલબ્ધતાના મજબૂત સબૂત ધરે છે ને ?

(૨) તપથી લબ્ધિઓ લબ્ધ થાય છે તેમ સાધના આરાધનાઓથી સિદ્ધિઓ સાંપડે છે. આવીય શાસ્ત્રોક્ત ઉક્તિ છે. માસક્ષમણની લગાતાર તપશ્ચર્યાઓ સાથે વીસ સ્થાનકની આરાધનાઓ એકધારી આરાધી હતી. તપથી લોકોત્તર લબ્ધ-લબ્ધતાઓ જેમ આરાધનાઓની અનુત્તર સિદ્ધિસિદ્ધતા સુધ્ધાં તીર્થંકરપદ પ્રસ્થાન લબ્ધિ જેવી વિલક્ષણ લબ્ધિસિદ્ધિઓને સમર્થ સમર્થન સમર્પે છે ને ?

(૩) પૂર્વપૂર્વતર કાલચક્રોચક્રિત અવસર્પિણી ઉત્સર્પિણીઓ દરમિયાન એકેય તીર્થંકર ઉપર ઉગ્રાતિઉગ્ર તપશ્ચર્યાઓ, ઉચ્ચાતિઉચ્ચતમ આરાધનાઓ તેમજ અન્ય અનન્ય ઉપાસનાઓ ઉપાર્જિત વિરલાતિવિરલ વિભૂતિઓ વિશે ધર્મશાસ્ત્રોમા સાધારણ પણ અવતરણ નથી. આ લબ્ધિવિચ્છેદના વિધાનને પરોક્ષ સાક્ષીપાઠ પાઠવે છે ને ?

(૪) સાંપ્રત ચોવીસીમા પહેલા ઋષભદેવથી દશમા શીતલનાથ ભગવાનના ચોરાસી લાખ પૂર્વથી એકપૂર્વના આયુકાળમાં એક લાખથી પચાસ હજાર પૂર્વ પ્રમાણ પ્રાય: ચારિત્ર પર્યાય. એક પૂર્વ એટલે એક લાખ ચોસઠ હજાર કરોડ વર્ષ.

અગિયારમા શ્રેયાંસનાથથી સોળમા શાંતિનાથ એમ છ તીર્થંકરોના ચોરાસી લાખથી એક લાખ વર્ષના જીવનકાળમાં એકવીસ લાખથી પચીસ હજાર વર્ષ પર્યંતના શ્રમણપર્યાય.

સત્તરમા કુંથુનાથથી એકવીસમા નમિનાથ સુધીના પાંચ ભગવંતોના પંચાણું હજારથી દશ હજાર વર્ષની આવરદામાં એકવીસ-એકવીસ હજારથી અઢી હજાર વર્ષ લગીના દીક્ષાપર્યાય.

બાવીસ, તેવીસચોવીસમા, નેમિપાર્શ્વવીર પરમાત્માઓના ક્રમત:

એક હજાર, સાતસો અને બોંતેર વર્ષની જીવાદોરીમાં ક્રમતયા સાતસો, સિત્તેર અને બેંતાલીસ વર્ષના સંયમપર્યાય. (પરિશિષ્ટ-૧)

શાસ્ત્રતયા લાખપૂર્વથી લાખો હજારો વર્ષોના વ્રતનિયમોમાં વ્રતપર્યાયોમાં એકથી એકવીસમા સમેત તેવીસમા તીર્થંકરોને નામે નામનુંય તીર્થંકર નામકર્મનિકાચન ચીંધિત નથી. બાવીસમા ચોવીસમા તીર્થંકરોના નામે એક અને દશના નામકર્મ નોંધિત છે. કાલકાલાંતરોના અંતર આંતરાના પ્રમાણાંતરો શું વીર પરમેશ્વરની તીર્થંકરપદ પ્રસ્થાપન લબ્ધિના પ્રમાણને નથી પ્રમાણતા ? કાલ ગણનામાં અતાર્કિક કુમેળો સાથે શ્રી વીરપ્રભુથી તીર્થંકરપદ પ્રસ્થાપન લબ્ધિ મેળમેળાપનના સુમેળો શું નથી મેળવી દેતા ?

(૫) ચોવીસમાંથી ચોવીસ બાવીસમા એમ બે જ તીર્થંકરોમાં ફાળાફાળે ક્રમશ: દશદશ અને એકના તીર્થંકર નામકર્મ ઉપાર્જન તથા અન્ય બાવીસના કાળકાળે એકનીય અનિકાચનનીય વિસંગતાઓ સાથે વીર પરમેશ્વરની પરમ ઐશ્વર્યવંત તીર્થંકર પદ પ્રસ્થાપન લબ્ધિ સાથે શું સુસંગતા નથી સૂચવતી ?

(૬) બાવીસમા ચોવીસમા નેમિવીર જિનેશ્વરોને કાળે અનુક્રમે કેવલ કૃષ્ણ વાસુદેવને એકલાને અને શ્રેણિકાદિ દશદશને તીર્થંકર પદપદવી પર સ્પષ્ટ શાસ્ત્રવચન છે. કૃષ્ણ વાસુદેવને અઢાર હજાર મુનિઓને ભાવભરી વંદનાઓના આવશ્યક આવિષ્કરણ છે કિંતુ દશદશના ધર્મકર્મયોગ અંગે પુષ્ટિકારક એકપણ પ્રાદુષ્કરણ નથી. નોંધણીની અગમ્ય કારણસર તૂટણી વીર ભગવંતની તીર્થંકરપદપ્રસ્થાપન લબ્ધિના નિર્દેશોને શું નથી નિર્દેશતી ?

(૭) - વેરીલા ગોશાળાની ઝેરીલી તેજોલેશ્યાએ વીર તીર્થંકર ભયંકર અતિસાર અને પિત્તજ્વરના ખતરનાક ખોફનાક શિકાર બન્યા. જિનવરજી નિર્દિષ્ટ મુનિ થકી રેવતી શ્રાવિકા પાસેથી બીજોરા પાકનું નિર્દોષ ઔષધ લાધ્યું. એના આરોગનથી નીરોગન પામ્યા. ઉપકારીના ઋણ ચુકવણીના ઉત્કૃષ્ટતમ ઉપદેશકે કૃતજ્ઞતાની કૃતકૃત્યતા દાખવી. બીજોરા પાકના દાન પ્રતિ વરબોધિના પરિપાક તથા આરોગ્યપ્રદાન પરત્વે તીર્થંકરપદવીના પ્રદાનની અજબોઅજીબ કૃતજ્ઞતા દર્શાવી. આ ઉદાહરણ જ તીર્થંકરપદપ્રસ્થાપન લબ્ધિ પેટે પૂરતો પુરાવો શું નથી પૂરતું ?

(૮) અલૌકિક લબ્ધિસંપન્ન અંબડ પરિવ્રાજક મારફત ધર્મચક્ર ચક્રવર્તી પ્રભુએ સુલસા શ્રાવિકાને ધર્મલાભ પાઠવ્યા હતા. ધર્મલાભમાં પરોક્ષતયા તીર્થંકરપદ પ્રદાનના લાભ અભિપ્રેત હતા. તીર્થંકર પદવીના દાનપ્રદાન

અસ્પષ્ટતયાય સમાવિષ્ટ હતા. ધર્મલાભનું અન્યથા અન્ય શું પ્રયોજન સંભવે ? આ પ્રસંગને તીર્થંકરપદપ્રસ્થાપન લબ્ધિ લેખે શું સજ્જડ શાસ્ત્રાધાર નહીં આલેખાય ?

(૯) પૃથ્વી પર સાકાર શક્તિ ઈશ્વરોના અવતારોએ અવતરે છે તેમ તીર્થંકરપદપ્રસ્થાપન લબ્ધિ થકી તીર્થંકરો મારફત તીર્થંકરો ઉદ્ભવે છે. જૈન દર્શનના ઈશ્વર કર્તૃત્વવાદના ખંડન સામે વેદદર્શનના વાદીઓ સ્વપક્ષમંડન અને પ્રતિપક્ષખંડન અર્થે આવા કુતર્કોભર્યા અન્યાયી ન્યાય તોલે છે. (પરિશિષ્ટ-૨)

જૈનદર્શનની માન્યતા માન્ય સન્માન્ય અને વેદિક દર્શનની અમાન્ય માન્યતા અવમાન્ય માને એવા બાલકક્ષાના જીવોના શ્રેયાર્થે પરમ્પરામય પ્રજ્ઞાવંત પુરુષોએ તીર્થંકરપદપ્રસ્થાપન લબ્ધિને ભૂગર્ભના ગર્ભમાં ભંડારી દીધી. વિક્ષેપ સામે અલબત્ત સંક્ષેપ આક્ષેપ નોંતર્યો. કાળપ્રવાહમાં એય ડૂબી ગયો. તીર્થંકરપદપ્રસ્થાપન લબ્ધિ વિશે આ શું એક પૂરક પુરવણી નથી ?

આવા તર્કબદ્ધ બુદ્ધિગમ્ય અનેક પુરાવાઓ કાળના પેટાળમાં ધરબાયા હશે ! તત્ત્વ-સત્ય કેવલ કેવલી ગમ્ય છે.

તીર્થંકરપદપ્રસ્થાપન લબ્ધિ અંગેના આવા નવનવ આનુષંગિક, સાંયોગિક, પ્રાસંગિક પુરાવાઓ એકમેકની વિયુક્તતાએ નહીં કિંતુ સંયુક્તતાએ મૂલનીય છે. ખંડનાત્મકતાએ નહીં બલકે મંડનાત્મકતાએ તુલનીય છે. મુલવણી તુલવણીની તારવણીઓ લબ્ધિલબ્ધતા સિદ્ધિસિદ્ધતાના સૂરીલા સૂરમાં મધુર સૂર પૂરશે.

શાસનસ્થાપનાકાલીન તીર્થંકરનામકર્મ નિકાચન લબ્ધિથી દશદશ પુન્યતમવરોના વિશ્વશ્રેષ્ઠ વિભૂતિભૂત વિશ્વવંદ્ય વિશ્વેશ્વર હતા.

## ૩. શાસનની શાસક કુંડલી

એકેક અરિહંત ભગવંતના કેવલજ્ઞાનના આવિર્ભાવે દેવતાઓ સમવસરણ રચે. દેવાધિદેવ દેવનિર્મિત નવનવ સુવર્ણ કમળો પર પાદન્યાસપૂર્વક પધારે. સમવસરણે વિરાજે. દિવ્ય દેશના દે. શ્રેષ્ઠતમ શ્રેયસ્કર સમયે શાસન સંસ્થાપે. પહેલા ગણધરને ગણનાયક નીમે. આવી છે તીર્થપ્રવર્તનની પરમ્પરિત પરિપાટી.

વીરવિભુને વૈશાખ શુક્લ દશમીએ ઊજળામાંઊજળા દિને ઉજ્જ્વળતમ કેવલજ્ઞાન પ્રગટ્યું. કલ્પાધીન કર્તવ્ય ધર્મે દેવોએ સમવસરણ રચ્યું. દેવાધિદેવે દિવ્ય દેશનાનું દાન દીધું. વિરતિધરોને વિભાવે વિફળતાને વર્યું. કાલક્ષેપે સ્થાપના વિક્ષેપે વળ્યું.

એકાદશીના બીજા રૂડામાંરૂડા દિને દેવતાઓએ ફરીવાર સમવસરણ

રચ્યું. દિવ્ય દેશના દ્વારા અગિયાર અગિયાર ગણધરોના પદપ્રદાનપૂર્વક શાસન સંસ્થાપ્યું. શાસન પ્રથા સામે પહેલા, બીજા, ત્રીજા અને ચોથા હક્કદાર હોદ્દેદારોના હક્કહોદ્દા ઉત્થાપ્યા. ચાર ચારના સ્થાનાંતરો થકી પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીજીને શાસનના સુકાની પદે સંસ્થાપ્યા. તીર્થંકરો આચારિત પહેલા ગણધરની અગ્રિમતમ નાયકપદના હિતવિહિત અહિતનિહિત શાસનશિરસ્તા વિત્થાપ્યા.

•

દિનાંતરના કાલાધીન દોષે શુકનવંતા મંગલયોગને બદલે અપશુકનવંતા અમંગલ યોગ સજ્યા. પદાંતરના કર્માધીન દોષે સૌભાગ્યવંતા પુન્યયોગોને સ્થાને દૌભાર્ગ્યવંતા પાપયોગો સર્જ્યા.

નિયતિનિયત શાસનના નઠારા આરંભ કાળ પેઠે વીર જિનવરજીને નિર્વાણકાળેય ઠગારા યોગોએ ઠગ્યા.

નિર્વાણકાળના જ્ઞાનયોગે કર્તવ્ય ધર્મપાલને દેવેન્દ્ર તત્કાળ જિનેન્દ્ર પાસે પહોંચ્યા.

"હે શાસનપતિ પરમાત્મા ! ચ્યવન, જન્મ, દીક્ષા અને કૈવલ્ય જેવા ચારચાર કલ્યાણકારી કલ્યાણકોએ આપને ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર ઉદયમાન હતું. વર્તમાન નિર્વાણ કાળે આ નક્ષત્રમાં ભસ્મગ્રહનું ભ્રમણ પ્રવર્તમાન છે. ગોચરના અગોચર દોષો થકી શાસનમાં અનિષ્ટઅનિષ્ટતમ પરિણામો ગતિમાન બનશે."

"હે પરમૈશ્વર્યવંતપરમેશ્વર ! દોષોના નિવારણાર્થે અર્થાત્ શાસનના શ્રેયાર્થે આયુકાળની જીવાદોરીને થોડીક અધિક વટાવો. ભસ્મગ્રહના ગોચર કાળને હટાવો. દુષ્ટદુષ્ટતમ દોષોને મીટાવો. શુભશુભતમ યોગોને પ્રગટાવો." શાસન રાગી પ્રભુ પ્રેમી દેવરાજ જિનરાજને પ્રાર્થના કરે છે.

- જ્યોતિષ શાસ્ત્રમાં જાતક માટે જન્મ નક્ષત્ર પરથી પાપગ્રહના ભ્રમણ કારમા કષ્ટકારક લેખાય છે. એ ન્યાયે ચારચાર કલ્યાણકોના કલ્યાણકારી નક્ષત્ર પરથી ભસ્મગ્રહ સમા પાપગ્રહના પરિભ્રમણ ખતરનાક પીડાદાયક આલેખાય છે. પ્રાર્થના સમયે સુરેન્દ્રને અવધિજ્ઞાનમાં ગ્રહગ્રહણની ધૂમ વિગ્રહણાઓભરી વિકટવિકટતમ સંકટભરી પ્રકટ ઘૂમરીઓ ઘૂમરતી હશે !

"હે શક્રેન્દ્ર ! તીર્થંકરોના નિર્વાણના નિર્માણ નિયતિ નિર્મિત છે. શ્રેષ્ઠતમ શ્રેયાર્થોએય વિપળનાય અધિકતર જીવતરના અપવાદ નિર્વિવાદ વિસંવાદ છે. દુષમદુષમતમ કાળના વિષમવિષમતમ ભાવસ્વભાવની પ્રભાવત્વતાઓ જ નિશ્ચિતનિર્ધિત કાળોએ શાસનને સતાવશે. તીર્થનાં તારકતત્ત્વોને સંતાપશે. ચતુર્વિધ સંઘને અંધાધૂંધીઓમાં ધકેલશે. વિરતિ ધર્મોનાં પાવન પાલનોને પતનોથી પટકશે. પૂર્વજ્ઞાનને સર્વાંશે અને આગમજ્ઞાનને અનેકાંશે વિચ્છેદશે.

અવસર્પિણી કાળના અવિરત અવસર્પિણીભૂત અળવીતરા અવરોહણો પૈકી ભસ્મગ્રહનું ભ્રમણ એક અવરોધક અવરોહણ છે. અવહરણ છે." કેવલજ્ઞાનદર્શનના દિવ્યતમ જ્ઞાનપ્રકાશે પ્રભુ અંધારા અંધારપટો પાથરે છે - શાસનપ્રકાશપ્રકાશન ૫૨.

"હે ભગવંત ! એ સત્ય જ છે." બે હાથ જોડીને શક્રેન્દ્રનખેદનેમોહનને સ્વીકારે છે.

"શાસનની ધરમ કુંડલીમાં વીર જિનેશ્વરજીને તીર્થંકરપદ પ્રસ્થાપન લબ્ધિમાં કેવલજાગરણ લબ્ધિ, દશદશ આરાધકોના તીર્થંકર નામકર્મ નિકાચનો જેવા ઉત્કૃષ્ટતમ ઉન્નતિભૂત અધિયોગો ઉપસ્થિત હતા તેમ શાસનસ્થાપનાના સ્થાપનાંતર દિનાંતર, ગણધરોના પદાંતરસત્તાતંર, અવસર્પિણીના સર્પાંતર કાલાંતર સમેત ભસ્મગ્રહના ભસ્માંતર રાખાંતર સમા અવયોગોય અવસ્થિત હતા." સૌધર્મેન્દ્રને અવધિજ્ઞાન અવલંબિત જ્ઞાનયોગમાં શાસનના દોષદોષાંતરોના ફલફલાંતરોભૂત ફેરફારો ફરીફરીવાર ફરકે છે.

"સ્થાપનાંતર સમા ચારચાર દુર્ઘટનાઓના ફ્લાંદેશોને અનુરૂપ પુન્યપાળ રાજાનાં આઠ આઠ સપનાઓનાં ફલકથનો સમેત ભગવાનની અષ્ટપ્રહરી અંતિમ દેશનના ભાવિ ભાવિઓ આગામી આપત્તિઓની સાક્ષાત્ સાક્ષીભૂત છે." ઇન્દ્ર મહારાજા કાળા ઓળાઓનાં રહસ્યભૂત તારતમ્યો તારવે છે.

"સામાન્યત: શાસનશાસન જેમ સાંપ્રત શાસનેય કાલકર્મકારિત રાજયોગ, સત્તાયોગ અને સામ્રાજ્ય યોગ, વિરાગ, વિરતિ અને વિરક્તિયોગ, ક્રિયા, જ્ઞાન અને આચારયોગ, ભક્તિ, મંત્ર અને ધ્યાનયોગ, ધર્મ, કર્મ અને અકર્મયોગ, મન, મનસ અને અમનસ યોગ, સદેહ, વિદેહ અને અદેહયોગ, સંન્યસ્ત, કૈવલ્ય અને મુક્તિયોગ, આત્મ, અનાત્મ અને પરમાત્મયોગ જેવા મોક્ષદાતા શુભશુભતમ યોગો પૂર્ણતયા પાંગર્યા છે."

"કાલકર્મબલાધીન વર્તમાન શાસને ભ્રમણ અને ભ્રમણાયોગ, અંધાર અને અંગાર યોગ, અધોમુખી અને કાલમુખીયોગ, પાત અને ઉત્પાતયોગ, સકટ અને કંટક યોગ, વિષ અને મૃત્યુયોગ જેવા પાપસર્જક અને સંસારવર્ધક અશુભ અશુભતમ યોગોય લાંગરશે. પાંગરણો સામેનાં લાંગરણો કાઠી ગ્રહરચનાઓની માઠી ગ્રહદશાના ઉત્કર્ષ અપકર્ષના નિષ્કર્ષ છે." સૌધર્મેન્દ્ર જ્ઞાનબળે સમતોલ તોલ તોલે છે.

વર્તમાન શાસન એકવીસ હજાર વર્ષના કાલમાનપ્રમાણ પ્રવર્તમાન છે. નિર્ધિત કાળબળોના નિર્મિત કાલકાલાંતરોએ ભવિષ્યભાષિત અનિષ્ટ અનિષ્ટતમ

ભાવીઓને સાચેસાચ સાવ સાચા ઠરાવ્યા.

કાલાનુકાલીન વિકરાળ કાળબળોએ શાસન પર કાતિલાતિકાતિલ ફટકારાઓ ફટકાર્યા. સાતેય ક્ષેત્રો પર જાલિમાતિજાલિમ જુલમો વરસાવ્યા. ચતુર્વિધ સંઘને ઘાતકાતિઘાતક ભરડાઓએ ભરડ્યો. શ્રમણ સંઘને પાતકાતિપાતક તડાઓએ તોડ્યો. ધર્મશાસ્ત્રોને વિષમાતિવિષમ વિષોએ વાટ્યો. અનેકાંતવાદને પ્રચંડાતિપ્રચંડ પ્રહારોએ પીટ્યો. આવી છે ભૂતકાલીન ઐતિહાસિક તસવીરની કરુણાતિકરુણ તાસીર અને તકદીરની દારુણાતિદારુણ તકસીર.

ભૂતકાળને અનુરૂપ વર્તમાન કાળ વિકરાળાતિવિકરાળ વિસ્ફોટોથી વિસ્ફારિત છે. ભવિષ્યકાળ ભ્રામક ભ્રાંતિક્રાંતિઓના ચિકાર ચિત્કારોથી ચિત્કારિત ચિત્રિત છે.

ભસ્મગ્રહની અસરો વીર નિર્વાણથી બે હજાર વર્ષની કાલાવધિ સુધી છે. એવા શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામીજીના અમોઘ વચન છે. સદાસર્વદા સંદેહરહિત છે.

શાસનસ્થાપનાના સ્થાપનાંતર, ગણધરોના સત્તાંતર, ભસ્મગ્રહના ભસ્માંતર અને અવસર્પિણીકાળના કાલાંતર જેવા ચારચાર મૂળગત દોષોમાંથી ભસ્મગ્રહની દોષદોષાંતરની અસરો બે હજાર વર્ષે ભસ્મીભૂત બની ચૂકી છે એ નિશ્ચિતતયા નિ:શંક છે. પરંતુ અન્ય ત્રણ દોષદોષાંતરોની અસરો શાસનકાળના સીમાડા સુધી સીમાબદ્ધ છે. એય નિયતતયા નિ:સંશય છે. એ ભસ્મગ્રહની બે હજાર વર્ષ બાદની શાસનના અભ્યુદયની માન્યતાને અમાન્ય મનાવે છે.

એક, બે કે અઢી હજાર વર્ષકાલીન શાસનના પ્રમાણભૂત ઇતિહાસના અવનતિમય ઉપહાસ જ ત્રણેય દોષદોષાંતરોની કાલાનુકાલીન અવળી અસરો અંગે મજબૂત સબૂતભૂત છે. ભગવાન ભાષિત ભવિષ્યતાઓ જ એની સાક્ષાત્ સાક્ષીભૂત છે.

ભગવાનના કાળે જ ગૌતમસ્વામીજી અને સુધર્માસ્વામીજી, ચૌદપૂર્વીઓના કાળે ભદ્રબાહુસ્વામીજી અને સ્થૂલભદ્રજી તથા એક પૂર્વીઓના કાળે યુગપ્રધાન કાળસૂરીશ્વરજીના કાળે દેવર્ધિગણિ ક્ષમાક્ષમણની નિશ્રાએ યુગપ્રધાન કાલકસૂરીશ્વરજી તથા ત્રીજા એકલા પૂર્વધર સુમિત્રજી વિનાની વલ્લભીવાચના એ ભાવિ વિભાજનોના અગમ એંધાણ હતા.

## ૪. શાસનના અનુશાસન

છદ્મસ્થ ભગવાન ઘાતીકર્મક્ષયે અરિહંત ભગવંત અને તીર્થ તથા તીર્થરક્ષકોની સ્થાપનાઓએ તીર્થંકર તરીકે પ્રકાશે છે. તીર્થસેવકો, તીર્થ અને

તીર્થંકરો દૈવી દુનિયાના દિવ્ય, દિવ્યતર દિવ્યતમ દ્રવ્યો છે. આધ્યાત્મિક સૃષ્ટિનાં અગ્રિમ અગ્રિમતર અગ્રિમતમ આરાધ્ય, સાધ્ય અને ઉપાસ્ય તત્ત્વો છે.

વિશ્વકલ્યાણવહનમાં પાછલા બે પ્રધાન અને પહેલા સહાયક વાહન છે. શાસન-સંચાલનના સમર્થસમર્થતમ સંચાલકો છે. આરાધકોના યોગક્ષેમ ક્ષેત્રે એકાંતે ક્રિયાન્વિત, કાર્યાન્વિત ફલાન્વિત છે.

સર્વજીવાત્માઓના સર્વતોમુખી આત્મવિકાસ વાસ્તે સદા વચનબદ્ધ છે. આત્મલક્ષી આરાધકોની નક્કર ધર્મકર્મયોગની કરણીભરણી અર્થે સર્વદા સહાયબદ્ધ છે. શાસનશ્રેય અને શાસનસેવીઓના નિ:શ્રેયસ નિમિત્તે નિરંતર નિશ્રાબદ્ધ છે.

શાસનશ્રેયમાં મુખ્યત: શાસનપ્રભાવના, શાસનરક્ષા, શાસ્ત્રરક્ષા, મુનિરક્ષા, ધર્મરક્ષા, સંઘરક્ષા, તીર્થરક્ષા અને આત્મરક્ષા અગ્રતમ અગ્રતાઓએ છે. શાસનસેવીઓની મોક્ષદાતા સેવનાઓ અગ્રગણ્ય અગ્રેસરતાઓએ છે.

શાસનપ્રભાવના સાતેય ક્ષેત્રોના સત્ત્વતત્ત્વોને ઝલકદાર ઝલકોએ ઝલકાવે છે. શાસનરક્ષા ઉપાસકોના ઉપકરણોને ઝમકદાર ઝમકોએ ઝમકાવે છે.

શાસ્ત્રરક્ષા આરાધકોના આત્મયોગને ચમકદાર ચમકોએ ચમકાવે છે.

મુનિરક્ષા શ્રમણશ્રમણીઓના હીરનીરને હલકદાર હલકોએ હલકાવે છે.

ધર્મરક્ષા ધર્માત્માઓના ખમીરખુમારીઓને છલકદાર છલકોએ છલકાવે છે.

સંઘરક્ષા ચતુર્વિધ સંઘના ઓજતેજોને ભપકદાર ભપકાઓએ ભપકાવે છે.

તીર્થરક્ષા તીર્થના પ્રભાવોને મહેકદાર મહેકોએ મહેકાવે છે.

આત્મરક્ષા સાધકોની સાધનાસિદ્ધિઓને મલકદાર મલકોએ મલકાવે છે.

રક્ષાઓ શાસનના અંગઅંગીભૂત અંગોપાંગોને ચૈતન્યશીલતા અને ગતિશીલતાઓના ખિલખિલાટ ખિલાવટોએ ખીલવે છે.

રક્ષાઓનાં પ્રભાવવંતાં પ્રત્યક્ષ પરિણામો સ્વસ્વ કક્ષા અનુસાર માનવોને ક્રમાનુક્રમતયા ધર્માભિમુખ, આત્માભિમુખ અને મોક્ષાભિમુખ તેમજ મોક્ષમતિ, મોક્ષરતિ અને મોક્ષગતિની આત્મિક આભાઓને આભૂષે છે. પાપભીરુ અને ભવભીરુ જેવા મુક્તિના પાયાભૂત ગુણોને ભવ્ય ભેરુની પ્રભાઓએ પ્રભૂષે છે. અંતે પાપાતીત, ભવાતીત દુ:ખાતીત, કર્માતીત મુક્તિની શાશ્વતી વિભાઓએ વિભૂષે છે.

આ દરમિયાન અધિષ્ઠાયક યક્ષયક્ષિણીઓ જરૂરિયાત અનુસાર ફરજિયાત દરમિયાનગીરી બજવે છે. આત્મયોગથી વિપરીત વિઘ્નવિદારણોની દૈવી કારીગરીભરી કામગીરી ભજવે છે.

મોક્ષાર્થીઓના મોક્ષાર્થે ત્રણેય દિવ્ય દ્રવ્યોના દિવ્યત્વ પ્રકૃષ્ટ પ્રકર્ષોએ પલસે છે. પરમાત્માના પરિનિર્વાણે શેષ બંને દ્રવ્યોના દેવત્વ ઉત્કૃષ્ટ ઉલ્લાસોએ ઉલસે છે. શાસનવિચ્છેદે એકલા અધિષ્ઠાયક દેવદેવીઓના દૈવત્વ વિશિષ્ટ વિલાસોએ વિલસે છે.

વિલસનના અપૂર્વ વિકાસ વાસ્તે ભૂતપૂર્વ તીર્થંકરોના અધિષ્ઠાયકો અભૂતપૂર્વ કર્તવ્યનિષ્ઠાઓએ નીખરે છે. શાસનશાસને ઉમદા ઉમેદભર્યા ઉમેદવારો તરીકે ઊભરે છે. ભાગીદારોના ભાગલાગલાગે માતબર માહોલોએ મહાલે છે. નિયમસર અવસર અવસર પર યથાયોગ્ય યોગદાનના ટહુકાઓએ ટહુકે છે.

વીરપ્રભુના શાસને એકદા શાસનપ્રભાવના સંબંધી વિકટ સંકટ જાગ્યું. સંકટમોચનાર્થે શ્રી માનતુંગસૂરીશ્વરજી મહારાજાએ ભક્તામર સ્તોત્ર રચ્યું. ચુમાલીસમાંના પ્રત્યેક શ્લોક અધિષ્ઠિત ચમત્કારિક શક્તિઓએ આશ્ચર્યસર્જક સર્જન સર્જ્યું. સંકટ નિખિલતયા નિષ્કંટક બન્યું. આ સ્તોત્રના અધિષ્ઠાધિકા હતા શ્રી ઋષભદેવ ભગવાનના શાસનરક્ષક ચકેશ્વરી દેવી.

વીરવિભુને શાસને સંઘ ઘોર ઉપદ્રવથી ઘેરાયો. અપેક્ષિત સંઘરક્ષા અરક્ષિત ઠરી. ચોમેર ભયંકર ભયભીતતાઓ ઘૂમી વળી. આફત નિવારણાર્થે ચૌદ પૂર્વધર શ્રી બાહુસ્વામીજીએ ઉપસર્ગ ઉપઘાતક ઉપસગ્ગરસમ્ સ્તોત્રની રચના રચી એની આરાધનાના ચમત્કારિક ચમત્કારોએ ઉપસર્ગ ઉપશમી ગયો. સકળ સંઘ સમગ્રતયા ભયમુક્ત બન્યો. આ સ્તોત્રના અધિષ્ઠાયકો હતા શ્રી પાર્શ્વનાથ પ્રભુના શાસનસ્થ પાર્શ્વયક્ષ અને પદ્માવતી દેવી.

ટહુકાઓના ટહુકાઓ વડે પહેલા ઋષભદેવ અને તેવીસમા પાર્શ્વનાથ ભગવંતોના અધિષ્ઠાયકો ચોવીસમા શ્રી મહાવીરસ્વામી ભગવાનના શાસને શાસનપ્રભાવી પુન્યકાર્યોમાં નિર્ણાયક પ્રભાવક ઠર્યા છે.

સ્વસ્વ શાસને અધિષ્ઠાયકો શાસન અને શાસનસેવીઓના વિપત્તિ વિપાત્તક અને ઉત્કર્ષ ઉત્પાદક ભક્તિશક્તિવાસી સહાયક વાલીઓ હતા એ બેશક નિઃશંક છે. એ રીતે તેવીસેય તીર્થંકરોના અધિષ્ઠાયકો ચોવીસમા તીર્થંકરના વર્તમાન શાસન અને શાસનરાગીઓના અલબેલા બેલીઓ છે એય બેલાશક બેવિવાદ છે.

આવી પરાપૂર્વ પ્રવર્તિત પ્રવર્તનાઓ સાંપ્રત શાસને વર્તમાન, અતીત અને અનાગત ચોવીસીઓ સમેત વીસ વિહરમાન તીર્થંકરોની આરાધનાઓ પુન્યાર્થ, ધર્માર્થ, પરાર્થ, આત્માર્થ અને મોક્ષાર્થ ચરિતાર્થ લેખાય છે તેમ દરેકેદરેક દેવદેવીની આરાધનાઓય ઉપરોક્ત કાર્યાર્થે કૃતાર્થ આલેખાય છે.

આ પ્રકારી પરંપરાઓ પ્રરૂપિત પ્રરૂપણાઓ અને આચરિત આચરણાઓ સર્વ જીવમુક્તિના શાસનપતિઓના ધ્યેયધ્યેયે શાસનાધિષ્ઠાયકો સુધ્ધાં પારસ્પરિક રિશ્તેદારીના રિશ્તેદાર છે.

વીરજિનવરજીના શાસનમાં શ્રી પાર્શ્વ જિનેશ્વરનો શેષ સમુદાયમય ભેળવણીનો શાસ્ત્ર પ્રસિદ્ધ પ્રસંગ શાસનશાસનના નાતાનાતેદારીના અડગસગડ છે.

આવાં છે શાસનશાસનનાં અનુશાસિત અનુશાસનો.!

## ૫. શાસનશ્રેયના વિકલ્પો

સકલ સૃષ્ટિના સર્વોત્તમ સુધાસાગર છે દેવતત્ત્વ. સુધાસાગરના પીયૂષભર્યા ઉપસાગરો છે દેવતત્ત્વદત્ત ગુરુતત્ત્વ. સુધાસાગરની અમૃત સરિતાઓ છે દેવતત્ત્વ પ્રદત્ત ધર્મતત્ત્વ. સુધાસાગરના અમૃતપ્રવાહો છે દેવગુરુધર્મઅનુદત્ત સમ્યગ્ જ્ઞાન દર્શનચારિત્રની રત્નાવલિઓ અને અમીપાનો છે અમરતાદાતા ગુણાવલિઓ, સિદ્ધાવલિઓ, શુદ્ધાવલિઓ.

દેવતત્ત્વ એટલે દેવાધિદેવો, ગુરુતત્ત્વ એટલે શાસનસ્થાપનાકાલીન આદ્ય ગુરુ ગણધર દેવો. ધર્મતત્ત્વ એટલે પરમાત્મા પ્રરૂપિત નિરૂપિત લોકોત્તર આત્મધર્મ.

સમ્યગ્ જ્ઞાન એટલે ગણધરોગૂંથિત આગમજ્ઞાન, પૂર્વજ્ઞાન, શ્રુતજ્ઞાન. સમ્યગ્ દર્શન એટલે વસ્તુએવસ્તુના યથાસ્થિત રૂપસ્વરૂપમય તાત્ત્વિક અવલોકન. સમ્યગ્ ચારિત્ર એટલે સંયમનિયમના સંયમનનિયમનમય નિરતિચાર આચરણ.

ગુણાવલિઓ એટલે આત્મસાત્ ગુણો, સિદ્ધાવલિઓ એટલે આત્મસિદ્ધ સિદ્ધિઓ. શુદ્ધાવલિઓ એટલે આત્મસ્થ શુદ્ધિઓ.

દેવતત્ત્વ વીસી ચોવીસીમય છે. વીસીનો અર્થ વીસ વિહરમાન અને ચોવીસીનો અર્થ અતીત, અનાગત અને વર્તમાન ચોવીસેચોવીસ અરિહંત તીર્થંકર પરમાત્માઓ.

અરિહંતોની અરિહંત્વની, તીર્થંકરની તીર્થંકરત્વની અને પરમાત્માની પરમાત્મત્વની શક્તિઓની સકલ સૃષ્ટિ સંસ્તરણા એ દેવતત્ત્વનું વિલક્ષણ લક્ષણ છે. તીર્થંકરની અપરિમિત શક્તિઓની દેહ, મન, આત્મા, શાસન અને વિરાટ વિશ્વ વિસ્તરણા એ દેવતત્ત્વની ખાસ્સામા ખાસ્સી ખાસિયત છે. પરમાત્માની પરાશક્તિઓની ક્રિયાકાર્ય યોગે ક્રિયાન્વિતા, કાર્યાન્વિતા, ધર્મકર્મયોગે ધર્માન્વિતા કર્માન્વિતા અને યોગફળયોગે યોગાન્વિતા ફલાન્વિતા એ દેવતત્ત્વના બૃહત બ્રહ્માંડને અનુત્તર અનુદાન છે.

દેવતત્ત્વના દિવ્યતમ તત્ત્વો ધર્માત્માઓ વાસ્તે ધર્મદર્શન, દિગ્દર્શન, સમ્યગ્ દર્શન, તત્ત્વદર્શન, સ્વદોષદર્શન, પરગુણદર્શન, કુંડલિની દર્શન, સપ્તઅષ્ટ ચક્રદર્શન, વિશ્વદર્શન, દિવ્ય દર્શન, આત્મદર્શન, પરમાત્મદર્શન જેવા અદ્વિતીય દર્શનોના માર્ગદર્શક ભોમિયાઓ છે.

શાસનવર્તી વર્ગને ધર્મમાર્ગ, આત્મમાર્ગ, મોક્ષમાર્ગે દોરનાર લબ્ધિઓના લબ્ધિપ્રતિષ્ઠિત લબ્ધિધરો છે. આત્મશુદ્ધિસિદ્ધિઓની રક્ષાઓના આરક્ષક રક્ષણકારો છે. વિઘ્નવિઘાતક વિદ્યાઓના વિદ્યાવંતા વિદ્યાધરો છે. કટોકટીમાંથી ઉગારનાર સિદ્ધ સિદ્ધિઓના સિદ્ધિવંતા સિદ્ધવરો છે.

દેવતત્ત્વ જેમ ગુરુતત્ત્વની અમર્યાદિત શક્તિઓ ત્રિલોકને ક્ષેત્રે ક્ષેત્રે પ્રસરિત છે. અધિષ્ઠાયક દેવદેવીઓની મર્યાદિત શક્તિઓ મર્યાદાબદ્ધક્ષેત્રોએ સંચરિત છે.

દેવગુરુતત્ત્વની અસીમ શક્તિઓ નિયતતયા સર્વદોષ ઉદ્ઘાતક અને સર્વગુણ ઉદ્ઘાટક છે. સર્વ દુઃખસંપાતક અને સર્વ સુખસંપાદક છે. દેવદેવીઓની સીમિત શક્તિઓ નિયમતયા સીમાબદ્ધ ઇષ્ટ પ્રસાધક અને અનિષ્ટ પ્રઘાતક છે.

સાંપ્રત અવસર્પિણીએ વર્તમાન ચોવીસી-ચોવીસ તીર્થંકરો દેવતત્ત્વ, ચોવીસેય તીર્થંકરોના ચૌદસો બાવન ગણધરો ગુરુતત્ત્વ, તીર્થંકર પ્રણિત વચનપ્રવચન ધર્મતત્ત્વ અને ચોવીસેય તીર્થંકરોના અડતાલીસ યક્ષયક્ષિણીઓ અધિષ્ઠિત તત્ત્વ છે.

વર્તમાન શાસને વર્ધમાનસ્વામીજી દેવતત્ત્વ ગૌતમસ્વામીજી સુધર્માસ્વામીજી પ્રમુખ અગિયાર ગણધરો ગુરુતત્ત્વ અને પ્રભુપ્રકાશિત જીવાજીવાદિ નવતત્ત્વના અનેકાંતિક નિરૂપણ પ્રરૂપણ ધર્મતત્ત્વ તથા અધિષ્ઠાયક ગોમુખ દેવ અને સિદ્ધાયિકા દેવી અધિષ્ઠિતતત્ત્વ છે.

આવા વિશ્વકલ્યાણકારી ચતુષ્ તત્ત્વમય વીરશાસનને શાસનસ્થાપનાના સ્થાપનાંતર, ગણધરપદના પદાંતર સત્તાંતર, ભસ્મગ્રહના ભસ્માંતર અને સર્પિણી કાળના કાલાંતર સમા ચારચાર ધરખમ દોષો વળગ્યા છે. તેમા ભસ્મગ્રહની ગ્રહણતા છૂટી છે.

ધન ધનને, ગુણ ગુણને, પુન્ય પુન્યને અને પાપ પાપને ખેંચે છે એ ન્યાયે કાલકાલાંતરોએ વિદ્યમાન દોષોના દોષાંતરો શાસનના અંગેઅંગમાં અંગારા પેઠે પેઠા છે.

દોષદોષાંતરોના ફલફલાંતરોએ સાતેય ક્ષેત્રોના યોગક્ષેમોને દારુણ દરિદ્રતાએ વેતર્યા છે.

ચતુર્વિધ સંઘના કૌવતોને કાતિલ કતલોએ કાતર્યા છે.

શ્રમણ સંસ્થાના દૈવતોને બેહૂદી બદીઓએ આંતર્યા છે.
તત્ત્વત્રયીનાં તત્ત્વોને બદતર બરબાદીઓએ જોતર્યા છે.
રત્નત્રયીનાં સત્ત્વોને નાદાન નાદાનિયતોએ નોંતર્યા છે.
અધિષ્ઠાયકોના શૌર્યવીર્યોને નાદાન નાદારીઓએ નીતર્યા છે.

દુખતઃ દોષદોષાંતરોએ આચારઆચારાંતરોને નાપાક પાક, શાસ્ત્રશાસ્ત્રાંતરોને ખતરનાક વિપાક તથા શાસનશાસનાંતરોને ખોફનાક પરિપાકના વ્યાપક વ્યાપોએ વપવ્યા છે.

આશ્ચર્યતઃ શાસના જ શ્વાસોશ્વાસ સમા અનેકાંતવાદ, સ્યાદ્વાદ, નયવાદ, નિક્ષેપવાદ, ઉત્સર્ગ અપવાદ માર્ગ, કર્મવાદ ઉપરના બહુશ્રુતોના બહુમુખી મતમતાંતરોને વરવી વિકૃતિઓએ વકરાવ્યા છે. મતમતાંતરોએ જ વાદવાદાંતરો, જ્ઞાનજ્ઞાનાંતરો, આગમઆગમાંતરો, શાસનશાસનાંતરોને સ્ફોટક વિસ્ફોટોએ વિફરાવ્યા છે.

સબૂતતઃ શાસ્ત્ર અવલંબિત એક ઉત્સર્ગ અપવાદ માર્ગ પરનાં આલોકનો આલોકાય છે.

તત્ત્વત્રયીમાં દેવતત્ત્વ પ્રરૂપિત ગુરુતત્ત્વ અને ગુરુતત્ત્વ નિરૂપિત ધર્મતત્ત્વ છે તેમ ધર્મતત્ત્વ સ્વરૂપિત અનેકાંતવાદ અને અનેકાંતવાદ સંરૂપિત ઉત્સર્ગ અપવાદ છે.

કટોકટીકાળે ઉત્સર્ગ અપવાદ માર્ગ સંકટસંહારક અને શ્રેયવિહારક સંકલ્પબદ્ધ શાસ્ત્રોક્ત વૈકલ્પિક કલ્પ છે. દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ અનુસાર સાપેક્ષ ભાવે ચતુર્વિધ સંઘને તાબડતોબ જડબાતોડ તોડતોડી દે છે. સાતેય ક્ષેત્રોને ધાર્મિક આધ્યાત્મિક માર્ગના જોડાણ જોડે જોડી રાખે છે. શાસનયોગ, શાસ્ત્રયોગ, ધર્મયોગ, કર્મયોગ, આચારયોગ, વિધિયોગ, જ્ઞાનયોગ, ધ્યાનયોગ, આત્મયોગ, પરમાત્મયોગ અને મોક્ષયોગસંબંધી પ્રવેશબંધીને પ્રત્યેક પ્રકારે પ્રતિષેધે છે. પરિણામે હિતકારી હિત ટકે છે અને અહિતકારી અહિત અટકે છે.

શાસનના પચીસપચીસ સૈકાઓ દરમિયાન કાળબળાધીન અપવાદોનાં સેવનો થકી નિરપવાદે ઉત્સર્ગમાર્ગોના ઉત્થાપનો અને અપવાદયોગોના સંસ્થાપનો થયાં છે, અનેકાનેક અપવાદોની સંસ્થાપનાઓએ ઉત્સર્ગ માર્ગોને સ્થાને પરસ્પર પ્રતિસ્પર્ધી અપવાદો ઉત્સર્ગો તરીકે પ્રસ્થાપનાઓ પામ્યા છે.

દેશકાળજનિત અણધાર્યાં સંકટોએ શાસનમાં અપવાદના અપવાદનાય અપવાદ અર્થાત્ અપવાદ અપવાદાંતરોની પ્રચુર પ્રણાલિકાઓ પ્રવેશી છે. દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ, સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્ર તેમજ દાન, શીલ,

તપ અને ભાવ સમા મોક્ષદાતા વિવિધ વિષયો વિષયી વિશિષ્ટવિશિષ્ટતમ વિકલ્પવિકલ્પાંતરોની પુષ્કળ પ્રરૂપણાઓ પ્રવર્તી છે. શાસનના શાસ્ત્રમાર્ગ, આરાધના માર્ગ અને મોક્ષમાર્ગોએ આગવીઆગવી રીતે આગળઆગળ પ્રસરી છે.

સાધકબાધક દ્રવ્યોના કાલકાલાંતરિત સંખ્યાબંધ દ્રવ્યદ્રવ્યાંતરોએ અપવાદ અપવાદાંતરો સર્જિત થોકબંધ સર્જન, વિસર્જન અને નવસર્જનનાં વિષમ વિષમતમ વિષચક્રો સર્જ્યા છે.

આગમિક આચાર સંહિતાની મૂળ આચરણાઓને વારંવાર સમૂળ તોડી છે. ધોરીમાર્ગ પરથી સાંકડી કેડીઓ કેડે અવારનવાર જોડી છે. કેડીઓના દૃષ્ટિદૃષ્ટ સંકુચિત દર્શનો સાથે અનેકવાર ખોડી છે.

શાસનશ્રેયાર્થે પરમ્પરામય પ્રજ્ઞાવંત ગીતાર્થ પુરુષોએ દૃષ્ટિદૃષ્ટિના દષ્ટાદષ્ટ દૃષ્ટિભેદો થકી આત્મશુદ્ધિસાધક અને સંસારસંસરણ બાધક આચરણા, વિચરણા, પ્રચરણા, સંચરણાઓને ઊલટસૂલટ પલટાઓએ પલટાવી છે. ભલભલાઓએ ભુલભુલામણીની ભૂલો વડે ઊલટાસૂલટી ઉલટાવી સુલટાવી છે. અરે ! શાસનના ભેદભેદાંતરો લગી વટલાવી છે.

શાસ્ત્રશાસ્ત્રોને નામે નિષ્પરિગ્રહી મુનિ મહારાજાઓએ મતમમતપ્રમત્તમય બાહ્ય અભ્યંતર પરિગ્રહો આગ્રહભર્યા અભિગ્રહોએ ગ્રહ્યા છે. સમભાવી મુનિ મહાત્માઓએ સ્વપર મત મંડનખંડનના વિષમભાવી માંડવાઓ માંડ્યા છે. મોક્ષલક્ષી મુનિવરોએ પાક્ષિક પક્ષતાઓની કટ્ટરતાઓ વડે વિપક્ષોને ભવભ્રમણવર્ધક ભૂંડામાં ભૂંડા ભાંડણોએ ભાંડ્યા છે. ક્ષમાશ્રમણ મુનિપ્રવરોએ સંઘસંઘીય સંઘર્ષો, ગચ્છગચ્છીય વિગ્રહો અને શાસન શાસનીય સંગ્રામો વિકરાળ વેરઝેરોએ ખેડ્યા છે.

ઉત્સર્ગ અપવાદ માર્ગમય દેશકાળાધીન સાધકબાધક દ્રવ્યોના શાસ્ત્રાનુસારી અપવાદિક પરિવર્તનો પ્રવર્તનો પેઠે અનેકાંતવાદ અવલંબિત વિવિધ વાદો પણ મતમતાંતરો પરના બીજબીજાંતરો, શાસ્ત્રશાસ્ત્રાંતરોના વૃક્ષવૃક્ષાંતરો અને શાસનશાસનના ફલફલાંતરો બન્યા છે.

પરિણામે નિતાંત એકાંત અભિનિવેષોએ અનેકાંતવાદ એકાંતવાદના નવતર અવતારોએ અવિરતતયા અવતર્યો છે. શાસનસંચાલનનું આ એક અપ્રતિહત અપ્રતિહાર્ય ઘટનાચક્ર છે.

ઘટનાચક્રની વિષદ ચક્રચક્રાવલિઓમય દુ:ખદ ફલફલાવલિઓ સામે સુખદ ક્ષમાવલિઓ અર્થે ગુણદૃષ્ટિ, જ્ઞાનદૃષ્ટિ, મોક્ષદૃષ્ટિ, સમદષ્ટિ, સમન્વયદૃષ્ટિ સમા અનેકાંતિક દૃષ્ટિઓનાં આદર્શ દર્શનો નિયમા નિષ્ઠાબદ્ધ નિશ્રાસ્થાન છે.

નિશ્ચયના નિશ્ચળ નિશાન અને વ્યવહારના અવિચળ વિહાર એ જ વિવિધ વાદાવાદાંતરોથી અવળી ઉલઝન વિરુદ્ધ અનેકાંતવાદની સવળી સુલઝન છે. શાસનબુદ્ધિ અને આત્મશુદ્ધિના લક્ષપક્ષ જ એકાંતિક ઊલટનપુલટનની અનેકાંતિક સુલટન છે. એ જ ઉત્કૃષ્ટ ઉત્કર્ષના નિષ્પક્ષ નિષ્કર્ષ છે.

કાળબળ અગમ્ય છે. તત્ત્વ કેવલી ગમ્ય છે. પરમાત્માનું શાસન આત્માનું અનુશાસન છે. એ જ આત્મવાદ પરમાત્મવાદના વાદ, નાદ, સાદ છે. એ જ ગુણવાદીની ગુણગ્રાહક ગૌરવગાથા છે. એ જ મોક્ષવાદીની મૌક્ષિક આરાધના સાધના ઉપાસના છે. એ જ સર્વ જીવોનું મંગલ માંગલ્ય છે. એ જ શાસનનો મુક્તિમુદ્રિત મુદ્રાલેખ છે.

ઘટનાચક્રઘટિત અઘટિત ચાર મૂળભૂત દોષો દૂષદાતિદૂષદ દૂષણો અને દોષોના દોષાંતરો દુષ્ટાતિદુષ્ટ દૂષણોના અનિષ્ટાતિઅનિષ્ટ પ્રદૂષણો છે. દૂષણોનાં માઠાં ફળો નિયમા અનિવારણીય છે કિંતુ પ્રદૂષણોનાં કાઠાં ફળો વિકલ્પોએ નિવારણીય છે.

સામાન્યત: દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વની તત્ત્વાવલિ, સમ્યગ્ દર્શનજ્ઞાન અને ચારિત્રની રત્નાવલિ. દાન, શીલ, તપ અને ભાવની ધર્માવલિ, અધિષ્ઠાયક દેવદેવીઓ સમેત દેવદેવેન્દ્રોની દેવાવલિ તથા પરમ્પરામય પૂર્વધર પુરુષોની પટ્ટાવલિમય પંચાવલિની આરાધનાઓ પ્રદૂષણદાહક અને શુદ્ધીકરણવાહક છે.

વિશેષત: આ પંચાવલિની શાસનશ્રેયલક્ષી ગુણાવલિ, પૂજાવલિ, વંદનાવલિ, તપાવલિ, જપાવલિ, ધ્યાનાવલિની ઉપાસનાઓ ઉપાર્જિત કર્માવલિઓ પ્રદૂષણાનિવર્તક અને શુદ્ધીકરણ પ્રવર્તક છે.

ફલત: તવારીખની તારીજ અનુસાર વ્યક્તિએ આત્મવિકાસ અને સમષ્ટિએ શાસનોત્કર્ષની નિયમાવલિઓ આત્મામાં વિશ્રાંતિ અને શાસનમાં પ્રશાંતિની ફળદ્રુપ ફલાવલિઓ છે.

સારાંશત: દેવતત્ત્વમય વીરપ્રભુ અને ધર્મતત્ત્વગત ધર્માવલિ અંતર્ગત નાગકેતુના તપ વિશેના તત્ત્વગ્રહણ ગ્રહણીયં, સેવનીય અને આચરણીય છે.

## ૬. વીરપ્રભુની ભાવભીની ભક્તિઓ

શ્રી મહાવીરસ્વામી ભગવાનના અધિષ્ઠાયકો ખાસ જાગૃત નથી કિંતુ આદિનાથ, શાંતિનાથ અને નેમિનાથ ભગવંતોના અધિષ્ઠાયકો ખાસ્સા જાગૃત છે તથા શ્રી પાર્શ્વનાથ પ્રભુના અધિષ્ઠાયકો ખાસ્સામાં ખાસ્સા જાગૃત છે. આવા પ્રચલિત વિધાનમાં તથ્યાંશ છે.

વર્તમાન શાસનપતિ વર્ધમાનસ્વામી ભગવાનની ભક્તિઓનાં અવિરત અવરોહણો અને ઉપરોક્ત જિનેશ્વરોની ભક્તિઓમાં અનવરત આરોહણોના વ્યતિરેક અતિરેકોએ દેવાધિદેવ વીરપ્રભુ અને અધિષ્ઠાયક દેવદેવીઓની દિવ્ય દૈવી શક્તિઓને નિષ્ક્રિય કરી છે. ગૂઢ વિદ્યાવિદોના આવા અપ્રચલિત વિધાનમાંય સત્યાંશ છે.

બાળ જીવો તરીકે આપણે જેમનાં શાસનસ્થ તત્ત્વોનાં ધાવણો ધાવી રહ્યાં છીએ, જેમના શાસનનાં સત્ત્વોના ધબકારાઓ ધબકારી શક્યા છીએ, જેમના શાસનના ચેતનાતંત્રને ચૈતન્યવંત બનાવી શક્યા છીએ તે શાસનના શાસનપતિ વીર જિનવરની પ્રાય: અનાદરભરી ભક્તિઓ અને અન્ય જિનેશ્વરોની પૂરી આદરભરી ભક્તિઓ એ શાસ્ત્રદૃષ્ટિએ આપણી કૃતજ્ઞતા નહીં કિંતુ કૃતઘ્નતા શું નથી ભાસતી ?

જે પ્રભુના પ્રભુત્વને પ્રભાવે આપણા આત્મામાં ધર્મપ્રાણ પ્રાણવાન છે તેવા વિભુની પ્રાણરહિત ભક્તિઓ અને અન્ય પ્રભુઓની પ્રાણપૂર્ણ ભક્તિઓ એ જ્ઞાનદૃષ્ટિએ નિમકહલાલી નહીં બલકે નિમકહરામી શું નથી દીસતી ?

એક તીર્થંકરની ઉપેક્ષા બધા જ તીર્થંકરોની ઉપેક્ષા છે એવા શાસ્ત્રસૂત્ર છે. એ ન્યાયે એકલા વીર ભગવાનની ઉપેક્ષામાં તમામેતમામ તીર્થંકરોની ઉપેક્ષા છે. ઉપેક્ષા અપેક્ષાએ આશાતના વિરાધના છે. શાસનોત્કર્ષ કાજે અપાકર્ષક અને શાસન અપકર્ષ વાસ્તે શું આકર્ષક નથી ?

અન્યથા પુન્યબંધને બદલે પાપબંધ અને કર્મક્ષયને સ્થાને કર્મબંધ શું નહીં બંધાય ?

આરાધકો વિરાધનાઓને વિખેરે અને આરાધનાઓએ નિખરે. શાસનસેવીઓ સ્વપર શ્રેયલક્ષી સેવનાઓ સેવે એ શું સમુચિત નથી ?

શાસનોત્કર્ષ સામેના આવા આવા દોષાંતરો રોગાંતરો અંગે સર્વાંગી સારવાર સર્વાંગતયા ઉપલબ્ધ છે. વીર જિનવરજીનાં જિનાલયો, પૂજાપૂજનો, તપ, જપ, ધ્યાન સમેત કલ્યાણકો જેવી ચિકિત્સાઓ રોગોના નીરોગીકરણો અને દોષાંતરોના શોષાંતરીકરણો કાજે અકસીરમાં અકસીર ઉપચારો છે.

ઉપરોક્ત ઉપાયો થકી દેવાધિદેવની કુંઠિત શક્તિઓ ઉત્કંઠિત થશે. ગોમુખ દેવની ધર્મમુખી અને સિદ્ધાયિકા દેવીની સિદ્ધિમુખી શક્તિઓ સક્રિય બનશે. પરિણામે શાસન પીછેહઠોથી હઠશે અને આગેકૂચોથી આગળ ધપશે. શાસનની ચૈતન્યશીલતાઓ ચગશે અને ગતિશીલતાઓ ગાજશે. ધર્મપ્રેમીઓના વિભાવો વિરમશે અને સ્વભાવો વિકસશે. આત્માર્થીઓના ખાલીખમ ખાલીપાઓ પૂરાશે અને આત્માપરમાત્માની અનુભૂતિઓના ભરણા ભરાશે. શક્તિઓનાં

જાગરણો પ્રાણપૂરક ઠરશે અને અચિંત્ય ચમત્કારો ચમકશે.

**નાગકેતુ :** નાગકેતુ નવજાત બાળ. આત્માએ એકાએક અઠ્ઠમ તપની શ્રવણા ઝીલી. એ જ પળે આત્મચેતના ઝબકી. પૂર્વભવની અંતિમકાલીન આત્મસ્મૃતિ ઝબકી. આત્મદ્રવ્યે તત્કાળ તપપૂર્તિની તક ઝડપી. અઠ્ઠમ તપની પ્રતિજ્ઞા ઝૂલી. દેહાત્મપ્રદેશોએ જલપાન, પયપાન અને દુગ્ધપાનની નિષેધતા ઝૂમી.

માસૂમ સૂનમૂન બાળક કેટલેક કાળે મૂર્ચ્છિત બન્યું. માતાપિતાએ મૃત માન્યું. માટી મટોડી માટે ખાડાએ દાટ્યું. તપપ્રભાવે દેવદેવી નહીં બલકે ખુદ દેવરાજ દેવેન્દ્રને ખેંચ્યા. સત્વરે વહારે ધાયા. ત્વરાએ ઇષ્ટસ્થાનને આંબ્યા.

દેવેન્દ્રની દૈવી શક્તિઓએ ખાડાને ખટાખટ ખોદ્યો. કુમળું બાળકુસુમ બહુધા બહુ કરમાયું હતું. દેહ દ્રવ્યે હેમખેમ હતું. ચીમળાયેલા ચર્મ પ્રદેશોના મર્મ સ્થાનો પર અમી છાંટણા છાંટ્યા. તત્ક્ષણ મૂર્ચ્છા છૂટી. ચેતના જાગી. શુદ્ધિ પ્રગટી. આંખો ખૂલી. ચોફેર ફરી. મંદમંદ મલકી.

બાળક બાલબાલ આબાદ બચ્યું. મૂરઝાતું બાળ અમીપ્રભાવે તત્કાળ રાતુંમાતું બન્યું. સુરેન્દ્રે જતનાભેર જનેતાને સોંપ્યું. માવડીએ મમતાભેર છાતીસરસું ચાંપ્યું. જીવતરે માવતરના જીવતરોમાં અનેરી રોનકરોશની પૂરી. દેવકેતુ, ધર્મકેતુ જેવા નામ ઉપનામોએ નાગકેતુની કીર્તિ ચોમેર પ્રસરી. અઠ્ઠમ તપના ખ્યાતનામ તપસ્વીની ખ્યાતિ વરી. અદ્ભુત શાસનની પ્રભાવના પ્રેરી. પ્રશસ્ત પ્રશસ્તિ શાસનના પ્રદૂષણ નિવારણ નિમિત્તે નિતાંત નિમિત્તભૂત ઠરી.

દાન, શીલ, તપ અને ભાવની ચતુષ્મુખી ધર્માવલિના તપની તપાવલિ ફળી. દેવાવલિમય દેવેન્દ્રની દિવ્યાવલિ દીપી.

આત્મારાધકોના ખતરનાક દર્દનાક કિસ્સાઓમાં દેવબળ દૈવીબળ ગજબનાક ગુંજારવોએ ગુંજે છે. ઉક્ત ઉદાહરણ એનું ઉદાત્ત ઉદ્ધરણ છે.

આધ્યાત્મિક ક્ષેત્રમા વ્યવહારનયથી દેહદ્રવ્યની પ્રથમતા છે પરંતુ નિશ્ચય નયથી આત્મદ્રવ્યની પ્રધાનતા છે. સ્થૂળ દૃષ્ટિએ દૈવીબળનું પ્રાથમ્ય છે. કિંતુ સૂક્ષ્મ દૃષ્ટિએ આત્મબળનું પ્રાધાન્ય છે. નાગકેતુના દૃષ્ટાંત દોહિત આ લેખ શાશ્વતકાલીન શિલાલેખ છે.

## ૭. પૂર્વધર પુરુષોની પટ્ટાવલિ પર્યંતના પૂજ્યવરો – પટ્ટધરો

ચરમ તીર્થપતિના અંતિમ ત્રણત્રણ ભવોના મહામહિમાવંતાં ચરિત્રો તેમજ તેમના પૂર્વધર પરિવાર પર્યંતની પ્રકૃષ્ટ પ્રભાવવંતી ચરિત્રાવલિઓ જૈન ઇતિહાસની ઊજળામાં ઊજળી ધર્મકિતાબો છે. પ્રાસંગિક રોમાંચક ગુણગણ

ધર્મકિતાબોના આત્મખિતાબો છે. કિતાબોખિતાબો બેનમૂન નમૂનેદાર આત્મિક શુદ્ધિસિદ્ધિઓની નકશીદાર કલાકૃતિઓ છે. કલાકૃતિઓની ચમત્કૃતિઓ પ્રદૂષણ પ્રઘાતક, ઉપદ્રવ ઉપઘાતક અને શુદ્ધીકરણ ઉપસર્જક છે. વેધલક્ષી લક્ષવેધવેધક છે.

પૂજ્યવરોની પૂજ્યાવલિઓના વિધિવિધાનવિહિત નિધિના નિધાનનિહિત કૃપા આશીર્વાદોના પુન્યવંતા પ્રવાહો શાસન પર અમૃતયોગની અમીવર્ષાઓ છે. પરસ્પરના દૂઝતા જખમોની રૂઝામણ અને પક્ષાપક્ષીની ભીષણ આગની બુઝામણ છે. મતમતાંતરોના માનદાર તોડાણ અને શાનદાર જોડાણ છે. અનેકતામાંથી એકતાની નેકદાર મહોબ્બત અને શાસન જયજયકારની નોકદાર નોબત છે.

પૂજ્યવરોની પુન્યાવલિઓ ગુણદૃષ્ટિના સર્જન અને દોષદૃષ્ટિના વિસર્જનભૂત છે. આધ્યાત્મિક પદાર્થોમાં રતિ અને પૌદ્‌ગલિક પદાર્થોના અરતિભૂત છે. સ્વભાવની રમણતા અને વિભાવની વિરમણતાભૂત છે.

કર્મવીરોની કર્માવલિઓ આજ્ઞાની અનુજ્ઞાએ આત્મિક રિદ્ધિસિદ્ધિઓના લીલાછમ ઉપવનમય અને અવજ્ઞાએ શુદ્ધિસિદ્ધિઓના વેરાન વનમય છે. પ્રભાવકોની પ્રભાવલિઓ શાસનની પ્રભાવનાઓએ સંસાર નિસ્તારમય અને અવહેલનાઓએ સંસારવિસ્તારમય છે. ધર્મવીરોની ધર્માવલિઓ આચારપાલનના આદેશમય, ઉત્કૃષ્ટ ઉપાસનાઓના ઉપદેશમય અને ઋણચુકવણીઓના સંદેશમય છે.

ધર્મવીર, કર્મવીર, ક્ષમાવીર, શીલવીર, તપવીર, યોગવીર શૂરવીર પુરુષોની ગુણાવલિઓ વધામણામય છે.

(૧) ગૌતમસ્વામીજી. સંન્યસ્તાવસ્થાએ જ્ઞાનના મદ અને પ્રભુદર્શનશ્રવણે મદના છેદોચ્છેદ. ગણધરાવસ્થાએ અજોડ ગુરુભક્તિ અને બેજોડ પ્રભુભક્તિ. અસાધારણ વિનયશીલતા અને શરણશીલતા. ગુરુઐશ્વર્યે શિષ્યોની કૈવલ્ય ઐશ્વર્યતા.

(૨) સુધર્માસ્વામીજી. વિધાતાના વિભૂતિભૂત વિધિલેખ. સત્તાવાર સત્તાનશીન સર્વોપરી સંચાલક.

(૩) મુનિ મેઘકુમાર. પ્રતિકૂળતાની પ્રતિબદ્ધતા અને કર્મઋણ, ધર્મઋણ, ગુરુઋણ, પ્રભુઋણ આત્મઋણની કટિબદ્ધતા.

(૪) મુનિ નંદીષેણ. વીરવચનની ગહનતાવહનતા. નિયતિની નિયતતા નિયંતતા. ભવિષ્યતાની ભવિષ્યતા. એષણાની અન્વેષણા અને કર્મફળની ગવેષણા. લબ્ધિઓની લુબ્ધતાક્ષુબ્ધતા અને ભવિતવ્યતાની ભવ્યતા દિવ્યતા. વારાંગનાની વિયુજ્યતા, પ્રવજ્યાની આયુજ્યતા અને મુક્તિની સાયુજ્યતા.

(૫) પ્રસન્નચન્દ્ર રાજર્ષિ. મનોસૃષ્ટિ સ્રષ્ટ વિદ્રોહ વિરુદ્ધ વિકરાળ વિપ્લવો - મનસની મનસ્વિતાઓ અને તેજસ્વિતાઓ. મનોયોગના રિસામણા, રિઝામણા અને વધામણા. વિગ્રહના નિગ્રહ અને કૈવલ્યના અનુગ્રહ.

(૬) ધન્નાશલિભદ્રજી. સ્વામીત્વદાસત્વના શલ્યત્વશૂલત્વ. પડકારના લલકાર. વિરાટ વિભવના વિરાગ. વિશાલ વિલાસના વિલય. તપસ્વીઓની તપસ્વિતાઓ યશસ્વિતાઓ. અનસનોએ શવાસનબદ્ધ નિવાસન પ્રવાસન.

(૮) ચંદનબાલાજી મૃગાવતીજી. દુઃખાગારે સંવેદના નિર્વેદતાઓની નિવેદનતાઓ. ક્ષમાક્ષમતા અને આત્મસમતાની ઓજસ્વિતાઓ. પશ્ચાત્તાપોના તાપસંતાપોએ ધનઘાતી ઘાત. શિષ્યવૈર્યતા ગુરુવર્યતાએ કૈવલ્યવર્યતાઓ.

(૧૦) રેવતી શ્રાવિકા. ભગવાનને ભક્તાણીની અપૂર્વ ભક્તિપૂર્ણ અર્પણતા. ગોચરીની ગોચરતા અગોચરતા. ભિક્ષાની શિક્ષા અને શિક્ષાની ભિક્ષા. આત્મામાં પરમાત્મપદની પ્રાણપ્રતિષ્ઠા.

(૧૧) સુલસા શ્રાવિકા. ભાગ્યયોગકર્મયોગ નિર્મિત બત્રીસબત્રીસ પુત્રોના એકીસાથે નિમિત્તાધીન નિધન. સમ્યગ્ દર્શનની દાર્શનિક દર્શનતાઓ અને સાધર્મિક ભક્તિની ધાર્મિક સાધર્મિકતાઓ. શાસનનું આગવી આભાપ્રભાભૂત અણમોલ રતન. તારક તીર્થંકર પરમાત્મા સાથે અંતસ્થલસ્થ સિતારના તાર અને તારના સંસાર નિસ્તારક તાલબદ્ધ રણકાર. લયબદ્ધ લલકાર. આત્મપદમાં પરમાત્મપદની પ્રસ્થાપના.

(૧૨) શ્રેણિક મહારાજા. રાજરાગ, ભોગરાગ, પુત્રરાગ, પ્રભુરાગ, ભક્તિરાગ, ધર્મરાગ. ક્ષાયિક સમકિતે આત્મિક સામ્રાજ્યના પારમાત્મિક સમ્રાટ. કર્મબદ્ધતાની વચનબદ્ધતા આચરણબદ્ધતા, ભયનાઅભય. ચાબુકના ચાબકાઓ સમી કસોટીઓની સોટીઓ. વિધાતાની વિધિ અવધિવિધ નરકગમન પશ્ચાત્ તીર્થંકરપદવહન.

(૧૩) અભયકુમાર. પ્રજ્ઞપ્રાજ્ઞતા અને વિજ્ઞવિજ્ઞતા. કોઠાવિદ્યાની કોઠાસૂઝ અને આંતરિક શક્તિની આંતરસૂઝ. સમયજ્ઞતા અને સમયસૂચકતા. સમયાનુસારિતા, માર્ગાનુસારિતા, ધર્માનુસારિતા, સંયમાનુસારિતા, કર્માનુસારિતા અને આત્મપરમાત્માનુસારિતા.

(૧૪) અંબડ પરિવ્રાજક. વિરતિવિરક્તિની અનુરતિ અનુરક્તિ. પ્રભુપ્રસાદની હિતહેતુક પ્રસાદી. આકાશગમન અને અદૃશ્ય વહનની વિદ્યાઓ. સમ્યગ્ દર્શનની કટોકટીભરી કસોટીઓ કાજે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને તીર્થંકરનાં રૂપસ્વરૂપોનાં દર્શનપ્રદર્શન. પાત્રતાની પરખતા અને

સંદેશવાહકની હરખતા. સાધર્મિક સંબંધબંધન અને વચનપાલન. સંન્યાસી ગુરુ અને સંન્યસ્ત શિષ્યોના દેહસંન્યાસસંન્યાસિત અનસન. ધર્મલાભના અલભ્ય લાભ.

(૧૫) આનંદકામદેવાદિ શ્રાવકો. યથાશક્તિ અર્થત્યાગ, કામત્યાગ અને પાપત્યાગ. પ્રભુરાગ, વ્રતરાગ, ધર્મરાગ, પ્રતિમારાગ, આત્મરાગ અને મોક્ષરાગ. તિતિક્ષાઓની પરીક્ષાઓ અને વિયોગની સુરક્ષાઓ. ઉપસર્ગોએ કાયોત્સર્ગો અને કર્મોત્સર્ગો.

(૧૬) ગોશાળો. અપાત્રતાની અપવિત્રતા અને ક્ષુદ્રતાની કદ્રૂપતા. કુટિલતાની ક્રતિલતા અને ઘાતકતાની પાતકતા. અહંતાની મત્તતા અને સત્તાની મહત્તા. ધર્માંધતા અને વૈરાંધતા, ધર્મદ્વેષ અને પ્રભુદ્વેષ, આશાતનાઓની આવર્તતાઓ અને વિરાધનાઓની પ્રવર્તનાઓ, વટના વટામણા અને ફાવટના ફટામણા, સત્યસત્કાર અને તત્ત્વ અંગીકાર, વીરને આત્મવીર્યે ક્ષમાપના અને ધિકાર ધિત્કારોએ સમાધિમરણતા.

(૧૭) જંબૂસ્વામીજી. અર્થવિરાગ કામવિરાગ, ભોગવિરાગ, વિષયવિરાગ અને ભવવિરાગ. બ્રહ્મરાગ, ધર્મરાગ, ગુરુરાગ, પ્રભુરાગ, આત્મરાગ અને મોક્ષરાગ. ચરમ કૈવલ્યપદધારી અને પરમપદવિહારી.

(૧૮) પ્રભવસૂરિજી. લબ્ધિધર ચોર. ગુરુચોરી, ધર્મચોરી, દીક્ષાચોરી, જ્ઞાનચોરી (ચૌદ પૂર્વજ્ઞાન), પદચોરી (યુગપ્રધાનપદ) પ્રતિબોધનચોરી અને શાસનવારસચોરી (શય્યંભવ ભટ્ટ)

(૧૯) શય્યંભવસૂરિ. તથ્યસંશોધન અને તત્ત્વવિશોધન. પુત્રની આત્મહિતચિંતાના આવિર્ભાવ અને આગમદોહિત શાસ્ત્રરચનાના પ્રાદુર્ભાવ. (દશ વૈકાલિક)

(૨૦) ભદ્રબાહુસ્વામીજી. મહાપ્રાણધ્યાનની ધ્યાનસ્થતાઓ અને ચૌદ પૂર્વજ્ઞાનની અપૂર્વ પરાવર્તનાઓ. ચતુર્વિધ સંઘની આજ્ઞાબદ્ધતા અને ચૌદ પૂર્વની જ્ઞાનદાનતા, ઉપસર્ગ-ઉપશમતા અને સંઘરક્ષણતા.

(૨૧) સ્થૂલીભદ્રજી. અંતિમ ચૌદપૂર્વીની અપૂર્વ ધ્યાન સિદ્ધિઓ, યોગસિદ્ધિઓ, બ્રહ્મસિદ્ધિઓ અને આત્મસિદ્ધિઓ. આત્માની આત્માપરમાત્મામાં ચર્યતા, વિચર્યતા અને સંચર્યતાઓ. વિજ્ઞાત વેષ્યા સાથે ચાતુર્માસિક શારીરિક, માનસિક, આત્મિક બ્રહ્મચર્યમય વસવાટતાઓ અને ચોરાસીચોરાસી ચોવીસીની અમર અમરતાઓ.

(૨૨) વજ્રસ્વામીજી. અંતિમ દશપૂર્વીના બાલ્યકાળે અગિયાર અગિયાર અંગની ધારણા. દેવકૃપા, સંઘરક્ષા અને શાસનપ્રભાવનાની અવધારણા.

(૨૩) દેવાર્ધિગણિ, ક્ષમાશ્રમણ. એક પૂર્વજ્ઞાનીની શ્રુતસાચવણીની ચિંતા. વલ્લભીવાચના અને શ્રુતગંથારુઢતાનાં અપૂર્વકરણો.

(૨૪) કાલકસૂરિજી. નિગોદ જીવસૃષ્ટિના અંતિમ વિજ્ઞાતા અને દેવેન્દ્રની દિવ્યકૃપાના સંજ્ઞાતા. યુગપ્રધાનની યુગસત્તાએ અને પૂર્વધરના પૂર્વજ્ઞાને સંવત્સરી મહાપર્વના અપૂર્વ પરિવર્તન-પ્રવર્તન.

(૨૫) આચાર્ય સુમિત્રજી. એક પૂર્વજ્ઞાતા અંતિમ યુગપ્રધાન અને પૂર્વજ્ઞાને શાસનસંચાલન.

નમસ્કાર્યોને નમસ્કૃતિ સફળ ફળદાતા કૃતિ છે. કૃતિની પુરસ્કૃતિ છે. અધિકૃત પુરષ્કૃતિ છે.

"હે શાસનપ્રેમીઓ ! શાસનોત્કર્ષોથી આવા પૂજ્યવંતા પુરુષોના ગુણગુણમાંના એક ગુણને પસંદ કરો. એને કેન્દ્રસ્થાને સ્થાપો. વારેવારે વાગોળો. ગીતાવલિઓ, સ્તવનાવલિઓ, પૂજાવલિઓ, વંદનાવલિઓ, તપાવલિઓ, જપાવલિઓ અને ધ્યાનાવલિઓએ આરાધો.

"હે શાસનસેવકો ! એકેક બાદ બીજા બીજા ગુણને સતત સાધો. ગુણ વૃષ્ટિ શાસનશ્રેયની સૃષ્ટિ સર્જશે. પ્રદૂષણોનાં નિવારણો અને શુદ્ધિકરણોનાં અનાવરણો સાધશે. શાસનમાં શાંતિપ્રશાંતિ અને ઉપશાંતિઓના એકધારા પ્રવાહો વહેશે.

"હે શાસનરક્ષકો ! ગુણસિદ્ધિ આત્મગુણની તંત્રી, આત્મગુણ આત્મશુદ્ધિની મંત્રી, સદેહાવસ્થાની હન્ત્રી અને અદેહાવસ્થાની સંત્રી બનશે. આ રીતે ગુણનિધિ ગુણશ્રેણિની દાત્રી, ગુણશ્રેણિ ક્ષપકશ્રેણિની ધાત્રી અને ક્ષપકશ્રેણિ અયોગશ્રેણિની વિધાત્રી બનશે.

❑

# પંચકલ્યાણકો

"ભિક્ષુકને આહાર આરોગથી ભૂખના, તૃષિતને જલપાનથી તૃષાના, નિર્ધનને ધનાર્જનથી નિર્ધનતાના અને રોગીને આરોગ્યથી રોગનાં દુ:ખો દૂર થાય છે" આ છે માનવોનાં દુ:ખદૂરીકરણો અને સુખપૂરણીકરણોનાં આખ્યાનો.

"કૂતરાને રોટલા, ગાયને ઘાસ, કબૂતરને ચણથી ભૂખના તથા મયૂરને જલ અને ચાતકને વર્ષાથી તૃષાનાં દુ:ખો હટે છે", આ છે તિર્યંચોનાં દુ:ખદૂરણો અને સુખપૂરણોનાં વ્યાખ્યાનો.

"સામાન્યત: દૃષ્ટ જગતમાં માનવો અર્થકામના તથા તિર્યંચો ક્ષુધાતૃષાના દુ:ખમય છે તેમ અદૃષ્ટ જગતમાં નારકો ક્ષુધાતૃષ્ણા અને ઉષ્ણતા શૈત્યતાનાં તથા દેવો વિભવ વિલાસના ઐશ્વર્યોના નૈશ્વર્યોના દુ:ખમય છે." આવા છે પંચેન્દ્રિયમય જીવસૃષ્ટિની વિષદ વિષાદભરી આખ્યાવ્યાખ્યાઓ.

આ પરિપ્રેક્ષણોએ અખિલ લોકની નિખિલ જીવસૃષ્ટિ હીનતાદીનતાનાં દુ:ખોએ ખરડાયેલી છે. પંચકલ્યાણકો થકી શાશ્વત શાંતિથી શણગારેલી છે.

પંચકલ્યાણકોમાં ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ અને નિર્વાણ એકેક તીર્થંકરના કલ્યાણકર્તા પાંચપાંચ કલ્યાણકો છે. દરેકે દરેક કલ્યાણક દેવાધિદેવના દિવ્યતમ જીવનની દિવ્યાતિદિવ્ય પ્રસંગાવલિ છે. મહત્તમ માંગલ્યભૂત મંગલાવલિ છે. લોકોત્તર બિરુદની બિરદાવલિ છે.

પ્રત્યેક કલ્યાણકની ઘટના અજોડબેજોડ છે. દિવ્યતાઓ અનુત્તર નિરુત્તર છે. કલ્યાણકારિતાઓ અનુપમ નિરૂપમ છે. સામર્થ્યતાઓ અપરિમિત અપરિમેય છે. વ્યાપકતાઓ વિરાટ વિશ્વ વ્યાપિત પરિવ્યાપિત છે.

એ દોષોની વિપુલ વિભાવનાઓ અને ગુણોની પ્રચુર પ્રભાવનાઓ બક્ષે છે. બાહ્યઅભ્યંતર ઉત્કૃષ્ટઉષ્કૃષ્ટતર ઉત્કર્ષો અને પ્રકૃષ્ટ પ્રકૃષ્ટતર પ્રકર્ષો અર્પે છે. જન્મજન્માંતરોએય તારક તીર્થંકર દેવોના સંગીન સાંનિધ્યો સમર્પે છે. આ દૃષ્ટિઓએ કલ્યાણકો પરમપૂજનીય અને વંદનીય, આરાધનીય અને ઉપાસનીય છે.

કલ્યાણકોના ભૂમિ પ્રદેશો પર પરમાત્માના આત્માઓના પરમ પવિત્ર

પરમાણુઓ પુષ્કળ પ્રમાણમાં પથરાયેલા છે તથા કલ્યાણકોની તિથિઓએ તથાપ્રકારના પ્રચંડ પ્રભાવવંતા પ્રભાવો પ્રસરાયેલા છે. આથી ભૂમિઓ તિથિઓ એમ ઉભય એકાંતે જીવંત ચેતનવંત છે. નિયમા આત્મહિતકારક અને મોક્ષફલદાયક છે. આને અનુલક્ષીને કલ્યાણકોની કલ્યાણકારી અસીમ શક્તિઓ જેમ કલ્યાણકોના સ્થાનદિનીથીય શક્તિઓ નિ:સીમ છે.

કલ્યાણકોની મિતિ ભૂમિઓ સાથોસાથ દિનોદિનની નિત્ય નિયમિત આરાધનાઓ આરાધકોને આરાધ્ય તીર્થંકરોના પરોક્ષ પશ્ચાત્ પ્રત્યક્ષ પરિચયો પમાડે છે. સુવર્ણ કમળો પર પાદન્યાસ સમા ચોત્રીસ અતિશયો સમેત સમવસરણનાં દિવ્યાતિદિવ્ય દર્શનો સુધ્ધાં સધાવે છે.

"તીર્થંકર પરમાત્મા પૃથ્વી પરની પરમ પ્રકૃષ્ટતમ પૂજ્યવંતી પુણ્યવંતી પ્રકૃતિ છે. વિરાટ વિશ્વની વિશિષ્ટતમ વિભવવંતી વિભૂતિ છે. સકલ સૃષ્ટિની દિવ્યતમ દિવ્યતાવંતી કારુણ્યમૂર્તિ છે." ગવાહી લેખે આરાધકો આરાધનાઓ દરમિયાન આવી અનુપમ અનુભૂતિઓ અનુભવે છે.

આરાધકોના આત્માઓ પરમાત્માના આત્માઓ સાથે મુક્તિ પર્યંતનો અતૂટ સંબંધ સંસ્થાપે છે.

પંચકલ્યાણકોની આરાધનાઓ સાથે ઓછામાં ઓછા એકસો આઠ સંખ્યાના એકેકા કલ્યાણકના જપ છે.

આત્મા પરમાત્મા વચ્ચેના અંતરાય અંતરોને આંતરે છે. ખુદ આરાધકનો આત્મા જ પરમાત્મા બને છે. ગર્ભ, જનમ, અચારિત્ર, અજ્ઞાન અને સદેહાવસ્થાના સ્થાને અગર્ભ, અજનમ, અનંત ચારિત્ર, અનંત જ્ઞાન અને અદેહાવસ્થા સમા શાશ્વત શાશ્વતા પદે બિરાજે છે. આ અપેક્ષાઓએ શ્રી નમસ્કાર મહામંત્રથીય પંચકલ્યાણકોની મંત્રજપપૂર્વકની આરાધનાઓ મહત્તી મહત્તામય મનાય છે.

ૐ હ્રીં શ્રી વીર પરમેષ્ઠિને નમ:, ૐ હ્રીં શ્રી વીર અર્હતે નમ:, ૐ હ્રીં શ્રી વીરનાથાય નમ:, ૐ હ્રીં શ્રી વીર સર્વજ્ઞય નમ: અને ૐ હ્રીં શ્રી વીર પારગતાય નમ:. એ વીર પ્રભુના ક્રમાનુક્રમિક એકેક કલ્યાણકના કલ્યાણકર્તા મંત્ર છે. વીર ભગવંતને બદલે કોઈ પણ તીર્થંકર ભગવાનની નામ બદલીએ આ મંત્રજપથી આરાધનાઓ આરાધાય છે.

અત્રે બે આરાધનાઓ પ્રસ્તુત છે. મારા ગુરુરાજ પ્રખર પ્રવચનકાર સંસ્કૃતિ રક્ષણકાર પ. પૂ. પં. પ્ર. શ્રી ચન્દ્રશેખર વિ. ગણિવરજીની અસીમ કૃપાથી લબ્ધ બની છે. એ થોડા ફેરફારો સાથે લખી છે. બીજી આરાધના દેવતત્ત્વ ગુરુતત્ત્વની અમોઘ કૃપાથી ઉપલબ્ધ થઈ છે. એ ક્ષયોપશમ અનુસાર આલેખી છે.

## (૧) પંચકલ્યાણક આરાધના-૧

"કાળના પ્રવાહમાં અનંત અરિહંત પ્રકાશ્યા છે. નામથી લગભગ અલગ અલગ કિંતુ કલ્યાણકોથી તમામ સમાન હતા. આથી એક તીર્થંકર ભગવાનના કલ્યાણની આરાધના અનંત તીર્થંકર ભગવાનના કલ્યાણકોની આરાધનાઓ થાય છે." વિધાનને અવધારું છું.

ચમત્કારિક જીવનને કારણે વીર જિનવરજીનાં કલ્યાણકો થકી અનંત જિનેશ્વરોનાં કલ્યાણકોની આરાધના કરું છું.

"વીર પ્રભુએ પૂર્વને ત્રીજે ભવે જગતના જીવોને દુ:ખીપાપી જોયા. અશરણ અસહાય જાણ્યા. અરે ! જગતના સર્વ જીવો સર્વથા દુ:ખમય પાપમય છે. અરે રે ! અશરણ અસહાયમય છે. મારાથી નથી જીરવાતી જગતના જીવોની આવી દારુણ દુ:ખમય પાપમયતાઓ કે નથી સહેવાતી ભીષણ અશરણ અસહાયતાઓ." દયાર્દ્રતાથી અંતર દ્રવી ઊઠ્યું.

"શું કરું ? શું કરું ? શું કરું જગતના જીવોને દુ:ખમુક્ત, પાપમુક્ત અશરણ, અસહાય મુક્ત સંસારથી મુક્ત કરવા ? "આત્મસુખનો માર્ગ ખોળવા લાગ્યા.

"બસ. એક જ ઉપાય છે સંસારના શણગાર તજવાનો અને અણગારના શણગાર સજવાનો. જીવમાત્રની કરુણા સેવવાનો અને પ્રકૃષ્ટ પુન્ય પામવાનો." મથામણોએ મોકળો માર્ગ મળ્યો.

"આ જ રાહે રહું." સંકલ્પબદ્ધ બન્યા.

સંકલ્પ મુજબ સંયમ ગ્રહ્યો.

વીશ સ્થાનકની આરાધના, જગતના જીવો પરની અગાધ કરુણા, સુવિશુદ્ધ સંયમપાલન સમાં સાધનવાહનો થકી તીર્થંકર નામકર્મની નિકાચના નિકાચી. સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા, દેવગતિગત બન્યા.

"આ શું થયું ?" જગતના કલ્યાણાર્થે નીકળેલો આત્મા દેવલોકમાં ગયો. અસંખ્ય વર્ષોના આયુવાળા વિપુલ વિભવ અને વિશાળ વિલાસ ભરેલા દેવાવાસમાં ફસડાઈ ગયો.

કાળ કાળની ગતિએ ચાલે છે. વખત વખતની રીતે વહે છે. અસંખ્ય વર્ષો વહ્યાં.

એક દી' આયુ પૂરું થયું. આત્મા માનવ સ્ત્રીની કુક્ષિએ ત્રણ જ્ઞાન સહિત ચ્યવ્યો. એ સમયે ત્રણ લોકમાં પ્રકાશ થયો. નારકોને સુખ થયું. તિર્યંચ, મનુષ્ય અને દેવોનેય સુખ થયું.

શ્રી વીર પરમેષ્ઠિને નમ: ! ચ્યવન કલ્યાણકના મંત્રને જપું છું.

"પણ આ શું થયું ?" દેવાવાસમાંથી છૂટેલો દેવાધિદેવનો આત્મા ગર્ભાવાસમાં ફસડાઈ ગયો. નવનવ માસ સુધી અંધારી કોટડીમાં ફસડાઈ ગયો.

સમય પાક્યો. પરમેષ્ઠિ ભગવંતનો જન્મ થયો. એ સમયે ચ્યવન જેમ ત્રણ લોકમાં પ્રકાશ થયો. નારકોને સુખ થયું. તિર્યંચ, મનુષ્ય અને દેવોનેય સુખ થયું.

શ્રી વીર અર્હતે નમ: ! જન્મ કલ્યાણકના જપ જપું છું.

"પણ ફરી આ શું થયું ? ગર્ભાવાસમાંથી છૂટેલા અર્હત ભગવંત ગૃહાવાસમાં ફસડાઈ ગયા. કેટલાંય વર્ષો વીત્યાં. એક દી' સંયમનો સંકલ્પ કર્યો. વાર્ષિક દાન દીધું. દીક્ષાનો દિવ્યાતિદિવ્ય વરઘોડો ચડ્યો. નગર બહારના ઉદ્યાને ઊતર્યો.

શિબિકાને અશોક નીચે રોકી. અશોક વૃક્ષ તળે જ ઉપસ્થિત રહ્યા. સર્વ વસ્ત્રાભૂષણોના પરિત્યાગ કર્યા. પંચ મુષ્ટિ લોચ કર્યો. સિદ્ધ ભગવાનને નમસ્કાર કર્યા. સર્વ સાવદ્ય યોગોના જાવજ્જીવ પ્રત્યાખાન કર્યો. એ સાથે જ મન:પર્યવજ્ઞાન પ્રગટ્યું.

ચ્યવન, જન્મ જેમ એ સમયે ત્રણ લોકમાં પ્રકાશ થયો. નારકોને સુખ થયું. તિર્યંચ, મનુષ્ય અને દેવોનેય સુખ થયું.

શ્રી વીર નાથાય નમ: ! દીક્ષા કલ્યાણકના મંત્ર જપું છું.

"પણ વળી આ શું થયું ?" ગૃહાવાસમાંથી છૂટેલા નાથ ધાતીકર્મવાસમાં ફસડાઈ ગયા. કર્મસત્તાએ પરીષહો અને ઉપસર્ગોની ઝડીઓ પર ઝડીઓ ઝૂડી. નિરાલા નાથે પ્રેમ, કરુણા અને ક્ષમા ભાવે ઝીલી. જેમ જેમ વેદનાઓ સહી તેમ તેમ વિશેષ વિશેષતર આત્મશુદ્ધિ વહી.

એકદા સાલ વૃક્ષ તળે કાઉસગ્ગ ધ્યાને રહ્યા. ક્ષપક શ્રેણિએ ચડ્યા. છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનેથી સાતમા અપ્રમાણ ગુણસ્થાને થઈને આઠમા અપૂર્વ કરણ ગુણસ્થાને આરોહિત થયા. પહેલા પૃથક્ત્વ વિતર્ક સવિચાર શુક્લ ધ્યાને આરુઢ બન્યા.

ધ્યાંનની ધારા આગળ ધપી. નવમા અનિવૃત્તિ બાદર ગુણસ્થાનેથી દશમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાને થઈને બારમા ક્ષીણ મોહ ગુણસ્થાને આરોહિત થયા. બીજા પૃથક્ત્વ પ્રવિચાર શુક્લ ધ્યાને આરુઢ બન્યા.

ધ્યાનની ધારા વિશેષ આગળ ધપી. ધ્યાનની પ્રચંડ અગ્નિમા ધાતીકર્મ ભસ્મીભૂત થયા. રાગદ્વેષ નાશ પામ્યા. વીતરાગ સર્વજ્ઞ બન્યા.

એ સમયે ચ્યવન, જન્મ અને દીક્ષા કલ્યાણક જેમ ત્રણ લોકમાં પ્રકાશ

થયો. નારકોને સુખ થયું. તિર્યંચ, મનુષ્ય અને દેવોનેય સુખ થયું.

શ્રી વીર સર્વજ્ઞાય નમઃ ! કેવલ કલ્યાણકના મંત્ર જપ જપું છું.

"ફરી વળી આ શું થયું ?" ઘાતી કર્મવાસમાંથી છૂટેલા સર્વજ્ઞ ભગવંત અઘાતી કર્મવાસમાં ફસડાઈ ગયા. સર્વજ્ઞ ભગવાને તરત જ શાસનની સ્થાપના કરી. જગદુદ્ધારના કાર્યમાં લગાતાર લાગી ગયા. અસંખ્ય અનંત જીવોનું કલ્યાણ કર્યું.

આયુ પૂર્ણતાને આરે આવ્યું. નિર્વાણ દિન ઊગ્યો. અંતઃ મુહૂર્તકાળ શેષ રહ્યો. ત્રીજા સૂક્ષ્મ ક્રિય અપ્રતિપાતી શુક્લ ધ્યાને આરુઢ થયા. મન, વચન અને કાયયોગનો નિરોધ કર્યો. ચોથા સમુચ્છિન્ન અનિવર્તિક્રિય શુક્લ ધ્યાને આરુઢ બન્યા. અઘાતી કર્મો અવશિષ્ટ પામ્યા. એક સમયમાં લોકાંતવાસી બન્યા. શુદ્ધ, બુદ્ધ ને સિદ્ધ થયા.

એ સમયે ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવલ કલ્યાણક જેમ ત્રણ લોકમાં પ્રકાશ થયો. નારકોને સુખ થયું. તિર્યંચ, મનુષ્ય અને દેવોનેય સુખ થયું.

શ્રી વીર પારગતાય નમઃ । નિર્વાણ કલ્યાણકના મંત્રજપ જપું છું.

"હે વીર પ્રભુ ! અનંત તીર્થંકરો જેમ આપ પણ પાંચ કલ્યાણકોએ શાશ્વત સુખના સ્વામી બન્યા. ભાવભેર પ્રાર્થના કરું છું."

"હે અનંત અરિહંત ભગવંતો ! આપ સૌના શાસનોમા અનંતા જીવો મુક્તિ પામ્યા છે. છતાંય હું સંસારસાગરમાં ડૂબી રહ્યો છું."

ભક્તિભાવે પ્રાર્થના કરું છું.

"હે તારક તીર્થંકરો મને બચાવો, બચાવો. સંસારસાગરથી મારો નિસ્તાર કરો. નિસ્તાર કરો." પ્રાર્થનાને આગળ ધપાવું છું.

"હે અનંત જ્ઞાની ભગવંતો ! સંસારસાગરના સંસરાવનાર અર્થકામની કામનાઓ, વિષય કષાયની વાસનાઓ અને રાગદ્વેષની ભાવનાઓથી અનાદિકાળથી ભરેલો છું." પોકાર સાથે એકરાર કરું છું.

"હે અનંત શક્તિવંત પરમાત્માઓ ! આવા ખતરનાક દોષોને સંપૂર્ણપણે ખતમ કરવા માટે હું સક્ષમ નથી, કિંતુ આપના એકેક કલ્યાણકની એકેકી શક્તિઓ મારા આવા સર્વ દોષોને સમૂળ નિર્મૂળ કરવા માટે સમર્થ છે.

"હે હિતવત્સલ વિભુઓ ! આપને સૌને સાચા હૈયાના સાચા ભાવે પ્રાર્થના કરું છું કે આપના એકેકા કલ્યાણકની એકેકી શક્તિ થકી મારી અર્થકામની કામનાઓ નાશ પામજો. મારી વિષય કષાયની વાસનાઓ વિનાશ પામજો. મારી રાગદ્વેષની ભાવનાઓ પ્રનાશ પામજો !

"હે કરુણાસાગર પ્રભુઓ ! આપના એકેક કલ્યાણકની એકેકી શક્તિથી

મારા આવા આવા દોષોના વિશેષ વિશેષતર ક્ષયોપશમ અનુસાર મારો સંસાર વિશિષ્ટ વિશિષ્ટતરપણે સીમિત બનજો."

"હે પંચકલ્યાણકવંત કલ્યાણકારી તીર્થંકરો ! આપ સૌના એકેકા કલ્યાણકની એકેકી શક્તિ થકી મારા સર્વ દોષો સંપૂર્ણતયા વિનાશ પામજો અને મારા સર્વ ગુણો પરિપૂર્ણતયા પ્રકાશ પામજો. મારા સંસારસાગરનો અંત લાવજો. મારો સંસારસાગરથી નિસ્તાર કરજો." ભક્તિભરી પ્રાર્થનાઓ સમાપ્ત કરું છું.

## (૨) પંચકલ્યાણકની આરાધના-૨

"હે મહાવીરસ્વામી ભગવાન ! આપ આ જ ભરતક્ષેત્રના વર્તમાન અવસર્પિણી કાળે ચરમ તીર્થપતિ તરીકે વિરાજ્યા હતા." જિનાલયે પદ્માસન સિદ્ધાસને પ્રાર્થના કરતા પ્રભુ પ્રાયઃ પ્રત્યક્ષપણે પ્રગટે છે.

"તીર્થંકરત્વના મૂળમાં હતી પૂર્વને ત્રીજે ભવે જગતના જીવોની દુઃખમય પાપમય અને અશરણ અસહાયમય જ્ઞાનદર્શનો થકી જાગેલી જગદ્દુદ્ધારની આત્મસ્થ અતાગ કરુણા." (કરુણાભીના નયનાએ નંદન મહારાજા દૃષ્ટ બને છે.)

"જે કરુણાએ તે જ ભવે પ્રવજ્યા લેવડાવી. જે કરુણાએ તે જ ભવે માસક્ષમણ પર માસક્ષમણની તપશ્ચર્યાઓ તપાડાવી. જે કરુણાએ તે જ ભવે વીસ સ્થાનકની એકધારી આરાધનાઓ આરાધાવી. જે કરુણાએ તે જ ભવે તીર્થંકર નામકર્મની નિકાચના નિકાચાવી." (મહાત્મા નંદનમુનિજી વિશુદ્ધ સંયમપાલનમય, તન્મય જાપમય અને અનાહતચક્રસ્થ તીર્થંકરપદ સૂચક સમવસરણમય અવસ્થાઓએ અવલોકાય છે.)

"આયુ સમાપ્તિએ ચમત્કારિક સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. દેવલોકે અવતર્યા. (સિદ્ધાસને કાળધર્મમય અને દેવલોકે ઉપપાદ શય્યામય સંસ્થિતતાઓએ સંલોકાય છે.)

"દેવલોકનાં દૈવી સુખો વચ્ચે જગતના જીવોની દુઃખમય પાપમય અને અશરણ અસહાયમય અવસ્થાઓ સતત સતાવતી રહી. દેવલોકના દિવ્ય ભોગો મધ્યે જગદ્દુદ્ધારની તલપ તલપાવતી રહી. (દેવસભામાં દેવાત્માનું વદનકમળ કેટલીકવાર વ્યથાગ્રસ્તતાઓએ તથા દેવાંગનાઓનાં નાચગાન ભોગાદિમાં વેદના ત્રસ્તતાઓએ વિલોકાય છે.)

"એકદા આવરદા અલવિદા પામી. આપ આ ભરતક્ષેત્રે ત્રણ જ્ઞાન સહિત ચ્યવ્યા. એ સમયે ત્રણ લોકમાં પ્રકાશ થયો. નારક, મનુષ્ય, તિર્યંચ અને દેવોને સુખ થયું." (દેવાત્મા દૈવી શય્યાએ શવાસનમય, તેજોમય આત્માના

ઉતરાણમય માનવસ્ત્રીની કુક્ષિએ અવતરણમય અવસ્થાઓએ અવલોકાય છે. અખિલ અધો, મધ્ય અને ઊર્ધ્વ ત્રિલોક વિદ્યુતના પ્રકાશ સમા અજવાળામય, ત્રિલોકવાસી નારકો, તિર્યંચો, માનવો અને દેવોના પ્રતિનિધિભૂત દેહો સાનંદતાઓએ આલોકાય છે.)

શ્રી વીર પરમેષ્ઠિને નમ: મંત્રના જપ જપું છું.

"હે પરમેષ્ઠિ ભગવંત ! દૂરાતિદૂરથી આપ જગતના જીવો નજીક આવ્યા કિંતુ દેવાવાસમાંથી છૂટતાંવેંત ગર્ભાવાસમાં ફસડાઈ ગયા. નવનવ માસના કારાવાસમાં ઝડપાઈ ગયા. સમય પાકતાં જ જન્મ પામ્યા. એ સમયે ચૌદ રાજલોકમાં પ્રકાશ થયો. નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવોને સુખ થયું. (નવજાત બાળ પ્રભુ અનેરા ઓજ તેજમય તથા ચૌદ રાજલોક પ્રકાશમયતાઓ અને નારકાદિ ચારેય સુખમયતાઓએ સંલોકાય છે.)

શ્રી વીર અર્હતે નમ: મંત્રના જપ જપું છું.

"હે અર્હત ભગવંત ! અદૃષ્ટ એવા આપ જગતના જીવોને પ્રદૃષ્ટ બન્યા. એકેકું વર્ષ વ્યતીત થતું રહ્યું. પ્રવજ્યાના પંથ પ્રતિ દોરતું રહ્યું. સંયમના સમયને આંબતા જ સ્વયં સંયત સંયતિ થયા. એ સાથે ચોથું મન: પર્યવજ્ઞાન પ્રગટ્યું. એ સમયે સકલ સૃષ્ટિમાં પ્રકાશ થયો. ચ્યવન જન્મ જેમ નારકાદિ ચારેચારને સુખ થયું. (એકેકા વર્ષે સંયમ પ્રતિ એકેક અડગ ડગમય, વય સાથે દેહરૂપાદિની વૃદ્ધિમય, દીક્ષાર્થે ઉદ્યાન પ્રવેશમય, અશોક વૃક્ષ હેઠળ વસ્ત્રાભૂષણોના પરિત્યાગમય. પંચમુષ્ટિ લોચમય, સિદ્ધ ભગવાનના નમસ્કારમય, સર્વ સાવદ્ય યોગોના જાવજ્જીવ મહા સામાયિકના ઉચ્ચરણમયતાઓએ પ્રલોકાય છે. ચ્યવન જન્મ જેમ સકલ સૃષ્ટિ પ્રકાશમયતાઓએ તથા નારક તિર્યંચાદિ ચારેય સુખમયતાઓએ સંલોકાય છે.)

શ્રી વીરનાથાય નમ:ના મંત્ર જપું છું.

"હે નાથ ! આપ વિશ્વોદ્ધાર નજીક આવ્યા પરંતુ ગૃહાવાસમાંથી છૂટતાં જ ઘાતીકર્માવાસમાં ફસડાઈ ગયા. જગદુદ્ધારની પ્રકટ નિકટતાએ કર્મસત્તા ચોંકી ઊઠી. ચલનવિચલન વાસ્તે પરીષહ ઉપસર્ગોની વણથંભી વણજારોએ તૂટી પડી. છતાંય જરાય ચલિતવિચલિત થયા નહીં. અચલ અને અવિચલ, અજય અને અજેય જ રહ્યા. ઘાતીકર્મક્ષય થકી કર્મસત્તા પર વિજય નોંધાવ્યો. કૈવલ્યનો પ્રકાશ લાધ્યો. એ સમયે બૃહત્ બ્રહ્માંડમાં પ્રકાશ થયો. ચ્યવન, જન્મ દીક્ષા પેઠે નારકાદિ ચારેયને સુખ થયું. (સંગમના કાળચક્ર, વ્યંતરીના શીત અને ગોવાળના કર્ણખીલાના) ઉપસર્ગોમય, સાલ વૃક્ષ તળે ગોદોહાસનમય, ક્ષપક શ્રેણિના આરોહણમય, ઘાતીકર્મક્ષયે કૈવલ્યમય તથા દેહદ્રવ્યે તેજોમય વિભુ વિલોકાય છે. ચ્યવન, જન્મ અને દીક્ષા જેમ બૃહત્ બ્રહ્માંડ પ્રકાશમય તથા નારકાદિ ચારેય

સુખમયતાઓએ સંલોકાય છે.

શ્રી વીર સર્વજ્ઞાન નમ: મંત્રના જપ જપું છું.

"હે સર્વજ્ઞ ભગવાન ! વિશ્વોદ્ધાર વાસ્તે આપ સક્ષમ બન્યા કિંતુ છૂટતાં જ અધાતી કર્મવાસમાં ફસડાઈ ગયા. શાસન સ્થાપના સાથે જગદ્દુદ્ધારનું કાર્ય શરૂ કર્યું. જીવનભર એ જ લગનમાં લગ્ન રહ્યા. અસંખ્ય અનંત જીવોનું કલ્યાણ સાધ્યું. અધાતી કર્મના ક્ષય સાથે આયુ પૂરું થયું. એક સમયમાં જ સિદ્ધલોકના સિદ્ધ ભગવંત બન્યા. અનંત અનંતતાને વર્યા. એ સમયે વિરાટ વિશ્વમાં પ્રકાશ થયો. નારક, તિર્યંચ, માનવ અને દેવોને સુખ થયું.

(ભગવાન શાસનસ્થાપનામય, જગદ્દુદ્ધારની લગાતાર લગનમય, અસંખ્ય અનંત જીવોના કલ્યાણમય, અધાતીકર્મના ક્ષયમય, સિદ્ધલોકના સિદ્ધ ભગવંતમય અવસ્થાઓએ અવલોકાય છે. વિરાટ વિશ્વ પ્રકાશમય તથા નારકાદિ ચારેચાર સુખમયતાઓમય આલોકાય છે.)

શ્રી વીર પારગતાય નમ:ના મંત્રજપ જપું છું.

"હે વીર અરિહંત ભગવંત ! અક્ષય અક્ષયતાને પામતાં જ આપ સિદ્ધ ભગવંત બન્યા."

"હે સાકાર પરમાત્મા ! અનંત અનંતતાને વરતાં જ આપ નિરાકાર પરમાત્મા બન્યા."

"હે અરિહંત ભગવંત ! હે સિદ્ધ ભગવંત ! જગતના જીવોના ઉદ્ધાર અર્થે આપ આપનાં કલ્યાણકો, કલ્યાણકોના ભાવપ્રભાવો અને કલ્યાણકોની આરાધનાઓને વિશ્વના વિરાટ પથ પર પાથરતા ગયા."

"હે સાકાર પ્રભુ ! હે નિરાકાર વિભુ ! જે કોઈ જીવો કલ્યાણકોની દિવ્યતમ દિવ્યતાઓને સમજે છે. કલ્યાણકોની કલ્યાણકારિતાને ઝીલે છે અને કલ્યાણકોની મોક્ષદાયિતાને આરાધે છે તે જીવો આપના જેવી સિદ્ધપદની શાશ્વતી રિદ્ધિસિદ્ધિને વરે છે."

"આવા સિદ્ધપદને અનુલક્ષીને આપની ચ્યવનાવસ્થાની ભાવભરી આરાધનાથી મારી ગર્ભાવસ્થાના અપચય અને અગર્ભાવસ્થાના ઉપચયથી મને પરમ પદની પ્રાપ્તિ થજો."

આપના જન્મ કલ્યાણકની ભાવભરી આરાધનાઓના પ્રભાવે મારી જન્માવસ્થાના અપકર્ષ અને અજન્માવસ્થાના ઉત્કર્ષથી મને પરમ પદની પ્રાપ્તિ થજો.

"આપના દીક્ષા કલ્યાણકની ભાવભરી આરાધનાના પ્રભાવે મારી ભોગાવસ્થાના વિઘટન અને યોગાવસ્થાના સંઘટનથી મને પરમ પદની પ્રાપ્તિ થજો."

"આપના કેવલ કલ્યાણકની ભાવભરી આરાધનાના પ્રભાવે મારી અજ્ઞાવસ્થાના વિસર્જન અને સર્વજ્ઞાવસ્થાના સંસર્જનથી મને પરમ પદની પ્રાપ્તિ થજો."

"આપના નિર્વાણ કલ્યાણકની ભાવભરી આરાધનાના પ્રભાવે મારી સદેહાવસ્થાના વિનાશ અને અદેહાવસ્થાના વિકાસથી મને પરમપદની પ્રાપ્તિ થજો."

"હે પરમાત્મા ! આવા પરમ પદપ્રદાતા પંચકલ્યાણકો થકી મારી સંસારની સર્વ પર્યાયમય અવસ્થાઓ ક્ષય પામજો અને સંસારાતીત વિમુક્તિની એક જ અક્ષય અવસ્થા પ્રગટ પામજો."

(સંસાર અને સંસારાતીત શબ્દોએ - મૌન ઉચ્ચારણોએ દૃષ્ટિ મારા દેહાકારમય ચૌદ રાજલોકે ઘૂમે છે અને પરમાત્માના સિદ્ધસ્વરૂપી પરમ વિમલ આત્મપ્રદેશોએ રમે છે.)

"જન્મથી ચાર અતિશયમય હે વીર પ્રભુ ! હું આપને નમસ્કાર કરું છું." સન્મુખ ઉપસ્થિત નૂતન જન્મિત બાલવીરને મસ્તક વડે નમું છું.

"કર્મક્ષયકૃત અગિયાર અતિશયમય હે વીર તીર્થંકર ! હું આપને નમસ્કાર કરું છું." નીચેથી ઉપર બબ્બે બાજુઓએ ગોદોહાસનસ્થ, સુવર્ણ કમલસ્થ તથા ઉપલી વચલી એકલી જગાએ સમવસરણસ્થ ભગવાનને મસ્તકથી વંદું છું.

"દેવકૃત ઓગણીસ અતિશયમય હે દેવાધિદેવ ! હું આપને નમસ્કાર કરું છું." દેવકૃત અતિશયમય અવસ્થાઓ પેઠે વીર વિભુને વંદું છું.

- "ચોત્રીસ અતિશયમય હે વીર પરમેશ્વર ! હું આપને નમસ્કાર કરું છું." નીચેથી ક્રમાનુક્રમિક બેય બાજુઓએ જન્મસ્થ, દીક્ષાસ્થ, ગોદોહાસનસ્થ, કૈવલ્યસ્થ, સુવર્ણકમલસ્થ અને ઊંચે મધ્ય બાજુએ સમવસરણસ્થ અવસ્થાઓમય વીર જિનેશ્વરજીને મસ્તક વડે નમું છું.

"કૃતકૃતાર્થ સિદ્ધ પરમાત્મા ! હું આપને નમસ્કાર કરું છું." યોગનિરોધને અંતે સર્વ કર્મમલરહિત પરમ વિમલ સિદ્ધ ભગવંતને મસ્તક નમાવું છું.

આરાધનાની પૂર્ણતાએ પ્રદૃષ્ટ પ્રભુ અદૃષ્ટ બને છે.

❑

# ૫

# પ્રતીકાત્મક પંચકલ્યાણક ધ્યાનયોગ

પંચકલ્યાણકોના આકૃતિમય ધ્યાનને પંચકલ્યાણક પ્રતીકાત્મક ધ્યાનયોગ કહેવાય છે.

પરમાત્માના આત્માના તીર્થંકર નામકર્મ નિકાચન, સમાધિમય કાળધર્મ, દેવલોકગમન સમેત દેવજીવન જેવા પ્રાણવાન દૃશ્યોની દર્શનાઓ એ પંચકલ્યાણક ધ્યાનયોગ ધ્યાવનની સધ્ધર નક્કર પીઠિકા છે.

બીજા ભવના આયુષ્યાંતે ભગવાનનો આત્મા ત્રણત્રણ ચક્રો તેમજ તેમના ત્રિત્રિ વર્ણવલયોની આકૃતિઓએ ચ્યવે છે. ત્રણેય ચક્રોનાં મધ્યબિંદુઓ ઉપરાઉપરીની ઉપસ્થિતિઓએ અવસ્થિત હોય છે. અવતરણ દરમિયાન આત્માના દિવ્ય ઓજ ચોમેર પ્રસરે છે. આવા ધ્યાનને પ્રતીકાત્મક ચ્યવન કલ્યાણક ધ્યાનયોગ કહેવાય છે.

નવ માસે સૂક્ષ્મતર દેહસ્થ છાતીમમધ્યે સ્થિત નીલવર્ણીય અનાહત ચક્ર અને શ્રીવત્સને આરેખે જન્મે છે. આત્માના તેજ ચોફેર ફેલાય છે. આ ધ્યાનને પ્રતીકાત્મક જન્મકલ્યાણક ધ્યાનયોગ કહેવાય છે.

મહા સામાયિકને ઉચ્ચરણે સૂક્ષ્મતર દેહસ્થ શ્યામ, શ્વેત અને શ્વેતતર વર્ણીય વિશુદ્ધ, આજ્ઞા અને મનસચક્રની શુદ્ધિસિદ્ધિ સંયમાવસ્થામય આકૃતિએ આદૃષ્ટન બને છે. આવા ધ્યાનને દીક્ષાકલ્યાણક પ્રતીકાત્મક ધ્યાનયોગ કહેવાય છે.

ઘાતીકર્મ ક્ષયે સૂક્ષ્મતમ દેહસ્થ સહસ્રદળ કમળ વિકસિત એક હજાર આઠ પાંદડીઓમય. એકેકી પાંખડી અ થી હ સુધીના (अ थी ह સુધીના) ક્રમાનુક્રમિક એકાવનથી બાવન પર્યંતના તેજસ્વી અક્ષરોમય, તેમજ મધ્યસ્થાનિત પ્રણવ યુગલ અવર્ણનીય કાંતિમય આકૃતિઓએ આલોકાય છે. એક હજાર આઠ પર્ણોના, પ્રણય બેલડીના તથા વિશુદ્ધ આત્માના દિવ્યતમ પ્રકાશ ચારેકોર રેલાય છે. આવા ધ્યાનને પ્રતીકાત્મક કૈવલ કલ્યાણક ધ્યાનયોગ કહેવાય છે.

અઘાતી કર્મક્ષયે તીર્થંકર ભગવાનના સ્થૂલ દેહ અને ભીતરી આત્મા વિભિન્નતામય, આત્મા અનંત ચતુષ્ટયની દિવ્યાતિદિવ્યતમ દીપ્તિઓમય તેમજ દિવંગત મોક્ષગમન માર્ગ આત્માની દિવ્યતમ વિભાપ્રભાઓમય વિલોકાય છે. આવા ધ્યાનને પ્રતીકાત્મક નિર્વાણ કલ્યાણક ધ્યાનયોગ કહેવાય છે.

પ્રાણપ્રતિષ્ઠાના પ્રસંગોએ પંચકલ્યાણકોની આવી પ્રતીકાત્મક અવસ્થાઓને પ્રતિમાઓમાં પ્રતિષ્ઠાવવાની પ્રસ્થાપવાની પ્રથા પરમ્પરાથી પ્રચલિત છે.

❑

# ૬

# તીર્થંકર નામકર્મ નિકાચન યોગ

શાસ્ત્રસિદ્ધ સાધનોની જ્ઞાન, ભાવ, શુદ્ધિ અને સિદ્ધિબદ્ધ તીર્થંકર પદપ્રદાતા ક્રિયાપ્રક્રિયાત્મક સાધના, આરાધના, ઉપાસનાઓને તીર્થંકર નામકર્મ નિકાચન યોગ કહેવાય છે.

વરબોધિધારક ભવ્યાત્માઓના આત્મપ્રદેશો કારુણ્યરસે રસબોળ, ભાવનાઓએ તરબોળ અને આરાધનાઓએ ઓળઘોળ બને છે ત્યારે તીર્થંકર નામકર્મ નિકાચન યોગની પાત્રતા પ્રાપ્ત થાય છે.

કરુણાએ કલ્યાણ અને મોક્ષભાવ, ભાવનાઓએ મૈત્રી અને ભક્તિભાવ તથા આરાધનાઓએ આત્મ અને પરમાત્મભાવ જેવા ભાવભાવનોના આકંઠ આવિર્ભાવો એ તીર્થંકર પદ પ્રદાતા આત્મદીપકની દિવ્ય દીપિકાઓ છે.

સ્વરયોગની સ્વરસિદ્ધિ, દ્રષ્ટાસ્રષ્ટાની દૃષ્ટિસ્રષ્ટિ, પરમાત્મ પરોપકારની કૃતજ્ઞદષ્ટિ, કરુણાની વિશિષ્ટ વૃષ્ટિ, પંચ પરમેષ્ઠિઓની આત્મસ્થ અવસ્થિતિ તેમજ તીર્થંકરો, મહર્ષિઓ અને વિશ્વયોગીઓની અમીકૃપા સમા પ્રાકૃતિક પ્રાદુર્ભાવો એ તીર્થંકરપદ ઉપાર્જક આત્મ પ્રદીપની દૈવી દીપમાલાઓ છે.

પૂર્વોક્ત પંચકલ્યાણકની આરાધના અને પ્રતીકાત્મક ધ્યાનયોગ એ તીર્થંકર નામકર્મ અને તીર્થંકર પદ સર્જનને સહાયક આત્મદીવડીની પ્રદીપ્ત દીપ્તિઓ છે.

## ૧. સ્વરયોગની સ્વરસિદ્ધિ

સ્વરોદય એ શીઘ્ર સિદ્ધિસાધક પ્રાચીનકાલીન અગમ્ય જ્ઞાનવિજ્ઞાન છે. મુદ્રાયોગની મુદ્રાઓ (સાક્ષાત્કારયોગ પુસ્તક લિખિત) જેમ સ્વરોદયની સ્વરાવલિઓ સકળ સફળ સાધનાઓના સ્વાભાવિક સંચરણોના સંચરણમય છે.

સ્વરયોગમાં પિંગલા, ઇડા અને સુષુમ્ણા નાડીને ત્રિનાડી, સૂર્ય, મન અને સુષુમ્ણા સ્વરને ત્રિસ્વર તથા પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ તત્ત્વને પંચતત્ત્વ કહેવાય છે.

સ્વર સાધનામાં ત્રિનાડી, ત્રિસ્વર અને પંચતત્ત્વની સાધનાઓ ગૂઢાતિગૂઢ છે. નાડી સ્વરની ગતિવિધિને વિજ્ઞાને સૂક્ષ્મ, યથેચ્છ સ્વર બદલીએ સૂક્ષ્મતર તેમજ ઇષ્ટ તત્ત્વ વહને સૂક્ષ્મતમ છે.

નાડી, સ્વર અને તત્ત્વની ત્રિપુટી શારીરિક, માનસિક આત્મિક જેવા ત્રણત્રણ સ્તરોએ સ્તરિત છે. શક્તિસર્જન, ગુણવર્ધન અને શુદ્ધિ સિદ્ધિ ઉપાર્જન સમા વિસ્તારોએ વિસ્તરિત છે. પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ તત્ત્વના સ્થિરતા, ગતિશીલતા, સામર્થ્યતા, બૌદ્ધિકતા અને આધ્યાત્મિકતા જેવા મૂળભૂત ગુણો જેવા પ્રસ્તારોએ પ્રસ્તરિત છે.

નાડી, સ્વર અને તત્ત્વનાં સાધનો બાહ્ય અભ્યંતર અને સૂક્ષ્મ આધ્યાત્મિક સાધના સિદ્ધિઓના સંચાલક છે. ઇષ્ટ ફળદાતા પ્રબળ પ્રબળતમ પરિબળોના સંવાહક છે. ત્રિનાડીની પ્રાબલ્યતાઓ, ત્રિસ્વરની સિદ્ધત્વતાઓ અને પંચતત્ત્વોની ગુણત્વતાઓ સદ્‌ગતિ સિદ્ધગતિ સંચારક છે.

ઇડા, પિંગલા અને સુષુમ્ણા નાડી ક્રમિકતયા શાંતિ, ક્રૂર અને આધ્યાત્મિક કાર્યોમાં ધારી સફળતાઓ અર્પે છે. ઇડામાં પૃથ્વી અને જલ, પિંગલામાં અગ્નિ તથા સુષુમ્ણામાં વાયુ અને આકાશ તત્ત્વ અણધારી ઇષ્ટ વિશિષ્ટ સિદ્ધિઓને સમર્પે છે.

નાડી, સ્વર અને તત્ત્વોનાં ભાવસ્વભાવો, ગુણધર્મો અને કારકત્વોના યથાર્થ જ્ઞાતા તેમજ ત્રણેયના સ્વેચ્છામય પરિવર્તનતાના પ્રકાંડ પ્રજ્ઞાતા વિશિષ્ટ વિવિધ વિદ્યાઓ વિભૂતિઓના વિહારક હોય છે.

સચરાચર સંચરિત જીવાજીવ તત્ત્વોના ભાવ, સ્વભાવ અને પ્રભાવો, રિદ્ધિ, સિદ્ધિ અને સમૃદ્ધિઓ તથા પ્રકૃતિ, સુકૃતિ અને દુષ્કૃતિઓના વિજ્ઞાતા હોય છે.

ભૌતિક અને આધ્યાત્મિક શાસ્ત્રોના, ત્રિલોક અને ત્રિકાળના, આત્મા અને પરમાત્માના, સ્વ, સર્વ, સર્વસ્વ અને સર્વ સર્વસ્વના, પર, પરત્વ, પરમત્વ અને પરમ તત્ત્વના તેમજ સ્વની સ્વતંત્રતા અને પરની પરતંત્રતાના જ્ઞાનદર્શનના ધારક અવધારક હોય છે.

સકલ સૃષ્ટિના સ્વયં સંચાલિત તંત્રના નિયંત્રક હોય છે.

પંચતત્ત્વની સિદ્ધિમય પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશતત્ત્વ થકી ક્રમાનુક્રમે પૃથ્વી અને ભૂમિના જોડાણતોડાણ, જલના ઉભરાટઓસરાટ, આગના જલનબુઝન, પવનના અચલન વિચલન તથા અવકાશના સંધાણભંગાણના લબ્ધિવાહક હોય છે.

સ્વરતત્ત્વ સિદ્ધ મુનિ મહાત્માઓ પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ

તત્ત્વની સિદ્ધ સિદ્ધિઓએ અનુક્રમયા પરીષહ ઉપસર્ગ વિજયના, આધ્યાત્મિક આત્મિક શક્તિઓના, દેવ, ગુરુ અને ધર્મત્વના, શ્રુતજ્ઞાન, પૂર્વ જ્ઞાન તથા દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને આત્મતત્ત્વના સાક્ષાત્કારના પ્રકૃષ્ટ પ્રકૃષ્ટતમ પ્રકર્ષતા સમેત વિભૂતિ પ્રભૂતિઓના સ્વાભાવિક વિહારક હોય છે.

પીત, શ્વેત, રક્ત, નીલ અને શ્યામ વર્ણમય પૃથ્વી આદિ પાંચ તત્ત્વોની સિદ્ધિઓએ પીતાદિ પાંચેય વર્ણના અરિહંત તીર્થંકર ભગવાનોની અમોઘ કૃપાઓ તેમજ પીત, નીલ અને શ્યામ વર્ણીય આચાર્ય ઉપાધ્યાય અને સાધુ પ્રવરોની અસીમ કૃપાઓ પ્રત્યક્ષપણે અનુભવે છે.

પાંચ તત્ત્વોની શુદ્ધિસિદ્ધિઓ થકી પીતવર્ણના મૂલાધાર, શ્વેતવર્ણના સ્વાધિષ્ઠાન અને સહસ્રાર, રક્તવર્ણના મૂલાધાર અને બ્રહ્મરન્ધ્ર, નીલવર્ણના વિશુદ્ધ તથા શ્યામવર્ણના અનાહત ચક્રની શુદ્ધિ સિદ્ધીકરણોના મહાલોએ મહાલે છે. ષડ્, સપ્ત અને અષ્ટ ચક્રોનાં પંચતત્ત્વો, પંચ પરમેષ્ઠિ ભગવંતો અને ષડ્ ચક્રોના વૈભવી વૈભવોએ સ્વરસિદ્ધ મહાત્મા મુનિવર સિદ્ધપુરુષ, યોગી પુરુષ, દિવ્ય પુરુષ અને પરમ પુરુષ યાને તીર્થંકર પદની ક્ષમતાઓને સહેલે છે.

ત્રણ અગર સાત આઠ ભવોએ સૂક્ષ્મતમ આકાશ તત્ત્વ અને શ્વેતતમ સહસ્રાર ચક્રનાં સંપૂર્ણ શુદ્ધીકરણોએ કૈવલ્ય પદ, ગણધર પદ યા તીર્થંકર પદે વિરાજે છે.

પદપદવીના પ્રદાન એકેક મોક્ષલક્ષી આરાધક માનવને, પ્રચુર પ્રેરણાઓ પીરસે છે. એકેક મોક્ષાકાંક્ષી આરાધક પ્રદાનોને વિવિધ વધામણાઓથી વધાવે. આત્મ શાસનનો શાશ્વતો શાસક બને.

સંયોજક સ્વરયોગને નિયોગે શાશ્વતી શાશ્વતા માટે સંકલ્પબદ્ધ બને.

સંક્ષેપમાં દુનિયાના દરેકે દરેક દુન્યવી, દેવી, આધ્યાત્મિક તેમજ આત્મિક દ્રવ્ય પર નાડી, સ્વર અને તત્ત્વના પ્રભુત્વભૂત સામ્રાજ્ય પ્રવર્તે છે. એકેક આરાધક આત્મપ્રદેશોએ અંકિત કરે.

## ૨. દ્રષ્ટાસ્રષ્ટાની દષ્ટિસૃષ્ટિ

દૃષ્ટિ તેવું દર્શન અને સૃષ્ટિ તેવું સર્જન એ લોકોક્તિ યથાર્થ છે. દૃષ્ટિસૃષ્ટિ મુજબના દર્શનસર્જન એ સૂક્તિના સામાન્ય અર્થ છે. દૃષ્ટિસૃષ્ટિનો દર્શકસર્જક ભવભવાંતરોએ દૃષ્ટસ્રષ્ટ દર્શનસર્જનનો દ્રષ્ટાસ્રષ્ટા બને છે એ સૂક્તના વિશેષ અર્થ છે.

દૃષ્ટિસૃષ્ટિના દર્શનસર્જનને ઉત્સર્ગ માર્ગ ખરા ઠરાવે છે તેમ દૃષ્ટિસૃષ્ટિ પરિવર્તિત સર્જનદર્શનનેય અપવાદ માર્ગ સાચા ઠેરવે છે. ઉક્ત ઉક્તિના આવા

આગવા અર્થ અર્થન છે.

દ્રષ્ટાનાં સાધારણ દર્શન પરના અસાધારણ અંકુશ વડે દ્રષ્ટા લક્ષાનુસારી ભાવી સૃષ્ટિનું નવસર્જન સર્જી શકે છે તે રીતે સૃષ્ટિના સામાન્ય સર્જન પરના અસામાન્ય નિયંત્રણ થકી સ્રષ્ટા ધ્યેયાનુસારી ભાવી દૃષ્ટિના નવદર્શન ઘડી શકે છે. ઉક્તિસૂક્તિના આવા યુક્તિપ્રયુક્તિયુક્ત વિશેષ વિશ્લેષણ છે.

આ અપેક્ષાઓએ નિશ્ચિત દૃષ્ટિનું નિર્ધિત દર્શન દ્રષ્ટાને લક્ષવેધી આગામી સૃષ્ટિના વારસ તરીકે આમંત્રે છે. એ અન્વયે નિયત સૃષ્ટિનું નિર્મિત સર્જન સ્રષ્ટાને ધ્યેયસેવી અનુગામી નવદ્રષ્ટાના વારસદાર તરીકે નિમંત્રે છે.

શુભાશુભ ભાવોના જેવા દૂરબીનોથી દ્રષ્ટા દર્શનના લડતર ચડતરોએ લડે ચડે છે તેવા દર્શનમય સૃષ્ટિનો લડવૈયા ચડવૈયા તરીકે ભાવી કાળે લપટે છે. એ ન્યાયે સ્રષ્ટા સર્જનના જે પ્રકારના ઘડતર જડતરો ઘડેજડે છે તે પ્રકારના ઘડવૈયા જડવૈયા તરીકે ભવિષ્યકાળ લપેટે છે.

આ નિયમોની રૂઈએ કલાકાર સંગીતકારની તાલાવેલીમય પુરુષો એકદા કલાકાર સંગીતકાર તરીકે પંકાય છે. યોગીપદની લગનમય ભોગી યોગીપદે અને ભોગીપદની લોલુપતામય યોગી ભોગીપદે પેખાય છે. ભવાંતરોએ મોક્ષની તડપમય આરાધકો મોક્ષપદે અને તીર્થંકર પદની તલપમય આરાધકો તીર્થંકર પદવીએ પોંખાય છે.

ધ્યેયસિદ્ધિ અર્થે ફક્ત એક જ શરત છે ધ્યેય અનુસાર દૃષ્ટિદર્શન સૃષ્ટિસર્જનની પસંદગીભરી અદલાબદલીઓ થકી ધ્યેયબદ્ધ તન્મયતાઓએ અખિલ જીવન અખંડિતપણે જીવવાની.

શ્રી મહાવીરસ્વામી ભગવાનનો આત્મા પૂર્વપૂર્વતર ભવોએ જેવી દૃષ્ટિના દર્શનમય રંગોએ રંગાતો હતો તેવી સૃષ્ટિના સર્જનમય સાજોને પશ્ચાત્ પશ્ચાતતર ભવોએ સજતો હતો. જે પ્રકારની સૃષ્ટિના સાજોને સજતો હતો તે પ્રકારની દૃષ્ટિના રંગોએ ફરીફરીથી રંગાતો હતો. દ્રષ્ટાસ્રષ્ટાના દર્શિત સર્જિત કર્મકર્માતરોક્ત ભાગ્યભાગ્યાંતરોના સૌભાગ્યદૌર્ભાગ્યના પ્રકૃતિગત સુકૃતિ-વિકૃતિઓના વલોણાઓ વલોવતો હતો.

પૂર્વને ત્રીજે ભવે આત્માએ આત્મદૃષ્ટિ પલટી લીધી અને આત્મદૃષ્ટિએ આત્મસૃષ્ટિને સૂલટી દીધી. અનુપમ દર્શનો દ્વારા નિરૂપમ સૃષ્ટિના સ્રટત્વ અને અનુત્તર સર્જનો થકી નિરુત્તર દૃષ્ટિના દૃષ્ટત્વના આત્મયોગોથી તીર્થંકર નામકર્મ નિકાચનાના નવતર લેખ લેખ્યા. ત્રીજા ભવે તીર્થંકર તરીકે લોકોત્તર સામ્રાજ્યના સમ્રાટ પદ આલેખ્યા.

વીર પરમાત્માની આત્મદૃષ્ટિસૃષ્ટિના દર્શનસર્જન એકેક આરાધક

આત્માને-જીવાત્માને તીર્થંકર પદપદવીના અણમોલ મોલને નોતરે જોતરે છે. એકેક જીવાત્મા નોતરણે નોતરાય અને જોતરણે જોતરાય.

## ૩. પરમાત્માની પરોપકૃતિ

"હું એક દેહધારી આત્મા છું. અનાદિ કાળથી અનંતાઅનંત ભવોમાં ભમ્યો છું. ભવે ભવે રાગદ્વેષ અને મોહના ઝંઝાવાતોમાં ઝડપાયો છું. વિષય અને કષાયનાં તોફાનોમાં સપડાયો છું. અર્થ અને કામના ઉલ્કાપાતોમાં ફસડાયો છું. દુઃખ અને પાપમયતાઓના અંધારાઓમાં અટવાયો છું.

"ભવ ભ્રમણોનાં કારમાં અધઃપતનોમાં કારક છે મારા કારાવાસ. મારા આત્માના કાતિલ કારાવાસ. મારા આત્માના કર્મસ્થ કુટિલ કારાવાસ. મારા આત્માના કર્મસ્થ કારાવાસવાસિત દેહદેહસ્થ અવિરત પ્રવાસ નિવાસ." સ્વરયોગના સ્વરોએ પદ્માસન સિદ્ધાસનોના સિદ્ધ આસને તેમજ નાડી, સ્વર અને તત્ત્વની ગતિવિધિમય સુષુમ્ણા સ્વરના વાયુ આકાશ તત્ત્વોના સંચારોએ સંસાર સંસરણનાં મૂળભૂત મૂળિયાંને સંયોજક મૂળથી પકડે છે.

"કારાવાસના વાસવસવાટોએ અકળ કાળની અકાળ વિકરાળ કોટડીમાં પૂર્યો છે. દુષ્ટતા ને ધૃષ્ટતાઓની વિવિધ બેડીઓમાં બાંધ્યો છે. આધિ-વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપમાં બીડ્યો છે. રાગાંધ, ભોગાંધ, સ્વાર્થાંધ અને વૈરાંધતાઓના ચતુર્વિધ અંધાપાઓમાં ભીડ્યો છે."

"વખાની ખારાપાટવાળી વખારોએ વાસ્યો છે. ભંગાણના ભીષણ ભંગારોએ ભાંડ્યો છે. અંગારના ધખધખતા ધખારાઓએ ધખવ્યો છે. વિભાવ દશાના વિશદતમ વેદનાઓનાં વરવામાં વરવાં વમળોએ વાળ્યો છે. વિભાવ દશાના વસમામાં વસમા વિસામાઓએ વસાવ્યો છે." મૂળભૂત મૂળની સજ્જડ જડને જડબેસલાકપણે જકડે છે.

"એકદા દોષમુક્તિ પાપમુક્તિએ થોડો હાશકારો અને દેહમુક્તિ કર્મમુક્તિએ પૂરો છુટકારો સાધશે." ભવ્યતા તથાભવ્યત્વતાને ભેખે ભવિષ્યકાલીન ભવ્યતમ ભવિતવ્યતાને ભાખે છે.

"આબેહૂબ મારા આત્મા સમી સકલ સૃષ્ટિના સર્વ જીવાત્માઓની ભવ ભ્રમણ ભમિત દુષ્ટાતિદુષ્ટ દુર્દશાઓ છે. કાતિલાતિકાતિલ કર્મોકર્મિત કલંકિત કુકથાઓ છે." ચોરાસી લાખ યોનિમય જીવાત્માઓને સ્વજીવાત્માના ઘાતકપાતક તોલ તોલે તોલે છે.

"અનંત કરુણાવંત પુરુષોએ અનંતાઅનંત જીવોની દારુણાતિદારુણ અવદશાઓને અવકળાભેર અવલોકી છે. દુઃખદર્દભર્યાં દર્શનોએ દયાદ્રતાઓએ

હૈયા દ્રવ્યા છે. અસહ્ય વેદનાઓમય ઉકળાટ કકળાટોના શમનોપશમનાર્થે શાતાદાતા કરુણાભરી અમીવર્ષાઓ વરસાવી છે. કર્મસત્તા સામે ઘોરાતિઘોર સંગ્રામો છેડ્યા છે. જીવસટોસટ જેવા જંગી જંગો જિગરભેર જીત્યા છે. તીર્થંકર નામકર્મો નિકાચ્યા છે. તીર્થંકર પદોને વર્યા છે. જીવેજીવની દોષમુક્તિ પાપમુક્તિ, કર્મમુક્તિ, દેહમુક્તિ અને સંસારમુક્તિની પ્રવૃત્તિઓમાં અપ્રમત્તતાએ પ્રવૃત્ત બન્યા છે.'' તારક તીર્થંકર દેવોની પરાર્થરસિક કૃતિપ્રતિકૃતિઓની બેનમૂન નમૂનેદાર જીવન આકૃતિઓને આત્મપ્રદેશે કંડારે છે.

''પરિણામે અનંતા જીવાત્માઓને દુ:ખમય, દોષમય અને અજ્ઞાનમય અવસ્થાઓથી ઉત્થાપ્યા છે તથા અનંત સુખ, અનંત ગુણ અને અનંત જ્ઞાનમય અવસ્થાઓએ સંસ્થાપ્યા છે. અનંતાઅનંત જીવાત્મા ધર્માત્માઓને દુ:ખ અને દોષમય, પાપ અને અજ્ઞાનમય અવસ્થાઓએ સ્થાને વિશેષ સુખ અને ગુણમય, પુણ્ય અને જ્ઞાનમય અવસ્થાઓને અવસ્થાઓએ પ્રસ્થાપ્યા છે.'' પરમ શિલ્પીઓની અજોડ શિલ્પમય બેજોડ મૂર્તિઓને પ્રશસ્ત પ્રશસ્તતમ પ્રશસ્તિઓએ પ્રલેખે છે.

''જીવેજીવના વર્તમાન, ભૂત અને ભવિષ્યકાલીન નશ્વર અનશ્વર સુખશાંતિઓમાં તારક તીર્થંકરો પ્રણિત લોકોત્તર શાસનના આચરણ વિચરણ, સંચરણ, પ્રચરણ, ઉચ્ચરણના પ્રતિભાવો પ્રત્યક્ષ યા પરોક્ષતયા પ્રતિબિંબિત છે.''

''લોકોત્તર શાસનના પાયાભૂત ગૃહસ્થ ધર્મને અનુલક્ષીને દેહ પોષક સુખરક્ષક માતાપિતાઓ પ્રત્યે પ્રત્યેકે પ્રત્યેક પરિવાર માનસન્માન, મોભામર્યાદા, સેવાચાકરી અને સુખશાતાની લાગણીઓને ઉપકાર ભાવના લગાવોથી લગાવે છે. એક પણ અરમાનને અવગણતા નથી કે અભરખાને ભરખતા નથી. તમામે તમામ ઓરતાઓને અંતરના ઓવારણાઓથી ઓવારે છે. આંતરબાહ્ય વૃત્તિ પ્રવૃત્તિઓ થકી આંતરડીઓને સંતુષ્ટિઓના આગવા ઠારોથી ઠારે છે. આશિષોનાં પ્રબળ પુન્યબળોએ અધિક અધિકતર અભ્યુદયોના ઉદયોથી જાતેય ઠરે છે.'' આર્યાવર્તના આર્ય સંસ્કૃતિકારોકારિત સંસ્કારોની બોલબાલા બોલે છે.

''ગૃહસ્થ ધર્મના પાલન ખાતર ફક્ત એક જ ભવના પોષકરક્ષક ઉપકારી માતપિતાનાં ઋણોને વિશિષ્ટ શિષ્ટાચારોથી ફેડાય છે. આ અપેક્ષાએ ભવોભવના સુખશાંતિદાતા તેમજ મોક્ષપદ પ્રદાતા પરોપકારી પરમાત્માઓનાં અસીમ ઋણોની કૃતજ્ઞતાને મહેરબાનીની કુરબાનીઓ ફરમાનીઓ વડે ખેડાય એ એકેક આત્મપરમાત્મ પ્રેમી જીવાત્માનો આત્મધર્મ છે.'' ધર્મસ્થાપકોના અગણિત ગુણઋણ ગણની ગરવી ગરિમાપૂર્વક ગીતગાથા ગાય છે.

''શાસ્ત્ર દૃષ્ટિએ ભવેભવે બાહ્ય અભ્યંતર સમસ્ત સંપત્તિઓના સંપૂર્ણ

સમર્પણ પણ પરમાત્માના પરોપકારના વળતરમાં ઘણા ઊણા ઊતરે એ કક્ષાના આત્મકરજના કરજદાર છીએ. જન્મજન્માંતરો જનિત ભૌતિક આધ્યાત્મિક સુખોને મજરે આત્મફરજના ફરજિયાત ફરજદાર છીએ. જન્માંત જન્મિત શાશ્વત સુખોના સાટા સાટે સાટાદાર દેવાદાર છીએ.'' પરમ પુરુષોની પરોપકૃતિકૃત અમૂલ્ય મૂલ્યોને નોંધણીદારની નોંધોએ નોંધે છે.

''ગૃહસ્થ ધર્મના પાંત્રીસ ગુણોમાં બળાબળ નામે એક વિશિષ્ટ બલિષ્ઠ ગુણ છે. બળાબળ એટલે બળ અને અબળ, સબળતા નિર્બળતાઓની તુલનાત્મક તારવણીઓ તારિત કાર્યોના કરણ અકરણ. લોકોત્તર ધર્મગ્રંથોમાં બળાબળ ગુણ યથાશક્તિ નામક ગુણે ગ્રંથિત છે. યથાશક્તિ એટલે શક્તિ અશક્તિઓની મર્યાદાબદ્ધ ધર્મકર્મકરણીઓ.'' દેહમન અને આત્માની શુદ્ધિ અશુદ્ધિ વિહારક સંહારક અલબેલા ગુણરત્નની અહોભાવે આલબેલ પોકારે છે.

''વ્યક્તિની શક્તિના પ્રમાણ અપ્રમાણમય ધર્મકર્મના કરણ અકરણ જીવાત્માને અમૃતપાન વિષપાનભૂત નીવડે છે.'' ધર્મકર્મોના માર્મિક મર્મળા મર્મનો મમળાવે છે.

''આધ્યાત્મિક ક્ષેત્રમાં બળાબળ યા યથાશક્તિ ગુણના સમુપયોગ એટલે આત્મવીર્યની યથોચિત ફોરવણી. આત્મશક્તિની યથાર્થ ખિલવણી. આત્માના વીર્યોલ્લાસની ઉલ્લાસભરી ધીરતાભરી પુરવણી. આગામી પરમ ગતિની ઉજ્જ્વળ ઉજવણી.'' ગુણ બેલડીની વ્યાખ્યાઓને આત્મમુક્તિની અનહદ સરહદ સુધી બાંધે છે.

''એકેક જીવાત્મા બળાબળ અનુસાર આત્મવીર્યને ફોરવે. આત્મશક્તિને યથાશક્તિએ ખીલવે. યથાશક્તિના બળાબળે ઋણ ચૂકવે. શક્તિની મર્યાદામાં ઋણમુક્તિ મેળવે. આત્મમુક્તિ સમેત જીવમુક્તિઓના ન્યારા રાહનો નિરાલો રાહબર બને.'' પરમાત્માના પરોપકારના પરિપ્રેક્ષ્યમાં ઉત્તરોત્તર ઉચ્ચઉચ્ચતર લોકોત્તર આત્મધર્મને ચીંધે છે.

''વ્યક્તિ તરીકે સર્વ જીવમુક્તિના ધ્યેય પર સમગ્ર શક્તિ કેન્દ્રિત કરીશ. લક્ષસિદ્ધિ અર્થે પ્રચંડતમ પુરુષાર્થ ખેડીશ. તીર્થંકર પદના લક્ષવેધોને વેધીશ. સર્વ જીવમુક્તિના કાર્યમાં લીન બનીશ. પરમાત્માની અસીમ ઉપકારમય કૃતજ્ઞતાને નિઃસીમ અર્ઘ્યો વડે કૃતકૃત્ય થઈશ.'' સુષુમ્ણા સ્વરના આકાશતત્ત્વનાં ગહરાં ગહન વહનોએ પરમાત્મ સૃષ્ટિના સર્જનાર્થે સંયોજક સંકલ્પબદ્ધ બને છે.

## ૪. કરુણાની વિશિષ્ટ વૃષ્ટિ

આત્મદ્રવ્યના નાડી, સ્વર અને તત્ત્વભૂત સુષુમ્ણા નાડી સ્વરના આકાશ

તત્ત્વને તેમજ આત્મજાગૃતિની ધ્યાન અને ખેચરી મુદ્રાઓને સંયોજક ધારણ કરે છે.

પરિણામે દેહાતીત, મનાતીત ને ચિત્તાતીત આત્મજાગરણની અવસ્થાઓ આવિર્ભાવ પામે છે. સ્થૂલ, સૂક્ષ્મ અને સૂક્ષ્મતર દેહોના પ્રવાહો શૂન્યતમ તથા સૂક્ષ્મતમ દેહના પ્રવાહો મંદતમ ગતિગતતાઓને ગ્રહે છે. સુષુમ્ણા નાડી, સ્વર અને આકાશતત્ત્વ સિવાયનું અખિલ ચેતનાતંત્ર ચૈતન્ય શૂન્યતામાં તથા આત્માનું આત્મતંત્ર પ્રશાંત પ્રશાંતિમાં પ્રવેશે છે.

અનંત અરિહંત ભગવંતો સકલ સૃષ્ટિના સર્વ જીવો પર અગાધ કરુણાની વર્ષા અવિરતપણે વરસાવે છે એવાં પ્રવચનનાં વચન છે. એ વિશ્વાસને વાસવસવાટે નિશાંત નિશાંતિમય આત્મતત્ત્વના પાત્રને કરુણાની ભરણા અર્થે તરણ તારણ તારકો સમક્ષ ધરે છે.

પાત્રતાને પાત્રે આત્મપ્રદેશો કરુણાની ગ્રહણામાં એકતાન તથા ગ્રહણાની સંગ્રહણાઓએ ગુલતાન થાય છે. દેવતત્ત્વની અમોઘ કૃપાઓએ આત્મસૃષ્ટિ પ્રવિષ્ટ વૃષ્ટિઓ આપોઆપ સર્વ જીવો પરની અપાર કરુણામાં પરિવર્તનાઓ પામે છે.

આત્મ દ્રવ્ય પ્રદેશિત પ્રવાહો ભરતીના ભરપૂર પૂર જેવા ઊભરાટોએ ઊભરે છે. આત્મ પ્રદેશ પ્રવેશિત ઉપલા, વચલા અને નીચલા પ્રદેશસ્થ પ્રવાહો ક્રમશઃ ઊર્ધ્વ, મધ્ય અને અધોલોકમાં પ્રસરે છે. ત્રણેય લોકના તમામે તમામ જીવોના આત્મપ્રદેશોમાં પ્રવેશે છે.

આખરે ભરપૂર પૂર ઓસરે છે. શેષ પ્રવાહો આત્માના આઠ રુચક પ્રદેશો મધ્યે સંગ્રહિત અને સૂક્ષ્મ ગ્રંથિના રૂપસ્વરૂપે સુગ્રંથિત થાય છે.

"ઇચ્છાનુસાર કરુણાની વર્ષાઓ વરસાવે અને સાધનાઓની સિદ્ધિઓ સધાવે એ પ્રકારનો સૂક્ષ્મ ગ્રંથિનો અચિંત્ય પ્રભાવ છે." આત્મનાદનો નિનાદ રણકે છે.

"સૂક્ષ્મ ગ્રંથિના માધ્યમમય પૂજા, જપ અને ધ્યાન સેવિત પંચપરમેષ્ઠિના સર્વ ગુણોમય અવસ્થિતિએ તેમજ વિશ્વ શ્રેષ્ઠ યોગીઓની અપૂર્વ કૃપાઓની ઉપસ્થિતિઓ નિયમા તીર્થંકરપદ પદવીના નિર્માણ નિર્મશે." સૂરીલા સ્વરે આત્મનાદનિનાદ વિશ્વોદ્ધારનો માર્ગ ચીંધે છે.

## ૫. પરમેષ્ઠિની આત્મસ્થ અવસ્થિત

આત્મનાદનિનાદોને અનુલક્ષીને સંયોજક સ્વરયોગે પદ્માસન સિદ્ધાસનને અને મુદ્રાયોગે ધ્યાન તેમજ ખેચરી મુદ્રાઓને ધરે છે. સંકલ્પયોગે સુષુમ્ણા સ્વરમાં સ્થિરતાદાતા પૃથ્વીતત્ત્વને સંચારે છે.

દૃષ્ટિયોગે આઠ રુચક પ્રદેશો મધ્યની સૂક્ષ્મ ગ્રંથિ પર દૃષ્ટિને રોપે છે. સિદ્ધિયોગે ગ્રંથિ પર વર્તુલાકારી નવપદજીમય પંચપરમેષ્ઠિની આકૃતિને આરોપે છે. આત્મયોગે આત્મપ્રદેશોને ભક્તિ યોગમાં પ્રરોપે છે.

સુષુમ્ણા સ્વરમાં અરિહંત ભગવંતના શ્વેત વર્ણ અનુસારી જલતત્ત્વને વહાવે છે. સૂક્ષ્મ ગ્રંથિમય તીર્થંકર પ્રભુના માર્મિકથી માર્મિકતમ નવેય અંગોને આત્માના આપ્ત ભાવે પૂજે છે. પૂજનમય પ્રદેશો એકધારા પરિસ્પંદનોએ પલકે છે. પલકપલક પલકિત પુલકિત પ્રદેશોમાંથી અરિહંત ભગવંતની અરિહંત શક્તિ સૂક્ષ્મ બિંદુ રૂપે પ્રગટે છે. સુષુમ્ણા નાડી વાટે નાસિકા દ્વારા સંસરે છે. થોડેક છેટે થોભે છે. નમો અરિહંતાણં પદના તાલબદ્ધ લયબદ્ધ રણકારે રણકે છે.

સૂક્ષ્મ બિંદુ દેવાધિદેવના દિવ્યતમ દેહે દૃશ્યમાન બને છે. સહસ્રાર ચક્રમાંથી શ્વેતવર્ણનાં પ્રકાશિત કિરણો નિતાંતતયા નિર્ઝરે છે. પૂજકના આત્મામાં પ્રચુરતયા પ્રવેશે પ્રસરે છે. પ્રભુની પ્રભાઓને પ્રભાવે આત્મ પ્રદેશો શ્વેતલ શ્વેતલતાને અવધારે છે. ધવલધવલતામય આત્મા એ જ ભગવાનને ભાવભેર નમસ્કારે છે.

પરમાત્મા નિકટ નિકટતરતાએ ધીરેધીરે ખસે છે. સૂક્ષ્મ રૂપસ્વરૂપે સુષુમ્ણા નાડીમાં પેસે છે. સહસ્રદળ કમળ મધ્યે પદ્માસન મુદ્રાએ બેસે છે.

દેવ તત્ત્વ સાથેના સંબંધ સાધક સંધાન અનુસંધાન અર્થે પ્રાણાયામમાં અમૃત અનુષ્ઠાન નિષ્ઠિત જપો જપે છે અને અનુષ્ઠિત ધ્યાનો ધ્યાવે છે.

પ્રત્યેક પૂરક, કુંભક અને રેચક પ્રાણાયામ અનુક્રમે સંબંધના બંધન તરફ દોરે છે, પ્રગાઢ સંબંધ બાંધે છે. આશાતના જેવા સંબંધ બાધક કર્મદળોને નિર્ઝરે છે.

ધ્યાનધ્યાવનમાં ધ્યાતા ખુદના આત્માને તીર્થંકરમય, તીર્થંકર સમાન અને તીર્થંકર રૂપે દેખે છે. ધ્યાતાના આત્મામાં પરમાત્મા પોતે જ પોતાના અપાય અપગમ, જ્ઞાન, પૂજા અને વચન અતિશય જેવા ચાર ચાર મૂલ અતિશયો સમેત અશોક વૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, આસન, ભામંડલ, દુન્દુભિનાદ અને છત્રની પ્રસ્તાવિક પ્રસ્તાવનાઓને પ્રસ્થાપે છે.

"હે અનંત અરિહંત ભગવંતો ! તારક તીર્થંકર દેવો ! આપના પૂજન, જપન અને ધ્યાવનની આત્મભાવી આરાધનાઓના પુન્યપ્રભાવે આ આરાધકને તીર્થંકરપદ પ્રદાનનું તેમજ અન્ય પાત્રાત્માઓને તીર્થંકર પદપદવીના આદાન પ્રદાનના સમર્થતમ સામર્થ્ય સમર્પજો." ધ્યાનાંતે ધ્યાતા પ્રાર્થના કરે છે.

સુષુમ્ણા સ્વરની મંદતમ ગતિએ જ દેવગુરુની કૃપાથી સંયોજકશ્રી સિદ્ધ ભગવાનના વર્ણ અનુસારના રક્તવર્ણીય અગ્નિ તત્ત્વને ગતિમાન કરે છે.

અરિહંત ભગવંતના પૂજન પેઠે શ્રી સિદ્ધ પરમાત્માના પૂજનેય સુવિશુદ્ધ આત્મ પ્રદેશોમાંથી પારિસ્પંદનો પશ્ચાત્ સૂક્ષ્મ સિદ્ધ શક્તિ ઉદ્ભવે છે. સુષુમ્ણા નાડીને નિર્ગમને નમો સિદ્ધાણં પદના સુમધુર સૂરે સંસરે છે. સિદ્ધ ભગવાનના નિરાકાર રૂપસ્વરૂપે સ્પષ્ટ દૃષ્ટ બને છે.

બ્રહ્મરન્ધ્રમાંથી રક્તવર્ણનાં કિરણોની અનઅવરત વર્ષાઓ વરસે છે. વિભુની વિભાના વિભવે આત્મપ્રદેશો રક્તવર્ણીય રક્તિમાઓને ધારણ કરે છે. સિદ્ધ પરમાત્માને મસ્તક વડે નમસ્કાર કરે છે.

નમો અરિહંતાણં પદ જેમ નમો સિદ્ધાણં પદના જપમય પૂરક, કુંભક અને રેચક પ્રાણાયામોએ ક્રમાનુક્રમયા સિદ્ધ ભગવાન સાથે આત્મસંબંધ પ્રતિ પ્રગતિ, આત્મસંબંધના ગાઢ બંધબંધન તથા આત્મસંબંધ અવરોધક પાપદોષો લયવિલય પામે છે.

ધ્યાનમાં જ સિદ્ધ પરમાત્માની સિદ્ધ શક્તિઓ ધ્યાતાના આત્મામાંથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને મોહનીય તેમજ આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય કર્મની કર્મરજોને ઉત્થાપે છે. એકેકને સ્થાને ક્રમક્રમશ: અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત સુખ, અનંત ચરિત્ર, અનંત અક્ષયતા, અનંતરૂપતા, અનંત સ્થૈર્યતા અને અનંત વીર્યતાની અષ્ટઅષ્ટ ગુણતાઓને સંસ્થાપે છે.

"હે અનંતા સિદ્ધ પરમાત્માઓ ! આપના પૂજન, જપન અને ધ્યાવનની આત્મયોગમય આરાધનાઓના યોગયોગે આ આત્માને સિદ્ધપદની સિદ્ધિ સાથે સર્વ જીવાત્માઓને સિદ્ધપદના આદાન-પ્રદાનની સિદ્ધિઓ સોંપજો." ધ્યાનાંતે ધ્યાતા પ્રાર્થના કરે છે.

આત્મપ્રદેશોમાં અરિહંતપદ સિદ્ધપદ સમા દેવપદ જેમ આચાર્યપદ, ઉપાધ્યાયપદ સાધુપદ સમા ગુરુપદોની ગુણપ્રતિષ્ઠાઓની પ્રવૃત્તિઓએ પ્રવૃત્ત બને છે.

આચાર્યાદિની આરાધનાઓમાં સુષુમ્ણા સ્વરમાં સ્વસ્વવર્ણ અનુસારી પીત, નીલ અને શ્યામવર્ણના તત્ત્વને વહાવે છે.

ગુરુદેવોનાં ગરવાં પૂજનોએ સૂક્ષ્મ ગ્રંથિગત પ્રદેશોમાં પરિસ્પંદનો તેમજ પૂજનાંતે અનુક્રમે પંચાચાર શક્તિ, ચૌદ પૂર્વજ્ઞાન શક્તિ અને સિદ્ધિસાધક શક્તિઓ જાગે છે. સુષુમ્ણા નાડીને માર્ગે નિર્ગમન પામે છે. નમો આયરિયાણં. નમો ઉવજઝાયાણાં અને નમો લોએ સવ્વ સાહૂણં પદનાં લયબદ્ધ તાલબદ્ધ ગુંજનોના ગુંજારવોએ ગુંજે છે.

એકેકી શક્તિ અનુક્રમયા આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ ભગવંતના

રૂપસ્વરૂપે સ્પષ્ટપણે પ્રદષ્ટ બને છે.

એકેકા ભગવંતના સ્વસ્વવર્ણમય પ્રવાહો આત્મા પર વરસે છે. આત્મપ્રદેશોમાં પેસે છે. આત્માને પોતપોતાના રંગોએ રંગે છે. ઉપકારી ઉપાસ્ય ભગવંતોને ભાવભેર નમસ્કાર કરે છે.

ગુરુતત્ત્વનું એકેક ગુરુપદ નિકટતમ સ્થાનેથી સુષુમ્ણા નાડીમાં પ્રવિષ્ટ અને પોતપોતીકા વિશુદ્ધ, અનાહત અને મણિપુર ચક્રે પ્રતિષ્ઠિત થાય છે.

પ્રત્યેક પૂરક, કુંભક અને રેચક પ્રાણાયામે જપક આત્મા ત્રણેય ગુરુતત્ત્વ સાથેના આત્મિક સંબંધો પ્રતિ પ્રયાણિત, આત્મસંબંધ સંસ્થાપિત તથા આત્મસંબંધ પ્રતિબંધક કર્મપડળો ઉત્થાપિત થાય છે.

ગુરુપદોના ધ્યાનમાં ધ્યાતા આત્મા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતોરૂપ ત્રણેય ગુરુદેવોને ત્રણેયમય, ત્રણેય સમાન અને ત્રણેયના પદપ્રદાનોનાં આરોહણોએ આલોકે છે.

આચાર્ય પદ પાંચ ઇન્દ્રિય સંવર, નવ વાડના બ્રહ્મચર્ય, ચાર કષાયમુક્તિ, પંચ મહાવ્રત, પંચાચાર, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ પોતાના છત્રીસ ગુણમય વૈભવને બક્ષે છે.

ઉપાધ્યાય પદ અગિયાર અંગ, બાર ઉપાંગ તથા અરણકરણ સિત્તરીઓના એકેક એમ ખુદની પચીસ ગુણનિધિને અર્પે છે.

સાધુપદ છ વ્રત, છ કાય રક્ષા, પાંચ ઇન્દ્રિય નિગ્રહ, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, લોભ નિગ્રહ, ક્ષમા, ક્રિયા યા ભાવશુદ્ધિ અગર આત્મનિર્મલતા, પરીષહ ઉપસર્ગ જયવિજય જેવી સ્વની સત્તાવીસ સત્તાવીસ ગુણોની સમૃદ્ધિઓને સમર્પે છે.

ધ્યાનાંતે સ્વાત્માના સંપૂર્ણ શ્રેયાર્થે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતોએ પંચાચાર, ચૌદ પૂર્વજ્ઞાન અને સિદ્ધિસાધક શક્તિઓની લબ્ધતા કાજે તથા સર્વ જીવાત્માઓને એ ત્રણેત્રણ શક્તિઓની ઉપલબ્ધતા અર્થે પ્રાર્થના કરે છે.

પંચ પરમેષ્ઠિઓ પોતપોતીકાં ચક્રોને સ્થાનેથી સૂક્ષ્મ ગ્રંથિને સ્વસ્વ સ્થાનસંસ્થાને સંસ્થિત થાય છે. સૂક્ષ્મ ગ્રંથિ પરની પરમેષ્ઠિઓની આકૃતિ ગાયબ બને છે.

## ૬. તીર્થંકર નામકર્મ નિકાચન

તીર્થંકરપદની નિશ્ચિત નિષ્પન્નતા અર્થે સંયોજક પ્રવજ્યાના પુનિત પંથે સંચરે છે. સંયમન નિયમનપૂર્વક સંયમ જીવનના નિયમોને નિરતિચારતાએ આચરે છે.

દેવગુરુધર્મરૂપ તત્ત્વત્રપી અને જ્ઞાનદર્શનચારિત્રરૂપ રત્નત્રયી પ્રત્યેનાં સંપૂર્ણ સમર્પણો સર્જિત ઉત્કૃષ્ટ ક્ષયોપશમોએ પાપયોગનાં નિવર્તનો અને પુન્યયોગનાં પ્રવર્તનો પ્રવર્તે છે.

પ્રબળ પ્રબળતર પુન્યયોગોએ પરમાત્માઓનાં પૂજન, જપન અને ધ્યાવનોનાં લક્ષબિંદુઓને આસ્થા સાથે આંટે છે. એ દરમિયાન પ્રભુવિભુની આંખો વાટે કરુણાકૃપાઓના પીતશ્વેતવર્ણીય ક્રમિક કિરણો આંખોમાં દોટે છે. આત્મ પ્રદેશોમાં શુભ શુભતમ કર્મો રૂપે ચોંટે છે.

કૃપાકરુણાઓને કારણે સંભેદ ધ્યાનમાં ધ્યાતાનો દેહ અરિહંત ભગવંતોના દેહોને તથા અભેદ ધ્યાનમાં આત્મા પરમાત્માઓના આત્માઓને એકમયતા એકરૂપતા જેવા વિરલ વિલોપનોએ વીંટે છે. દેહાત્મા પર તીર્થંકરત્વના આછા છાંટા છાંટે છે.

કૃપાવૈભવે સુષુમ્ણા નાડીની મંદતમ ગતિગત યોગિક ક્રિયાપ્રક્રિયાઓ વડે સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ દેહ તેમજ શૂન્યતમ ગતિગતતાએ આત્મા સ્થૂલ દેહમાંથી છટાભેર છૂટે છે.

ઇષ્ટ કાર્યાર્થે પૂર્વ નિર્ણિત કાળ પર્યંત દેશ, વિદેશ અને અંતરિક્ષ જેવા સ્થાનસંસ્થાનોને લપેટાઓમાં લપેટે છે. કાર્યસિદ્ધિએ વાપસ લોટે છે. સ્થૂલ દેહસ્થ સ્વસ્વ સ્થાને લેટે છે.

સ્થૂલ દેહવિયુક્ત સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ દેહ સમેત આત્મા અરિહંત ભગવંતો, ગણધર ભગવંતો અને કેવલી ભગવંતો, યુગપ્રધાન પુરુષો અને પૂર્વધર પુરુષો તેમજ વિશ્વવ્યાપી વિશ્વશ્રેષ્ઠ વિશ્વયોગીઓ વાસી નિવાસી મહાવિદેહ જેવા વિદેશોએ વિહરે છે. એમના સંનિષ્ઠ સાંનિધ્યોએ આત્મવિલાસભેર વિલસે છે.

આત્મા આત્મઆત્મત્વના દાવાદાવે તેમજ આત્માઆત્માની આત્મીયતાના નાતનાતે ગુરુપદ શિષ્યપદના આત્મિક સંગીન સગપણને કેળવે છે. મેળવે છે.

સગપણના વડપણમય કૃપાવંતી નિશ્રાવર્તી અધ્યક્ષતાઓએ અસાધારણ આરાધનાઓ આરાધે છે. પૂર્વભવોસાધિત અને ભાવી ભવોપયોગી સાધનાઓ સુધ્ધાં સાધે છે. આત્મસ્થ અવસ્થાઓએ સહેલભેર સહેલે છે. અદ્વિતીય અનુભૂતિઓએ લહેરભેર લહેરે છે.

તીર્થંકર નામકર્મ નિકાચન કાજે અરિહંતોના અનુગ્રહોમય અમીપૂંજો જ તીર્થંકરો, ગણધરો અને કેવલીઓ જેવા પરમ પરમર્ષિઓ, યુગપ્રધાન અને પૂર્વધર પુરુષો સમા મહા મહર્ષિઓ, જિનકલ્પી અને સ્થવિર કલ્પી જેવા વિશ્વ શ્રેષ્ઠ યોગર્ષિઓ તેમજ યોગવીર યોગીવરો મુનિવરો સમા સિદ્ધર્ષિઓ સગાઈની

વધાઈ લેખે સંબંધને પ્રગાઢ પ્રગાઢતરપણે બંધાવે છે. ઘનિષ્ઠ ઘનિષ્ઠતમ ઘનિષ્ઠતાઓએ સધાવે છે.

તીર્થંકરપદ ઉપાર્જન અર્થે ખુદ શ્રી તીર્થંકર પરમાત્માઓ જ શિષ્યત્વની સગાઈની દુહાઈ તરીકે તીર્થંકર નામકર્મ નિકાચક તીર્થંકર શક્તિ, અરિહંત શક્તિ, અર્હત શક્તિ, ભગવદ્ શક્તિ જેવી પરમોચ્ચતમ શક્તિઓનાં વરમુદ્રાએ વરદાનો દે છે.

સગપણના વગપણ પેટે તીર્થંકર નામકર્મ નિકાચન ઉપાર્જન અર્થે ગણધરો ગણધર, કેવલીઓ કૈવલ્ય અને શ્રુત કવલીઓ શ્રુતકૈવલ્ય શક્તિના, યુગપ્રધાન અને પૂર્વધર પુરુષો યુગશક્તિ અને પૂર્વજ્ઞાનશક્તિના પ્રદાન કરે છે.

સિદ્ધ પુરુષો સિદ્ધ, વિધા પુરુષો વિદ્યા, દૈવી પુરુષો દૈવી અને દિવ્ય પુરુષો દિવ્ય શક્તિઓનાં દાન દે છે.

તર્પણ અર્પણના દર્પણ થકી ગણધરો, કેવલીઓ, શ્રુતકેવલીઓ, યુગપ્રધાનો અને પૂર્વધરો ગણધરજ્ઞાન, કેવલજ્ઞાન, શ્રુતજ્ઞાન, યુગજ્ઞાન અને પૂર્વજ્ઞાનના આંશિક અંશો અર્પે છે.

એ જ ગુરુવર્યો પૂજ્યવર્યો તીર્થંકરપદપદવીના સગવડમય સગડ ખાતર વિશ્વશ્રેષ્ઠ વિશ્વેશ્વર, યોગેશ્વર, સર્વેશ્વર, સિદ્ધેશ્વર, પૂર્ણેશ્વર, શૂન્યેશ્વર, દિવ્યેશ્વર, જ્ઞાનેશ્વર અને લોકેશ્વર.

ભદ્રેશ્વર, લક્ષેશ્વર, રક્ષેશ્વર, અક્ષેશ્વર, સ્થૂલેશ્વર, સૂક્ષ્મેશ્વર, પ્રાણેશ્વર, સ્વરેશ્વર અને ધનેશ્વર.

રાજેશ્વર, નરેશ્વર, શસ્ત્રેશ્વર, અસ્ત્રેશ્વર, ચક્રેશ્વર, જપેશ્વર, પરમેશ્વર, ભોગેશ્વર અને આત્મેશ્વર.

ભૂતેશ્વર (પંચભૂત), શુક્રેશ્વર, રજેશ્વર, પાતાલેશ્વર, ભૂમેશ્વર અને ત્રયેશ્વર તેમજ

ત્રયેશ્વરી, પંચેશ્વરી, ષષ્ટેશ્વરી, સપ્તેશ્વરી, અષ્ટેશ્વરી અને નવેશ્વરી સમી શક્તિઓને આત્માના આત્મપ્રદેશોમાં અધિષ્ઠિત કરે છે.

ગુરુવર્યોદત્તપ્રદત્ત વિશ્વેશ્વર, યોગેશ્વર, સર્વેશ્વર, સિદ્ધેશ્વર, રાજેશ્વર જેવી તીર્થંકર નામકર્મ નિકાચનના પગપગેરાની પગેરી શક્તિઓ વિશ્વવિશ્વેશ્વર, યોગ યોગેશ્વર, સર્વસર્વેશ્વર, સિદ્ધસિદ્ધેશ્વર, રાજરાજેશ્વર જેવી તીર્થંકરપદ વિધાતા દાતા શક્તિઓમાં પરિણામે છે.

અરિહંતોના અનુગ્રહ ગ્રહિત પરિગ્રહિત તીર્થંકર, અરિહંત, અર્હત, ભગવત્ શક્તિઓ તીર્થંકરપદ વિધાતા શક્તિઓના વ્યાપકતમ વ્યાપોએ વ્યાપે છે.

સાથોસાથ સ્વરોદાયાની સ્વરસિદ્ધ, દ્રષ્ટાસ્રષ્ટાની દર્શન સર્જન સિદ્ધિ પરમાત્માઓની પરોપકૃતિઓ, પંચ પરમેષ્ઠિના એકસો આઠ ગુણોની આત્માવસ્થાઓ તેમજ કરુણાભાવ, મૈત્રીભાવ, ભક્તિભાવ, કૃપાભાવ, શરણભાવ, આત્મભાવ, પરમાત્માભાવ, આત્મોપમ્ય ભાંવ જેવા ભાવોના સ્વભાવપ્રભાવો તીર્થંકરત્વના પગપગેરાને પકડે છે.

જોડાજોડ અતાગ કરુણાની અગાધ વૃષ્ટિઓએ આત્માના આઠ રુચક પ્રદેશો સર્વ જીવાત્માઓના આઠ રુચક પ્રદેશો સાથેના બલિષ્ઠ બલિષ્ઠતમ બંધબંધનોબદ્ધ તીર્થંકરપણાના પગપગરેને પગલે પગલે ચાલે છે.

ચાર શરણા, દુષ્કૃતગર્હા અને સુકૃત સેવન આત્માના તથાભવ્યત્વતાના પરિપાક કરે છે તેમ દેવગુરુ પ્રદત્ત પ્રભૂતિ વિભૂતિઓ થકી વરબોધિના વિપાક પરિપૂર્ણતયા વિકસે છે. તીર્થંકર નામકર્મ-નિકાચનાની નિરપવાદિક નિયત નિયતિને નિર્મે છે.

આત્મપ્રદીપની પ્રદીપ્ત દીપ્તિઓ દિવ્યતમ દેદીપ્યમાનતાના ચરમ શિખરને સર કરે છે. આત્માની દેવભૂમિ પર તીર્થંકર નામકર્મ નિકાચનના દૈવી પ્રાસાદ મધ્યે દિવ્યપ્રસાદીભૂત દેવાધિદેવની ભાવી પદવીનું અમોઘ રત્ન સર્વોચ્ચ આત્મા પ્રભાવિભાઓએ ઝળહળે છે.

દેવગુરુદેવભૂત દેવપદ ગુરુપદ શિષ્યપદને તીર્થંકરપદના અભીષ્ટ અભીપ્સાઓને અભિષેકે છે.

કાળધર્મે દેવલોકના દેવ તરીકે જીવન જીવે છે.

❑

# ૭

# તીર્થંકરપદ પદવીયોગ

તીર્થંકર નામકર્મ નિકાચનાએ જ ત્રીજા તીર્થંકર ભવના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ અને નિર્વાણ નિયમા નિયતિ નિયત છે. એકેએક ક્રમબદ્ધ કાલબદ્ધ છે.

બીજા ભવના જીવનાવસ્થાના વિસર્જને ત્રીજા ભવના ચ્યવનાવસ્થાના સર્જન, ચ્યવનાવસ્થાના વિસર્જન સાથે જન્માવસ્થાના સંસર્જન, અસંયમાવસ્થાના વિસર્જનથી સંયમાવસ્થાના સુસર્જન, અજ્ઞાવસ્થાના વિસર્જન થકી સર્વજ્ઞાવસ્થાના નવસર્જન તથા સયોગાવસ્થાના વિસર્જને અયોગાવસ્થાના શાશ્વત સર્જન કર્મકર્મિત છે.

એકેક કલ્યાણકની અશુદ્ધિમાંથી વિશુદ્ધિ તરફની આત્મિક ઉત્તરોત્તર ઉત્કૃષ્ટઉષ્કૃષ્ટતર ઉત્કર્ષતાઓ અને અપૂર્ણતામાંથી પૂર્ણતા પરિપૂર્ણતા પ્રત્યેની પરમાત્મત્વાઓ કાલકાલિત છે.

પાંચમાંથી ચોથી આયુષ્યાકાલીન કૈવલ્યાવસ્થા વિશ્વોદ્ધારક અને પાંચમી શાશ્વતકાલીન સિદ્ધાવસ્થા વિશ્વોપકારક વંદનવંદનાઓ વંદનાવંદિત વંદનાવાદિત છે.

### ૧. ચ્યવન કલ્યાણક યોગ

બીજા ભવને અંતે તીર્થંકર નામકર્મ નિકાચક દેવાધિદેવનો દિવ્યાત્મા પૂર્વ નિશ્ચિત ક્ષેત્રે ત્રણત્રણ વર્ણવલયોએ ચ્યવે છે. ગર્ભાશયની ગંધારી અંધારી કોતરે ઊતરે છે. બદબૂઓથી બખોલ બદબદે છે.

ત્રણ વર્ણગત વર્ણના પીત્ત, શ્વેત અને રક્ત વર્ણ અનુક્રમે મતિ, શ્રુત અને અવધિજ્ઞાનની સિદ્ધિસિદ્ધ છે. ત્રણ વલય અંતર્ગત મૂલાધાર, સ્વાધિષ્ઠાન અને મણિપુર ચક્ર ક્રમશ: અર્થની અર્થકતાશૂન્ય, કામની કામુકતાઓશૂન્ય તથા તમસ રજસશૂન્ય અને સત્ત્વની સાત્ત્વિકતાપૂર્ણ છે.

આત્માના ગર્ભવાસવાસિત સુવાસિત પ્રવાહો માતાના સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર સૂક્ષ્મતમ દેહો તેમજ સ્થૂલ સૂક્ષ્મ મન સમેત આત્મ પ્રદેશોમાં ફૂલની ફોરમ જેમ ફેલાય છે. સાતેસાત પદાર્થો પૂર્ણપણે પ્રમોદિત તથા ગર્ભગર્ભિત અશુચિઓ સુશુચિઓના પરિવર્તિત થાય છે.

પુષ્પોના પમરાટો પેઠે પવિત્રતાના પ્રવાહો સૂક્ષ્મ મન (sub-conscious mind)માં પ્રસરે છે. મનસ સૃષ્ટિમાં દિવ્યાતિદિવ્ય ચૌદચૌદ સપનોની અલૌકિક સ્વપ્નસૃષ્ટિ સર્જે છે. જાગૃત અને નિદ્રા મધ્યની તન્દ્રાવસ્થાએ જીવંત દૃશ્ય જેમ એકેકા સ્વપ્ને અનુપમ આનંદ અનુભવે છે.

તન્દ્રાવસ્થામાંથી જાગૃતાવસ્થામાં સંચરે છે. પતિરાજ પ્રતિ સંસરે છે. પતિદેવ સળવળાટોથી આંખો ખોલે છે. દેવાર્ય આર્યાને નિકટતર નિહાળે છે.

દૃશ્યેદૃશ્ય તાદૃશ વર્ણનોએ વર્ણવે છે. સકલ સૃષ્ટિને જિનરાજના જન્મજનેતા જેવા મંગલ વધામણાઓથી વધાવે છે.

ગર્ભાવસ્થાની સંસ્થિરતા સાથે જ આત્મપ્રદેશોમાંથી એક સૂક્ષ્મબિંદુ ઉદ્ભવે છે. જલાશયમાં કાંકરી કાંકરાના ક્ષેપનથી જલના અંતિમ પ્રવાહ લગી જલતરંગો સંસ્તરે છે. એ ન્યાયે તેજસ્વી બિંદુના પ્રકાશિત પ્રવાહો વિસ્તૃતવિસ્તૃતતર વર્તુલોએ વિસ્તરે છે. ચૌદ રાજલોકના ઊંચામાં ઊંચાથી નીચામાં નીચા પ્રદેશો પર્યંત પ્રસ્તરે છે.

પ્રકાશના પૂંજો ત્રણેય લોકને અજબ અજવાળાઓથી આંજે છે. પૂંજોની પ્રભાવિભાઓના સ્પર્શ પ્રભાવોએ નારક, તિર્યંચ, માનવ અને દેવ સમી અખિલ પંચેન્દ્રિય જીવસૃષ્ટિ સમેત ગર્ભાવાસથી નિયત પ્રદેશ પ્રસ્થિત ચારેન્દ્રિયથી એકેન્દ્રિયમય જીવસૃષ્ટિ સુખાનંદ પામે છે.

એકેન્દ્રિય જીવયોનિમાંના પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિના જીવો ક્રમાનુક્રમે ધીમાધીમા શ્વાસોશ્વાસ, મંદવેગી વહનો, અગનજ્વલનની ઉપશાંતતાઓ, સમગતિના વાયરાઓ તથા ધીરાંધીરાં ડોલનો વાટે પોતપોતાની આગવી રીતે આનંદની અભિવ્યક્તિઓ વ્યક્ત કરે છે.

તીર્થંકર નામકર્મના નિકાચનને ભવે પરમાત્માના આત્માના આઠ રુચક પ્રદેશોએ તમામેતમામ આત્માઓના આઠ રુચક પ્રદેશો સાથે અતૂટ સંબંધ સંસ્થાપ્યો હતો. તેના નાતે એકેકા કલ્યાણકારી કલ્યાણકે અખિલ જીવસૃષ્ટિ અનોખા આનંદ વડે અનેરી કૃતજ્ઞતા દર્શાવે છે.

પ્રકાશની પ્રભાવિભામય પ્રગાઢ સ્પર્શનાઓને પ્રભાવે સૌધર્મેન્દ્રનું સિંહાસન કમ્પે છે. અવધિજ્ઞાનના વિજ્ઞાને વિભુપ્રભુ ચ્યવનથી વિજ્ઞાત થાય છે. ભગવાનને

શકેન્દ્ર ભક્તિભાવે શક્રસ્તવથી સ્તવે છે.

સામાન્યત: ગર્ભગત જીવાત્મા પ્રવેશકાળથી જ નિરપવાદે દુ:ખપૂર્વક અવળે મસ્તકે લટકે છે કિંતુ દેવાધિદેવનો દિવ્યાત્મા પરમ પુન્યોદયે સુખપૂર્વક સવળે મસ્તકે મટકે છે.

ચ્યવનને ધર્મેકર્મે મૂલાધાર, સ્વાધિષ્ઠાન અને મણિપુર ચક્રનાં શુદ્ધીકરણો તથા મતિ, શ્રુત અને અવધિ જ્ઞાનનાં સિદ્ધીકરણો કૈવલ્ય પર્યંત યથાસ્થિત સ્થિતિએ અવસ્થિત રહે છે. અવસર અનુસાર અવધિજ્ઞાનના ઉપયોગો કરે છે.

## ૨. જન્મ કલ્યાણક યોગ

દેહસર્જનની ક્રિયાપ્રક્રિયાઓનું મૂળ ઉદ્દ્ગમ સ્થાન નાભિપ્રદેશ છે. કાર્મણ વર્ગણાઓ અને આહાર ગ્રહણાઓ થકી દિવ્યતા નાભિપ્રદેશે ક્રમશ: સૂક્ષ્મ દોરી અને સ્થૂલ દોરાને રચે છે. સૂક્ષ્મ દોરડી સૂક્ષ્મ સૂક્ષ્મતર સૂક્ષ્મતમ દેહો સમેત સૂક્ષ્મ મનના તથા સ્થૂલ દોરડા સ્થૂલ મન તથા દેહના ઘાટઘૂંટોને ઘડે છે. નવનવ માસના પૂર્ણ કાળે દેવાત્મા દિવ્ય દેહને સર્જે છે.

માતૃકુક્ષિના નવનવ માસને નિવાસને અંતે શુભાતિશુભ દિનમય સૂર્યાસ્ત સૂર્યોદય મધ્યની મધરાતે મંગલાતિમંગલ જયવિજય દાતા જય મુહૂર્તની વિજય પળે કલ્યાણાતિકલ્યાણકારી ગ્રહયોગોએ પ્રભુ પ્રશાંતિપૂર્વક પ્રસવ પામે છે. રુધિર ઓર જેવી ગંદી ગંદકીરહિત ધર્મચક્ર ચક્રવર્તી જન્મે છે.

નિયમત: પ્રસવ પ્રસંગે નવજાત બાળક ભીંસાયપિસાય ચિસાય છે, પરંતુ અપૂર્વ પુન્ય પ્રભાવે નૂતન જન્મિત જિનવરજી ભીંસાણ, પિસાણ, ચિસાણોની વ્યથાવેદના વિહીનતાએ જનમે છે.

પ્રભુની પ્રભુતાના પ્રભાવે જન્મતાંવેંત જ ચોસઠ અધિકારી દેવીઓનાં આસનો કમ્પે છે. અવધિજ્ઞાનના અવબોધે પ્રભુ પ્રસવથી પ્રજ્ઞાત બને છે. વાયુવેગી વિમાને ઊડે છે. સમયસર ક્રમસર પ્રસૂતિગૃહે પ્રવેશે છે.

માતાપુત્રની સંબંધિત નાભિનાળને નિયુક્ત અધિકૃત દેવી દૈવી શાસ્ત્રાસ્ત્ર વડે યુક્તિપ્રયુક્તિપૂર્વક છેદે છે. સંયુક્ત દેહોને વિયુક્ત કરે છે. સુષુમ્ણા સ્વરના આત્મદ્રવ્યમય આકાશ તત્ત્વના પહેલા પૂરક પ્રાણાયામે સ્વતંત્ર જીવનતંત્રને આરંભે છે.

પહેલા જ શ્વાસે છાતી મધ્યના નીલવર્ણીય અનાહત ચક્રસ્થ શ્રીવત્સમાંથી એક તેજસ્વી બિંદુ ઝળકે છે. સ્પવન કલ્યાણક જેમ ત્રણ લોકમાં પ્રકાશના પથરાટ અને પંચેન્દ્રિયથી એકેન્દ્રિયમય જીવોના સુખવાટ ઝમકે છે.

સૂતિકા કર્મની આદરણીય ક્રિયાઓને અંતે ચોસઠ દેવીઓ જેમ ચોસઠ દેવેન્દ્રોનાં સિંહાસનો કમ્પે છે. અવધિ જ્ઞાનના જ્ઞાનયોગે જિનવરજીના જનમને જાણે છે. સૌધર્મેન્દ્ર વિશાળ વિમાન વાટે પ્રસૂતાના સૂતિકા સ્થાને આવે છે. જનેતાની પરવાનગીથી નવજાત પ્રભુને મેરુગિરિએ લાવે છે. સાથોસાથ અન્ય ત્રેસઠ ઇન્દ્રિય એ ગિરિવર પર ઊતરે છે.

જિનભક્તિ થકી પૂજ્યતમ પૂજનોએ પૂજે છે. ભક્તિભાવના મહા મહાલોએ મહાલે છે. નંદીશ્વર દ્વીપ સમા પ્રકૃષ્ટ પ્રભાવક તીર્થસ્થાનોએ ભક્તિઓની ઉત્કૃષ્ટ ઉષ્કૃટતર ઉત્સાહોએ ઉજવણીઓ ઊજવે છે. લખલૂટલહાવો લૂંટે છે. માતાને પુત્ર તરત પરત કરે છે.

ત્રણત્રણ જ્ઞાનો અને ચક્રોની આત્મશુદ્ધિઓએ ભગવાન ચ્યવે છે તેમ ચોથા અનાહત ચક્રની આત્મશુદ્ધિએ જન્મે છે, એના સાબૂત સબૂત તરીકે અનાહતચક્રે મહા મહિમાવંત અને પ્રકૃષ્ટ પ્રભાવવંત શ્રીવત્સ ચમકચમક ચમકારાઓએ ચમકે છે.

અનાહત ચક્ર આંતરશુદ્ધિ, આંતરસિદ્ધિ, આંતરશ્રવણ, આંતરદર્શન, આંતરસ્પર્શન અને આંતરશોધન સમી આંતરિક શક્તિઓ તેમજ અંતરનાદ, અનાહતનાદ, બ્રહ્મનાદ, આત્મનાદ સમી નાદ શક્તિઓ સિદ્ધિ સિદ્ધ છે. આવી અવનવી સંપન્નતાઓએ પરમેશ્વર પૃથ્વી પર પધારે છે. "શ્રી મહાવીરસ્વામી ભગવાનના જન્માક્ષર"નું લેખન અત્રે આવે છે.

ઉંમર ઉંમરને ઉંબરે મતિ, શ્રુત અને અવધિજ્ઞાન સમેત મૂલાધારાદિ ચાર ચક્રોને સથવારે ગૃહસ્થ ધર્મની મર્યાદિત મર્યાદાઓ વચ્ચે સંગીન સાધનાઓને સંગીન્નતાપૂર્વક સાધે છે.


ભક્તિયોગની ભક્તિસિદ્ધિઓ, મુદ્રાયોગની મુદ્રાસિદ્ધિઓ, પ્રાણાયામની પ્રાણસિદ્ધિઓ, નાડીયોગની નાડીસિદ્ધિઓ, સ્વરયોગની સ્વરસિદ્ધિઓ, તત્ત્વ યોગની તત્ત્વસિદ્ધિઓ, મંત્રયોગની મંત્રસિદ્ધિઓ, જપયોગની જપસિદ્ધિઓ અને લયયોગની લયસિદ્ધિઓ સાથોસાથ જ્ઞાનયોગની જ્ઞાનસિદ્ધિઓ અને કર્મયોગની કર્મસિદ્ધિઓ સરળતા સફળતા સાથે સાંપડે છે.

સરવાળે સ્થૂલ સૂક્ષ્મ દેહ, મન અને પંચેન્દ્રિયોની શુદ્ધીકરણો સિદ્ધીકરણો લાધે છે.


કર્મયોગે સાધના યોગની યોગાવલિઓ વચ્ચે ભોગયોગની ભોગાવલિઓ ઘૂસે છે. યોગાવલિઓ અને ભોગાવલિઓ સાથે રાજયોગના પુન્યયોગે રાજ્યારુઢ બને છે.

## શ્રી મહાવીરસ્વામી ભગવાનના જન્માક્ષર

પ્રસિદ્ધ જન્માક્ષર




નૂતન જન્માક્ષર




ભગવાન નવ ગ્રહોની ઉચ્ચ અવસ્થાએ જન્મે છે એવા શાસ્ત્રવચન છે. કેન્દ્રત્રિકોણ સ્થાન ઉચ્ચ સ્થાનો છે. પ્રસિદ્ધ જન્માક્ષરમાં નવેનવ ગ્રહો કેન્દ્રત્રિકોણમાં છે. શાસ્ત્રવચનને સાચાં ઠેરવે છે.

જ્યોતિષશાસ્ત્રમાં સારાવલી નામક એક પ્રાચીન પ્રમાણભૂત ગ્રંથ છે, તેમાં પરસ્પર કારકત્વ યોગ નામનો અસાધારણ યોગ આલેખિત છે. કેન્દ્રસ્થ ઉચ્ચ કે સ્વગૃહી ગ્રહો તેમજ તે ગ્રહ સાથે યુતિગત ગ્રહગ્રહો પરસ્પરના પૂરક અને કારક બને છે. ઉચ્ચ ગ્રહ સમાન ફળ આપે છે. આવો એનો ફલાદેશ છે.

પ્રસિદ્ધ જન્માક્ષરમાં મંગળ, સૂર્ય, ગુરુ અને શનિ એમ ચાર ગ્રહો ઉચ્ચના છે. પહેલા ત્રણ ગ્રહો સાથે અનુક્રમે કેતુ, બુધ ને રાહુ યુતિયુત છે. આ દૃષ્ટિએ સાત ગ્રહો ઉચ્ચ ફલદાતા છે.

ચન્દ્ર રાહુના સ્વરાશિ પરિવર્તન યોગથી ચન્દ્ર સપ્તમસ્થ ગુરુ સાથેના સંબંધથી પરસ્પર કારકત્વ યોગ સાથે જોડાય છે. આ અપેક્ષાએ આઠ ગ્રહો ઉચ્ચ અગર ઉચ્ચ સમાન છે. નવમો ગ્રહ શુક્ર ત્રિકોણમાં સ્વગૃહી છે. કેન્દ્ર ત્રિકોણસ્થ ગ્રહો તરીકે નવેનવ ગ્રહો ઉચ્ચ સ્થાનો તેમજ સ્વ અગર ઉચ્ચ રાશિઓએ ઉપસ્થિત છે. શાસ્ત્ર વચનને સાચાં ઠરાવે છે.

નૂતન જન્માક્ષર અનુસાર મંગળ, શુક્ર, સૂર્ય, ગુરુ અને શનિ એમ પાંચ ગ્રહો ઉચ્ચના છે. રાહુ સાથેના સ્વરાશિ પરિવર્તને યોગથી ચન્દ્ર કેન્દ્રસ્થ સ્વગૃહી થાય છે. બુધ અને ચન્દ્રના ઉચ્ચ રાશિ પરિવર્તન યોગથી બેય ઉચ્ચના બને છે. આ રીતે સાતેય ગ્રહો ઉચ્ચ રાશિઓની અવસ્થાઓએ અવસ્થિત છે.

સારાવલી ગ્રંથના પરસ્પર કારકત્વયોગને યોગે રાહુ અને કેતુ ઉચ્ચ સમાન ફળ આપે છે. આ રીતે નવેનવ ગ્રહો ઉચ્ચના ગ્રહો ઉચ્ચ જેવા ફળ આપે છે.

આ રીતે નવેનવ ગ્રહો ઉચ્ચના ગ્રહો સમાન ફલદાતા છે.

પ્રસિદ્ધ તેમજ નૂતન જન્માક્ષરોનાં ચારેચાર કેન્દ્રમાં એકેક ઉચ્ચ ગ્રહ ચતુરસ્ત્ર નામનો એક મહાયોગ સર્જે છે. એ દિગદિગંત વ્યાપી કીર્તિયોગ અર્પે છે.

## ૩. દીક્ષા કલ્યાણક યોગ

નિયતિ નિયત દીક્ષાદિનના શેષ એક વર્ષીય કર્મકાળે ભગવાનનાં ભોગાવલી કર્મો સમૂળ નિર્મૂળ થાય છે. અંતઃ મુહૂર્ત કાળ આત્મપ્રદેશોમાં અનેરા આનંદના એકધારા પ્રવાહો વહે છે.

યોગસાધનાસિદ્ધ સિદ્ધિઓ અને અનાહત ચક્ર લબ્ધ લબ્ધિઓ ભોગાવલી કર્મક્ષયની ગરવી ગવાહીઓ ગાય છે. પ્રેરણાઓ સ્પષ્ટ સ્ફુરણાઓ, નાદો સૂરીલા સૂરોએ દર્શનો સચિત્ર ચિત્રાવલિઓએ પ્રત્યક્ષ પુરાવાઓ પૂરે છે.

અબ્રહ્મશૂન્ય પરમ બ્રહ્મયોગની ચરમ બ્રહ્મત્વતાઓએ નવેનવ લોકાંતિક દેવોનાં આસનો એકસાથે સળવળે છે. અવધિજ્ઞાન વડે ભગવંતનાં ભોગાવલી કર્મોના સર્વથા ક્ષયથી વિજ્ઞાત બને છે. આચારકલ્પે સત્વરે પ્રભુ પાસે પહોંચે છે. પરમ કૃપાળુ પરમાત્માને તીર્થ પ્રવર્તનાર્થે પ્રાર્થે છે.

ભોગાવલી કર્મના વર્તમાનકાલીન અને ચારિત્રાવરણીય કર્મના ભવિષ્યકાલીન સર્વકર્મક્ષયમય એક સાલકાલના આંતરથી વાકેફ થાય છે. કલ્પકર્મે સાંવત્સરિક દાનકર્મના-દાનધર્મના એકધારા અનરાધાર દાન દે છે.

ભોગાવલી કર્મક્ષયની માંગલિક પ્રાથમિક વાર્ષિક તિથિનો મહામંગલભૂત દીક્ષાદિન ઊગે છે. અગણ્ય માનવગણ ઉમંગભેર ઊમટે છે. સહુના હૈયેહૈયા હરખભેર હરખે છે. દિવ્યાતિદિવ્ય વરઘોડો ભવ્યાતિભવ્ય ઝલકોએ ઝલકે છે. સોહામણા મોહામણા ઉપવને ઊતરે છે.

શિબિકા અશોક વૃક્ષ તળે અટકે છે. દેવદેવેન્દ્ર એને રવાનગીની પરવાનગી આપે છે. પ્રભુ એ જ સ્થાને ઉપસ્થિત રહે છે. પ્રવજ્યાની પાવનાતિપાવન ક્રિયાપ્રક્રિયાઓને આદરભેર આદરે છે.

સર્વ વસ્ત્રાભૂષણોને સર્વથા પરિતજે છે. પંચ મુષ્ટિ વડે કેશોને લૂંચે છે. નમો સિદ્ધાણં પદથી શ્રી સિદ્ધ ભગવંતને નમસ્કારે છે. સંયમસૂત્રથી મહા સામાયિક ઉચ્ચરે છે. સકલ સાવધયોગોના જીવજજીવ પ્રત્યાખાનોને પ્રતિજ્ઞાપૂર્વક પરિગ્રહે છે. એ સાથે જ ચારિત્રાવરણીય કર્મ સમૂલ ઉન્મૂલન પામે છે.

ચારિત્રાવરણીય કર્મના ક્ષયે વિશુદ્ધ, આજ્ઞા અને મનસ ચક્રના સંપૂર્ણ શુદ્ધિસિદ્ધીકરણો સાધે છે. પરિણામે અનુક્રમે વિશુદ્ધ સંયમ યોગ, એકાંતિક

અનેકાંતિક આજ્ઞાયોગ અને મન: પર્યવજ્ઞાનનો મનોજ્ઞયોગ લાધે છે.

લલાટ મધ્યે મન: પર્યવ જ્ઞાનના સાક્ષાત્ સાક્ષીભૂત સૂક્ષ્મતર તેજસ્વી બિંદુ ઝગઝગે છે. કેવલ કેવલી ભગવંતો અને મહાયોગી પુરુષોને જ પ્રત્યક્ષ પ્રગટ બને છે.

મન:પર્યવજ્ઞાનમય નિર્વિકારી વિભુ વિવસ્ત્રાવસ્થાએ જ વિવિધ દેશવિદેશોએ વિચરે છે, સંયમનિર્વાહના વાહન વાસ્તે જ ગોચરી વહોરે છે. ઘાતીકર્મના ઘાતપ્રતિઘાતસમા એકમેવ લક્ષે જ તપ, જપ, ધ્યાન જેવી આરાધનાઓમાં નિશદિન નિતાંત નિરત રહે છે.

ગૃહસ્થાવસ્થાની વિશેષવિશેષતર યોગસાધનાઓની સિદ્ધિઓ જેમ છદ્મસ્થાવસ્થાએય વિશેષ વિશેષતર યોગસાધનાઓની સૂક્ષ્મ-સૂક્ષ્મતર સિદ્ધિઓ ઊપજે છે.

સાધનાકાળ દરમિયાન દીક્ષિતાવસ્થાની દિગમ્બરાવસ્થાએ અપેક્ષિત શુદ્ધિસિદ્ધિઓ આડે કર્માવરણથીય અધિક વિઘ્નભૂત વસ્ત્રની પરિગ્રહાવસ્થા અને અધિકતર વિક્ષેપભૂત દેહની મમત્વાવસ્થાઓ છે એની પ્રત્યક્ષ પ્રતીતિઓ પામે છે.

મૂલકંદના નાડી સંસ્થાનસંસ્થિત પાંચેય સૂક્ષ્મ સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરેન્દ્રિય અને શ્રોતેન્દ્રિયની શુદ્ધિઓ થકી સૂક્ષ્મ સ્પર્શના, રસના, ઘ્રાણના, દર્શના અને શ્રવણા સમેત પાંચેપાંચના વિષયવિજ્ઞાનતાની સિદ્ધિઓ સાંપડે છે.

એક ઇન્દ્રિયની મદદથી અન્ય ચારેચાર ઇન્દ્રિયોનાં કાર્યોની લબ્ધિઓ લાધે છે.

મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા અને મનસચક્રની શુદ્ધિઓ દ્વારા ક્રમાનુક્રમે પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, તપસ અને મનસ તત્ત્વની સિદ્ધિઓ સિદ્ધ થાય છે.

એક તત્ત્વને અન્ય તત્ત્વમાં પલટાવવાની તત્ત્વ પરિવર્તન શક્તિ ઉદ્ભવે છે.

પૃથ્વી વગેરે પાંચ તત્ત્વોના પ્રભુત્વને પ્રભાવે સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર દ્રવ્યોના જ્ઞાનદર્શનની શક્તિઓ તેમજ તપસ મનસ તત્ત્વની શક્તિઓથી જગતના જીવાત્માઓના સ્થૂલ, સૂક્ષ્મ અને સૂક્ષ્મતર દેહો પરના અંકુશો મળે છે.

સાતેસાત ચક્રોનાં સંપૂર્ણ શુદ્ધિસિદ્ધીકરણો થકી સ્થૂલ, સૂક્ષ્મ અને સૂક્ષ્મતર અર્થાત્ ઔદારિક, તેજસ અને મનસ દેહ પર પ્રભુત્વ પામે છે.

સાતેસાત ચક્રો પરના પ્રભુત્વને પ્રભાવે ત્રિકાળ અને ત્રિલોકનાં જ્ઞાનદર્શનોની લબ્ધિઓ વરે છે.

પુન્યયોગોએ અન્ય અનન્ય સાધનાસિદ્ધિઓ સિદ્ધ બને છે.

ઉપરાંત દેવ, માનવ અને તિર્યંચોકૃત પરીષહો ઉપસર્ગોને સમભાવે સહે છે. શાતાવેદે વેદે છે.

વાર્ષિક દાન અને દીક્ષા ગ્રહણની એક જ તિથિમિતિ એ ચારિત્ર ધર્મનો નિયમબદ્ધ કલ્પયોગ છે એ લક્ષમાં લેવું ઘટે છે.

## ૪. કેવલ કલ્યાણક યોગ

છદ્મસ્થાવસ્થાએ જ ભગવાન એકદા કોઈ વૃક્ષ નીચે કાઉસગ્ગ ધ્યાન ધરે છે. કર્મયોગે ક્ષપકશ્રેણિ માંડે છે. પહેલા પૃથકૃત્વ વિતર્ક સવિચાર શુક્લધ્યાને ધ્યાનની ધારા ચલવિચલતાએ અને બીજા પૃથકૃત્વ વિતર્ક પ્રવિચાર શુકલ ધ્યાને અચલ-અવિચલતાઓએ ચાલે છે.

આત્મધ્યાનની પૂર્ણતમ તદ્ગતતાએ સહસ્રાર ચક્રમાં સૂક્ષ્મતમ શક્તિઓ ઉત્પન્ન થાય છે. ઘાતીકર્મની સૂક્ષ્મતમ ગ્રંથિને ભેદે છે. એ સાથે જ મોહનીય કર્મના સર્વથા ક્ષયે વીતરાગ અવસ્થા પશ્ચાત્ અંત:મુહૂર્ત કાળે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મની ગ્રંથિઓનેય છેદે છે. આત્મસૃષ્ટિ કેવલજ્ઞાન, કેવલ દર્શન, યથાખ્યાત ચારિત્ર અને અનંત વીર્યની પરમાત્મ સૃષ્ટિ સર્જે છે.

દરમિયાન સહસ્ર દળ કમળનાં એક હજાર આઠ પર્ણો પૂર્ણપણે ઊઘડે છે. કમળ મધ્યના શ્વેતતમ વર્ણના પ્રકાશમય કેવલજ્ઞાનની દર્શનધારક બબ્બે દિવ્યતમ પ્રણવો પ્રકટે છે.

એક હજાર આઠ પાંદડાઓ અને પ્રણવ યુગલના દિવ્યતમ પ્રકાશના પૂંજો ક્રમાનુક્રમે સૂક્ષ્મતમ, સૂક્ષ્મતર, સૂક્ષ્મ તેમજ સ્થૂલ દેહ સહ નયન યુગલોમાંય પ્રસરે-છે. દેહ અને નયનોના દિવ્યાતિદિવ્ય ઓજતેજો દેદીપ્યમાન દીપ્તિઓથી દીપી ઊઠે છે. બાહ્ય અભ્યંતર મસ્તક પ્રદેશ ક્રાંતિકારી ચમત્કારી પરિવર્તનો થકી થોડા વિકસિત ઉપસિત થાય છે.

પ્રણવબેલડી અને સકલ સૃષ્ટિનું તથા સકલ સૃષ્ટિ અને પ્રણવબેલડીના જોડા અન્યોઅન્યના જ્ઞાનદર્શનના જોડણાઓએ જોડાય છે. દેવાધિદેવને અનંતાઅનંત કાળના અનંતાઅનંત દ્રવ્યોમાંના દરેકે દરેક દ્રવ્યના પ્રત્યેકે પ્રત્યેક પર્યાયના જ્ઞાનદર્શનની સમૃદ્ધતમ સમૃદ્ધિઓ સાંપડે છે.

સહસ્રદળ કમલની એક હજાર આઠ પાંખડીઓની પરિપૂર્ણ ખિલાવટો, મધ્યસ્થ પ્રતિષ્ઠિત બિંદુરહિતના પ્રણવોની અપૂર્વ મિલાવટો તથા કેવલજ્ઞાનદર્શની દિવ્યતમ બિછાવટો બિછાવે છે.

તરત જ તીર્થંકર નામકર્મનો વિપાકોદય પ્રાદુર્ભાવ પામે છે. ચાર મૂલ

અતિશય, અષ્ટ મહા પ્રતિહાર્યો, ચોત્રીસ અતિશયો અને સમોવસરણ સમેત પાંત્રીસ ગુણવાહી વાણીના આંતર બાહ્ય અલૌકિક ઐશ્વર્યો આવિર્ભાવ પામે છે.

અતિશયો એ પ્રભુના કલ્યાણકો પ્રભવિત પ્રકૃષ્ટતમ પ્રભાવભૂત પ્રચુર પ્રભાવનાઓ છે. ત્રણેય કલ્યાણકો જેમ ચોથા કેવલ કલ્યાણકેય અખિલ બ્રહ્માંડમાં પ્રકાશના ઉજાશ અને નિખિલ પંચેન્દ્રિય તથા મર્યાદિત ચારેન્દ્રિયથી એકેન્દ્રિય જીવો સુખાશ મેળવે છે.

શાસન સ્થાપના સંસ્થાપક દિવ્યદિવ્યતમ દ્રવ્યોને દેખે છે.

સાદના પ્રતિસાદ લેખે નવનવ સુવર્ણ કમળો પર પાદન્યાસપૂર્વક સમવસરણ તરફ ચાલે છે. કરોડો દેવતાઓ એમને અનુયાયીઓ તરીકે અનુસરે છે. તમામે તમામ વર્ગ ત્રણ ગઢમાંના એકેકા ગઉનાં દશ, પાંચ અને દશ હજાર પગથિયાઓ પ્રભુપ્રભાવે વિના કષ્ટે ચડે છે.

સમવસરણને પ્રદક્ષિણા, તીર્થને નમસ્કાર, રત્નજડિત સુવર્ણ સિંહાસને આરોહણ જેવા અરિહંત ભગવંતનાં આચરણોને આચરે છે.

દેવાધિદેવની દિવ્યતમ દિવ્યતાઓએ જ આબેહૂબ પ્રભુ જેવા જ ત્રણત્રણ દિશાએ ત્રણત્રણ દેહોને દેવો દૃશ્યમાન કરે છે.

કલ્પપાલને દિવ્ય દેશના દે છે. વિશ્વકલ્યાણકારી શાસનને સંસ્થાપે છે. એ સાથે જ પરિપૂર્ણ સંન્યસ્ત યોગીશ્વર સર્વજીવોના કર્મસંન્યાસના ન્યાસ વાસ્તે કટિબદ્ધ બને છે. કેવલજ્ઞાનદર્શન અનુસારી ક્ષેત્રોએ જીવાત્માઓના ઉત્થાન, પુનરુત્થાન, પરમોત્થાનનાં અભ્યુત્થાનોને બદ્ધલક્ષે વિહરે છે.

## ૫. નિર્વાણ કલ્યાણક યોગ

પરમ કૃપાળુ પરમાત્માનો આયુકાળ નિર્વાણ પ્રતિ પ્રયાણ કરે છે. વસમામાં વસમા વળામણા અને મંગલમાં મંગલ વધામણાઓની વેળા આવે છે. ફક્ત અંતઃ મુહૂર્ત આંતરનો કાલક્ષેપ જ વિક્ષેપિત છે.

પર્યંકાસન કે કાઉસગ્ગાસને ધ્યાન ધરે છે. દેહોત્સર્ગ કર્મોત્સર્ગ અંગેની પ્રવૃતિઓએ પ્રવૃત્ત બને છે.

ત્રીજા સૂક્ષ્મક્રિય અપ્રતિપાતી શુક્લ ધ્યાનને ધ્યાવે છે. બાદર કાયયોગથી બાદર વચનયોગ બાદ બાદર મનોયોગને નિરોધે છે.

સૂક્ષ્મ કાયયોગથી બાદર કાયયોગ બાદ સૂક્ષ્મ વચનયોગ અને સૂક્ષ્મ મનયોગનો નિરોધ કરે છે. સૂક્ષ્મ કાયયોગના થોડા જ પ્રદેશો જ માત્ર પલકપલક પલકારાઓએ પલકે છે. આત્માના અસંખ્યેય અસંખ્ય પ્રદેશો અડોલ બને છે.

ચોથા સમુચ્છિન્ન ક્રિય અપ્રતિપાતી શુક્લ ધ્યાન ધ્યાવે છે. શૈલેશીકરણના પાંચ હ્રસ્વ સ્વર પ્રમાણ કાળમાં જ બ્રહ્મરધ્રમાં સૂક્ષ્મ શક્તિ ઉત્પન્ન થાય છે. ઘાતી કર્મની સૂક્ષ્મતમ ગ્રંથિને મૂળથી નિર્મૂળ કરે છે. એ સાથે જ આત્માના સૂક્ષ્મ કાયયોગ સાથેના સંલગ્ન પ્રદેશો વિલગ્ન બને છે. કર્મમુક્ત આત્માની અનંતવીર્યની અનંત શક્તિ અનંત વેગ પકડે છે. ફક્ત એક જ સમયમાં લોકાંતે ઊતરે છે. સદેહાવસ્થામય પરમાત્મા વિદેહાવસ્થામય પરમાત્મા થાય છે. સયોગી કેવલી અયોગી કેવલી બને છે. શાશ્વતી શાશ્વત શાંતિવિશ્રાંતિ પામે છે.

એકેએક સિદ્ધ ભગવંતમાં અનંત જ્ઞાનદર્શન થકી વિશ્વ દર્શનના સર્વ સંસારી જીવાત્માઓ સ્વસમાન અનંત રત્નત્રયી અને અનંત સુખમયતાનાં જ્ઞાનદર્શન કરે છે. અસંખ્યે અસંખ્ય આત્મપ્રદેશોમાંથી સર્વ જીવમુક્તિમાં અવિરત પ્રકાશપૂંજો વિશ્વમાં પ્રસરે છે.

## યોગનિરોધનાં ગૂઢ રહસ્યો

શાસ્ત્રીય પરિભાષામાં મન, વચન અને કાયાને યોગ કહેવાય છે. યોગનિરોધ એ દેહવિયોગ કર્મવિયોગનો શાશ્વતકાલીન અયોગ છે.

યોગશાસ્ત્રની પરિભાષામાં કાયયોગ એટલે સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ દેહ અર્થાત્ ઔદારિક, તેજસ, મનસ અને કાર્મણ દેહ. વચન યોગ એટલે સ્થૂલથી સૂક્ષ્મતમ વૈખરી, મધ્યમા, પશ્યંતી અને પરા વાણી. મનોયોગ એટલે સ્થૂલ અને સૂક્ષ્મ મન.

સ્થૂલથી સૂક્ષ્મતમ કાયયોગના નાભિ, છાતી, કંઠ ને મસ્તિક પ્રદેશે, વાણીઓના ક્રમશઃ મુખ, કંઠ, છાતી અને નાભિ તથા સ્થૂલ સૂક્ષ્મ મનના ક્રમિક છાતી અને લલાટ પ્રદેશે સ્થાનો છે.

બાદર નિરોધ એટલે સ્થૂલ ઔદારિક દેહ, વૈખરી વાણી અને સ્થૂલ મનના, સૂક્ષ્મ નિરોધ એટલે સૂક્ષ્મ તેજસ દેહ, મધ્યમા વાણી અને સૂક્ષ્મ મન સાથોસાથ ક્રમાનુક્રમયા મનસદેહ અને પશ્યંતી વાણી તથા કાર્મણ દેહ, પરાવાણીના યોગિક ક્રિયાપ્રક્રિયાઓ થકી સ્થંભન.

સ્થંભન થકી સ્થૂલથી સૂક્ષ્મતમ મન, વચન અને કાયયોગના સર્વ વ્યાપારોના સર્વથા પરિસ્થંભન. મેરુ પર્વત પેઠે આત્માના અસંખ્યેઅસંખ્ય પ્રદેશોના ચૈતન્યશૂન્ય અવસ્થાઓએ અચલ અને અડોલ, નિષ્કંપ અને નિષ્કમ્પન.

અનંતની અંતિમ યાત્રાએ મન, વચન અને કાયશૂન્ય આત્મા શૈલેશીકરણ બાદ અનંત વીર્યની અનંત શક્તિ થકી અનંતની વાટે અનંત વેગ પકડે છે. એક સમયમાં સિદ્ધ શિલાના શાશ્વત સ્થાનસંસ્થાન પર ઊતરે છે.

સદેહ ભગવાન અદેહ અવસ્થાએ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર સાથે અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ, અનંત વીર્ય, અનંત સ્થિરતા, અનંત રૂપતા, અનંત અક્ષયતા, અનંત સુખતા અને અનંત અનંતતાના અનંત પતિપદે અર્થાત્ શાશ્વતપદે શાશ્વતી શાંતિ વિશ્રાંતિએ વિરાજે છે.

❑

૮

# પ્રાણપ્રતિષ્ઠા યોગ

પ્રતિમાઓમાં પાંચ કલ્યાણક, અંજન જેવા પવિત્રાતિપવિત્ર પદાર્થોની પ્રસ્થાપનાઓને પ્રાણપ્રતિષ્ઠાયોગ કહેવાય છે. મહામંગલકારી અને પરમ કલ્યાણકારી પારમાર્થિક પ્રયોગ છે. આત્મશુદ્ધિસિદ્ધિઓનો વૈશ્વિક શ્રેયાત્મક દિવ્યાતિદિવ્ય નિયોગવિનિયોગ છે. પ્રતિમાઓમાં દિવ્યતાઓની ભરણીઓ અને પવિત્રતાની પૂરણીઓનો પ્રસ્થાપનામય એક પ્રભાવભૂત યોગ પ્રયોગ છે.

પ્રતિમાઓના પ્રકાર, આકાર, પ્રમાણ, યોગાંગાદિ પ્રભવિત અને તીર્થંકરો, ગણધરો, કેવલીઓ, યુગપ્રધાનો, પૂર્વધરો તથા પરંપરામય આચાર્યપ્રવરો થકી પ્રભાવિત છે.

સિદ્ધસિદ્ધાંત પર સંશોધિત અને પ્રશસ્ત પરમ્પરાઓ પર પ્રશાતિત છે. પવિત્ર ક્રિયાપ્રક્રિયાઓ થકી પ્રવર્તિત અને પ્રાણપૂરક પદાર્થે થકી પ્રસ્તરિત છે. શુદ્ધ આચારયોગ પર આધારિત અને સિદ્ધ સાધના સિદ્ધિઓ પર પ્રસાધિત છે. અધિકૃત અધિકારીઓ વડે અધિષ્ઠિત અને પ્રકૃષ્ટ પ્રભાવકો વડે પ્રતિષ્ઠિત છે.

એકેકા મુદ્દા પરની મુદ્દાસર વિચારણાઓ રોચક અને રોમાંચક છે. આશ્ચર્યસર્જક અને આનંદવર્ધક છે.

## ૧. પ્રતિમા યોગ

પ્રતિમાઓ શિલ્પશાસ્ત્રાનુસારી નિયત આકાર પ્રમાણમય છે. અધો, મધ્ય અને ઊર્ધ્વ અવસ્થાઓની નિશ્ચિત મુદ્રામય છે.

મુખ્યત: ચરણ અંતર્ગત ચરણકમલ, હસ્ત પર પ્રસ્થિત હસકમલમય પદ્માસન સિદ્ધાસનોએ છે. મધ્ય દેહોએ ગાંભીર્યતામય નાભિઓ, ગુહ્ય ગહ્વરમય કંઠો, ગુપ્ત વહનવાહનમય શ્રીવત્સો, ગહન અવગાહનમય શિશ્નો છે. ઊર્ધ્વ દેહોમાં દિવ્ય તેજોમય ચક્ષુઓ, ભવ્ય ભવ્યતાઓમય ભાલો, મનમોહક મૌનમય અધર સંપુટો, અકળ કળાઓમય કર્ણો, રમ્ય રમ્યતાઓમય નાસિકાઓ અને અગમ્ય ગમ્યતાઓમય મસ્તિકો છે.

પ્રતિમાઓના અનેરા આકારો પરમ પવિત્રતાઓના દેવાધિદેવોની દિવ્યતમ દિવ્યતાઓના અને તીર્થંકરોની તારક તારકતાઓના અસંદિગ્ધ સંદેશાઓ સંદેશે છે. મૂર્તિઓની સૌમ્ય મુદ્રાઓ વીતરાગ, વીતદ્વેષ અને વીતમોહતાના તેમજ ક્ષપક શ્રેણી અને યોગનિરોધ અર્થાત્ શુક્લ ધ્યાનોના સ્પષ્ટ ઉપદેશો ઉપદેશે છે. જિનબિંબોનાં નિરાલાં રૂપસ્વરૂપો શાંત, પ્રશાંત અને નિશાંતના તેમજ નિર્લેપતા, નિર્મલતા અને નિર્વિકારતાના આદર્શ આદેશો આપે છે. પર્યંકાસન, સપરિકર અને કાઉસગ્ગધારી મૂર્તિઓની આકૃતિઓ અનુક્રમે ધ્યાન, પંચકલ્યાણક અને કાયોત્સર્ગની પાઠમાળાઓના પાઠો પાઠવે છે. પ્રગલ્ભ પ્રશમતાઓ અને પ્રસન્નતાઓની પ્રશસ્ત પ્રશસ્તતમ બક્ષિસો બક્ષે છે. ચક્ષુઓ શ્વેતપીતવર્ણીય કૃપાકરુણાઓના કિરણોની નખશિખ શીખો શીખવે છે.

સામાન્યત: પ્રાણપ્રતિષ્ઠારહિત જિનબિંબોનાં આવાં છે પ્રતિભાભૂત અપ્રતીમ પ્રતિબિંબો.

પ્રાણપ્રતિષ્ઠાઓ જ નિષ્પ્રાણ પ્રતિમાઓમાં પ્રાણ પૂરે છે. આવા પ્રતિમાઓની અપ્રતિહાર્ય પ્રતિભાવો શબ્દોથી શબ્દાતીત છે. પ્રભુના અપ્રતિહત પ્રભાવોની કથનીઓ કથનાતીત છે. એ કેટલેક અંશે ગુરુગમ્ય અને સર્વાંશે કેવલગમ્ય છે.

આથી જ અનાદિ કાળથી આધ્યાત્મિક ક્ષેત્રમાં પરમાત્માઓની પ્રતિમાઓના અનુપમ નિરુપમ અને અનુત્તર નિરુત્તર સ્થાન સંસ્થાન છે. શ્રમણશ્રમણીઓ તથા શ્રાવકશ્રાવિકાઓને માટે દિવ્યતમ દેવાલય નિર્માણોના અવ્વલ અવસ્થાન છે.

એમના નામનામાવલિઓ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોએ અંકિત છે.

વીર પ્રભુની પરમ્પરામય આર્ય સુહસ્તિસૂરીશ્વરજીના ઉપદેશથી સંપ્રતિ મહારાજાએ સવા કરોડ જિનબિંબો અને સવા લક્ષ જિનાલયોનાં નિર્માણ કર્યાં હતાં. આ એક ઐતિહાસિક અવિસ્મરણીય વિસ્મયકારક ઘટના છે. એમની પ્રભુભક્તિને કોટકોટાન પ્રણામ કરીએ.

નિશ્ચયતયા પ્રતિમાઓ પ્રાચીનાતિપ્રાચીનકાલીન છે. દાર્શનિક અને પૂજનિક યાને અંજનવિધિવિહીન અને અંજનાવિધિવિહિત એવા બે મુખ્ય ભેદો છે.

બાહ્ય ત્રણ દીવાલો પરથી એકેકી દાર્શનિક મંગલમૂર્તિ દેવાલયના વિઘ્નવિનાશ વાસ્તે તથા ગર્ભગૃહગત પૂજનિક મૂર્તિઓ આરાધકોના આત્મિક મંગલ માંગલ્ય માટે છે.

અરિહંત અને સિદ્ધ ભગવાનોની પૂજનિક પ્રતિમાઓના બબ્બે વિભેદો

છે. એકેકના પર્યંકાસન અને કાઉસગ્ગાસનના બેબે પેટાભેદો છે. પર્યંકાસનમય અર્ધ યા પૂર્ણ પદ્માસન-સિદ્ધાસનના તથા કાઉસગ્ગાસનમય ઉતિષ્ઠ મુલદ્રાઓએ ઉપસ્થિત છે.

જ્ઞાનીધ્યાની યોગીઓના જ્ઞાનધ્યાનયોગે મૂલાધાર, સ્વાધિષ્ઠાન મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા, મનસ, સહસ્રાર અને બ્રહ્મરન્ધ્ર જેવા નવનવ ચક્રો છે. મનસચક્રની બાદબાકીએ અરિહંત તીર્થંકરોની પ્રતિમાજીઓ એકથી સાત તથા સિદ્ધ પરમાત્માઓની પ્રતિમાજીઓ આઠેઆઠ ચક્રોના ભેદનમય છે.

અરિહંત ભગવંતો સાતમા આઠમા સહસ્રાર અને બ્રહ્મરન્ધ્ર ચક્રનાં ભેદનોએ અનુક્રમે કૈવલ્યપદ તથા સિદ્ધપદ પામે છે.

એને અનુલક્ષીને અરિહંત તીર્થંકરોની પ્રતિમાજીઓ અપવાદે સપરિકર અપરિકરમય અને સિદ્ધ ભગવંતોની પ્રતિમાજીઓ નિરપવાદે અપરિકરમય હોય છે.

જ્ઞાતાધ્યાતા મહાત્માઓ મસ્તક, આંખ, કંઠ ને વક્ષપ્રદેશ પરની રેખાંકોને આધારે તીર્થંકરોની પ્રતિમાજીઓને કરુણામય અને કૃપામય, જ્ઞાનાતિશય અને વચનાતિશયમય, પાંચ ઇન્દ્રિય જય અને મનોજય, નવકાર અને નવપદમય તેમજ ક્ષપક શ્રેણિ અને યોગનિરોધ તરીકે પૂજેભજે છે.

આ અપેક્ષાઓએ અરિહંતસિદ્ધ ભગવંતોના સકલ દેહાદેહ પરમ પૂજનીય, વંદનીય, જપનીય અને ધ્યાનનીય છે. સામાન્યત: એકેકના ચરણ અંગુષ્ઠો, જાનુઓ, કરકાંડાઓ, સ્કંધો, શિરશિખા, મસ્તક, કંઠ, છાતી અને નાભિ એમ નવેનવ અંગો પરમ આરાધનીય છે.

- નવ અંગોમાંથી તારક તીર્થંકર ભગવાનોના ચરણઅંગૂઠાઓ અને મસ્તક સિવાયનાં અંગો, ચરણઅંગુષ્ઠ અને મસ્તિક ક્રમશ: માર્મિક, માર્મિકતર, માર્મિકતમ છે. એ પ્રમાણે સિદ્ધ પરમાત્માઓના સિવાયનાં આઠેય અંગો માર્મિક-માર્મિકતર અને શિરશિખા માર્મિકતમ છે.

યોગી મહર્ષિઓના વચને પ્રત્યેક તીર્થંકરના ચરણ અંગુષ્ઠ, મસ્તક તથા શિરશિખાપ્રદેશ શુદ્ધિઓ, શક્તિઓ, સિદ્ધિઓ, લબ્ધિઓ અને વિદ્યાઓનાં પ્રધાન શક્તિ કેન્દ્રો છે. અંગૂઠાઓ, મસ્તકો યાને સહસ્રાર ચક્ર, બ્રહ્મરન્ધ્ર યાને શિરશિખા વિશિષ્ટ વિશિષ્ટતમ વિભૂતિભૂત છે.

સામાન્યમાં સામાન્ય માનવના દેહદહન દરમિયાન સર્વ અંગોપાંગોમાંથી ચરણ અને મસ્તિક પ્રદેશ પરની જ્વાલાઓ જલદતમતયા પ્રજ્વલે છે. એ જ ત્રણેત્રણના સમર્થમાંસમર્થ સામર્થ્યતાના સાક્ષાત્ સાક્ષી છે. પીઠબળની પીઠિકાઓ છે. પ્રબળમાં પ્રબળતમ પ્રાબલ્યતાની શક્તિપીઠો છે.

તમામે તમામ સિદ્ધ ભગવંતોના અસંખ્યેઅસંખ્ય પ્રદેશો નિયમા નિશ્ચિત નિશ્ચળતામય. કર્મશૂન્યતામય સર્વ અને નિરપવાદે પરિપૂર્ણ પૂર્ણતામય છે તેમ બધા જ માનવોના બ્રહ્મરન્ધ્રો એકાંતે અચળ અચળતા, કર્મશૂન્યતા અને પરિપૂર્ણ પૂર્ણતા પ્રદાતા છે. આવી સમાનતાઓ સબળમાં સબળ સબૂતો સમર્પે છે.

પ્રતિમાઓનાં નવ અંગોમાંના ફક્ત એક અંગપૂજનમાં જમણા ચરણઅંગુષ્ઠો, બે અંગપૂજનમાં ચરણ અંગૂઠાઓ સાથે મસ્તક પૂજનના સહસ્રાર ચક્રને સ્થાને પૂજનની પ્રણાલિકા છે. એ હિતહેતુસર છે. નવ અંગપૂજનમાં શિરશિખા સ્થાનિત બ્રહ્મરન્ધ્રની પૂજા સમાવિષ્ટ છે. ત્રણેય પ્રધાન અંગો અંતર્ગત આત્મપ્રદેશો ઉત્કૃષ્ટતમ ઉષ્કર્ષભૂત અને પ્રકૃષ્ટતમ પ્રકર્ષભૂત છે. આ દૃષ્ટિકોણોએ અરિહંત તીર્થંકરો અને સિદ્ધ પરમાત્માઓની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠાઓમાં અનુક્રમે જમણા ચરણઅંગુષ્ઠ અને સિદ્ધશિલા લોકોત્તર યોગાંગો છે.

આરાધક પૂજકોને અરિહંત ભગવંતના સહસ્રાર ચક્રનાં શુદ્ધીકરણો કેવલજ્ઞાન, કેવલદર્શન, યથાખ્યાત ચારિત્ર અને અનંત વીર્યદાતા છે. સિદ્ધપરમાઓનાં શિરશિખા પૂજનો અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત ચારિત્ર પ્રદાતા છે.

## ૨. પ્રાણપ્રતિષ્ઠાના સિદ્ધસિદ્ધાંતો

યોગી પુરુષો સ્વસિદ્ધ સિદ્ધિઓ, લબ્ધિઓ, વિદ્યાઓ, શક્તિઓ અને શુદ્ધિઓને જીવાજીવ દ્રવ્યમાં પ્રવેશ પમાડી શકે છે એ સકળ અગમ નિગમ શાસ્ત્રોનો એક અકળ અગમ્ય સિદ્ધાંત છે.

દેવો ભુત્વા દેવં યજેત્. દેવ બનીને દેવને પૂજ. ભગવાન થઈને ભગવાનને ભજ. સ્વયં પરમાત્મા બનીને સ્વ પરમાત્મત્વની પ્રતિમાજીમાં સ્થાપના સ્થાપ. ગેરસમજૂતીની નાકાબંધી બાંધતા સિદ્ધ સિદ્ધાંતના પ્રાણભૂત પ્રાણતત્ત્વ થકી જ્ઞાનીઓએ પ્રાણપ્રતિષ્ઠા નિમિત્તે આવા બબ્બે નિયમો નિયોજિત કર્યા છે.

પહેલા નિયમમય દેવ શબ્દ સદેહાદેહાવસ્થામય અરિહંત અને સિદ્ધ ભગવંતોનો દ્યોતક છે. બીજા નિયમમય પરમાત્મ શબ્દ આત્માના પરમાત્મત્વની પ્રસ્થાપનાનો ઉદ્યોતક છે. શાસ્ત્ર પ્રસિદ્ધ અને પરંપરાચલિત બેઉ નિયમો પ્રાણપ્રતિષ્ઠાના પ્રધાન પ્રદ્યોતક છે.

"સ્વસિદ્ધિઓ શુદ્ધિઓને પ્રતિમાજીમાં પ્રસ્થાપ. પ્રતિમાજીમાં પ્રાણતત્ત્વ પ્રતિષ્ઠાપ. નિર્જીવ પ્રતિમાઓને સ્વશક્તિઓ થકી સજીવ કર." આવી છે દ્યોત ઉદ્યોત પ્રદ્યોતની અદ્વિતીય દ્યુતિઓ.

દેવો ભુત્વા દેવં યબેત, દેવ બનીને દેવને પૂજ. ભગવાન બનીને ભગવાનને ભજ. એ ભક્તિનો શાશ્વતકાલીન સિદ્ધાંત છે.

## ૩. પ્રાણપ્રતિષ્ઠાની પરમ્પરાઓ

શાસ્ત્રાનુસાર તીર્થંકરો, ગણધરો, કેવલીઓ, યુગપ્રધાનો, પૂર્વધરો અને આચાર્યપ્રવરો પ્રાણપ્રતિષ્ઠાના સત્તાવાર સત્તાધીશ છે.

તીર્થંકરો તીર્થંકરને, ગણધરો ગણધરને, કેવલીઓ કેવલને, યુગપ્રધાનો પૂર્વધરો પૂર્વજ્ઞાનને યોગયોગે પ્રાણપ્રતિષ્ઠાઓ પ્રયોજે તેમ પરમ્પરામય આચાર્યવરો જ્ઞાનયોગ, વિદ્યાયોગ, સાધનાયોગ, આચારયોગ જેવા યોગ નિયોગોએ પ્રાણપ્રતિષ્ઠાઓ આયોજે નિયોજે છે.

પ્રાણપ્રતિષ્ઠા પેટે જ્ઞાનયોગ વિશેષ જ્ઞાનશક્તિઓના, વિદ્યાયોગ વિશિષ્ટ વિદ્યાશક્તિઓના, સાધનાયોગ અનોખી સિદ્ધિઓના અને આચાર યોગ અનેરી આચારશુદ્ધિઓના પુરવઠાઓ પૂરે છે.

તીર્થંકરો, ગણધરો, કેવલીઓ, યુગપ્રધાનો, પૂર્વધરો અને આચાર્યવર્યો જે સ્તરીય ઓજ અને તેજ, દિવ્યતા અને ભવ્યતા, પવિત્રતા અને પ્રભાવકતાઓની પ્રતિમાઓમાં પ્રાણપ્રતિષ્ઠાઓ કરે તે સ્તરીય પ્રાણપ્રતિષ્ઠાઓ ક્રમાનુક્રમાંકિત એકેકે પૂજ્યવર કરી શકે નહીં એવી સહજ સમજ છે.

કાલયોગે પ્રાણપ્રતિષ્ઠા યોગનાં વિધિવિધાનો, ક્રિયાપ્રક્રિયાઓ અને આમ્નાયોનાં ગુપ્ત જ્ઞાનો પરમ્પરામાંથી લગાતાર લુપ્ત પામ્યાં છે. આથી ઓજતેજાદિના અંશો સતત ઓસર્યા છે એ અતિ દુઃખદ ઘટના છે. દૈવયોગે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર પ્રાણપ્રતિષ્ઠાઓ થકી પ્રતિમાઓના આલંબનભૂત આરાધનાઓનો આત્મ કલ્યાણકારી ધોરી માર્ગ વર્તમાન કાળેય પ્રવર્તમાન છે એ સુખદ બીના છે.

## ૪. આચારયોગની આચારાવલિઓ

પ્રાણપ્રતિષ્ઠા પ્રયોજક પ્રત્યેક પૂજ્યપ્રવરને શાસ્ત્રપ્રરૂપત, પાત્રતાપ્રરોપક, પવિત્રતાપ્રવર્ધક અને પુન્યતાપ્રભાવક શાસ્ત્રાધારિત આચારસંહિતા છે. એની નિયમબદ્ધ નિયમાવલિઓ નિશ્ચિત ગુણોની નિર્માત્રી અને પ્રશસ્ત શુદ્ધિઓની પદાત્રી છે.

(૧) શાસ્ત્ર અને પરમ્પરાના નક્કર પાયા પર સમગ્ર સંયમ જીવનની ઇમારતનું સુસંકલનબદ્ધ સધ્ધર ચણતર.

(૨) ભવવર્ધક વૈભાવિક ભાવોને સમૂલગી તિલાંજલિ.

(૩) દોષિત દોરવાળી દોરવણી ભેળવણીને સાગમટા દેશવટા.
(૪) આત્મહિતબાધક પ્રમાણાતીત લૌકિક પ્રવાહ કે પરિચયના પરિપૂર્ણ પરિત્યાગ.
(૫) ક્લેશસંક્લેશ સર્જકવર્ધક દરેકેદરેક દોષદૂષણના નિરપવાદિક દટ્ટનદફ્ન.
(૬) મોક્ષસાધક તપ જપ જેવી હિતવિહિત આરાધનાઓના આત્મસ્થઅવસ્થાન.
(૭) આત્મામાં શાસ્ત્રનિહિત નિર્દોષતા, નિર્લોભતા, નિર્મલતા અને નિસ્પૃહતાના નિર્ભેળ નિશ્ચળ નિવાસ.
(૮) જીવનચર્યામાં રાગદ્વેષવિઘાતક વિરાગના અનુપમ અનુરાગ.
(૯) કટ્ટર તેજોદ્વેષીઓ પ્રત્યેય રોષદોષરહિત મૈત્રીભાવ, કરુણાભાવ, પ્રમોદભાવ અને માધ્યસ્થ ભાવના અજાતશત્રુ સમા આત્મ ભાવન પ્રભાવનના નિભાવન.
(૧૦) આત્મપ્રદેશોમાં પ્રસન્નતા, પ્રશાંતતા અને પ્રશમતાના પ્રવાહોના પ્રતિપળ પ્રચુર પ્રસરાટ.
(૧૧) એકલક્ષપક્ષપણે દેવ, ગુરુ અને ધર્મને સ્વના સર્વસર્વસ્વના સંપૂર્ણ સમર્પણ.
(૧૨) બારમા ગુણસ્થાનથી વીતરાગતાદાતા આત્મશુદ્ધિસિદ્ધના એકસૂત્રી સૂત્રાત્મક સ્મારકની લગાતાર લગન.
(૧૩) પ્રતિદિન ક્રમક્રમાંતરે એકથી પાંચેય વર્ણના તીર્થંકર પરમાત્માઓના સાલંબન નિરાલંબન તેમજ સંભેદ અભેદ ધ્યાનના ધ્યાવન.
(૧૪) નિશદિન પાંચેપાંચ કલ્યાણકોના ધોરણસર ધ્યાનધ્યાવન.
(૧૫) પ્રાણપ્રતિષ્ઠાના પ્રસંગ પૂર્વે નિશ્ચિત દિનથી પ્રતિમાજીઓમાં પાંચેય કલ્યાણકાદિના અધ્યયન અધ્યાપનમય અર્થાત્ યોગધ્યાનાત્મક પ્રતિષ્ઠાપન.
(૧૬) પ્રાણપ્રતિષ્ઠા જેવા પ્રભુભક્તિના પરમ પાવન પ્રસંગો પર આત્મહિતરક્ષક સ્વપ્રશંસા, પરનિંદા જેવા અજ્જડ દોષો પર સજ્જડ પ્રતિબંધ.
(૧૭) પ્રતિમા સંબંધી પ્રસંગોએ શિલ્પકારો અને વિધિકારો સાથે વિવેકવિનયમય વર્તન.

પહેલાથી બારમા ક્રમ સુધીના નિયમો વિશિષ્ટ વિશિષ્ટતર સંયમશુદ્ધિ અને આત્મશુદ્ધિ સર્જક છે. તેરમા ચૌદમા ક્રમાંકિત નિયમો પ્રકૃષ્ટપ્રકૃષ્ટતર પરમાત્મભક્તિ-પ્રભુભક્તિ ઉપાર્જક છે, પંદરમા સોળમા ક્રમમય નિયમો ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટતર બાહ્ય અભ્યંતર શુદ્ધિવર્ધક છે. પ્રત્યેક નિયમ પ્રતિષ્ઠાકારકની પ્રબળ પ્રબળતર પ્રતિભા પ્રતિષ્ઠાનો પ્રભાવક છે.

## ૫. સાધના યોગની સિદ્ધાવલિઓ

ચૌદ પૂર્વીઓના કાળે ચૌદપૂર્વ નિહિત વિધાપ્રવાદ નામક એક અપૂર્વ પૂર્વ પ્રવર્તિત હતું. અસંમય વિદ્યાઓ, શક્તિઓ, સિદ્ધિઓ લબ્ધિઓનું લબ્ધપ્રતિષ્ઠિત પ્રતિષ્ઠાન હતું. અનાદિકાલીન શ્રી નમસ્કાર મહામંત્ર યાને પંચ મંગલ મહાશ્રુત સ્કંધ, પ્રાચીનાતિપ્રાચીન શ્રી સિદ્ધચક્રજી, તેમજ પરમ્પરાકાલીન શ્રુતદેવી, ષોડશ વિધાદેવીઓ, સૂરિમંત્ર વિદ્યા, અર્હુદ વિદ્યા (વર્ધમાન વિદ્યા) સમી વિદ્યાયોગની વિદ્યાવલિઓનું અધિકૃત અધિષ્ઠાન હતું.

પૂર્વજ્ઞાનકાલીન યોગર્ષિ મહર્ષિઓ શ્રુતકેવળી અને ષોડશ વિદ્યાદેવીઓની વિધાઓએ વિધાપુરુષ, સ્વરયોગની સ્વરસિદ્ધિઓએ સિદ્ધપુરુષ, ધ્યાનયોગની યોગધ્યાન સિદ્ધિઓએ યોગી પુરુષ, દેવદેવીઓની દૈવી લબ્ધિઓને દેવ પુરુષ અને દેવાધિદેવોની કૃપાશક્તિઓએ દિવ્ય પુરુષ જેવા બિરુદોના બિરુદધર તરીકે બિરદાવાતા. અસંખ્ય સિદ્ધિઓ લાબ્ધિઓએ રિદ્ધિસિદ્ધિ સિદ્ધ લબ્ધિધર પૂજ્ય પ્રવર તરીકે નવાજાતા. અરે ! અકળ સાધનાઓના સફળ સાધકો અને અગમ સિદ્ધિ લબ્ધિઓના અગમ્ય ધારકો લેખે લેખાતા.

કાળબળે એક પૂર્વજ્ઞાનના અપૂર્વ ભંડાર સમૂળગા લોપાયા. ગણધરો યુગપ્રધાનો, પૂર્વધરો રચિત રચનાઓ, સ્તોત્રો, સ્મરણો વગેરે લગભગ વિલોપાયા. ગુરુ પરમ્પરાના જ્ઞાનયોગના સંગ્રહો સંગ્રહિત વિધાશક્તિઓના પ્રમાણોય પ્રાય: પ્રલોપાયા. છતાંય શાસનના પ્રબળ પુન્યયોગે સાગર સામે સરિતા સમ વિધાશક્તિઓના કેટલા અંશો સૈકાઓથી વિદ્યમાન છે.

પ્રાણપ્રતિષ્ઠા પેટે ઉપચયભૂત પૂજ્યવર સૂરિપ્રવરોની વિધાઓ, શક્તિઓ, સિદ્ધિઓ અને લબ્ધિઓના સંક્ષિપ્ત સંચય દેવગુરુ કૃપાએ સંચિત છે.

- ધાર્યા પ્રમાણેનાં અવધાર્યા પરિણામો એ સૂચિત શક્તિપ્રાપ્તિના પ્રત્યક્ષ પુરાવાઓ છે.

(૧) પ્રાણાયામની પ્રાણસિદ્ધિ. નાસિકાનાં નસકોરાં, ઇડાપિંગલા અને સૂક્ષ્મથી સૂક્ષ્મતમ સુષુમ્ણા નાડીના પ્રાણાયામો સાધિત સિદ્ધિને અનુક્રમે સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ પ્રાણાયામની પ્રાણસિદ્ધિ કહેવાય છે.

(૨) સ્વરયોગની સ્વરસિદ્ધિ, ઇડા, પિંગલા અને સુષુમ્ણા નાડી દ્વારા સૂક્ષ્મથી સૂક્ષ્મતમ પ્રાણશક્તિઓના સંચરણસિદ્ધ સિદ્ધિને ક્રમશ: ચન્દ્રસ્વર, સૂર્યસ્વર અને સુષુમ્ણા સ્વરની સ્વરસિદ્ધિ કહેવાય છે.

(૩) તત્ત્વયોગથી તત્ત્વસિદ્ધિ. પિંગલા, ઇડા અને સુષુમ્ણા નાડીમાંના સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ તથા આકાશ તત્ત્વના, નિયતકાલીન વહનો પંચતત્ત્વયોગની પંચતત્ત્વ સિદ્ધિ કહેવાય છે.

(૪) નાડીયોગની નાડી સિદ્ધિ. ઇડા, પિંગલા, સુષુમ્ણા, ગાંધારી, હસ્તિ જિહ્વા, પૂષા, યશસ્વિની, અલંબૂષા, કૂહુ અને શંખિની જેવી પ્રસિદ્ધ નાડીઓની વાટે પ્રાણશક્તિઓનાં ગહન વહનો નાડીયોગની નાડી સિદ્ધિ કહેવાય છે. અમૃત, બ્રહ્મ, યોગ, દિવ્ય અને સિદ્ધ નાડીઓ જેવી અગમ્ય નાડીઓ ગુરુગમથી જ ગમ્ય છે.

(૫) વર્ણયોગની વર્ણસિદ્ધિ, રક્ત, શ્વેત, પીત, નીલ અને શ્યામ એમ મૂળ પાંચેય વર્ણના ધ્યાનથી લબ્ધ લબ્ધિઓ એ વર્ણયોગની વર્ણસિદ્ધિ છે.

(૬) અક્ષર યોગની અક્ષરસિદ્ધિ. અ થી હ સુધીના ઓગણપચાસ અગર બાવન અક્ષરોના ધ્યાનથી ઉપલબ્ધ વર્ણમાલાના વર્ણાક્ષરોની અક્ષર લબ્ધિ એ અક્ષરયોગની અક્ષરસિદ્ધિ છે.

(૭) બંધ યોગની બંધસિદ્ધિ. ઉદીયાન, જાલંધર અને મૂલબંધનાં બંધનોના નિર્બંધનતા એ બંધ યોગની બંધસિદ્ધિ છે. ચોથો સૂક્ષ્મ બંધ ગુરુગમ જ્ઞાત ગુપ્ત બંધ છે.

(૮) વાયુ યોગની વાયુસિદ્ધિ. પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન તથા નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય જેવા પાંચ પાંચપ્રધાન અને ઉપ વાયુઓ નિયત માર્ગીય વાયુવહનોને વાયુ યોગની વાયુ સિદ્ધિ કહેવાય છે.

(૯) ગ્રંથિ યોગની ગ્રંથિસિદ્ધિ. સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ પ્રાણશક્તિ, વાયુશક્તિ અને શુક્રશક્તિની પ્રાણવાહક વાયુવાહક ને શુક્રવાહક નાડીઓના માર્ગમય ગ્રંથિઓના ગ્રંથિભેદોને ગ્રંથિયોગની ગ્રંથિ સિદ્ધિ કહેવાય છે.

(૧૦) શુક્ર યોગની શુક્ર સિદ્ધિ. સ્વસ્વ દેહોસંસ્થિત, સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ ધ્યાનો ધ્યાવિત સાધિત સ્થૂલથી સૂક્ષ્મતમ ગ્રંથિઓના ગ્રંથિભેદો સમેત વીર્યવહનોને શુક્ર યોગની શુક્ર સિદ્ધિ કહેવાય છે.

(૧૧) ઓજતેજ યોગની ઓજતેજ સિદ્ધિ. ચારેય પ્રકારના દેહોમાં સ્થૂલથી સૂક્ષ્મતમ ત્રણ શક્તિઓ અને શુક્ર શક્તિઓની નિયત પ્રમાણથી અધિક ઉપાર્જિત શક્તિઓના ઉપયોગો એ ઓજતેજ યોગની ઓજતેજ સિદ્ધિ છે.

(૧૨) બ્રહ્મયોગની બ્રહ્મ સિદ્ધિ. બ્રહ્મસિદ્ધિઓની સ્થૂલથી સૂક્ષ્મતમ બ્રહ્મચર્યોની બ્રહ્મત્વતાઓ એ બ્રહ્મયોગની બ્રહ્મ સિદ્ધિ છે.

(૧૩) સામર્થ્યયોગની સામર્થ્ય સિદ્ધિ. સૂક્ષ્મતમ દેહના સૂક્ષ્મતમ શુક્ર સર્જિત સમર્થમાં સમર્થ સમર્થત્વતાઓ એ સામર્થ્ય યોગની સામર્થ્ય સિદ્ધિ છે.

(૧૪) કુંડલિની યોગની કુંડલિની સિદ્ધિ. સાડા ત્રણ આંટામય કુંડલિનીની સંપૂર્ણ જાગૃતિ થકી મૂલાધારથી બ્રહ્મરન્ધ્ર ચક્ર સુધીનાં આઠ ચક્રોનાં ભેદનો એ કુંડલિની યોગની કુંડલિની સિદ્ધિ છે.

(૧૫) ચક્રયોગની ચક્રસિદ્ધિ. ભિન્નભિન્ન પ્રકારના આકાર, વર્ણ, તત્ત્વ, શક્તિ, બીજાક્ષરાદિમય મૂલાધારથી બ્રહ્મરન્ધ્ર ચક્ર પર્યંતનાં સિદ્ધ ધ્યાનો એ ચક્રયોગની ચક્રસિદ્ધિ છે.

(૧૬) અષ્ટ તત્ત્વ યોગની અષ્ટ તત્ત્વ સિદ્ધિ. મૂલાધારથી બ્રહ્મરન્ધ્ર સુધીનાં ક્રમાનુક્રમિક આઠ ચક્રોના પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, તપસ, મનસ અને શૂન્યની ધ્યાનસિદ્ધ તત્ત્વ સિદ્ધિ એ અષ્ટ તત્ત્વયોગની અષ્ટ તત્ત્વ સિદ્ધિ છે.

(૧૭) ધ્યાનયોગની ધ્યાન સિદ્ધિ. સાલંબન અને નિરાલંબન, સવિકલ્પ અને નિર્વિકલ્પ, સાકાર અને નિરાકાર, સંભેદ અને અભેદ, ધર્મ અને શુક્લ ધ્યાન જેવા સિદ્ધ ધ્યાનો એ ધ્યાન યોગની ધ્યાન સિદ્ધિ છે.

(૧૮) નવકાર યોગની નવકાર સિદ્ધિ. એકવીસ એકવીસ પ્રકારના નવકારનાં સાધિત ધ્યાનોને નવકાર યોગની નવકાર સિદ્ધિ કહેવાય છે.

(૧૯) નવપદ યોગની નવપદ સિદ્ધિ: નવપદથી ભગવાનનાં અવનવાં સિદ્ધ ધ્યાનોને નવપદ યોગની નવપદ સિદ્ધિ કહેવાય છે.

(૨૦) પ્રણવ યોગની પ્રણવ સિદ્ધિ, ઓમકારના વિવિધ સિદ્ધ ધ્યાનોને પ્રણવ યોગની પ્રણવ સિદ્ધિ કહેવાય છે.

(૨૧) જ્યોતિ યોગની જ્યોતિ સિદ્ધિ. દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને આત્મતત્ત્વ યાને દેવ, ગુરુ ને આત્મ જ્યોતિઓનાં સિદ્ધ ધ્યાનોને જ્યોતિ યોગની જ્યોતિસિદ્ધિ કહેવાય છે.

(૨૨) યોગિક દેહયોગની દેહાવિષ્કાર સિદ્ધિ. ક્રિયાપ્રક્રિયાઓ થકી સ્થૂલ દેહ સંક્રમિત સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ દેહોના પ્રત્યક્ષ પ્રગટીકરણ એ દેહયોગથી દેહાવિષ્કાર સિદ્ધિ છે.

(૨૩) આત્મ યોગની આત્મસાક્ષાત્કાર સિદ્ધિ. યોગિક ક્રિયાપ્રક્રિયાઓ થકી દેહ અને આત્માના વિભિન્નીકરણથી પોતાના આત્માના સાક્ષાત્ દર્શન એ આત્મયોગની આત્મ સાક્ષાત્કાર સિદ્ધિ છે.

(૨૪) પરમાત્મ સાક્ષાત્કાર યોગની પરમાત્મ સાક્ષાત્કાર સિદ્ધિ. યોગિક ક્રિયાપ્રક્રિયાઓ થકી અરિહંત, તીર્થંકર યા સિદ્ધ ભગવાનોનાં સાક્ષાત્ દર્શન એ પરમાત્મ સાક્ષાત્કાર યોગની પરમાત્મ સાક્ષાત્કાર સિદ્ધિ છે.

(૨૫) મુદ્રાયોગની મુદ્રા સિદ્ધિ. સરળતા સફળતાપૂર્વક સાધનાઓને સહાયક નિયત નિશ્ચિત મુદ્રાઓને મુદ્રા યોગની મુદ્રા સિદ્ધિ કહેવાય છે.

(૨૬) શક્તિયોગની શક્તિઓ, સિદ્ધિયોગની સિદ્ધિઓ, લબ્ધિયોગની લબ્ધિઓ અને વિદ્યાયોગની વિદ્યાઓ વગેરે વિવિધ શબ્દી હોવા છતાંય સમાન ધર્મી અને સમાન અર્થી છે.

(૧) આકર્ષણ શક્તિ, (૨) વશીકરણ શક્તિ, (૩) સંમોહન શક્તિ, (૪) સ્થંભન શક્તિ અને (૫) બંધન શક્તિ અનુક્રમે જડ કે ચેતન દ્રવ્યને આકર્ષિત, વશીભૂત, સંમોહિત, સ્થંભિત અને બંધિત બનાવે છે.

(૬) સર્જન શક્તિ, (૭) વિસર્જન શક્તિ, (૮) નવસર્જન શક્તિ ક્રમશ: જડ યા જીવની ઉત્પત્તિ, સમાપ્તિ (ક્ષય-લય), પુનરુત્પત્તિ કરાવે છે.

(૯) રૂપધારિણી, (૧૦) રૂપ પરિપર્તિની શક્તિ અનુક્રમે યથેચ્છ રૂપધારણો અને રૂપપરિવર્તનો પમાડે છે.

(૧૧) આકાશ ગામિની, (૧૨) અદશ્ય શક્તિ ક્રમશ: અવકાશ ગમન અને અંતર્ધાનતા અર્પાવે છે.

(૧૩) બ્રહ્મ શક્તિ, (૧૪) અમૃત શક્તિ, (૧૫) યોગ શક્તિ, (૧૬) દિવ્ય શક્તિ અનુક્રમે બ્રહ્મચર્ય, અમૃત, યોગસાધના સિદ્ધિ અને દિવ્યતાનાં પ્રદાનો પ્રમાડે છે.

(૧૭) સંકલ્પ સિદ્ધિ, (૧૮) વચન સિદ્ધિ, (૧૯) ઇચ્છા સિદ્ધિ, (૨૦) વિચાર સિદ્ધિ, (૨૧) મનો સિદ્ધિ સિલસિલા સંકલ્પ, વચન, ઇચ્છા, વિચાર અને મનોભાવ અનુસાર કાર્યસિદ્ધિ સધાવે છે.

(૨૨) દર્શન શક્તિ, (૨૩) શ્રવણ શક્તિ ઇચ્છાનુસાર દ્રવ્યોનાં દર્શનો અને શ્રવણો કરાવે છે.

(૨૪) સંરહણ વિધા, (૨૫) સંરોહિણી વિધા, (૨૬) સંજીવની વિધા (૨૭) અમૃત વિધા અનુક્રમે રોગાદિના હરણ, જખમોના રુઝાણ, અચેતનના ચેતન તથા શુદ્ધિવિશુદ્ધિઓના સર્જન યાને અશુદ્ધીકરણોનાં વિશુદ્ધીકરણો સધાવે છે. સમર્પાવે છે.

(૨૮) જ્ઞાનવિધા, (૨૯) તત્ત્વવિધા (૩૦) યોગ વિધા (૩૧) દિવ્ય વિધા ક્રમશ: જ્ઞાનબોધ, તત્ત્વબોધ, યોગબોધ અને દિવ્યબોધના બોધ બોધાવે છે.

(૩૨) પદલબ્ધિ, (૩૩) ચરણ લબ્ધિ (૩૪) પૃષ્ટ લબ્ધિ ક્રમશ: પૃથ્વી પરથી ઊંચકાણ, અવકાશ ચલન અને સવાલના જવાબની લબ્ધિઓ ઉપલબ્ધ બનાવે છે.

(૩૫) વિસર્જન શક્તિ. વિધિવિધાન, ક્રિયાપ્રક્રિયાઓ તેમજ સ્વપરના દોષદૂષણોના દટાવે છે.

ઓજતેજ યોગની ઓજતેજ સિદ્ધિવંત સિદ્ધ પુરુષો પાસે સમર્થમાં સમર્થ

પુરુષો ઝાંખા ઝંખવાણા બને છે. બ્રહ્મસિદ્ધિસિદ્ધ બ્રહ્મયોગીઓ ઇચ્છાનુસાર પરમાત્માઓનાં દર્શનો પામે છે. સામર્થ્ય યોગની સામર્થ્ય સિદ્ધિવંત યોગી પુરુષો અંત: મુહૂર્ત કાળે કૈવલ્યપદ અગર સિદ્ધપદને વરે છે. આ એકેક સિદ્ધિ લબ્ધિની અપૂર્વ ફલશ્રુતિઓ છે.

દેહયોગની દેહાવિષ્કાર સિદ્ધિવંત ધ્યાતા મહાત્માઓ ધ્યાનાવસ્થાએ યોગિક ક્રિયાપ્રક્રિયાઓ વડે સ્થૂલ દેહમાંથી સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ દેહોને બહાર લાવે છે. કાર્યોર્થે ઇષ્ટ સ્થાને મોકલે છે. કાર્ય સિદ્ધિ સાધે છે. પાછા ફરે છે. સ્થૂલ દેહમાં સ્વયં સ્વસ્વ સ્થાનોએ સંસ્થિત થાય છે.

આત્મયોગની આત્મસાક્ષાત્કાર સિદ્ધિવંત સિદ્ધયોગીઓ દેહ અને આત્મના વિભેદ સાધે છે. આ આત્માનાં દર્શન પામે છે. પૂર્વ નિશ્ચિત કાળ પર્યંત દૃશ્યમાન રહે છે. દેહ પ્રવેશ કરે છે. સૂક્ષ્મથી સૂક્ષ્મતમ દેહો જેવી ધ્યાતા મહાત્માઓ આવા આત્મા દ્વારા ઇષ્ટ કાર્યસિદ્ધિઓ સાધે છે.

પરમાત્મસાક્ષાત્કાર યોગથી પરમાત્મસાક્ષાત્કાર સિદ્ધિવંત ધ્યાતા મહાત્માઓ યોગિક ક્રિયાપ્રક્રિયાઓ થકી અરિહંત, તીર્થંકર અને સિદ્ધ ભગવાનોનાં સાક્ષાત્ દર્શનો પામે છે. નિયતકાલ સુધી દર્શિત રહે છે. આપોઆપ અંતર્ધાન બને છે. દર્શનકાળ દરમિયાન માર્ગદર્શન સુધ્ધાં સાંપડે છે.

સૂક્ષ્મ સૂક્ષ્મતમ દેહો, આત્મા અને પરમાત્માઓના દર્શનાદિ એ સાક્ષાત્કાર યોગની અભિભવ દેનગી છે.

## ૬. પ્રાણપ્રતિષ્ઠાકારકોની પાત્રતા

આ ગ્રંથસ્થ આચારયોગ અને સાધનાયોગ સમેત પંચકલ્યાણકોના આરાધન યોગ, પ્રતીકાત્મક ધ્યાનયોગ, નિકાચન યોગ તથા પદ પ્રદાતા પદવી યોગ જેવા યોગો પ્રાણપ્રતિષ્ઠાકારક પૂજ્ય પ્રવરોના પાત્રતા પ્રદાતા મૂળભૂત આધાર સ્તંભો છે.

આ સિવાયના અન્ય અનન્ય યોગાદિ પણ પાત્રતાનાં પ્રબળ-પ્રબળતમ પરિબળો છે.

## ૭. પ્રતિમાઓમાં પ્રાણપ્રતિષ્ઠાઓ

અરિહંત અને સિદ્ધ એમ બે પ્રકારની પ્રતિમાજીઓ છે. અરિહંત ભગવંતોની ઉત્સર્ગ અને અપવાદમાર્ગીય અને સિદ્ધ પરમાત્માઓની નિયત માર્ગીય પ્રાણપ્રતિષ્ઠાઓ છે.

ઉત્સર્ગમાર્ગીય પ્રાણપ્રતિષ્ઠાઓ તીર્થંકરો, ગણધરો અને કેવલી ભગવંતો

કેવલજ્ઞાન દર્શનને તથા અપવાદમાર્ગીય પૂર્વધરો અને પૂર્વજ્ઞાન ધારક યુગપ્રધાનો પૂર્વજ્ઞાનને આલંબને કરે છે. એ જ પ્રમાણે અપવાદમાર્ગીય પરંપરામય આચાર્યવર્યો પરમ્પરિત પંચકલ્યાણક સાધનાયોગ, પંચકલ્યાણક પ્રતીકાત્મક ધ્યાનયોગ, સિદ્ધાવલિઓ વગેરેને અવલંબને કરે છે.

પ્રતિમાજીઓની આંખોમાં જ અંજન વિધિ થાય તેમ યથાયોગ્ય યોગાંગ દ્વારા જ પ્રતિમા પ્રતિષ્ઠાની વિધિ થાય. આવી પરંપરામય પ્રણાલિકા છે.

નિયત માર્ગીય શ્રી સિદ્ધ ભગવંતોની અનંત ગુણ-અષ્ટ ગુણ શક્તિ થકી પ્રતિમા પ્રતિષ્ઠાનની પ્રથા છે.

**૧. અરિહંત ભગવંતોમાં પ્રાણપ્રતિષ્ઠા :** દેશકાળને અનુલક્ષીને પંચકલ્યાણક સાધક સૂરીશ્વરો પંચકલ્યાણક અને સાધનાઓની સિદ્ધસિદ્ધાવલિઓ અનુસાર પ્રાણપ્રતિષ્ઠા પ્રયોજે છે.

પંચકલ્યાણક યોગસિદ્ધ આચાર્યપ્રવરો પંચકલ્યાણક સાધના યા પ્રતીકાત્મક ધ્યાનયોગે ખુદના આત્માને જ તીર્થંકર નામકર્મ નિકાચાવે છે. દેવલોકની ગતિ સધાવે છે. અંતે માનવલોકે અવતરાવે છે.

ચ્યવનમાં પંચકલ્યાણક ધ્યાનયોગે ત્રણત્રણ વર્ણોવલયોએ ચ્યવે છે. સુષુમ્ણા સ્વરના ગતિવાહક જલતત્ત્વના વહનમાં આવા દિવ્ય દૃશ્યને દેખે છે. પ્રતિમા પ્રત્યે આકર્ષણ શક્તિથી આકર્ષિત, અંગુષ્ઠે પ્રવિષ્ઠ અને મૂલાધાર, સ્વાધિષ્ઠાન અને મણિપુર ચક્રનાં સ્વસ્વસ્થાનોએ સ્થંભન શક્તિથી સંસ્થાપે છે.

એ રીતે એ યોગને યોગે જન્મના દિવ્યતર દૃશ્યને દેખે છે. આકર્ષણ, આદિ શક્તિઓથી છાતી પરના નીલવર્ણીય શ્રીવત્સને જમણે અંગૂઠે પ્રવિષ્ટ અને છાતીના સ્વસ્થાને સ્થંભન શક્તિથી સ્થંભિત પ્રતિષ્ઠાપિત કરે છે.

એવી રીતે એ ધ્યાનયોગને નિયોગે ચ્યવન જન્મ કલ્યાણકો જેમ દીક્ષા કલ્યાણકના દિવ્યતમ દૃશ્યને દેખે છે. આકર્ષણાદિ શક્તિઓથી શ્યામ, શ્વેત અને શ્વેતતર વર્ણોમય વિશુદ્ધ, આજ્ઞા અને મનસ ચક્રને સ્થાને પ્રતિષ્ઠાવે છે.

એ પ્રમાણે એ ધ્યાનયોગને વિનિયોગે કેવલજ્ઞાન, કેવલદર્શન, યથાખ્યાત ચારિત્ર અને અનંત વીર્યમય દેવાધિદેવના દિવ્યાતિદિવ્ય દૃશ્ય દૃશ્યમાન બને છે. અંગુષ્ઠથી પ્રવિષ્ટ અને સહસ્રાર ચક્રે પ્રતિષ્ઠિત કરે છે.

એવી રીતે એ ધ્યાન યોગને સહયોગે સુષુમ્ણા સ્વરના અગ્નિ યાને તેજ તત્ત્વના વહનમાં દૃષ્ટિદૃષ્ટિના સંધાન અનુસંધાન સાધે છે. જમણી આંખે દિવ્યતમ તેજોમય જ્યોતિ પ્રગટે છે. ચ્યવનાદિ પેઠે જમણી આંખે આકર્ષણાદિ શક્તિઓથી આકર્ષિત પ્રવિષ્ટ સ્થંભિત કરે છે. આંખે આરોપે છે. એ પ્રમાણે બીજી આંખમાંય નિરોપે વિરોપે છે.

જીવતત્ત્વના વહનમાં આત્મશલાકા વડે આત્મપ્રદેશોના **સૂક્ષ્મતમ** મંત્રોચ્ચારપૂર્વક આંખોને દિવ્યતમ અંજનોથી આંજે છે. આંખો દિવ્યતમ ઓજતેજોથી ઝળહળે છે.

શૂન્યતત્ત્વના વહનમાં એ જ ધ્યાન ધ્યવનને યોગ ભોગે અનંત ચાતુષ્ટ્ય ધારક સર્વકર્મ શૂન્ય પરમ વિમલ સિદ્ધાત્માના અસંખ્યે અસંખ્ય દિવ્યાતિદિવ્યતમ પ્રદેશો દૃષ્ટિવંત બને છે. એ દૃશ્યને આકર્ષણાદિ શક્તિઓ પેઠે અંગુષ્ઠ પ્રવેશ થકી બ્રહ્મરન્ધ્રના સ્થાન સંસ્થાને સંસ્થાપે છે. જડ મૂર્તિ અલૌકિક આત્માપ્રભાવિભાઓથી ચેતનવંતી મૂર્તિમંત બને છે.

દેવા ભુત્વા દેવો યજેત્. દેવ બનીને દેવને પૂજ. ભગવાન થઈને ભગવાનને ભજનો સિદ્ધ સિદ્ધાંત યથાર્થ સાર્થક ઠરે છે.

**૨. અરિહંતોની પ્રતિષ્ઠાઓમાં પ્રાણપ્રતિષ્ઠા :** સાધનાસાધિત સિદ્ધ સૂરીશ્વરો સાધનાઓની સિદ્ધાવલિઓને અરિહંત ભગવંતની પ્રતિમાજીમાં પ્રસ્થાપે છે.

(૧) પ્રાણાયામની પ્રાણસિદ્ધિ, નાડી યોગની નાડી સિદ્ધિ, સ્વર યોગની સ્વર સિદ્ધિ, વાયુ યોગની વાયુ સિદ્ધિને પ્રતિમાજીમાં પ્રતિષ્ઠાપે છે. પરિણામે પ્રતિમાજીઓમાં સિદ્ધિઓના સંચાર થાય છે. (દાદા આદીશ્વરજી)

(૨) શુક્ર યોગની શુક્ર શક્તિ, ઓજતેજ યોગની ઓજતેજ શક્તિ, બ્રહ્મયોગની બ્રહ્મશક્તિ અને સામર્થ્ય યોગની સામર્થ્ય શક્તિથી પ્રતિમાજી શક્તિવંત, ઓજતેજવંત, બ્રહ્મવંત અને સામર્થ્યવંત બને છે. (શંખેશ્વરજી)

(૩) ચક્ર યોગની ચક્ર સિદ્ધિ, કુંડલિની યોગની કુંડલિની સિદ્ધિ, અષ્ટતત્ત્વયોગની અષ્ટ તત્ત્વસિદ્ધિ અને ધ્યાનયોગની ધ્યાન સિદ્ધિથી પ્રતિમાજીમાં ચક્ર સિદ્ધિ, કુંડલિની સિદ્ધિ, અષ્ટ તત્ત્વસિદ્ધિ અને ધ્યાન સિદ્ધિ પ્રતિષ્ઠિત થાય છે.

(૪) નવકાર યોગની નવકાર સિદ્ધિ અને નવપદ યોગની નવપદ સિદ્ધિ શ્રીવત્સને સ્થાને સંસ્થાપના થકી પ્રતિમાજી નવકાર નવપદમય બને છે.

(૫) પ્રણવ યોગથી પ્રણવસિદ્ધિની અનાહત, આજ્ઞા અગર સહસ્રાર ચક્રમાં પ્રતિષ્ઠાપનાથી પ્રતિમાજી ઓમકારમય થાય છે.

(૬) દેહ યોગની દેહસાક્ષાત્કાર, આત્મ યોગની આત્મસાક્ષાત્કાર અને પરમાત્મ યોગની પરમાત્મસાક્ષાત્કાર સિદ્ધિઓ પ્રતિમાજીનાં દેહ, મન અને આત્મા ચેતનવંત બને છે. (શંખેશ્વરજી)

(૭) આકર્ષણ અને સંમોહન શક્તિની પ્રતિમાજીમાં પ્રતિષ્ઠાપનાથી પ્રતિમાજી આકર્ષિત અને સંમોહિત થાય છે. (શંખેશ્વરજી, આદિનાથજી)

(૮) યોગ વિધા, અમૃત વિધા, બ્રહ્મ વિધા અને દિવ્ય વિધાની પ્રતિષ્ઠાથી પ્રતિમાજી યોગમયતા, અમૃતમયતા, બ્રહ્મમયતા અને દિવ્યમયતાને ધારણ કરે છે.

(૯) રૂપધારિણી અને રૂપપરિવર્તન વિદ્યાઓ થકી પ્રતિમાજી અનેક રૂપસ્વરૂપમય તથા બાલ, યુવા અને વૃદ્ધતાનાં રૂપસ્વરૂપોએ ત્રિકાળે દેખાય છે. (શંખેશ્વરજી)

(૧૦) આકાશ શક્તિથી અવકાશે અધ્ધર અને અવકાશ ગામિની શક્તિથી આકાશે સ્થિર રહી શકે છે. (અંતરિક્ષજી)

(૧૧) સંકલ્પ સિદ્ધિ, વચન સિદ્ધિ, ઇચ્છા સિદ્ધિ, વિચાર સિદ્ધિ અને મનો સિદ્ધિ જેવી સિદ્ધિઓની સંસ્થાપનાઓથી પ્રતિમાજીનાં દર્શનાદિથી સંકલ્પ સિદ્ધિતા, વચન સિદ્ધિતા, ઇચ્છા સિદ્ધિતા અને મનો સિદ્ધતાની ધારણા સફળ ફળપ્રદ બને છે.

(૧૨) અમૃત વિધા અને સંજીવની વિધાની પ્રતિષ્ઠાપનાઓથી પ્રતિમાજી અમૃતધારક અને સજીવનતા ધારક થાય છે.

(૧૩) વિસર્જન શક્તિથી પ્રતિમાઓના દોષોને વિનષ્ટ કરે છે.

સિદ્ધ યોગની સિદ્ધાવલિઓના પ્રકરણ પ્રમાણે શક્તિઓ, સિદ્ધિઓ, લબ્ધિઓ અને વિદ્યાઓ સ્વસ્વના ભાવ, સ્વભાવ અને પ્રભાવ પ્રતિમાજી ધારણ કરે છે.

સૂરીશ્વરો જેમ પરમેશ્વરો પણ પરિસ્થિતિની ઉપસ્થિતિ અનુસાર આવશ્યક શક્તિઓ વગેરેને પ્રતિમાઓમાં પ્રતિષ્ઠાપે છે એ ઉલ્લેખ જરૂરી નથી.

**૩. સિદ્ધ ભગવંતની પ્રાણપ્રતિષ્ઠા :** અરિહંત તીર્થંકરો જેમ સિદ્ધ ભગવાનોની પ્રતિમામાં પ્રાણપ્રતિષ્ઠાઓ અનાદિકાલીન છે. કાલવહનોએ જ્ઞાન, શક્તિ, શુદ્ધિ, સંઘયણ વગેરેની સતત હ્રાસતાઓએ પ્રાણપ્રતિષ્ઠા બાબત મતમતાંતર છે.

નિર્વાણ કલ્યાણ કે દેવાધિદેવના દિવ્ય દેહમાંથી આત્મા વિદાય લે છે. તેમ નિર્વાણ કલ્યાણકની પ્રાણપ્રતિષ્ઠા સાથે પ્રતિમાપ્રતિષ્ઠિત તમામ શક્તિઓ વિલય પામે છે. આ અન્વયે અરિહંતોની પ્રતિમાઓમાં ચાર અને સિદ્ધ, પરમાત્માઓની પ્રતિમાઓમાં નિર્વાણકલ્યાણની પ્રસ્થાપનાનો એક પહેલો મત છે.

યોગનિરોધને અંતે અરિહંત ભગવંતના દેહમાં અનંત ચતુષ્ટય ક્ષણભર અંતર્સ્થિત હોય છે. આ દષ્ટિએ અરિહંત ભગવંતોની પ્રતિમાઓના યોગ કલ્યાણકો સમેત અનંત ચતુષ્ટ્ય સંસ્થાપનાનું બીજું એક મંતવ્ય છે.

શૈલેશીકરણ પશ્ચાત્ સદેહ પરમાત્મા અદેહ અવસ્થાની શાશ્વત અષ્ટ

ગુણમયતાઓએ સિદ્ધશિલાએ બિરાજે છે. આ અપેક્ષાએ સિદ્ધ ભગવંતોની પ્રતિમાઓમાં અનંત ચતુષ્ટ્ય નહીં કિંતુ શાશ્વત અષ્ટગુણની પ્રતિષ્ઠાપનાનો ત્રીજો મત છે.

આવી ત્રણત્રણ વિરોધાભાસી વિચારસરણીઓ છે.

અઘાતી કર્મના ઘાતપ્રત્યાઘાતે ચાર મૂલ અતિશય અને અષ્ટ પ્રતિહાર્યમય જિનવરજીનો સજીવ દેહ નિર્જીવ બને છે. ક્રિયાહીન, શક્તિહીન, ગુણહીન, પુન્યહીન અને અતિશયહીન તથા ચેતનાહીન બને છે. સશરીરી પરમાત્મા અશરીરે સિદ્ધશિલાના શાશ્વત સ્થાને અષ્ટ ગુણની શાશ્વતી શાશ્વતતાઓએ બિરાજે છે. યોગનિરોગના યોગનિયોગ નિયોજિત નિર્વાણ કલ્યાણકની શાસ્ત્રાધારી નિયમબદ્ધ નિરપવાદિક નિયતતાઓ છે.

દેવાધિદેવના દેહોત્સર્ગે જીવંત દેહની અજીવંતતા બાબત બે મત નથી. આત્મારહિત પ્રતિમાજીમાં પ્રસ્થાપનાએ એકપણ શુદ્ધિ કે શક્તિ ઉત્થાપનાવિત્થાપના પામતી નથી. તમામે તમામ સંસ્થાપિત શક્તિઓ કલ્યાણકો યથાસ્થિત સ્થાને યથાવત્ અવસ્થાઓએ અવસ્થિત રહે છે. અરિહંત ભગવંતોની પ્રતિમાજીઓના પહેલા ચારેચાર અને સિદ્ધ પરમાત્માની પ્રતિમાજીઓમાં કેવલ નિર્વાણ કલ્યાણકની પ્રસ્થાપનાઓને યોગનિરોધનો નિયમ અશાસ્ત્રીય ઠેરવે છે.

સદેહ અરિહંત ભગવંતો યોગનિરોધને અંતે અદેહતા સાથે નિર્વાણ પામે છે. આથી સદેહાવસ્થા સાથે પાંચેય કલ્યાણકો અને અદેહાવસ્થાએ નિશ્ચેષ્ટ દેહનિહિત અનંત ચતુષ્ટ્ય સાથે સંબંધ છે. યોગનિરોધનો નિયત નિયમ દેવાધિદેવની પ્રતિમાજીઓમાં પાંચ કલ્યાણકો તથા સિદ્ધ પરમાત્માઓની પ્રતિમાઓમાં અનંત ચતુષ્ટ્યની સ્થાપનાના બીજા મંતવ્યની માન્યતાને અશાસ્ત્રીય ઠરાવે છે.

તીર્થંકર પરમાત્માઓના આત્માઓ શૈલેશીકરણને અને સિદ્ધશિલાએ શાશ્વત અષ્ટ ગુણમય સિદ્ધ પરમાત્મા તરીકે આરોહિત થાય છે. એ સિદ્ધ ભગવાનોની પ્રતિમાજીઓમાં અનંત ચતુષ્ટ્યનાં પ્રતિપાદનોને નિયત નિયમ ત્રીજા મતને ધરમૂળથી નિર્મૂળ કરે છે.

જૈન દર્શન અનુસાર સર્વ સિદ્ધ ભગવંતો જ્ઞાનાવરણીયાદિ આઠેઆઠ કર્મોના ક્રમાનુક્રમાંકિત પ્રતિસ્પર્ધી અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત ચારિત્ર, અનંત અક્ષયતા, અનંત રૂપતા, અનંતઅનંતતા અને અનંત વીર્યતાના શાશ્વતા અષ્ટ ગુણમય છે.

જન્મ, જરા અને મરણરહિત, અજન્મ, અજર અને અમર છે. મનાતીત, વચનાતીત અને કાયાતીત, ક્ષુધાતીત અને તૃષાતીત, કર્માતીત અને

કાલાતીત છે. અનંત ભોગોપભોગો અને અનંત ઐશ્ચર્યવંત છે. સહજાનંદમય રૂપ અને સચ્ચિદાનંદન સ્વરૂપમય છે.

પ્રત્યેક સિદ્ધ પરમાત્માના આત્માના અસંખ્યે અસંખ્ય પ્રદેશો નિખિલતયા નિર્મળતમ ઉજ્જ્વળતમ છે. પ્રત્યેકે પ્રત્યેક પ્રદેશના પ્રકાશના પ્રસરણ અપરિમિત અને અપરિમેય છે. શબ્દાતીત અને વર્ણનાતીત છે.

પંચકલ્યાણક પ્રતીકાત્મક ધ્યાનધ્યાવનોને યોગયોગેજ સિદ્ધ સૂરીશ્વરો શૈલેશીકરણ પશ્ચાત્‌ પૂર્ણતમ ઓજેતેજમય આત્માને દેહમાંથી ઊંચકાણમય; સાત રાજલોકના ઉડ્ડયનમય, સિદ્ધશિલાના ઉતરાણમય અને શાશ્વતા સ્થાનની ઉતિષ્ઠતામય અવસ્થાઓએ અવલોકે છે.

જીવતત્ત્વમાં પૂર્ણ જલતત્ત્વના વહનમાં આવા દિવ્યાતિદિવ્યતમ દૃશ્યને દેખે છે. આકર્ષણ, પ્રવેશ અને સ્થંભન શક્તિથી પ્રતિમાજીને બ્રહ્મરન્ધ્રે આકર્ષિત, પ્રવિષ્ટ અને સ્થંભિત કરે છે. શૂન્ય સ્વરના શૂન્ય તત્ત્વના વહનમાં બ્રહ્મરન્ધ્રમાં પ્રતિષ્ઠિત કરે છે.

એ સાથે જ અષ્ટગુણના દિવ્યાતિદિવ્યતમ પ્રકાશના પૂંજો પ્રતિમાજીમાં પ્રવેશે છે અને પરમાણુએ પરમાણુમાં પ્રસરે છે. પ્રતિમાઓ વિમલતમ રૂંપો અને વિશુદ્ધતમ સ્વરૂપોને ધારણ કરે છે. યોગી પુરુષોને આવાં દેદીપ્યમાન રૂપસ્વરૂપો અને ઓજતેજોએ દૃશ્યમાન બને છે.

દેવો ભુત્વા દેવો યજેતૂનો સિદ્ધ સિદ્ધાંત પરમાત્મા બનીને પોતાના પરમાત્મત્વની પ્રતિમા પ્રતિષ્ઠાનો નિયમ યર્થાર્થ અર્થમાં અર્થભૂત નીવડે છે.

આવી વિશ્વસનીય પ્રાણપ્રતિષ્ઠાઓની અવિશ્વનીયતાઓ સામે દાદા આદીશ્વરજી, અંતરિક્ષ પાર્શ્વનાથજી અને શંખેશ્વર પાર્શ્વનાથજીનાં ઉદાહરણો પૂરતા પુરાવાઓ પૂરશે. સાથોસાથ નિયામક નિયમોનાં રહસ્યોદ્‌ઘાટનો શંકાઓનાં સમાધાનો પ્રમાણભૂત પ્રમાણો ધરશે.

**૪. દાદા આદીશ્વરજી-૧ :** શ્રી સિદ્ધક્ષેત્ર ગિરિવરમંડન આદીશ્વર દાદાની પ્રતિમા સાડાસાત પ્રમાણ શ્વાસોશ્વાસથી શ્વસિત છે. પ્રકૃષ્ટ પ્રભાવક આચાર્યપ્રવર શ્રી વિદ્યામંડન સૂરીશ્વરજીથી પ્રતિષ્ઠિત છે. શ્વાસશ્વસનો ચતુર્વિધ સંઘ પ્રલોકિત છે. સાડી સાતવાર એટલે પંદર પંદર શ્વાસોશ્વાસમાં પહેલા છેલ્લા ભીતરી પૂરક પ્રાણાયામે પ્રાણાધિષ્ઠિત છે.

એમાં કયાં કયાં અને કેવાં કેવાં રહસ્યો ધરબાયેલાં હશે એ એક જટિલ પ્રશ્ન છે.

સ્થૂલ દૃષ્ટિએ શ્વસન તંત્રની શ્વાસોશ્વાસમય ક્રિયાપ્રક્રિયાઓ એટલે ઇડા, પિંગલા અને સુષુમ્ણા નાડીની, ચન્દ્ર, સૂર્ય અને સુષુમ્ણા સ્વરની, પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ તત્ત્વની સૂક્ષ્મ સૂક્ષ્મતર સૂક્ષ્મતમ ગવિવિધિઓ.

યોગસાધનાઓની અપેક્ષાએ પ્રાણાયામની પ્રાણસિદ્ધિઓના સાદ **એટલે** શુક્ર યોગની શુક્ર સિદ્ધિ, દેહ યોગની દેહાવિષ્કાર સિદ્ધિ, આત્મ યોગની આત્મસાક્ષાત્કાર સિદ્ધિ અને પરમાત્મયોગની પરમાત્મસાક્ષાત્કાર સિદ્ધિના પ્રતિસાદ.

નાડી યોગના જ્ઞાનવિજ્ઞાને શ્વાસોશ્વાસની સ્થૂલની સૂક્ષ્મતમ ક્રિયાપ્રક્રિયાઓ એટલે એક છેડે દેહ, બીજે છેડે આત્મા અને બંને છેડાઓ મધ્યે નાડી, સ્વર અને તત્ત્વની અવિનાભાવે સંકલન.

આત્મા સાથે દેહ અને જીવંત દેહ સાથે શ્વાસોશ્વાસનાં જોડાણોનું જોડાણ એટલે શ્વાસોશ્વાસ સાથે નસકોરાં, નસકોરાઓ સાથે ઇડા, પિંગલા અને સુષુમ્ણા નાડીના, ત્રણ નાડીઓ સાથે સ્વસ્વ સ્વરના તથા ત્રિસ્વર સાથે પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ તત્ત્વના અવિનાભાવ સંબંધન.

આત્મા, દેહ, શ્વાસોશ્વાસ, નસકોરાં, નાડીઓ, સ્વરો અને તત્ત્વો એમ સાત સાત દ્રવ્યોના અખંડ શૃંખલાના અખંડિત અંકોડા જેમ એકબીજા સાથે અવિનાભાવ બંધઅનુબંધબદ્ધ બંધન.

અવિનાભાવ એટલે એક તત્ત્વના અસ્તિત્વે સાતેસાતના અસ્તિત્વ અને એક તત્ત્વના અસ્તે સાતેસાતના અસ્ત.

આ પરિપ્રેક્ષ્યમાં પ્રતિમાજીની સાડાસાતવારની ક્રિયાપ્રક્રિયાઓ એટલે આવી ગૂઢગૂઢતર યોગાવલિઓ, ગુહ્યગુહ્યતર સિદ્ધાવલિઓનાં પ્રસ્થાપના.

ચ્યવનાદિ પાંચ કલ્યાણકો, સ્પર્શેન્દ્રિયથી મનેન્દ્રિય સુધીની મુદ્રાઓએ મૂર્તિ મુદ્રિત છે. એના વિધિશુદ્ધિપૂર્વકના દ્રવ્યભાવ પૂજા, ભક્તિ, જપ, ધ્યાનાદિ આરાધકોના ગર્ભ, જન્મ, અસંયમ, અજ્ઞાન અને મરણઘાતક અને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરેન્દ્રિય શ્રવણેન્દ્રિય અને મનેન્દ્રિય પર વિજયપદ દાયક છે.

**૫. અંતરિક્ષ પાર્શ્વનાથજી-૨ :** રાજા રાવણના બનેવી ખરદૂષણ નામક રાજવી. પાતાળ લોકના અધિપતિ. નિત્ય નિયત સમયે પ્રતિમા પૂજનના નિયમ ધારક આરાધક.

એકદા કોઈ કાર્યાર્થે બે સેવકો સાથે વિમાન માર્ગે ગમન. ઉડ્ડયન દરમિયાન પૂજનના નિશ્ચિત સમયનું આગમન. નીચેના રેતાળ પ્રદેશે વિમાનના ઉતરાણ. સાથોસાથ સેવકોને પ્રતિમાજીના સાથસથવારાના વિસ્મરણનાં સ્મરણ.

સેવકોની અક્ષમ્ય ભૂલની કબૂલાત. સ્વામી થકી ક્ષતિની ક્ષંતવ્યતા.

ખરદૂષણજીએ રેતાળ પ્રદેશ પરના લાદના લોંદા અને રેતીના મિશ્રણ યોજ્યા. એક પ્રતિમાજીના નિર્માણ નિયોજ્યા. તેમાં વજાતાના સંસ્થાપન

સંયોજ્યા. ભક્તિભાવે પૂજનો પ્રયોજ્યાં. આ રીતે નિયમપાલનનાં આયોજનો આયોજ્યાં.

પ્રતિમાજીના વિસર્જનને વિચારે વિચર્યા. ક્ષયલયના દોષ જનિત ભયભીતતાનાં સંચરણોએ સંચર્યા. સાચવણીના શુભ સંકલ્પે નજીકના કુંડના જલભંડારે ભંડાર્યા.

કાળવાટે અગણિત કાલ વટ્યા.

કાળપરિપાકના પુન્યયોગે પ્રતિમાજીના પ્રતાપ પ્રગટ્યા. જલપ્રભાવે એલીચપુરના શ્રીપાળ રાજાનો દુષ્ટ કુષ્ટ રોગ નષ્ટ થયો.

સપનાઓમાંય પ્રતિમાજીના પરચા પરખ્યા. પ્રભુના પ્રભાવોએ ભાવભેર હરખ્યા. તરણાતારણ તારક તરીકે ઓળખ્યા.

અધિષ્ઠાયકે રાજા સાથે શરતી કરાર કર્યા. સાત દિનના જન્મવાળા વાછરડાના કાચા સૂતરના દોરા દ્વારા ગાડા સાથે જોડાણ, પ્રતિમાજીના પૂજ્ય ભાવે ગાડાએ પધરામણ, સૂતરની દોરીના રાજાના હસ્તમાં ગ્રહણ, એલીચપુર નગર તરફ ગાડાના પ્રયાણ, ગાડા પર નજર ફેરણના અફર ફરમાન જેવી આકરી આખરી શરતો લાદી. શરતોના અંગીકાર કર્યા.

ભવિતવ્યતાના યોગે વાહનવહન પ્રવાસ દરમિયાન સહ પ્રવાસન પર શંકાઓ ઊઠી. છેવટે ધીરજ તૂટી. શ્રદ્ધા ફૂટી, પૃષ્ટ પ્રદેશે દૃષ્ટિ દોરી. શરત છૂટી.

રાજાએ પ્રતિમાજીને થોડેક નજીકને વિશાળ વૃક્ષ તળે દીઠી. ગાડામાં ઉચલા ઊંચાણોએ બેઠાબેઠ બેઠી હતી. કરારભંગના એકરારપૂર્વક દુઃખદ દૂષદ ફલિતતા વેઠી લીધી.

વૃક્ષના થડ અને સમતળ ભૂમિ પ્રદેશ વચ્ચે એક ઘોડેસવાર અગર પનિહારી પ્રમાણ સાત ફૂટ જેટલું અંતરનું આંતરું દેખ્યું.

કરાર અનુસાર એ જ સ્થાને પ્રતિમાજીની પ્રતિષ્ઠા ઉજમાણ ઉજવણીઓએ ઊજવી.

વિ. સં. ૧૧૪૨માં પ. પૂ. નવાંગી ટીકાકાર આચાર્યવર્ય અભયદેવ સૂરીશ્વરજી અને વિ. સં. ૧૭૧૫માં પ. પૂ. પં. શ્રી ભાવ વિજયજી ગણિવર્ય પ્રતિમાજીના પ્રતિષ્ઠાયક હતા.

એકેકના કાળે સમતળ ભૂમિથી ક્રમશઃ છ અને એક આંગળ જેટલી આકાશમાં અધ્ધર સ્થિર હતી. વર્તમાન કાળે ડાબા ઘૂંટણ અને ડાબા પાર્શ્વ પ્રદેશે બિંદુમાત્ર પ્રમાણ સ્પર્શમાન છે.

એક ફૂટ એટલે બાર ઇંચ અને એક આંગળ એટલે ત્રણ ઇંચની

ગણનાએ ક્રમાનુક્રમયા ચોરાસી, અઢાર અને ત્રણ ઇંચ જેટલી ઊંચે અવકાશમાં અવસ્થિત હતી.

સ્પર્શનાઓનાં અવરોહણોમય અવસ્થાઓમાં કેવાં કેવાં ગૂઢનિગૂઢ રહસ્યો ઘૂંટાયાં હશે એને પ્રશ્નાર્થ ચિહ્ન છે.

રાજા ખરદૂષણની ભવ્યાતિભવ્ય ભૂષણભૂત દેવ, અંતરિક્ષ, અવકાશ અને સ્થૈર્ય શક્તિઓ સમેત આકાશ, આકાશતત્ત્વ, વજ્ર, કાલસિદ્ધિ સમી સિદ્ધિઓ સામેલ છે સમાયેલ છે.

દેવશક્તિ દેવો જેમ નિશ્ચિત દ્રવ્યને ભૂમિતળથી થોડીક ઊંચા, અંતરિક્ષ શક્તિ અંતરિક્ષમાં અધ્ધર, અવકાશશક્તિ અવકાશી અવગાહન - અંતરિતતા, સ્થૈર્ય શક્તિ યથાસ્થિત સ્થિરતા, આકાશ સિદ્ધિ આકાશી આકાશતા, આકાશ તત્ત્વ સિદ્ધિ વજનવિહીનતા, વજ્ર સિદ્ધિ વજ્રતા, કાલાવધિ સિદ્ધિ કાલ પ્રમાણને નિયત નિયતાઓએ રાખે છે.

પ્રતિમાજીમાં પહેલી ચાર શક્તિઓ ઊંચાણતા, અધ્ધરતા, અંતરાલતા અને સ્થૈર્યતાના, પાંચમી છઠ્ઠી શક્તિઓ આકાશતા અને લઘુતાના, સાતમી આઠમી સિદ્ધિઓ કઠિનતમતા અને કાલમાનનાં અવતરણો પ્રતિમાજીમાં અવતરાવે છે.

કોટિકોટિ વંદન હો ખરદૂષણ રાજાની પ્રભુ ભક્તિને, પ્રભુ ભક્તિના નિયમપાલનને, નિયમપાલન જાગરિત શક્તિ સિદ્ધિઓને, શક્તિસિદ્ધિઓ પ્રતિષ્ઠાપન પ્રતિષ્ઠાઓને, પ્રતિષ્ઠામય પ્રતિમાજીના પ્રભાવક પ્રભાવનાઓને.

**૬. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી :** ત્રિલોકપૂજિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી. અતીત ચોવીસીના શ્રી મુનિ સુવ્રતસ્વામીજી પ્રેરિત. અષાઢી શ્રાવકેં નિર્મિત.

પ્રભુને મુક્તિના અકળ કાળ કાજે પ્રાર્થના, ગણધર પદ બાદ સિદ્ધપદના ભારત વર્ષના અનાગત ચોવીસીમાંના તેવીસમા શ્રી પાર્શ્વનાથના શાસનસામ્રાજ્યે શ્રવણાઓથી અકથ્ય ભક્તિવિભોરતા.

સીતમાસ્તંભભૂત સ્મારકના મોક્ષોપકારી ભગવાનના પ્રતિમાજીના સંકલ્પ. અવધારણ થકી પ્રતિમાજીના અસાધારણ સર્જન.

દેવાલયમાં દિવ્યતમ દિવ્યતાઓ અને પવિત્રતમ પવિત્રતાઓના પ્રતિષ્ઠાપનાની પહેલી પળથી જ ચોપાસ પ્રસરાટ. પ્રતિમાજીના પ્રભાપ્રભાવોના માંડલાના રચનાર.

અલૌકિક માંડલામાં પ્રવેશથી જ પ્રસાદની પહેલી પહેલ. પ્રભુ ભક્તિમાં આત્માનંદની સહેલી સહેલ.

માંડલાના માંડવાના મંડાણથી જ મોક્ષમાર્ગ પ્રતિ પ્રવાસ, મોક્ષના માર્ગેમાર્ગે વાસેવાસ, અંતે અનંતઅનંત સુખ અને શાશ્વત સુખમય મોક્ષના નિત્ય નિવાસ.

આવા અપૂર્વ અદ્‌ભુત અભૂતપૂર્વ પ્રભાપ્રભાવ અને પ્રભાવનાઓ પછવાડે કયા કેવા ગૂઢ રહસ્યો સમાયેલાં હશે ?

અનુગ્રહ ગ્રહણે જ ખુદ શ્રી મુનિસુવ્રતસ્વામીજી થકી પ્રતિમા પ્રતિષ્ઠાપના. કેવલજ્ઞાન દર્શનયોગે પ્રતિમાજીમાં પોતાના જ આત્માના પાંચેપાંચ કલ્યાણકોની પ્રસ્થાપના. નિયત કાલકાલીન પ્રભુની પ્રભાપ્રભાવો અને વિભુની વિભાવિભવોની સંસ્થાપના.

ત્રિરેખાનાં રેખાંકનોએ સમ્યગ જ્ઞાનદર્શન ચારિત્ર થકી અનંત જ્ઞાનદર્શન ચારિત્રદાત્રી નિર્માત્રી છે.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી, અંતરિક્ષ પાર્શ્વનાથજી અને સિદ્ધ ક્ષેત્ર ગિરિવર મંડન શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિમાઓ ક્રમત: લોકલોકાંતર, કાલકાલાંતર અને સાતઆઠ સદીઓના યુગયુગાંતર પૂજિત છે. અગણિત અસંખ્ય, લાખોકરોડો અને સાતસો-આઠસો વર્ષ કાલિત છે. તીર્થંકર, આરાધક શ્રાવક અને સૂરીશ્વરજી થકી પ્રાણપ્રતિષ્ઠિત છે. તીર્થધામ મુક્તિધામ તરીકે વિશ્વવિખ્યાત છે.

એકેએક પરચાઓથી પરિચિત, ચમત્કારોથી ચમત્કારિત છે. મહતી મહિમાવંતી, ગૌરવભર્યા ગીતવંતી અને પશસ્ત પ્રશસ્તિવંતી છે.

ત્રણેત્રણ પ્રતિમાજીઓ પાંચ, ત્રણ અને પાંચ રેખાઓના અધિષ્ઠાનની અધિષ્ઠાત્રી છે. પહેલી ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ અને નિર્વાણ કલ્યાણકો થકી તીર્થંકર પદ દાત્રી અને મુક્તિપદ-સિદ્ધપદ પદાત્રી છે. ત્રણ રેખાઓએ બીજી કેવલજ્ઞાન, કેવલદર્શન અને યથાખ્યાત ચારિત્ર નિર્માત્રી છે.

ત્રીજી પાંચ રેખાંકનોએ પંચ કલ્યાણક-તીર્થંકરપદ સમેત છ ઇન્દ્રિય-વિજેતાપદની નેત્રી છે.

આ ત્રણેત્રણ પ્રતિમાજીઓ ભક્ત સાથે બોલે છે. ભક્ત સામે પડઘાઓ પાડે છે એવી આ સેવકની અનેક અનુભૂતિઓ છે.

## ૮. શંકાઓનાં સમાધાનો

પાંચ કલ્યાણકો, અંજનો, શક્તિઓ, સિદ્ધિઓ, લબ્ધિઓ વિદ્યાઓ વગેરેની પ્રતિમા પ્રતિષ્ઠાઓ અને કાલાવધિઓ અંગે સંદેહો મનમાં અવશ્ય અવતરે. શંકાની નિ:શંકા નિમિત્તે યોગ શાસ્ત્રો, તંત્ર શાસ્ત્રો, જૈન શાસ્ત્રોના

સમાધાનસાધક પ્રમાણભૂત સાક્ષી પાઠો પ્રસ્તુત છે.

(૧) એક જડ જડીબુટ્ટી, પારસ કે આનંદઘનજી, પાદલિપ્ત સૂરીશ્વરજી જેવા મુનિવરો યોગીવરોના પેશાબ અનુક્રમે જડ પથ્થર, લોહ યા શિલાને સુવર્ણમય બનાવતા હોય તો એક જડ શક્તિ, સિદ્ધિ, લબ્ધિ, વિદ્યા વગેરે પ્રતિમા જેવા જડ દ્રવ્યમાં પ્રવિષ્ટ થઈ શકે કે નહીં ? પ્રાણાયામની પ્રાણસિદ્ધિઓ સમી અન્ય સિદ્ધ સિદ્ધિઓ જડ પ્રતિમાજીના પ્રતિષ્ઠિત થઈ શકે કે નહીં ? જડ પ્રતિમાને સ્વના સમાન ભાવસ્વભાવ, પ્રભાવ પમાડી શકે કે નહીં ?

(૨) અમૃત શક્તિ જેવી શક્તિઓ અને સંજીવની સમી વિદ્યાઓ જડ મૃતદેહને જીવંત બનાવી શકતી હોય તો એ પ્રકારની શક્તિઓ ચૈતન્યશૂન્ય પ્રતિમાને ચૈતન્યમય બનાવી શકે કે નહીં ?

(૩) એક બ્રહ્મચારીની બ્રહ્મશક્તિઓના અણુપરમાણુઓ પ્રવેશ થકી પર વિકારી નારીને નિર્વિકારી બનાવી શકતા હોય તો બ્રહ્મયોગ જેવી બ્રહ્મશક્તિઓ સિદ્ધિઓના અણુપરમાણુઓ થકી પ્રતિમાજીઓમાં બ્રહ્મતેજો સંસ્થાપિત થાય કે નહીં ? બ્રહ્મયોગ જેવી અન્ય યોગસિદ્ધિઓ પ્રતિમાઓમાં પ્રસ્થાપના પામે કે નહીં ?

(૪) દેહધારીના આત્મ પ્રવેશથી મૃતદેહ જીવંત બને એ પરકાય પ્રવેશ છે. શંકરાચાર્યજીનો પરકાય પ્રવેશ પ્રસિદ્ધ છે. આત્માના પ્રવેશથી મૃતદેહ પ્રાણસંચારો થકી ધબકતો હોય તો સિદ્ધયોગી મહાત્માઓના આત્મસ્થ પ્રાણતત્ત્વના પ્રવેશથી નિષ્પ્રાણ પ્રતિમાઓ પ્રાણવાન બની શકે ને ?

(૫) મહા યોગી પુરુષપ્રવરોની શક્તિપાત સમી સમર્થ શક્તિઓ જો થોડીવારમાં જ સૂક્ષ્મ સૂક્ષ્મતમ માનવદેહસ્થ સુષુપ્ત ચક્રો, નાડીઓ, ગ્રંથિઓ, કુંડલીઓને જાગૃત બનાવતા હોય તો એ કક્ષાની શક્તિઓ મૂર્તિઓના નિષ્ક્રિય ચક્રાદિને સક્રિય બનાવી શકે ને ?

(૬) નવ તત્ત્વ જૈન દર્શનનો આત્મા છે. જડ અને જીવ દ્રવ્ય આત્માની ધોરી નસ છે. જીવ પર જડની અને જડ પર જીવની અસરો આત્માની ધોરી નસના ધબકારાઓ છે. જીવાત્માને કર્મો બાંધે છે અને જીવાત્મા જડ કર્મોથી છૂટે છે. આવી સાપેક્ષ બંધનમુક્તિઓ જીવ પર જડના અને જડ પર જીવનાં પ્રભાવવિભાવભૂત પરિણામો છે. જીવાત્માના પ્રભાવ જો જડ દ્રવ્ય પર પ્રવર્તતા હોય તો જીવાત્માના પ્રતાપ જડ પ્રતિમાઓ પર પણ પ્રવર્તે ને ? જીવની શુદ્ધિઓ સિદ્ધિઓ ચૈતન્યહીન પ્રતિમાઓમાં પ્રવિષ્ટ પ્રતિષ્ઠિત થાય ને ?

(૭) શાસન સ્થાપનાકાલીન ત્રિલોકપતિ અરિહંત ભગવંતોની ત્રિપદીની પ્રભાવલિઓ થકી ગણધર દેવોમાં તત્ક્ષણ કેવલજ્ઞાન સમકક્ષ શ્રુતકેવલીની જ્ઞાનાવલિઓ આવિર્ભાવ પામતી હોય તો જ્ઞાની યોગી પૂજ્યપ્રવરોની આચારવલિઓ, શુદ્ધાવલિઓ, સિદ્ધાવલિઓ, યોગાવલિઓ, ધ્યાનાવલિઓ પ્રતિમાજીઓને પૂજ્યવંતતા, પ્રભાવવંતતા, ચૈતન્યવંતા આદિના પ્રાદુર્ભાવ પમાડી શકે ને ?

(૮) તંત્રશાસ્ત્રોમાં આકર્ષણ, વશીકરણ સંમોહન, ઉચ્ચાટન અને મારણના પાંચપાંચ પ્રયોગો પ્રસિદ્ધ છે. પ્રયોગોની ક્રિયાઓ અણધાર્યાં અધમ અધમતમ પરિણામો ઉપજાવે છે. પ્રયોગો સામેની પ્રતિસ્પર્ધી પ્રતિક્રિયાઓ અભેદ્ય રક્ષાકવચ થકી સુરક્ષાનાં ધાર્યાં પરિણામો નિપજાવે છે. પ્રયોગોની બિહામણી અસરોથી મુક્ત થાય છે. એ ન્યાયે પ્રતિમાઓનાં અને કાલાવધિનાં રક્ષાકવચો પૂર્વ નિશ્ચિત કાળ પર્યંત સુરક્ષિત રાખે ને ?

મૂર્તિઓને પૂજ્યવંત, પ્રભાવવંત, ચૈતન્યવંતાદિ થકી સમેત મૂર્તિમંત બનાવી શકાય છે એનાં સમાધાનો પર્યાપ્ત છે ને ? શ્રદ્ધેય છે ને ? બુદ્ધિબદ્ધ છે ને ?

❑

# ઉપસંહાર

કાલાનુકાલ પ્રાણપ્રતિષ્ઠાનાં ગૂઢાતિગૂઢ વિધાનો અને સૂક્ષ્માતિસૂક્ષ્મ ક્રિયાપ્રક્રિયાઓના રહસ્યો એકધારાં વિચ્છેદ પામતાં આવ્યાં છે.

કાલકાલિત હ્રાસોને કારણે તીર્થંકર ભગવાનથી સાંપ્રતકાલીન આચાર્યવર્યો પર્યંતની પરમ્પરાઓના પ્રતિમાજીના દિવ્યતા અને ભવ્યતાઓ, તેજસ્વિતા અને તેજસ્વિતાઓ, પવિત્રતાઓ અને પ્રભાવકતાઓના પ્રસરાટોમાં ઓસરાટ પ્રવર્તિત બન્યા છે. છતાંય શાસનપુન્યપ્રભાવે શિલ્પશાસ્ત્ર પ્રમાણપ્રમાણોની મુદ્રિત મૂર્તિઓ નિયમા નયનરમ્ય, મનોરમ્ય અને આત્મરમ્ય ચાલતી આવી છે.

દેવગુરુકૃપાઓએ પ્રાણપ્રતિષ્ઠાકારક પૂજ્યપ્રવરોની પુન્યપવિત્રતાઓએ અરિહંત તીર્થંકરની પ્રતિમાઓમાં પંચકલ્યાણકાદિના પરમપવિત્ર પ્રવાહો સમેત ચક્ષુઓના દિવ્ય ઓજતેજો તેમજ સિદ્ધ પરમાત્માઓની પ્રતિમાઓના શાશ્વત અષ્ટ ગુણ ગણના પરમ પાવન પ્રવાહો અવિરતતયા વહેતા આવ્યા છે.

પૂર્વકાળ પેઠે વર્તમાન કાળેય દિવ્યતા, પવિત્રતા, પ્રભાવકતાઓના અણુપરમાણુઓ અખિલ દેવાલયના નિખિલ વાતાવરણમાં ચોમેર પ્રસરે છે.

ભાવોલ્લાસ વીર્યોલ્લાસ અનુસાર આરાધક વર્ગના શારીરિક, માનસિક અને આત્મિક પ્રદેશોમાં પ્રવેશે છે. દેહાદિની શુદ્ધિઓ, કર્મક્ષયની વૃદ્ધિઓ અને આત્માનંદની રિદ્ધિસિદ્ધિઓ સોંપે છે. આવી ભક્તિઓ મુક્તિની અપતિહત શક્તિઓ સમૃદ્ધિઓ સમર્પે છે.

આ અપેક્ષાઓએ સદેહાવસ્થાએ વિહરમાન તીર્થંકરોનાં દર્શન, વંદન, પૂજન, સ્તવન, તપન, જપન અને ધ્યાનન જેવાં ફળો કેટલેક અંશે પ્રતિમાજીના દર્શનાદિ દે છે. આથી જ જિનવરજી અને જિનવરજીના જિનાબિંબો સમાન ફળદાતા મનાય છે.

પ્રતિષ્ઠાકારક પૂજ્યવર્યોની શરણાગતિની સાપેક્ષ શરતી શરતો થકી વિધિવિધાનો અને ક્રિયાપ્રક્રિયાઓના ક્ષતિક્ષતો બહુધા ક્ષંતવ્ય લેખાય છે.

આવી બલવત્તર બલિહારી વિષમવિષમતર કલિકાલની મહાભાગી પુન્યગી દેનગી છે.

❑

# ૯

# પ્રતિમાપ્રતિષ્ઠાયોગ

દેવાલયના ગર્ભગૃહમાં શિલ્પશાસ્ત્રાનુસારી પ્રતિમાજીઓની પ્રતિષ્ઠાઓને પ્રતિમાપ્રતિષ્ઠા યોગ કહેવાય છે. શાસ્ત્રતયા પ્રાણપ્રતિષ્ઠા પ્રતિમાપ્રતિષ્ઠા પરમાત્માની પરાભક્તિનો પરમ પવિત્ર પ્રસંગ છે. સંઘતયા ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટતમ ઉત્કર્ષ ઉદ્ગાતા ઉત્સવ છે. અધ્યાત્મતયા આત્માનંદની મહેફિલનો મંગલ માહોલ છે. આત્મતયા આત્મામાં પરમાત્માની પ્રતિષ્ઠાનો અલબેલો અવસર છે.

જિનાલયના નિર્માણ પૂર્વે સર્વ જમીનની સર્વાંગી તપાસણીની અતિશય આવશ્યકતા છે તેમ નિર્માણ પશ્ચાત્ ભૂમિપ્રદેશ, જિનાલય, જિનબિંબોનાં નિર્માણો સમેત પ્રાણપ્રતિષ્ઠા, પ્રતિમાપ્રતિષ્ઠા અને પ્રતિમાપ્રતિષ્ઠામાના મુહૂર્તો એ છએ છની સાંગોપાંગ ચકાસણીની અનિવારણીય અનિવાર્યતા છે.

ભૂમિ, જિનાલય અને જિનબિંબો બાબત નિયુક્ત શિલ્પશાસ્ત્રીઓની, મુહૂર્તો અને ગ્રહયોગો અંગે જ્યોતિષશાસ્ત્રીઓની તથા ભૂમિના ભીતરી દોષો વિશે ભૂસ્તર શાસ્ત્રીઓની પૂર્ણાહુતિપર્યંત એકાંતિક જવાબદારીઓ છે.

દેવદોષ, પ્રેતદોષ, ભૂમિદોષ, અસ્થિદોષ, મૃતદોષ, પિંડદોષ, પ્રયોગદોષ સમા ગુપ્ત, સુષુપ્ત યા જાગૃત અગમ્ય દોષોસંબંધી ગૂઢ વિદ્યાવિદોની આગવી કામગીરીઓ છે.

ઉપરોક્ત ક્ષેત્રો ઉપરાંત પ્રાણપ્રતિષ્ઠા, પ્રભુપ્રતિષ્ઠાઓનાં વિષયોવિષયી વિધિવિધાનો, ક્રિયાપ્રક્રિયાઓ, દેવાલયનાં દૈવતો, શાસનપ્રભાવનાઓનાં કૌવતો કાજે નિયુક્ત નિષ્ણાતો, વિધિકારો અને પ્રતિષ્ઠાકારકોની જવાબી જવાબદારી છે. સંયુક્ત જામીનદારી છે.

એકેકા અંગઅંગી અંગઅંગે સતત સૌ સાવધાનીઓથી સાવધાન અને સાવચેતીઓથી સાવચેત રહે એ એકેક જવાબદાર જમીનદાર ગુણદોષ વાહકગવાહક ધર્મકર્મયોગ છે.

જિનાલય સંબંધી દોષો નિયમા નડે છે. સંઘાદિને નિરપવાદે કનડે છે. અશાંતિ અને વૈમનસ્યો ખરેખરા ખીજવે છે. ઉપસર્ગો ઉપદ્રવો પૂરેપૂરા પજવે

છે. શાસનને લગાતાર લજવે છે. આવી દોષપાત્ર ક્ષતિઓ એકાંતે **અક્ષંતવ્ય** છે. દોષપ્રમાણમાં સજાપાત્ર છે.

વિપરીત વિક્રિયાઓસર્જિત વિષમ વિપત્તિઓમાં અનુભવી જાણકારો થકી દોષાદિની આગોતરી પાછોતરી જાણકારી પૂરેપૂરી જરૂરી છે. સૂચિત ઉચિત ઉપચારો દોષપ્રદોષો માટે ઉપઘાતક અને સુખશાંતિ કાજે ઉપકારક ઠરે છે. જવાબદારોને દોષમુક્ત ઋણમુક્ત ઠેરવે છે.

જ્ઞાતા મુનિવરોને સ્વરયોગ સ્વરિત સ્વરસિદ્ધિઓ, નાદયોગ નાદિત નાદસિદ્ધિઓ, ધ્યાનયોગ સાધિત ધ્યાનસિદ્ધિઓ નિશ્ચયતયા દોષદફ્ન અને ગુણગુફનદાયક તથા શાસનશ્રેયસાધક નીવડે છે એ નિર્વિવાદ છે.

## ૧. સ્વરયોગની સ્વરાવલિઓ

શુક્લપક્ષની પ્રતિપદાથી કૃષ્ણપક્ષની અમાવસ્યાની ત્રીસત્રીસમાંથી ક્રમક્રમાંકિત ત્રણત્રણ તિથિઓ ચન્દ્રસૂર્યસ્વરોની છે. ઇડા, પિંગલા અને સુષુમ્ણાનાડીના ચન્દ્ર, સૂર્ય અને સુષુમ્ણા ક્રમિક સ્વર છે. ચન્દ્રસ્વરના પૃથ્વી અને જલતત્ત્વ, સૂર્યસ્વરનું અગ્નિતત્ત્વ અને સુષુમ્ણાસ્વરના વાયુ અને આકાશતત્ત્વ છે. એકેકા સ્વરમાં પાંચેય તત્ત્વ નિયત ક્રમે નિશ્ચિત કાળ પર્યંત વહે છે.

સોમ, બુધ, ગુરુ અને શુક્ર એ ચાર ચન્દ્રસ્વરના સૌમ્યવાર, સૂર્ય, મંગળ અને શનિ એ ત્રણ સૂર્યસ્વરના ક્રૂરવાર તથા અપવાદે શનિવાર સુષુમ્ણાસ્વરનો આધ્યાત્મિક વાર છે.

ચન્દ્રસ્વરમાં સૌમ્ય, સૂર્યસ્વરમાં ક્રૂર અને સુષુમ્ણાસ્વરમાં આધ્યાત્મિક કાર્યો સફળતાસૂચક છે. ચન્દ્રસૂર્યસ્વરોમાં આધ્યાત્મિક અને સુષુમ્ણા સ્વરમાં સૌમ્યક્રૂર કાર્યો નિષ્ફળતા નિર્દેશક છે.

પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એ ચાર દિશામાંથી પહેલી ત્રણ દિશાના અનુક્રમે સૂર્ય, સુષુમ્ણા અને ચન્દ્રસ્વર છે. દક્ષિણ દિશાનો કોઈ સ્વર નથી. જૈનદર્શનના સમવસરણમાં ચાર દિશામય તીર્થંકર પરમાત્માઓની કલ્યાણકારી ચતુર્મુખ અવસ્થાઓને અનુલક્ષીને સૂર્યસ્વર દક્ષિણ દિશાનો અવપાદિક સ્વર બને છે.

એકેક માનવ માટે જન્મ સમય જ જન્મજાત સિદ્ધનાડી, સિદ્ધ સ્વર અને સિદ્ધ તત્ત્વના નિશ્ચિત નિર્માણને નિર્મે છે. વિધાતાના લેખલેખિત ભૌતિક આધ્યાત્મિક ક્ષેત્રીય બરબાદીઓને આંતરે છે અને અલેખ આલેખિત આબાદીઓને નોંતરે છે. એ ત્રિપુટી અખિલ જીવનની શ્રેષ્ઠ શ્રેયસ્કર નિર્માત્રીવિધાત્રી સાબિત થાય છે.

ઉત્સર્ગ માર્ગે સૂર્યચન્દ્ર અને સુષુમ્ણા સ્વરની તિથિઓએ પોતપોતાના નાડી, સ્વર, તત્ત્વ, વાર અને દિશા તેમજ અપવાદ માર્ગે સિદ્ધ નાડી, સ્વર અને તત્ત્વના સ્વસ્વ વિષયો વિશેના વિધિસર વિનિયોગ ઇષ્ટ ફળદાયક છે.

દિનભરની સફળ સફર સાટે સ્વસ્થાનેથી પ્રસ્થાન, પરસ્થાને પ્રવેશ, રાત્રિનિદ્રાત્યાગ, શુભપ્રસંગો જેવા કાર્યોમાં દિનની તિથિના નાડી, સ્વર તત્ત્વાદિ અગર સિદ્ધનાડી, સ્વર અને તત્ત્વના શાસ્ત્રમાર્ગીય વિચરણસંચરણ ઇષ્ટ કાર્યસિદ્ધિસાધક છે.

પરિવર્તન શક્તિથી પ્રતિકૂળ બદલે અનુકૂળ નાડી, સ્વર તત્ત્વવહન અંગે શાસ્ત્રાજ્ઞા છે. આવાં પરિવર્તનો નિશ્ચિતતયા અશુભને સ્થાને શુભ પરિણામો પરિવર્તક છે. નાડીના ઊંડા ઉતરણ, સ્વરમાં શક્તિના સંચરણ અને તત્ત્વમાં સત્ત્વના અવતરણ પર પરિણામના પ્રમાણ અવલંબે છે.

## ૨. ધ્યાનયોગની યોગાવલિઓ

જપમુદ્રાએ જપનાઓ. ધ્યાનમુદ્રાએ ધ્યાવનો અને આત્મમુદ્રાએ આત્મજાગરણો એ એકેક પ્રતિષ્ઠાકારક મુનિ મહાત્મા માટે પાયાગત યોગાવલિઓ છે.

અનાહતચક્રે પરમાત્માના પધરામણાઓ, જપમાં મંત્રની અનાહત નાદમય અવિરત શ્રવણાઓ અને ધ્યાનમાં અનાહત ચક્રમય દેવાધિદેવની સતત દર્શનાઓ એ પ્રતિષ્ઠાયોગની તળગત યોગાવલિઓ છે.

સહસ્રારચક્રસ્થ સંસ્થાપનામય તીર્થંકર દેવ સાથે સંગીન સંબંધતા, પ્રભુના ચક્ષુઓમાંથી પીતશ્વેતવર્ણીય કરુણાકૃપાનાં કિરણોની અનવરત અવતરણો એ પ્રતિષ્ઠાયોગની મૂળગત યોગાવલિઓ છે.

કૃપાકરુણાનાં શ્વેતપીતવર્ણીય કિરણોની ધ્યાતાની આંખો પર એકધારી વર્ષાઓ, આંખો વાટે અંતઃસ્થલમાં ઊંડાંઊંડાં ઉતરણો અને આત્મપ્રદેશોમાં ચોપાસ પ્રસરણો એ પ્રાણપ્રતિષ્ઠાઓની સિદ્ધિગત યોગાવલિઓ છે.

કરુણાના પ્રવાહોની ઓજસ્વિતાઓ અને તેજસ્વિતાઓ તથા કૃપાના પ્રવાહોની પ્રશાંતતાઓ અને પ્રશમતાઓની આદાનપ્રદાનિયતો એ પ્રાણપ્રતિષ્ઠાયોગની આત્મગત યોગાવલિઓ છે.

દેવગુરુની અસીમ કૃપાઓએ સિદ્ધ સાધનાઓ અને સાધનાઓ સાધિત સિદ્ધિઓની આજ્ઞાચક્રમાં સંગ્રહણાઓ તથા કોઈ પણ દ્રવ્યમાં વિદ્યા, શક્તિ, સિદ્ધિ, લબ્ધિઓની સંક્રમણાઓ એ પ્રાણપ્રતિષ્ઠા યોગની પ્રાણભૂત યોગાવલિઓ છે.

પ્રાણપ્રતિષ્ઠામય વાસક્ષેપમાં પહેલેથી સાધના, સિદ્ધિઓ અને શક્તિઓની પ્રવિષ્ટતાઓ એ પ્રાણપ્રતિષ્ઠાયોગથી રાધાવેધભૂત યોગાવલિઓ છે.

પ્રાણપ્રતિષ્ઠા અને પ્રતિમાપ્રતિષ્ઠાની આવી સમાન યોગાવલિઓ છે.

## ૩. સ્વર અને યોગશાસ્ત્રોમાં પ્રતિષ્ઠાવિધિ

સ્વરશાસ્ત્રના નાડી, સ્વર અને તત્ત્વો, યોગશાસ્ત્રનાં સપ્ત ચક્રો તથા પ્રાણાયામની પ્રાણશક્તિઓ એ ત્રણેત્રણની પરસ્પરની સુસંગતામય પ્રતિમાપ્રતિષ્ઠાયોગ છે.

પ્રાણાયામની પ્રાણશક્તિની સૂર્યસ્વરના અગ્નિતત્ત્વમાં મણિપુર ચક્રે, ચન્દ્રસ્વરના પૃથ્વી અને જલતત્ત્વમાં વિશુદ્ધચક્રે તથા સુષુમ્ણાસ્વરના વાયુ અને આકાશતત્ત્વમાં સહસ્રારચક્રે સ્થૈર્યતામય પ્રાણપ્રતિષ્ઠા પ્રભુપ્રતિષ્ઠા વિધિવિધાનવિહિત છે. પવિત્રતા અને દિવ્યતાવાહિત છે.

પ્રતિષ્ઠા કાળની પળવિપળે નાડી, સ્વર, તત્ત્વ, ચક્ર કે પ્રાણની અચલ અવિચલતા અને ચલવિચલતા અનુક્રમે શુકનવંતી અપશુકનવંતી લેખાય છે.

## ૪. જ્યોતિષ અને સ્વરશાસ્ત્રોમાં પ્રતિષ્ઠા વિધિ

પ્રાણપ્રતિષ્ઠા પ્રતિમાપ્રતિષ્ઠા સમા પાવનાતિપાવન પ્રસંગોએ જ્યોતિષશાસ્ત્રના લગ્ન, સૂર્ય, ચન્દ્ર અને વાર તથા સ્વરશાસ્ત્રના નાડી, સ્વર અને તત્ત્વ વચ્ચેની પારસ્પરિક તાલમેલતા એ પ્રતિષ્ઠા યોગનો ધોરણસરનો એકધારો એકાકી ધારો છે.

સૂર્ય અને ચન્દ્રની એકીબેકી રાશિઓએ અનુક્રમે સૂર્યસ્વર ચન્દ્રસ્વરની પ્રધાનતા છે.

સૂર્ય અને ચન્દ્ર એ બે ગ્રહોની તથા સૂર્ય, ચન્દ્ર અને શનિ એ ત્રણ ગ્રહોમાં પ્રબળતમ ગ્રહના સ્વરની મુખ્યત્વતા છે. શિરમોરતા છે.

તિથિના વાર અને વારાધિપતિના તત્ત્વની મહત્ત્વતા છે. રવિ અને મંગળવારે અગ્નિતત્ત્વની, સોમ અને શુક્રવારે જલતત્ત્વની તથા બુધ, ગુરુ અને શનિવારે ક્રમશઃ પૃથ્વી, આકાશ અને વાયુતત્ત્વની પ્રભુત્વતા છે.

જ્યોતિષ વિજ્ઞાનનું એક પણ મુહૂર્ત એકાંતે શુભાશુભતમ લેખાતું નથી. સાપેક્ષતયા એકેએક મુહૂર્ત શુભાશુભ છે. સ્વરયોગની સ્વરસિદ્ધિઓ જ્યોતિષીય મુહૂર્તોના તિથિ, વાર, નક્ષત્ર-યોગ અને કરણ સમેત લગ્નયોગો, રાશિયોગો, ગૃહયોગો, નિત્ય યોગો, અનિત્ય યોગો તારાયોગો, નાડીયોગો, નક્ષત્રયોગો દોષવિનાશ ગુણવિકાસ સર્જે છે. આવા સિદ્ધસ્વરયોગીઓના અનુભવમય દાવા છે.

આવાં છે જ્યોતિષ સ્વર શાસ્ત્રો સર્જિત સંયુક્ત સર્જનમય અગમ્ય નવસર્જનો.

## ૫. પ્રતિમાજીની પ્રતિષ્ઠાપના

સર્વ ધાર્મિક અનુષ્ઠાનોને સ્વસ્વની સ્વતંત્ર તંત્રવાહક ધારાબદ્ધ ધારાવહીઓ છે. એ નિયમે પ્રતિમાપ્રતિષ્ઠા યોગનેય નિયમસર નિયત નિયમાવલિઓ છે.

(૧) મુહૂર્તની પૂર્વનિર્ધિત કલાક મિનિટ સેકન્ડ એ પ્રતિમા પ્રતિષ્ઠાનો નિશ્ચિત ઇષ્ટ કાળયોગ છે.

(૨) જન્મસિદ્ધ તિથિ, વાર, પ્રબળગ્રહ, પ્રતિમા યા દિશાગ્રહ અનુસારી નાડી, સ્વર અને તત્ત્વનાં વિહરણો, દેવાધિદેવો અને દેવદેવીઓના શક્તિસિદ્ધિઓનાં પ્રેરણાપૂર્વકનાં સંચરણો, તેમજ પૂરક કુંભક રેચક પ્રાણાયામોના ગતિમય વિચરણો એ પ્રભુપ્રતિષ્ઠા શાસ્ત્રનો કાર્યસિદ્ધિસાધક વિધિયોગ છે.

(૩) પૌષધશાળાથી દેવાલયસ્થ ગર્ભગૃહ પર્યંતના પ્રવેશોએ નાડી, સ્વર તત્ત્વવિહિત વિધિમાર્ગ છે.

(૪) સૂર્ય, ચન્દ્ર અને સુષુમ્ણા સ્વરમા પ્રભુપ્રતિમા સમક્ષ અનુક્રમે જમણી, ડાબી કે સન્મુખ ઉપસ્થિતિ એ સ્વરયોગના વિધિમાર્ગની માર્ગદર્શિકા છે.

(૫) આંખોમાં આંખોના પરોવણાપૂર્વક સ્વરસિદ્ધ, યોગસિદ્ધ અને નાદસિદ્ધ જેવા જાગૃત માધ્યમોથી પ્રભુજીને આદેશોના પૃચ્છીકરણો, પૃચ્છીકરણોના ઉત્તરીકરણો અને ઉત્તરીકરણોનાં અમલીકરણો એ પ્રતિષ્ઠાકલ્પનો આજ્ઞાઅનુજ્ઞાયોગ છે.

(૬) અંતરનાદ અને અનાહત નાદ, ભાવ અને ભાવન, પ્રભાવ અને પ્રભાવનના અનાહત ચક્રમાં ઊંડામાં ઊંડી ઉતરણાએ યોગશાસ્ત્રના તથા નાડીવહન અનુસાર અનાહત ચક્રસ્થ ડાબી, જમણી કે મધ્યગ્રંથિએ દૃષ્ટિ આરોપણ એ સ્વરશાસ્ત્રના વિધિવિધાન છે.

(૭) સૂર્ય, ચન્દ્ર અને સુષુમ્ણા સ્વરમાં ક્રમશ: અનામિકા, કનિષ્ટિકા અને મધ્યમા અંગુલિના અંગૂઠા જોડે જોડાણ એ સ્વરયોગની મુદ્રાવિધિ છે.

(૮) મુદ્રિત મુદ્રાએ વાસક્ષેપની ગ્રહણા એ પ્રતિષ્ઠાકલ્પની આચાર વિધિ છે.

(૯) પ્રતિમા પ્રમાણ જિનબિંબના સૂક્ષ્મ પ્રતિબિંબના સન્મુખ પ્રાદુષ્કરણ એ યોગશાસ્ત્ર અનુસાર વિધિની નિધિ છે.

(૧૦) અનાહત નાદના મંત્રોચ્ચારપૂર્વક સૂક્ષ્મ પ્રતિબિંબના જિનબિંબમાં અવતરણમય વાસક્ષેત્ર વિધિ એ ક્રિયાપ્રક્રિયાત્મક પ્રાણપૂરક પ્રભૂતિયોગ છે.

(૧૧) વાસક્ષેપાદિ અધિષ્ઠિત સઘળી શક્તિઓની સ્વસ્વ સ્થાનોએ સંસ્થાપનાઓ સાથે સ્પંદન પરિસ્પંદનાત્મક સૂક્ષ્મસૂક્ષ્મતમ આંદોલનો એ વિધિવિધાનના નિધિનિધાનભૂત વિભૂતિયોગ છે.

(૧૨) પ્રતિષ્ઠિત મૂર્તિમાં ચૈતન્યશીલતા અને પ્રભાવશીલતા, પવિત્રતા અને દિવ્યતાનાં મૂર્તિમંત દર્શનો એ પૂજ્યપ્રવરને દિવ્યભક્તિના સાદ સામે દેવતત્ત્વના પ્રતિસાદ છે.

(૧૩) જિનબિંબમાં માહ્યલા દોહ્યલા ભાવપ્રભાવભૂત જિનેશ્વરજીનાં દિવ્યતમ દર્શનો એ પ્રતિષ્ઠાપક પૂજ્યપ્રવરને પૂજ્યત્વના ભાવ સામે પરમાત્મ તત્ત્વના પ્રતિભાવ છે.

(૧૪) સિદ્ધ સાધનાઓ અને સિદ્ધિઓ સમેત અનાહત નાદ આદિ દ્વારા પ્રતિષ્ઠિત પ્રભુજીની ભાવભરી આભારવિધિ એ પ્રતિષ્ઠા કલ્પના વિધિવિધાન યોગના ચરમ ચરણકરણ યોગ છે.

(૧૫) પ્રતિષ્ઠા પૂર્વપશ્ચાત્‌ના અવરોધોના નિરોધનો, વિઘ્નોના વિદારણો અને ભક્તિભાવનાં ઊભરણો એ પ્રભુપ્રભાવના અસાધારણ અવધારણ છે.

(૧૬) "ૐ" શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ"ની અસ્ખલિત નાદનિનાદમય અભ્યંતર શ્રવણાઓ એ જિનેશ્વરજીનું લાજવાબ જવાબભૂત મંગલાતિમંગલ માંગલિક છે.

-પ્રતિષ્ઠાકારક પૂજ્યવંત ભગવંત વિધિવિધાનવિહિત અને પ્રભુપ્રભાવ પ્રભવિત પ્રતિષ્ઠાપના થકી આનંદવિભોર, ભક્તિવિભોર અને ભાવવિભોર બને છે એ જિનવરજીની જિનભક્તિનો જયજયકાર છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસારી આવી સાપેક્ષ પ્રતિમાપ્રતિષ્ઠાઓ
પ્રતિષ્ઠાપકજીને સર્વકર્મોત્થાપક સામર્થ્યયોગ છે.
આરાધકોને આત્મોત્થાન સંસ્થાપક કર્મમુક્તિયોગ છે.
શાસનને અભ્યુદય અભ્યુત્થાપક પુન્યશક્તિ યોગ છે.
વિશ્વને શાંતિપ્રશાંતિ પ્રસ્થાપક અમૃત યોગ છે.

❑

# ૧૦

# પ્રતિમાપૂજન યોગ

પ્રાણપ્રતિષ્ઠામય પ્રતિષ્ઠિત પ્રતિમાઓ પૃથ્વી પરના પરમ પવિત્ર પદાર્થો છે. દુનિયાનાં દિવ્યતમ દ્રવ્યો છે. વિરાટ વિશ્વના વિરલતમ વિભવો છે, સકલ સૃષ્ટિનાં અદ્વિતીય સૌંદર્યો છે. અખિલ લોકના લોકોત્તર ઐશ્વર્યો છે.

જીવંત જિનવરજીઓ જેવા જ પૂજ્યવંતા અને પુન્યવંતા, જ્ઞાનવંતા અને ધ્યાનવંતા, શુદ્ધિવંતા અને સિદ્ધિવંતા, પાવનવંતા અને પ્રભાવવંતા, જયવંતા અને શક્તિવંતા જિનબિંબોના સ્વાભાવિક સ્વભાવ છે.

સદેહાવસ્થામય જિનેશ્વરજીઓની દિવ્યદિવ્યતમ શક્તિઓ સમસ્ત શરીર સંગ્રહિત છે. તેમાં સાત અંગોપાંગો. જમણો ચરણ અંગુષ્ઠ અને સહસ્રારચક્ર મસ્તકે દિવ્યદિવ્યતર તથા દિવ્યતમ શક્તિઓ ક્રમતઃ સંક્રમિત છે. અદેહાવસ્થામય સિદ્ધ ભગવંતોની સર્વ દિવ્યાતિદિવ્યતમ શક્તિઓ મસ્તકના બ્રહ્મરન્ધ્રપ્રદેશે પરિકેન્દ્રિત છે. આવી પરમ્પરામય યોગવીરોની અનુભવવીણી વાણી છે.

છદ્મસ્થતયા ઋષભદેવજીને યુગલિકોના હસ્તમુદ્રામય જલપ્રવાહો થકી ચરણપૂજનો અને મહાવીરજીને જન્માભિષેકકાલીન ડાબા ચરણ અંગુષ્ઠ સમેત જમણા ચરણ અંગુષ્ઠ સંચિત સૂચિત શક્તિઓ, સત્ત્વતયા સતીઓના સતની અગ્નિપરીક્ષાકાલીન ચરણઅંગુષ્ઠ ઉદ્ભવિત દેહભસ્મક પ્રચંડ અગ્નિ, વ્યક્તિતયા શવદહન દરમિયાન જલનમય જમણા અંગૂઠાની જલદતમ જ્વાળાઓ એ ચરણ અંગુષ્ઠોની શક્તિઓના સાબૂત સબૂતો છે.

દેવાધિદેવોના દિવ્યાતિદિવ્ય આભામંડળની દિવ્ય આભાવિભાઓ મસ્તકમય સહસ્રારચક્રસ્થ દિવ્યતમ દીપ્તિઓની ગૌરવવાહી ગવાહી છે.

દેવગુરુકૃપાસિદ્ધ આરાધક શ્રાવકશ્રાવિકા વર્ગ આવા જિનેશ્વરજીઓ જેવા પ્રાણપ્રતિષ્ઠિત જિનબિંબોનાં નવ અંગોમાંનાં પૂજનોમાંથી સાતમાંથી અનેરી લહેરીઓની, જમણા ચરણ અંગુષ્ઠ થકી પ્રશસ્ત સ્પંદનો પરિસ્પંદનો, ઝીણી ઝણઝણાટીઓ, મીઠા ઝટકાઓ, આહ્લાદકભરી કમ્પારી ધ્રુજારીઓ અને વિદ્યુત પ્રવાહોની તથા સહસ્રારમય મસ્તકમાંથી અનોખી શાંતિ, પ્રશાંતિ અને

ઉપશાંતિઓની અનુપમ અનુભૂતિઓ અનુભવે છે. સિદ્ધ ભગવંતોની પ્રતિભાઓમાં શિરમોર શિરશિખા થકી આત્મત્વ પરમાત્મત્વોના સાક્ષાત્ સાક્ષાત્કારો પામે છે. આવા છે પૂજ્યતમ પુન્યતમ પુરુષપ્રવરોના પુન્યત્વો પૂજ્યત્વો.

દેવગુરુકૃપાસિદ્ધ, તપસિદ્ધ, જપસિદ્ધ, સ્વરસિદ્ધ, યોગસિદ્ધ, ધ્યાનસિદ્ધ, ભાવી અલ્પ ભવી તીર્થંકરો, ગણધરો, કેવલીઓ, યુગપ્રધાનો પૂર્વધરો સમેત સિદ્ધ પુરુષો યોગીપુરુષો, વિદ્યાપુરુષો, દિવ્યપુરુષો સમી વિશિષ્ટ વિશિષ્ટતર વિભૂતિઓ વિરાટ વિશ્વમાં વિદ્યમાન છે.

આવા મહાપુરુષો કક્ષા અનુસાર તીર્થંકરોની પ્રાણપ્રતિષ્ઠામય મૂર્તિઓના જમણા ચરણ અંગૂઠાઓ તેમજ સહસ્રારચક્રમય મસ્તિક સમા યથાર્થ યોગાંગ થકી યથેચ્છ વિદ્યાઓ, સિદ્ધિઓ, લબ્ધિઓ, શુદ્ધિઓ, પ્રભાવકતાઓ, પવિત્રતાઓ અને દિવ્યતાઓને સ્વના સત્ત્વતત્ત્વ દ્વારા સ્વ ભણી આકર્ષે છે. ખુદના યથાયોગ્ય યોગસ્થાને સંસ્થાપે છે. આવા છે દેવાધિદેવોનાં દિવ્ય દૈવતોકૌવતો.

આવા મહાત્માઓ પૂજનો દરમિયાન સ્વસ્વસિદ્ધ સિદ્ધિઓ, લબ્ધિઓ, શક્તિઓ, શુદ્ધિઓ, વિદ્યાઓ વિગેરેને મૂર્તિઓના યથાયોગ્ય યોગાંગે પ્રસ્થાપે છે. મૂર્તિઓ મહત્તર મહિમાવંત અને પ્રશસ્તતર પ્રભાવવંતી બને છે. આવા છે પરમાત્માઓના પરમાત્મત્વોના પરમ આત્મત્વો.

સંક્ષેપતયા શક્તિશુદ્ધિઓ આદિની આદાનિયત પ્રદાનિયતમય અનુત્તર અનુદાનો એ ત્રિલોક ગુરુ ભગવંતોની લોકોત્તર ગુરુત્વચિત ભગવાનિયત છે.

કાલાંતરોએ સિદ્ધિવંત શ્રદ્ધાવંત શ્રાવક શ્રાવિકાઓને પરમ પૂજ્યવંત પરમેશ્વરોના પૂજનોપ્રદત્ત પ્રકૃષ્ટપ્રકૃષ્ટતર પ્રકર્ષો પ્રચંડ પ્રચંડતર પુન્યાનુબંધી પુન્યોનાં પ્રબળ પ્રબળતર પરિબળો પેટે ઊપસે છે. ભવાંતરોએ તીર્થંકર, ગણધર કે કૈવલ્યપદો થકી મોક્ષવાસના શાશ્વતા નિવાસો તરીકે વિકસે છે. આવા છે વિશ્વોપકારકોના અસીમ ઉપકારો અને વિશ્વોદ્ધારકોના નિઃસીમ ઉદ્ધારો.

## ૧. મૂળનાયકજી પ્રભુના પ્રભાવક પ્રભુત્વો

તત્ત્વતયા દરેકેદરેક દેવાલયના મૂળનાયકજી પ્રભુના પારમાર્થિક પ્રભાવો અચિંત્ય છે. પ્રતિમાજીના પ્રત્યેકે પ્રત્યેક અંગપ્રત્યંગના એકેએક પરમાણુઓમાંથી સ્વસ્વ સ્વભાવ પ્રભાવના પવિત્ર પ્રવાહો અખિલ જિનાલય સમેત નિખિલ પ્રાંગણપર્યંત પ્રચુરતયા પ્રસરે છે. એ ન્યાયે તીર્થંકર પ્રભુઓના વીતરાગતા, સર્વજ્ઞતા, ત્રિલોકપૂજ્યતા, ત્રિલોક ગુરુતા, અરિહંતતા, ભગવંતતા, અવિકારતા, કારુણ્યતા સમા લોકોત્તર ગુણોના અનુત્તર પ્રવાહો પ્રભુપ્રતિભાઓમાંથી સતત

સંસરે છે.

આંગણઆગમને જ પુનિત પૂંજો આરાધકોના બાહ્ય દેહોને સ્પર્શે છે. દેવાલયપ્રવેશે જ ભાવભાવના અનુસાર તન, મન અને આતમમાં પ્રવેશે છે. પરિણામે સહજ સહજતાઓએ પૂજાપૂજનોમાં ઓળઘોળતા, જપજપનોના રસબોળતા અને ધ્યાનધ્યાવનોમાં તરબોળતા લાધે છે. મનની સ્થિરતા, ચિત્તની પ્રસન્નતા અને આત્માની પરમાત્મા સાથે સંગીન સંબંધિતાના પ્રાણવાન પ્રસાદો સાધે છે. ભવિષ્યકાલીન ત્રિલોકત્રિકાળ વિજેતાપદની પ્રશસ્તતમ પ્રસાદીઓય બાંધે છે. આવા છે પ્રભુવિભુઓના પ્રગલ્ભપ્રગલ્ભતમ પ્રભુત્વોવિભુત્વો.

નવેય અંગોએ મઢેલ ચગદાઓ, મસ્તકોએ મઢેલ મુગટો, દેહોને અઢેલ ખોળાઓ આંગીઓ પ્રાંગણ પર્યંતનાય પવિત્ર પરમાણુઓને પ્રસરાટો -પર પ્રતિબંધી લાદે છે. અધિપતિ મૂળનાયકજીઓના આધિપત્યોને ઠોસ ઠેસ યાને કઠોર ઠોકર લાગે છે.

સાથોસાથ ચગદાઓ વિગેરે જેવી રુકાવટોની કિલ્લેબંધી પ્રતિમાજીઓની પ્રત્યક્ષ સ્પર્શનાઓ પર પ્રવેશબંધી, સાક્ષાત્ સંપર્ક, સંસર્ગ, સંબંધો પર તાળાબંધી, શક્તિઓની આદાનપ્રદાનિયતો પર આયાતનિકાસબંધી અને મુક્તિનાં નિર્માણો પર નાકાબંધીનાં ફરજિયાત ફરમાનો ફરમાવે છે.

બંધબંધીઓની બંધનીઓ છતાંય સાપેક્ષતાએ વદનપ્રદેશ દ્વારા પવિત્ર પૂંજોના તથા ચક્ષુઓ થકી દિવ્ય તેજોના પવિત્ર પરમાણુઓ પ્રાંગણાપર્યંત પ્રસરે છે એ કાલાધીન કલદાર કલગી છે. ચગદાઓની અટકાયતોએય દેવાધિદેવોના દેદીપ્યમાન દેહોનાં દર્શનપ્રદર્શનો બાળકક્ષાના જીવોને ધર્મમાર્ગે વાળે છે એ શાસન શ્રેયલક્ષી પરમ્પરામય પુરુષોની દેનદાર દેનગી છે. આવા છે બંધનબદ્ધતાઓએય વિશ્વવત્સલ વિભુનાં વિશ્વવાત્સલ્યો.

સાપેક્ષતયા કેશરાદિજનિત ઘસારાઓ, પોકરો અને સળો સમી આરસની નૈસર્ગિક ક્ષતિઓ જેવાં નક્કર કારણોએ પ્રાચીન જિનબિંબો શીઘ્ર ક્ષીણતાઓ ભણી સર્યા છે. દીર્ઘકાલીન સાચવણી જાળવણીઓના શુભ આશયોથી શાસ્ત્રકારોએ શાસનસેવકોને ખોળા લેપાદિના સધ્ધર ઉપાયોના દોર તરફ દોર્યા છે. એ વિધિની વિરાધનાઓ નહીં કિંતુ આરાધનાઓ છે. પરંતુ પ્રાચીન પ્રતિમાઓ પેઠે અર્વાચીન પ્રતિમાઓનેય ખોળાઓ, લેપો સમા અકારણ પરિધરણો એ પ્રાયઃ અવિધિઓનાં અવધારણો છે.

પ્રાચીન પ્રતિમાજીઓના લેપોથી સુરક્ષાઓ અંગે શાસ્ત્રોમાં અસંદિગ્ધ વિધિવિધાનો છે. પારદર્શક લેપલેપનો થકી (પવિત્ર) પરમાણુઓના પ્રસરાટોનાં સંશોધનો એ ચતુર્વિધ સંઘનો એક અણમોલ ધર્મકર્મયોગ લેખાશે. પરમાત્માની

પરાભક્તિની આગવી ગવેષણા ગણાશે.

રાગશૂન્ય વિકારશૂન્ય જિનેશ્વરોનાં જિનબિંબોનાં સમગ્ર અંગોપાંગોના સ્વસ્વ સ્વભાવ પ્રભાવમય પુનિત પ્રવાહો છેક આંગણ લગી રેલાય છે. એ અન્વયે નિરાગતા નિર્વિકારતાઓના પરમ પવિત્ર પરમાણુઓ પ્રચુરતયા ફેલાય છે. આરાધકોના દેહ, મન અને આત્માઓ રાગરહિતતાએ વિરાગતાઓ અને વિકારવિહીનતાઓએ નિર્વિકારતાઓની સહેલી સહેલોએ સહેલાય છે. આવા છે ત્રિલોક ગુરુઓના બહેતરીન બહેલમય ત્રૈકાલિક ગુરુત્વો.

લિંગ એ ભોગવાસનાઓ અને ભોગસંગનું મુખ્યમુખ્યત્યાર સમુખ્યત્યાર અંગ છે. લિંગ પરના લંગોટનાં આવરણોથી પ્રતિમાજીઓના બ્રહ્મચર્યતાના નિર્વિકારતાઓના પરમ પવિત્ર પરમાણુઓ આવરાય છે. પરિણામે આરાધકોના બ્રહ્મચર્યોય છાવરાય છે. એ એક દોષપ્રદ વિરાધક પ્રવર્તન છે.

શ્વેતામ્બરીય દિગમ્બરીય મૂર્તિઓની અલગઅલગ ઓળખોના લક્ષાર્થે પ.પૂ. મહાન શાસન પ્રભાવક બપ્પભટ્ટસૂરીશ્વરજી ભગવંતના કાળથી લિંગ પર લંગોટની પ્રથા પ્રચલિત બની છે એવી માન્યતા છે. એમના પૂર્વકાળેય લિંગધારી શ્વેતામ્બરીય પ્રતિમાજીઓ પ્રવર્તિત હતી એ લક્ષમાં લેવું ઘટે છે. લિંગવાહી શ્વેતામ્બરીય દિગમ્બરીય મૂર્તિઓના વાદવિવાદો ભાવી કાલે વકરશે એવા ભયેય સાંગોપાંગ સર્વાંગી પરિવર્તન અનુચિત નહીં બલકે શું સમુચિત નથી ?

લિંગ લંગોટો થકી બ્રહ્મચર્યો, ચગદાદિથી પ્રત્યક્ષ સ્પર્શનાઓ તેમજ પવિત્ર પરમાણુઓનાં પ્રસરણો વિશેના નિર્ણયોની નિર્ણાયક સત્તાઓ પરમ ગીતાર્થ ગુરુવર્યોના હુકમથી હકૂમત હેઠળ છે.

ચગદાના વિષય વિશે આઠેક દાયકાઓ જૂનો મહેસાણાના જિનાલયના એક મૂળનાયકજીનો સીમાચિહ્નભૂત યાદગાર પ્રસંગ છે. મૂળનાયકજીની પ્રતિમાજીનો ચરણ અંગૂઠો ગમ્યાગમ્ય ઘસારાઓથી ઘણો ઘસાયો. સુડોળ ચરણપ્રદેશ બેડોળ બન્યો. કોઈને ઘસારાઢાકણનો એક અકસીર ઉપાય સૂઝ્યો. અંગૂઠાએ ચાંદીના ચગદાને ચોડી દીધું. કુરૂપતાને દાટી દીધી અને સુરૂપતા પ્રગટાવી દીધી. અંગુષ્ઠ સોહામણો મોહામાણો થયો. કિંતુ બીજો અંગુષ્ઠ અકળામણો અળખામણો લાગ્યો. સમરૂપતાના લક્ષે એનેય એ પ્રમાણે મઢ્યો. બંને અંગૂઠાઓ નયનરમ્ય મનોરમ્ય બન્યા. આ રીતે ચગદાચોડામણની પ્રથા પ્રવર્તમાન થઈ. એની સત્તાવાર વિગતવાર તપાસણી ચકાસણી ઘણી જરૂરી છે.

## ૨. પ્રતિમાઓનાં દ્રવ્ય પૂજનો

મોક્ષ એ એકેક આત્મશ્રદ્ધાવંત માનવનું અંતિમ લક્ષ છે. લક્ષવેધ એ

મોક્ષલક્ષનો રાધાવેધ છે. જીવમૈત્રીમય જિનભક્તિ એ સર્વ કર્મક્ષયસાધક અને મોક્ષવેધવેધક સર્વમાન્ય ભક્તિયોગ છે.

જિનબિંબોના શાસ્ત્રનિયત નવનવ અંગોની સેવાપૂજા એ પ્રભુભક્તિનો એક દ્રવ્ય ભક્તિયોગ છે. ધર્મશાસ્ત્રતયા જમણા ચરણ અંગૂઠાથી સ્કંધ બાદ શિરશિખાથી નાભિ સુધીના તથા યોગશાસ્ત્રતયા જમણા ચરણ અંગુષ્ઠથી સ્કંધ પશ્ચાત્ નાભિથી શિરશિખા લગીના ક્રમાનુક્રમિક નવેનવ અંગોપાંગોનાં પૂજાપૂજન વિધિયોગ એ જ પ્રભુભક્તિયોગ છે.

દ્રવ્યસ્તવમાં અંગૂઠાની પહેલી બે અંગુલિઓ જોડે તથા પાંચમી અંગુલિના અંગુષ્ઠના તળપ્રદેશ જોડે જોડાણ એ પૂજનસેવન અંગેની અંગુલિમુદ્રા છે. ચોથી અનામિકા અંગુલિ મધ્યના અર્ધ વર્તુલાકારી માધ્યમ મારફત નવનવ અંગોએ સેવનપૂજન એ પ્રતિમાસ્પર્શન મુદ્રા છે. મુદ્રાયોગની ઉભય મુદ્રામય દ્રવ્ય પૂજનો ક્રમાનુક્રમ શારીરિક સ્થિરતા સાધક માનસિક પ્રસન્નતાપાયક અને આત્મિક જાગૃતિદાયક છે.

આવી અસાધારણ ત્રિપુટીની મોક્ષફળદાત્રી અસામાન્ય ત્રિપદી છે.

પ્રથમ આત્માની પરમાત્મા સાથે આત્મીય આત્મિકતાએ ભગવાનની અસીમ કૃપા છે. પ્રત્યેક અંગપ્રત્યંગના પૂજનસેવન દરમિયાન પ્રભુ-પ્રભુવિભુઓની પ્રભૂતિઓ વિભૂતિઓની પ્રત્યક્ષ દર્શનાઓ એ દેવાધિદેવોના અદ્વિતીય આશીર્વાદો છે. મોક્ષપદના નિયતિનિયત નિર્માણ એ તીર્થંકરોના અનુપમ અનુગ્રહો છે.

દેવગુરુકૃપાએ દ્રવ્યપૂજનસેવનસંબંધી જે ગૂઢ રહસ્યો લબ્ધ બન્યાં છે તે આત્મશ્રેયાર્થીઓને ભક્તિવૃદ્ધિ અર્થે અર્પણ કરાય છે.

## ૩. પ્રભુપ્રતિમાપૂજન-પ્રભાવપ્રવર્તનમય

"હે વીરપ્રભુ ! આપના તીર્થંકરત્વના મૂળમાં કરુણા હતી. મારા પર કૃપા કરો. કૃપા કરો."

"હે વીર વિભુ ! આપ કૃપામય છે. મારા પર કૃપા વરસાવો, કૃપા વરસાવો."

પૂજા પહેલાં પ્રભુપ્રતિમાને બે હાથ જોડીને ભાવભેર પ્રાર્થના કરું છું.

પ્રાર્થના દરમિયાન ઘણી વાર પ્રભુનાં ચક્ષુઓમાંથી પીતવર્ણના કરુણાના અને શ્વેતવર્ણનાં કૃપાનાં કિરણો આંખોમાં પ્રવેશે છે. કેટલીકવાર પ્રતિમાજીથી થોડેક ઊંચે સાક્ષાત્ ભગવાન પ્રગટે છે.

"મારા સર્વસર્વસ્વા ! જે જે વરબોધિધારક મહાત્માઓએ દોષ અને

પાપના વિનાશના તથા ગુણ અને શુદ્ધિના વિકાસના પાયા પર તીર્થંકરપદ અર્થે આરાધનાઓ આરાધી છે તેઓ તીર્થંકરપદને વર્યા છે. આવા જ વિનાશવિકાસના પાયા પર તીર્થીંકરપદ પામીશ.'' ચરણ અંગુષ્ઠ પૂજનમાં પ્રભુ પ્રત્યક્ષ બને છે. જમણા ડાબા ચરણોને મસ્તક અડાડું છું. વિનાશવિકાસ વિશે આરઝુ ગુજારું છું. ચરણયુગલે મસ્તક લગાડું છું.

''હે પરમોપકારી પરમાત્મા. આપ જાનુબળે કાઉસગ્ગ ધ્યાને રહ્યા. જાનુબળે કેવળજ્ઞાન પામ્યા. આથી આપના જાનુઓનું પૂજન કરું છું. એ સાથે ડાબી જમણી બાજુઓએ ધ્યાનસ્થ અને ગોદોહાસસ્થ દેવાધિદેવ દૃશ્યમાન થાય છે. એ જ અવસ્થાઓની અવસ્થાનતાઓ અર્થે એ જ અવસ્થાઓએ અવસ્થિત થાઉં છું.

''હે વિશ્વોદ્ધારક વિભુ ! લોકાંતિક દેવોએ જગતના જીવોના ઉદ્ધારાર્થે તીર્થ પ્રવર્તનની પ્રાર્થના કરી. સંયમલક્ષે સત્વરે પુનિત કર વડે વર્ષીદાન આરંભ્યા. એને અનુલક્ષીને કરકાંડાના પૂજન થકી તરત જ સંયમનો સંકલ્પ કરું છું. સન્મુખ ઉપસ્થિત સુવર્ણકમલમય પરમાત્મા પાસે પહોંચું છું. સંકલ્પજ્ઞાની પ્રભુ પોતે જ મસ્તક, દાઢી અને મૂછના કેશના લોચ કરી દે છે. મસ્તકે વાસક્ષેપ વિધિ થકી વિધિપૂર્વક દીક્ષાદાન દે છે.

''હે અનંતશક્તિવંત ભગવંત ! સર્વદોષોના સર્વથા ક્ષયથી જે શક્તિ પામ્યા તે શક્તિ થકી સંસારસાગર તરી ગયા. આથી આપના સ્કંધોનું પૂજન કરું છું - સંસાર સંસ્તાર નિસ્તાર નિમિત્તે. એ સાથે જ ભગવાનના મસ્તકમાંથી એક અલૌકિક શક્તિ પ્રગટે છે. એક ક્ષણમાં જ સિદ્ધ શિલાને આંબે છે. એ શક્તિના સકલ સંચરણસંકલનને સંલોકું છું. એ પ્રકારની શક્તિ ઇચ્છું વાંછું છું.

''હે સર્વકર્મક્ષયમય ભગવાન ! આપ સિદ્ધશિલાએ વિરાજિત છો. આથી શિરશિખા દ્વારા આપનું સિદ્ધ તરીકે પૂજન કરું છું. આપના પૂજન થકી અનંતા સિદ્ધ ભગવંતોનું પૂજન કરું છું. આપ સૌના સમા સિદ્ધપદ સાથે અનંતા સિદ્ધ ભગવાનો મધ્યે શ્રી વીરપ્રભુને અને વીરપ્રભુના ચરણ યુગલે સિદ્ધ તરીકે ખુદના આત્માને આલોકું છું.

હે તીર્થંકર પરમેશ્વર ! આપ તીર્થંકર નામકર્મપૂર્વક જન્મ્યા એટલે તીર્થંકરપદને પામ્યા. તીર્થંકર તરીકે આપના મસ્તકનું પૂજન કરું છું.

જિનાજ્ઞા સર્વાંશે પાલનાર્થે, જિનાજ્ઞાથી જિનવરજીની પદપદવી અર્થે. એ સાથે જ સાક્ષાત્ વીર જિનવરજી પ્રગટે છે. બે હાથ જોડું છું. મસ્તક નમાવું છું. તીર્થંકર મસ્તક પર હસ્ત સ્થાપે છે. તીર્થંકરપદના આશીર્વાદ આપે છે.

''હે દયાસાગર દેવાધિદેવ ! આપની પાંત્રીસ ગુણવાહી વાણીનાં શ્રવણો

થકી અસંખ્ય અનંત જીવો કલ્યાણ પામ્યા છે. આ કારણે આપની વાણીના ધારક કંઠનું પૂજન કરું છું. દેવાધિદેવોની દિવ્ય દેશનાઓનાં શ્રવણો દ્વારા મારા આત્માના પરમ કલ્યાણ કાજે. એ સાથે જ દિવ્યદેશનામય દેવાધિદેવ સમવસરણે સંસ્થિતતામય દેખાય છે.

"હે પરમ પ્રશાંતિમયપ્રભુ ! હીમ ઠંડો હોવા છતાંય વનની વનરાજીઓને બાળીને ખાખ કરી નાખે છે તે રીતે આપે આપના હૃદયના શાંત, પ્રશાંત, ઉપશાંત ભાવો વડે આત્માના રાગરોષોને સર્વથા રગદોળી નાખ્યા. આથી આપના હૃદયનું પૂજન કરું છું, મારા આત્માની શાંતિ, પ્રશાંતિ, ઉપશાંતિ, મારા આત્માની પ્રસન્નતા પ્રશમતા પેટે.

"હે તારક તીર્થંકર પરમાત્મા ! જેઓ જ્ઞાન, દર્શન ચારિત્રની રત્નત્રયીને મોક્ષાર્થે આરાધે છે તેઓને શાશ્વતી રત્નત્રયી લાધે છે. આપના નાભિપૂજનથી બાહ્ય અભ્યંતરતયા રત્નત્રયીને શરીરના અંગઅંગી અંગઅંગથી અંગીકાર કરું છું. આત્માના પ્રદેશેપ્રદેશથી પ્રક્ષાલું છું. આત્માની મુક્તિ માટે આત્મમુક્તિની શક્તિ માટે.

(૧) પ્રત્યેક પૂજનને પ્રારંભે અંગૂઠા સાથે અનુક્રમે પહેલી બે તથા પાંચમી અંગુલિના જોડાણમય અંગુલિમુદ્રાને ધારણ કરું છું.
(૨) જમણા ચરણ અંગુષ્ઠ પૂજનથી અનામિકા અંગુલિના મધ્યપ્રદેશસ્થ પ્રતિમાસ્પર્શનમુદ્રાને અવધારણ કરું છું.
(૩) બંધ નયને નવેનવ અંગો પર દૃષ્ટિ દડાવું છું. એકેકા અંગે ૐ હ્રીં અર્હં શ્રી વીરસ્વામિને નમ: મંત્રના જપ જપું છું. દરેક મંત્રજપે શ્વેતવર્ણનું સૂક્ષ્મ તેજસ્વી બિંદુ પ્રગટે છે. પ્રતિમાજીનાં એ જ અંગોમાં પ્રવેશે છે.
(૪) પ્રતિમાજીના એકેકા અંગના પૂજનમાં પ્રતિમાજીથી થોડેક ઊંચે ઉપસ્થિત પ્રભુજીના એ જ અંગ પર મનને કેન્દ્રિત કરું છું.
(૫) પૂજનોમાં ભક્તિભર્યાં ભાવવાહી વાક્યો પ્રાય: અનાહત નાદના અસ્ખલિત શ્રવણાઓએ વહે છે.
(૬) "હે પ્રભુ ! આપનાં નવ અંગોનાં પૂજનથી મને નવતત્ત્વનું જ્ઞાન થજો. નવપદમય શ્રી નમસ્કાર મહામંત્રની ભવોભવ પ્રાપ્તિ થજો. મારો દેહ પરનો રાગ સતત ઘટતો જજો અને આત્મા પરનો રાગ અવિરત વધતો જજો. આપની કૃપાથી આપના જેવા તીર્થંકરપદનું પ્રદાન કરજો." નવ અંગોના પૂજન પશ્ચાત્ બે હાથ જોડીને ભગવાનને પ્રાર્થના કરું છું.

## ૪. પ્રભુપ્રતિમાપૂજન – ચક્રોતત્ત્વોના શોધનમય

"મારા સર્વસર્વસ્વ ! ચરણઅંગુષ્ઠ સાથે જલતત્ત્વનું પૂજન કરું છું. આપની આજ્ઞાની આરાધનાથી ભવભ્રમણના છુટકારા માટે, સંસારસાગરના નિસ્તાર માટે, સર્વકર્મની મુક્તિ માટે, શાશ્વતા સુખની સિદ્ધિ માટે." આ સાથે ખુદ દેહસ્થ આત્માને સિદ્ધશિલા સુધી દોરું છું.

"અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોકના ત્રિલોકપતિ પરમાત્મા ! આપના જાનુઓ સહિત સ્થૂલ પૃથ્વીતત્ત્વનું પૂજન કરું છું. ભવોભવની આપની ભક્તિ કાજે, ભવોભવની આપની સ્તુતિ ચૈત્યવંદનની વિશિષ્ટ ભાવભક્તિ કાજે, ભવોભવની આપની એકાંતિક શરણાગતિ કાજે." ભાવ અનુસાર મુદ્રાધારણે પ્રાર્થું છું.

"જગતના જીવોનાં ભવભ્રમણોથી આર્દ્રતામય હે અનંત કરુણાવંત ભગવંત ! આપના કરકાંડા સમેત પાંચેય સ્થૂલ તત્ત્વોનું પૂજન કરું છું. એ સાથે એકેકી આંખમાં બોર જેવડા આંસુઓનાં બબ્બે બુંદોમય પ્રભુ પ્રલોકાય છે. ભાવ સામે પ્રતિભાવ લેખે નિજની આંખોય અશ્રુભીની કરુણાભીની બને છે.

"સર્વના સર્વ હિતકારક હે હિતવત્સલ વિભુ ! આપના સ્કંધો સાથે સ્થૂલ અગ્નિતત્ત્વનું પૂજન કરું છું. એ સાથે પૂર્વના ત્રીજા ભવસ્થ કરુણામય, મહાનિભિષ્ક્રમણમય અને તીર્થંકર નામકર્મ નિકાચનમય તેમજ તીર્થંકર ભવસ્થ દીક્ષામય, પરીષહ ઉપસર્ગોમય, કૈવલ્યમય, શાસનસ્થાપનામય, સમવસરણમય, અને વિવિધ વિહારોમય. વિભુ વિલોકાય છે.

"સંસારસાગરમાં ડૂબતા જગતના જીવોને બચાવનારા હે તરણતારણ તીર્થંકર ભગવાન ! આપની નાભિ સહિત સૂક્ષ્મ અગ્નિતત્ત્વનું પૂજન કરું છું. મારા આત્માના ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટતર ગૃહસ્થ ધર્મ, સમ્યગ્દર્શનધર્મ, દેશવિરતિધર્મ, સર્વવિરતિધર્મનાં ઉત્થાનો અર્થે, અપ્રમત્ત સંયતની પરાકાષ્ટાએ કૈવલ્યપદ અર્થે, કૈવલ્યપદના અંતિમ ફલભૂત સિદ્ધિપદના પરમોત્થાન અર્થે.

"હે અશરણ્યોના શરણવંત ભગવંત ! આપના છાતીના અનાહતચક્ર સમેત સૂક્ષ્મતર વાયુતત્ત્વનું પૂજન કરું છું. મારા આત્માની આધિવ્યાધિઉપાધિભૂત ત્રિવિધ તાપની મુક્તિ નિમિત્તે, અઢાર પાપસ્થાનકોની મુક્તિ નિમિત્તે, ચૌદ રાજલોકરૂપ સંસારની મુક્તિ નિમિત્તે.

"છદ્મસ્થ અવસ્થાએ વિચરતા હે અનંતકરુણાવંત ભગવંત ! આપના કંઠના વિશુદ્ધચક્ર સહિત સૂક્ષ્મતર આકાશતત્ત્વનું પૂજન કરું છું. મારા આત્માની જિનકલ્પ સ્થવિરકલ્પ સમ અપ્રમત્ત ગુણસ્થાનની સંપૂર્ણ સ્થિરતા સાટે, વિવિધ

કલ્પોના સુવિશુદ્ધિ પાલનો સાટે, કલ્પપાલનોની અમોઘ શક્તિઓ સાટે." એ સાથે એકેક ગૂઢ ગુફાએ મારા આત્મસ્થ જિનકલ્પીસ્થવિરકલ્પી મુનિપદ આલોકાય છે.

"સર્વજ્ઞોમાં સર્વોત્તમ હે જિનેશ્વર પરમેશ્વર ! આપના મસ્તકસ્થ સહસ્રારચક્ર સમેત સૂક્ષ્મતમ પાંચેય તત્ત્વોનું પૂજન કરું છું. આપના જેવી મારા આત્માની ઘાતીકર્મક્ષયસર્જિત સર્વજ્ઞતાના દાવાદાવે." આ સમયે ભગવંત કેવલજ્ઞાનદર્શનના ઉપાર્જનમય દેખાય છે.

"દેવોના દેવ હે દેવાધિદેવા ! આપની શિરશિખામય બ્રહ્મરન્ધ્ર સમેત શૂન્યતત્ત્વ-પૂર્ણતત્ત્વનું પૂજન કરું છું. આપના સમી મારા આત્માની શૂન્ય શૂન્યતા અને પૂર્ણ પૂર્ણતામય શાશ્વતી શાશ્વતતાઓના લેખા લેખે." આ સમયે પરમાત્મા એક ક્ષણમાં સિદ્ધશિલાની વિરાજનતાએ વિલોકાય છે.

(૧) પહેલા પ્રકારના પૂજન પેઠે પ્રથમ પાંચેપાંચ ક્રમાંકોને અનુસરું છું.

(૨) તત્ત્વશોધનમાં એકેક તત્ત્વના નિયત વર્ણ ચોપાસ પ્રસરે છે. એ જ વર્ણમય વાતાવરણ વર્તાય છે.

(૩) બંને પ્રકારનાં પૂજનોમા મહાવીર સ્વામી ભગવાનને સ્થાને અન્ય ગમે તે તીર્થંકરને ફેરવી શકાય છે.

**પ્રભુપ્રતિમા પૂજન, અતિશય પ્રાતિહાર્યમય**

એકેક તીર્થંકર ભગવાનના અપાય, જ્ઞાન, પૂજા અને વચન એ ચાર મૂળ અતિશયો તથા અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્ય ધ્વનિ, ચામર, આસન, ભામંડલ, દુંદુભિનાદ અને છત્ર એમ આઠ મહા પ્રતિહાર્યો છે.

અતિશય એટલે નિરુત્તર નિધિ. જગમાં જેનો જોટો જડે નહીં એ જાતની જણસ. અતિશયની અતિશયતા એટલે લોકોત્તર અલૌકિકતા, અનુત્તર ઐશ્વર્યતા.

પ્રાતિહાર્ય એટલે પ્રતિહાર પેઠે પાછળપાછળના અપ્રતિહત ફરણફરવણ. પ્રાતિહાર્યની પ્રાતિહાર્યતા એટલે અનુચર જેમ અપ્રતિહાર્ય અનુગમન અનુસરણ.

પહેલા ચરણઅંગૂઠોએ એક સાથે ચાર અતિશયોના તથા જાનુ, કરકાંડા અને સ્કંધ બાદ નાભિથી શિરશિખા સુધીના એકેક અંગે એકેકા પ્રાતિહાર્યના એમ નવ અંગોએ પૂજનસેવન છે.

"હે કુંથુનાથ ભગવાન ! આપના માધ્યમથી અનંત અરિહંત ભગવંતોનું ચાર મૂળ અતિશય અને અષ્ટ મહાપ્રાતિહાર્યથી પૂજન કરું છું. આપના સૌના સમા ચાર અતિશય આઠ મહાપ્રાતિહાર્યમય તીર્થંકરપદને પામવા માટે." આ પ્રમાણેની પ્રાર્થના સાથે જ અનેક તીર્થંકરો મધ્યે કુંથુનાથ ભગવાન દશ્યમાન બને છે.

"હે અનંત તીર્થંકર પરમાત્મા ! ચાર મહા અતિશય અને અષ્ટમહા પ્રાતિહાર્યધારક તીર્થંકરો તરીકે આપનું પૂજન કરું છું. ચરણ અંગૂઠે અનામિકા અંગુલિને મૂકતાંવેંત ડાબી બાજુએ નીચે ઊંચે ઘાતીકર્મઘાતક અપાય અપગમ અને કેવલજ્ઞાનદર્શનદાયક જ્ઞાન અતિશયમય તથા જમણી બાજુએ ઊંચેનીચે પાંચવર્ણીય પાંચ તીર્થંકરોના નમસ્કારમય સૌધર્મેન્દ્ર ચક્રવર્તી અને વાસુદેવ તથા સમવસરણે દેશનામય દેવાધિદેવ દેખાય છે.

આઠ અંગોનાં પૂજનોમાંના

| | |
|---|---|
| જાનુઓએ | વિશાળ વડલા સમું ઘેઘૂર અશોકવૃક્ષ, |
| કરકાંડાઓએ | પંચવર્ણોની પુષ્પવૃષ્ટિમય પંચવર્ણના તીર્થંકરો |
| નાભિએ | વીંઝણામય બબ્બે ચામરો |
| છાતીએ | રત્નજડિત દિવ્ય સિંહાસન |
| કંઠે | શ્વેતવર્ણનું દિવ્ય તેજધારક ભામંડલ અને |

શિરશિખાએ ઉપલા, વચલા, નીચલા એમ ક્રમાનુક્રમિક ત્રણ સ્થાનોએ ત્રણ વિસ્તૃત વિસ્તૃતતર છત્રો આલોકાયવિલોકાય છે.

સ્કંધોએ ચાર દિશાસંસ્થિત વાદ્યો વડે દિવ્ય સૂરો તથા મસ્તકે ચતુર્દિશા પ્રસ્થિત દુન્દુભિઓ દ્વારા દિવ્ય નાદો સંભળાય છે.

"આપના જેવા ચાર અતિશય અને આઠ પ્રાતિહાર્યમય તીર્થંકર પદની પ્રાપ્તિ માટે એકેકા અંગના પૂજને અને નવેય અંગોનાં પૂજનો પશ્ચાત્ પ્રભુને પ્રાર્થના કરું છું.

(૧) પહેલા પ્રકારના પૂજન પેઠે પાંચેપાંચ પ્રથમ ક્રમાંકોને અનુસરું છું.

(૨) કુંથુનાથ ભગવાનને બદલે કોઈ પણ તીર્થંકરને બદલી શકાય છે.

❑

# ૧૧

# પ્રતિમાપ્રતિષ્ઠામુહૂર્તયોગ

માનવીને જન્મજન્માંતરોથી જિંદગીની જાણકારી કાજે ઘેલી ઘેલછાઓ વળગી છે. કાલકાલાંતરોથી ભવિષ્યની ભવિષ્યતાઓ બાબત કારમી ભૂખ જાગી છે. સુખદુ:ખ, શાંતિઅશાંતિ, આબાદી બરબાદી, સફળતાનિષ્ફળતા સમાં દ્વંદ્વોના સમય સમયાંતરોની વિજ્ઞાનતાઓ વિશે તીવ્ર તાલાવેલીઓ લાગી છે. વર્ષવર્ષાંતરો અને માસમાસાંતરોની આગામી આગાહીઓ અંગેનું પરમ્પરામય એકશ્રદ્ધાવંત સાધન છે જન્મસમયમય જન્માક્ષર.

અધ્યાત્મતયા જન્માક્ષર એ પૂર્વ ભવોકૃત સુકૃતદુષ્કૃતોનો નિગૂઢ નકસો છે. વિધિના લેખલેખિત અગમ્ય આલેખ છે. પુન્યપાપોનાં પરિણામોનો ન્યારો ન્યાય છે. બાર રાશિઓ, નવ ગ્રહો અને સત્તાવીસ નક્ષત્રો થકી સુખદુ:ખોના ભોગવટાનો નિષ્પક્ષ આદેશ છે. કર્મસત્તાનો સમતોલ માપદંડ છે.

કર્મકર્માંતરોના પુન્યાંતરોપાપાંતરો જીવેજીવના જીવનને ઓચિંતા ઊંધીચત્તી ચાલોએ ચલાવે છે. સુખાંતરો દુખાંતરોના ભોગાંતરો ફલાંતરો એકાએક અવળાસવળા વળાંકોને વળાવે છે. ગ્રહગ્રહાંતરોની દશાદશાંતરો અચાનક ઊલટાસૂલટા પલટાઓએ પલટાવે છે.

આવી અદલાબદલીઓને લીધે માનવી પ્રારબ્ધ પરિવર્તનની ભડકોએ ભડકે છે.

સુખદુ:ખની નિર્ધિત અનિર્ધિતતાઓની ફડકોએ ફડકે છે.

લાભાલાભની નિશ્ચિત અનિશ્ચિતતાઓની ધડકોએ ધડકે છે.

ઇષ્ટાનિષ્ટની નિત્ય અનિત્યતાઓની થકડોએ થડકે છે.

આથી જ માર્ગદર્શનાર્થે સમકાલીન વિશ્વાસુ જ્યોતિર્વિદોને વિશ્વાસભેર ઝૂકે છે. શ્રદ્ધાવંત ફલકથનોના એકેકા કેડેકેડાને શ્રદ્ધાપૂર્વક ઝાલે છે... દુ:ખદાયક ફલોનાં નિવરણો નિમિત્તે દુ:ખઘાતક ઉપાયોને ઝિંદાદિલીથી ઝીલે છે.

સ્વસ્વકાલકાલીન જ્યોતિષવિદ્યાના પ્રકાંડ પંડિતો એ જ સમકાલીન જ્યોતિર્વિદો.

પ્રાચીનકાલીન આર્યાવર્તના જ્યોતિષશાસ્ત્રીઓ એટલે જ્યોતિષશાસ્ત્રના

અઠંગ ઉપાસકો અને દેવગુરુઓના અનન્ય સેવકો. પાપભીરુતા અને ભવભીરુતાના અજોડ ધારકો અને નિયત નિયમપાલનોના બેજોડ અવધારકો. ગૂઢ વિદ્યાઓના વિશિષ્ટ વાહકો અને આંતરશક્તિઓના સંનિષ્ઠ સંવાહકો. પ્રેમલતા કોમલતા નિર્મલતાના નિતાંત નિર્વાહકો અને સંશોધનોના સંગીન અવગાહકો. સ્વભાવતયા સત્યવક્તાઓ અને પ્રશસ્ત પ્રવક્તાઓ. ફૂલસંશોધનોની નિરાલી શૈલીઓ અને ફલ-કથનોની આગવી હથોટીઓ. શુદ્ધ ગણિતગત અને સૂક્ષ્મદષ્ટિગત શાસ્ત્રોના પારંગત વારસાઓ અને જીવનઘડતરોમા ગુરુવરોની કૃપા આશીર્વાદોના ખાસ્સા હિસ્સાઓ.

આર્યાવર્તના આર્યજ્યોતિષ મુજબ જાતકના જ્યોતિષિક ગણિતમાં ગર્ભપ્રવેશકાલીન આધાનલગ્નની તેમજ જન્મસમયકાલીન જન્મ, ભાવ, ચંદ્ર સૂર્ય અને કારકાંશ સમેત ષોડશ કુંડલીઓનાં લેખનો.

આધાન, જન્મ, ચન્દ્ર ભાનુ, નવમાંશ અને કારકાંશથી કુંડલીઓના ક્રમાનુક્રમયા આત્માવતરણ, સ્થૂલ દેહ, સ્થૂલ સૂક્ષ્મ મનો, બાહ્ય આત્મા, સૂક્ષ્મ સૂક્ષ્મતર સૂક્ષ્મતમ દેહો તથા અભ્યંતર આત્માથી કુંડલીઓનાં આલેખનો.

ફલાદેશ ક્ષેત્રના આધાન લગ્નની કુંડલીનું પ્રધાન પ્રતિષ્ઠાપન તથા જન્મ, રાશિ અને ભાનુ કુંડલીઓથીય અધિકતર અધિકારત્વનું અધિષ્ઠાપન.

ફલાદેશાર્થે આધાન સમેત તમામેતમામ કુંડલીઓગત શુભાશુભ રાશિઓ, ગ્રહો અને ગ્રહયોગોની સ્થૂલથી સૂક્ષ્મતમ પ્રબળતા નિર્બળતાઓ, સામ્યતાવૈષામ્યતાઓ, સુસંવાદો વિસંવાદો, ઉત્કર્ષ અપકર્ષો અને સફળતા નિષ્ફળતાઓની મુલવણીઓને મૂલવનારા.

જીવનવૃત્તાંત વાસ્તે દ્વાદશભાવોની સંપત્તિવિપત્તિ જેવા વિશેષ વિષયોની દેવગુરુઓની કૃપા અવકૃપા સમા વિશિષ્ટ યોગોની વર્ષ, માસ, દિનપૂર્વક મહાદ્દશા અંતરદશા પ્રત્યંતર દશાઓની તેમજ ગોચર ગ્રહોના શુભાશુભ ફલોની તુલવણીઓને તોલનારા.

આધાનલગ્ન સમેત ષોડશ કુંડલીઓ, કારકાંશ અને નક્ષત્ર પદ્ધતિઓને આધાર સ્તંભો તથા મહાદશા અંતર દશા પ્રત્યંતર દશાઓ સહિત ગોચર ગ્રહોને આધાર સ્તંભોની આધારશિલાઓ લેખનારા.

વિશિષ્ટ યોગોના ઉદાહરણમાં વૈરાગ્યયોગ, બ્રહ્મચર્યયોગ, સંન્યસ્તયોગ, કર્મયોગ, ધર્મયોગ, ભક્તિયોગ, જપયોગ, લયયોગ જેવા આધ્યાત્મિક યોગોના, નાડીસાધનાયોગ, તત્ત્વસાધનાયોગ, ધ્યાનયોગ, કુંડલિની યોગ, ચક્રભેદનયોગ, સમા ધ્યાનયોગો.

પરમાત્મ કૃપાયોગ, દેવદેવી કૃપાયોગ, ગુરુકૃપાયોગ, આશીર્વાદયોગ, વરદાન યોગ જેવા આત્મિક પારમાત્મિક યોગો.

પંચ મહાપુરુષયોગ, સાત મહાપુરુષયોગ, ચક્રવર્તીયોગ, અવતારયોગ,

પરમાત્માયોગ જેવા વિશિષ્ટ વિશિષ્ટતમ વિભૂતિ યોગો.

નક્ષત્ર પરિવર્તન, નક્ષત્ર પ્રભુત્વ સમા નક્ષત્ર યોગો.

દેવદોષ, પ્રેતદોષ, પિતૃદોષ, સર્પદોષ, ભૂમિદોષ, અસ્થિદોષ, પ્રયોગ દોષ, અભિશાપ યોગ, અવકૃપાયોગ જેવા દુષ્ટાતિદુષ્ટ યોગોના તેમજ દોષ નિવારણોમય વિવરણોના સમાવેશ.

ન્યાયાધીશ જેમ નિષ્પક્ષ ન્યાયપૂર્વક જાતકના અખિલ જીવનના નિખિલ માળખાઓ બાંધે શિલ્પકાર પેઠે જીવનશિલ્પના સુડોળબેડોળ ડોળોને ડોળે. ચિત્રકાર માફક સમસ્ત જીવનના ચિત્રવિચિત્ર ચિત્રોને ચીતરે. પંડિત તરીકે ઋષિમહર્ષિઓ વિરચિત ગ્રંથોના ઠેરઠેર ટંકશાળી શ્લોકોને ટાંકે. વિવિધ વિષયવાર અને વિશિષ્ટ વિગતવાર અખંડ જીવનકિતાબને જાતે જાતકને સમભાવે સમર્પે.

આર્યાવર્તના જાતક જ્યોતિષ જેમ મુહૂર્ત જ્યોતિષમાંય એક્કા. સંસારસંબંધી વેવિશાળ વિવાહો વિગેરે, સંસારત્યાગસંબંધી તેમજ દેવાલય વિષયી મુહૂર્તોના પૂરેપૂરા પક્કા. એકેક મુહૂર્ત પર સૌના સર્વાનુમતે સચોટતાના સિક્કા.

પરમાત્માઓ પ્રત્યેના તીવ્ર રાગદ્વેષો થોકબંધ પુન્યપાપોની તથા જન્મજન્માંતરોએ જથ્થાબંધ સુખદુ:ખોની ઉત્કૃષ્ટનિકૃષ્ટ ઊપજભૂત છે. એમની વિશેષવિશેષતર ભક્તિઓની વિશિષ્ટ વિશિષ્ટતર શક્તિઓ સ્વાર્થભાવમાંથી પરાર્થભાવમાં તથા અનંત ભવમાંથી અંતિમ ભવની નિશ્ચિત નીપજભૂત છે. ખુદની મૂર્તિઓ નિજના મૂર્તિમંત રૂપસ્વરૂપભૂત અને સ્વભાવપ્રભાવ ભૂત છે એવા ધર્મકર્મયોગના તત્ત્વવેત્તાઓ.

આ અપેક્ષાઓએ ભગવંતો સંબંધી ખનનથી પ્રતિમા પ્રતિષ્ઠાપર્યંતના મુહૂર્તોના શુભાશુભ ગ્રહયોગો ક્રમશ: આરાધના ઉપાસનાઓ અને વિરાધના આશાતનાઓ લેખે લેખે છે. સંસારમુક્તિથી સંસાર શુદ્ધિઓનાં ખાતાઓ ખાતે ખતવે છે. અપેક્ષા ભેદોએ અમૃત ઝેર છે તેમ ઝેર અમૃત છે. એ અન્વયે સત્યાંશો અન્વિત અન્વેષણાઓના અન્વેષકો.

પ્રાચીન ધોરણોની ધારણાઅવધારણાઓએ જાતકની આધાન અને જન્મ કુંડલીને અનુક્રમે દેવાલયના શિલાન્યાસ, અને પ્રાણપ્રતિષ્ઠા પ્રતિમાપ્રતિષ્ઠાઓના સ્થાન સ્થાપનાઓના તથા આધાનથી કારકાંશ સુધીની કુંડલીઓના શુભાશુભ ગ્રહયોગો પેઠે ક્રમશ: શિલાન્યાસ પ્રાણપ્રતિષ્ઠા, પ્રતિમાપ્રતિષ્ઠાના શુભાશુભ ગ્રહયોગોના સંસ્થાપન ઉત્થાપનભૂત ગરવી ગવેષણાઓના ગવેષકો.

દેવગુરુનાં કૃપાબળોએ એકેક મુહૂર્ત સંબંધી શુભાશુભ ફળોનાં જોડાણતોડાણભૂત કસબોના કસબીઓ. મુહૂર્તોનાં માધ્યમો મારફત જન્માક્ષરોની દોષમયતાઓને ગુણમયતાઓની, પાપમયતાઓને પુણ્યમયતાઓની અને દુ:ખમયતાઓને સુખમયતાઓની સુલટનભૂત કીમિયાઓના કીમિયાગરો.

મુહૂર્તોના ગ્રહયોગો થકી જિનાલય, જિનબિંબો, શાસન અને ચતુર્વિધ સંઘસંબંધી દુષ્ટદુષ્ટતમ દોષોના વિશોધનના વિશોધકો.

આ પરિપ્રેક્ષ્યમાં ચૈત્યો, દીક્ષાઓ અને વિવાહોના મુહૂર્તો થકી યથાશક્ય અનિષ્ટ ફળોને મિટાવનારા અને ઇષ્ટ ફળોને ખટાવનારા.

## ૧. ધ્યેય સાધક ઇષ્ટ મુહૂર્તો

જિનાલયના મહા મંગલદાયક પ્રસંગોએ સંઘના અગ્રસર આગેવાનો મુહૂર્તકારની મુકરર મુલાકાત લે. સંઘસંબંધી ભૂત અને વર્તમાનકાલીન સારીનરસી બધી જ બાબતોને તેમજ ભવિષ્યકાલીન સંઘશાંતિ, ધર્મવિકાસ સમા લક્ષ્યાંકોને સ્પષ્ટપણે બતાડે. ઇષ્ટ મુહૂર્તાર્થે લાગણી સાથે માગણી મૂકે. મુહૂર્તદાતા નોંધપોથીમાં એકેકા મુદ્દાને મુદ્દાસર નોંધે. આવી હતી મુહૂર્ત પેટેની પ્રારંભિક પ્રાચીન પ્રથા.

કાર્યાસિદ્ધિસાધક કુંડલીઓના પ્રસિદ્ધ ગ્રહયોગોએ મુહૂર્ત સંશોધનના કાર્યને આરંભે. મનોમન નિર્ધિત પરિણામલક્ષી નિશ્ચિત ગ્રહયોગોની ધારણાઓને ધારે. પંચાંગમાંથી કોરી ચોપડીમાં માસમાસવાર ત્રીસત્રીસ દિવસોની કુંડલીઓ દોરે. એકેકી કુંડલી નીચે શુભાશુભ ગ્રહયોગોને ટપકાવે. શુભ દિનોના યથેચ્છ ગ્રહયોગોને વારેવારે ચકાસે. તમામની તુલનાત્મક તારવણીઓ તારવે. અનુભવ અનુસારનાં ટૂંકાં ટાંચણો ટાંચે. ધારેલાં અનેક શ્રેષ્ઠશ્રેષ્ઠતર મુહૂર્તોમાંથી એક શ્રેષ્ઠતમ મુહૂર્તને નિર્ધારે. આવી હતી પ્રાચીન મુહૂર્તકારોની મુહૂર્ત સંશોધનની પદ્ધતિ.

મંગલ દિનના શુભ ફળપ્રદ સમયે મુહૂર્તદાતા અગ્રતમ અગ્રણીઓને આમંત્રે. મુહૂર્તનાં જમાઉધાર પાસાઓને સમજાવે. શુભાશુભ પ્રભાવ-વિભાવોની ખૂબીઓને ખુલ્લંખુલ્લા ખોલે પોતે વિધિપૂર્વક મંગલમુહૂર્ત અર્પે. ઉલ્લાસભર્યા વધામણાઓથી વધાવે. ઔદાર્યભરી કદર થકી સત્કારે. આવી હતી મુહૂર્તોનાં આદાનપ્રદાનોની પૂર્વકાલીન પ્રણાલિકા.

સંઘ ચૈત્ય જેમ ગૃહ ચૈત્યના મુહૂર્ત કાજે ગૃહસ્થી અનુક્રમે સંઘના માર્ગને અનુસરે. વરિષ્ઠ વડીલ પરિવારના જન્માક્ષરોને શ્રદ્ધાપૂર્વક સોંપે. દરેકના ગુણ અવગુણોથી વિશ્વાસભેર વાકેફ કરે. વ્યષ્ટિ સમષ્ટિતયા આધ્યાત્મિક વિકાસોસાધક ક્ષતિક્ષયોપૂર્વકની આરાધનાઓ, સિદ્ધિઓ, શુદ્ધિઓ સમેત દોષોનાં નિરાકરણો માંગે. મુહૂર્તકાર ઇષ્ટ ચીંધણાઓની નોંધણીઓ બરાબર નોંધે. ઉપરના વિધિવિધાન પ્રમાણે મુહૂર્તદાતા અને વડીલ મુહૂર્તની આપલે કરે. ઉચિત ઉદારતા દાખવે.

ચૈત્યમુહૂર્તો જેમ દીક્ષાનાં મુહૂર્તો અર્થે વડીલ વર્ગ અને દીક્ષાર્થી મુહૂર્તકાર સાથે બેઠક ગોઠવે. દીક્ષાર્થી અને પરિવારના જન્માક્ષરો બતાડે. દીક્ષાર્થીના જન્માક્ષરના શુભાશુભ યોગોને આધારે આગમ, ન્યાય, પ્રકરણ, વ્યાકરણ જેવા

ગ્રંથોમાં અધ્યયન અધ્યાપનો, તપ, જપ, ધ્યાન સમ આરાધનાઓ, દૈવીકૃપાઓ, દિવ્ય દર્શનો, પરમાત્મ સાક્ષાત્કારો સમી સિદ્ધિઓ સમેત પ્રધાનતયા દોષમુક્તિ, પાપમુક્તિ, કર્મમુક્તિ સંસારમુક્તિદાયક માર્ગદર્શક મુહૂર્ત માંગે.

મુહૂર્તકાર ચૈત્યમુહૂર્તની પ્રથાના ચીલેચીલે ચાલે. જન્માક્ષર પરથી ગ્રહયોગો સૂચિત પ્રબળ પ્રબળતમ અને નિર્બળનિર્બળતમ વિષયોવિષયી વિગતવાર નોંધણીઓ નોંધે. અંતે અનિષ્ટોની વિનષ્ટતાઓ અને ઇષ્ટોની પ્રવિષ્ટતાઓના ગુણોમય લક્ષસિદ્ધ મુહૂર્ત શોધે. મુહૂર્તદાતા તરફથી વડીલને ઇષ્ટફલદાતા મુહૂર્ત લાધે.

મુહૂર્તોના પ્રભાવે સંપન્ન જીવનમાં ધાર્યા પ્રમાણે અણધાર્યા સંયમી સંયત મુહૂર્તદાતાકથિત આધ્યાત્મિક વિકાસો સાધે. યશના કળશ ગુરુરાજ બાદ મુહૂર્તદાતા પર ઢોળે. અંતરાત્માથી આશીર્વાદોની વર્ષાઓ વરસાવે.

એ રીતે જિનાલય નિર્માણના કથિત કાલોએ સંઘો અને ગૃહસ્થીઓના સંનિષ્ઠ સંકલ્પો સંપન્ન તથા નિર્ધિત નિરાકરણો નિષ્પન્ન બને. સાધ્ય બાબતો લાધ્ય થાય. સર્વત્ર આનંદમંગલ પ્રવર્તે.

સંક્ષેપમાં સંઘોને સંઘ ચૈત્યોમાં, ગૃહસ્થીઓને ગૃહ ચૈત્યોમાં અને દીક્ષાર્થીઓને દીક્ષિત જીવનમાં અશુભઅશુભતમ યોગોના વિશેષવિશેષતમ વિનાશો વેરે અને શુભશુભતમ યોગોના વિશિષ્ટ વિશિષ્ટતમ વિકાસો પ્રેરે એવી પ્રાચીનકાલીન મુહૂર્તદાતાઓની ખાસ ખાસિયતો. દોષોના નિવારણો અને ગુણોના અનાવરણો એ શ્રેષ્ઠ શ્રેયપદ મુહૂર્તની અસલ અસલિયતો. એ જ મુહૂર્તદાતાઓની સકલ જીવનસફરની અકળ ફળભૂત સફળ સફળતા.

આવી હતી આર્યાવર્તમાં ઋષિમહર્ષિઓની કૃપા કરુણામય આર્યજ્યોતિષની અલકપલક ઝલક.

## ૨. જૈન જ્યોતિષ

ઋષિ મહર્ષિઓ રચિત આર્યાવર્તના આર્યજ્યોતિષ જેમ કેવલજ્ઞાની અને અપૂર્વ પૂર્વજ્ઞાનીઓ વિરચિત જૈનદર્શનનું જૈન જ્યોતિષ. જાતક અને મુહૂર્ત વિભાગોમાં આઠ કર્મો તથા આઠ કર્મોની એકસો એકાવન ઉત્તર પ્રકૃતિઓની પ્રધાન પ્રાધાન્યતા. મુખ્યત: બાર રાશિઓ, સેંકડો ગ્રહો અને શતકાધિક નક્ષત્રોની મુખ્યતા.

જન્માક્ષરો પરથી જીવેજીવના સંસાર સંસરણસંસ્તરણમય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થો, પુન્યપાપયોગો તેમજ પુન્ય પાપોની ચતુર્ભંગીઓના મહત્તા માહાત્મ્યો.

જન્મપત્રિકાના આધારે અષ્ટકર્મો અને એકસો એકાવન ઉત્તર પ્રકૃતિઓ થકી નિગોદથી મોક્ષ લગીની સંસારયાત્રા તથા મોક્ષમાર્ગથી મોક્ષગતિની

મોક્ષયાત્રાનાં સઘન નિરીક્ષણો પરીક્ષણોની વિશેષ વિશેષતાઓ.

આધાન લગ્ન, જન્મ લગ્નાદિના શુભાશુભ ગ્રહયોગો જોડે આઠ કર્મો અને એકસો અઠ્ઠાવન ઉત્તર પ્રકૃતિઓનાં જોડાણો થકી મોક્ષપદપ્રદાતા - નવનીતોનાં નિતરણોની વિશિષ્ટ વિશિષ્ટતાઓ.

કારકાંશના ગ્રહયોગો આધારિત આરાધનાઓનાં માધ્યમોથી એકથી સત્તાવીસ ભવોએ મોક્ષ વાટે મોક્ષવાસના વાસવસવાટોમય તારક તારવણીઓની સારભૂત સારવણીઓ.

કાલબલાધીન કેવલજ્ઞાન પૂર્વજ્ઞાનના વિચ્છેદોએ જૈન જ્યોતિષ લગભગ ઉચ્છેદ પામ્યું. દેવગુરુકૃપાઓએ વર્તમાન કાળેય કેટલાક અંશો વિદ્યમાન છે એ વિષમ કાળની બલિષ્ઠ બલિહારી છે.

વૈદિક ધર્મના બાલાશ્રમ, ગૃહસ્થાશ્રમ, બ્રહ્મચર્યાશ્રમ અને સંન્યસ્તાશ્રમ સમી ચતુર્વિધ આશ્રમો થકી તથા જૈન ધર્મમાં શ્રાવક, શ્રાવિકા, શ્રમણ અને શ્રમણીઓ રૂપ ચતુર્વિધ ધર્મ થકી પરમ પદની પ્રરૂપણાઓ પ્રરૂપિત હતી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થના નક્કર પાયા પર પ્રચરિત હતી. ભૌતિકતાના ગૌણ અને આધ્યાત્મિકતાના પ્રધાન પાલન પર આચરિત હતી. ઉભય ધર્મોમાં જ્યોતિષ વિદ્યા અખંડ શૃંખલાના અખંડિત અંકોડાઓ સમી હતી.

આ અપેક્ષાઓએ આર્યાવર્તના આર્ય જ્યોતિષ અને જૈનકર્મવાદના જૈન જ્યોતિષની નિયમાવલિઓ લગભગ સમાન હતી. તત્ત્વતઃ જીવની જીવાદોરી અને ગ્રહયોગોની વર્તુલવર્તી હતી. ભૌતિક પરથી આત્મિક પ્રયાણ તરફી હતી. એકમેકના સંગીન એકમય ધ્યેયસંગી હતી. સ્વપર કલ્યાણોના લક્ષણવંતી લક્ષપક્ષી હતી. સ્વસ્વ સ્થાનોએ અન્યોઅન્યનાં યોગદાનો થકી અનુપમ અને અનુપમેયમય અનુભવાતી હતી.

## ૩. અર્વાચીનકાલીન જ્યોતિષ

પ્રાચીન અર્વાચીનકાલીન જાતક અને મુહૂર્ત વિભાગીય જ્યોતિષમાં દેશકાળ પરિવર્તી કેટલાંક ગમ્યાગમ્ય કારણોએ સ્પષ્ટ તરતમતાઓ પ્રવર્તે છે.

જાતક જ્યોતિષમાં રાશિઓ, લગ્નો, ગ્રહો અને ગ્રહયોગોની ગણિતબદ્ધ ગણનાઓ છે. કિંતુ કાલબલાધીન વિવિધ વિચ્છેદોએ એમની સામ્યતા વૈષમ્યતાઓ અર્થાત્ સુસંવાદિતા વિસંવાદિતાઓના વાસ્તવિક વિચાર વિચરણ નથી. સાચા આધાન લગ્ન અંગે સુવિધ સંચાર સંચરણ નથી. આવી અકળવિકળ અજ્ઞાનતાઓએ બધાં ફલકથનો બહુધા બહુ સાચા ઠરતા નથી.

વર્તમાનકાલીન મુહૂર્તદાતાઓ શુભ તિથિ, વાર અને પ્રસંગ અનુસારી નક્ષત્રો સમેત નિત્યાનિત્ય શુભ યોગોએ મુહૂર્તનો શ્રેષ્ઠ દિન, એ સાથે ભગવાન યા દીક્ષાર્થી અને નિશ્રાવર્તી આચાર્યવર્યાદિના રાશિમેળે શ્રેષ્ઠતર દિન તથા એ

સાથોસાથ ચોઘડિયાં સહિત લગ્ન નવમાંશના સુમેળોએ શ્રેષ્ઠતમ દિનનો ઉત્કૃષ્ટતમ ઇષ્ટકાળ લેખે છે. લગ્ન અને નવમાંશની ગણનાઓ છતાંય આવશ્યક ઊંડાણોએ ઉતરાણ નથી. રાશિઓ, લગ્નો, ગ્રહો અને ગ્રહયોગોના સુમેળ કુમેળના મેળાપણમય મેળવણ નથી. પ્રાચીનકાલીન મુહૂર્તોની દૃષ્ટિઓએ આવાં મુહૂર્તો ઘણાખરાં અધૂરા છીછરાં છે. પ્રાય: ઇષ્ટસિદ્ધિસાધક નથી.

આ પ્રમાણેના જાતક અને મુહૂર્ત જ્યોતિષ વિશેના સંક્ષિપ્ત વિવેચન પર્યાપ્ત છે.

આર્યાવર્તના આર્ય જ્યોતિષ અંતર્ગત પરાશર, નક્ષત્ર અને જૈમિની જ્યોતિષો ક્રમશ: સૂક્ષ્મ સૂક્ષ્મતર સૂક્ષ્મતમ છે. અનેક લુપ્તગુપ્ત રહસ્યો એ ત્રણેય પદ્ધતિઓમાં ધરબાયેલાં છે.

દેવગુરુઓના અસીમ કૃપાબળોએ ત્રણે ત્રણનાં દુર્લભ તત્ત્વોસત્ત્વો સુલભ છે. કળિકાળની અકળવિકળ વિકળતાઓએય ત્રણેયના સમન્વયમય જાતક અને મુહૂર્ત અંગેના ફલાદેશો ઘણી વાર ઘણા સાચા પુરવાર થાય છે.

સારાંશ તરીકે પ્રતિમાસંબંધી પ્રસંગોએ નિશ્રાવર્તી સૂરિવર્યોની, શિષ્યોના સંયમ સંરક્ષણાર્થે ગુરુવર્યોની જેટલી જવાબદારીઓ છે તેટલી જવાબદારીઓ પ્રતિમા, દીક્ષા અને વિવાહો વિશેનાં મુહૂર્તોમાં મુહૂર્તદાતાઓની છે એ એકેય જ્યોતિર્વિદ ભૂલેચૂકેય ભૂલે નહીં.

"જ્યોતિષ એટલે શુ ?" જ્યોત અને ઇષ્ટ એ બે શબ્દોની જ્યોતિષમાં સંધિ છે. જ્યોતનો અર્થ દીવો દીવડો અને ઇષ્ટનો અર્થ જોવું. અર્થાત્ દીવાદીવડાના પ્રકાશ થકી જે જોવાય તે જ્યોતિષ.

રાશિ ગ્રહાદિના જ્ઞાનપ્રકાશમાં જીવાત્માઓની જે જે શુભાશુભ બાબતો નિરખાય પરખાય એ જ્યોતિષ.

આધ્યાત્મિકતયા રાશિગ્રહાદિ દ્વારા આત્મજ્યોતિના આવિર્ભાવ જે જે ક્રિયાપ્રક્રિયાઓ યા વિધિવિધાનોથી થાય એ જ્યોતિષ.

સંક્ષેપમાં મુહૂર્ત એ ભવભવાંતર સુધારક એક અકળ યંત્ર છે. મુહૂર્તના રાશિગત ગ્રહો ઇષ્ટમિષ્ટિસર્જક યાંત્રિક રચના છે. સુખશાંતિ, તુષ્ટિપુષ્ટિ વિગેરે સંચાલિત યંત્રનું ઉત્કૃષ્ટ ઉત્પાદન (Production) છે.

જાતકના જન્માક્ષરો તેમજ દીક્ષા, લગ્નાદિ મુહૂર્તોએ દેહ, મન અને આત્માની સુસંગતા વિસંગતા મુજબ સુસંવાદવિસંવાદ પ્રવર્તે છે.

સુસંવાદ અનુસાર તપ, જપ, મંત્ર અને ધ્યાન સિદ્ધિઓ, મન, વચન, કાય અને આત્મશુદ્ધિઓ, દુ:ખમુક્તિ, દોષમુક્તિ, પાપમુક્તિ અને સંસારમુક્તિ સમ અશક્યતાઓને સુશક્ય બનાવે છે.

❑

# ૧૨

# જિનાલયનો શિલ્પયોગ

શિલ્પશાસ્ત્ર પ્રાચીનાતિપ્રાચીન અદ્વિતીય જ્ઞાનવિજ્ઞાન છે. સઘળાં સ્થાપત્યો જેમ જિનાલય નિયત નિયમાવલિઓ નિહિત છે. પૂર્વ પાર્શ્વ પીઠિકાઓના વિધિવિધાનવિહિત છે.

ભૂમિપ્રદેશ, આર્થિક આયોજન, કાર્યકર ગણ, શિલ્પશાસ્ત્રી, મૂળનાયકજીનું નામ, પ્રતિમાજીઓની સંખ્યા, નકશો (Plans), ઉપકારી આચાર્યવર્યાદિના આશીર્વાદો, કારીગરોના બંદોબસ્ત સહિત ખનન અને શિલાન્યાસનાં મુહૂર્તો એ પ્રારંભિક પૂર્વ પીઠિકા છે.

નકશા મુજબ ખનને ખોદકામ, શિલાન્યાસે પાયાની પૂરણી ભરણીઓ અને ઊભણી (Plinth) સમેત સમતળ પ્રદેશ એ પાર્શ્વ પીઠિકાનો પ્રારંભ છે.

અભ્યંતર, બાહ્ય, ઊર્ધ્વ અને સન્મુખ એવા ચારચાર મુખ્ય વિભાગોએ દેવાલય વિભાગિત છે. એ એકેક અનુક્રમે ગર્ભગૃહ, કોળીમંડપ, રંગમંડપ, શૃંગાર ચોકી અને ચોકિયારાઓના, ભમતી અને કઠોડાઓના, શિખરો, સામરણો અગર ઘૂમટઘૂમટીઓના તથા પગથિયાઓ અને આંગણાના વિભાગોએ અનુભાગિત છે.

જિનાલય નિર્માણનાં ચારેચાર બાંધકામોની કામગીરીઓએ પાર્શ્વ પીઠિકાની પૂર્ણાહુતિ છે.

નકશા પ્રમાણે ગર્ભગૃહ એ થાંભલાઓના મંડાણ ઉપર અનુક્રમે પાટના ચોડાણ અને સાતિયાઓના ઢાંકણની,

સન્મુખની દીવાલો આગોતર પાછોતર ચણતરોએ ક્રમાનુક્રમે કણપીઠ, આરસના પાટિયા, દાસા થકી પબાસનના બંધાણ અને પબાસનથી થોડેક ઊંચે મૂળનાયકજી ભગવાનની ગાદીમય બેઠકના બેઠાણની.

કણપીઠ અને દાસાઓ વચ્ચે ભદર, પઢરો અને રેખા સમી ત્રણ ત્રણ ઊભી કડોમય પાટિયાઓના લગાણ સહિત ગોખલાઓનાં બંધાણોની.

શિલાન્યાસમય આઠઆઠ શિલાઓ મધ્યની નવમી કૂર્મશિલાથી મૂળનાયકજીની ગાદીના મધ્યબિંદુ સુધી નાભિનળના લંબાણ સાથે મૂળનાયકજીની એકેક બાજુએ કાઉસગ્ગિયા ઉપર સત્તર પટના પરિકરમય ચઢાણની.

મૂળનાયકજીની દૃષ્ટિ સાથે બારણાના સાખોની શુભ આઈ તથા આસપાસના પ્રતિમાજીઓનાં દૃષ્ટિઓનાં મેળાપણોની.

મૂળનાયકજીની જમણી ડાબી આંખોની દિશાઓએ ક્રમશઃ અખંડ દીપક અર્થે ગોખલાના તથા તળપ્રદેશે મધરાની ગોઠવણીની રચનાઓ રચિત છે.

નકશા મુજબ કોળીમંડપ ગર્ભગૃહની આગલી દીવાલની એકેકી બાજુએ એકેક તલકડા, તલકડા ઉપર ક્રમશઃ બે સાખોના, અને સાખ ઉપરના ઓતરંગ થકી પ્રવેશદ્વારના.

પ્રવેશદ્વારના તળપ્રદેશે શંખાવટના, બે સાખો વચ્ચે ઊમરાના ચોડાણ સાથે ઉંબરાના નીકાળાઓએ બબ્બે ગ્રાહના કોતરાણના.

બબ્બે બારણાઓના રૂવાશિખરાઓથી જડાણ તથા બારણાઓ પર સુશોભનો અને સાખો પર રૂપકામના ચઢાણના.

બંને બાજુઓની દીવાલોએ ગોખલાઓના બંધાણ અને એકેકા ગોખલે પ્રતિમાજીઓ અગર દેવદેવીઓની પ્રતિષ્ઠાપનાઓનાં નિર્માણો નિર્મિત છે.

નકશા પ્રમાણે રંગમંડપ ક્રમાનુક્રમમાં ખડસલ, કુંભી, થાંભલા, કાંઠાસરા, ઠેકી, ભેટાસરા, અષ્ટપાટ, વર્તી, અંતર્ગોળ ઘૂમટઘૂમટ અને મધ્યકેન્દ્રે પદ્મશિલાની.

કાંઠાસરાઓના બાહ્ય નીકાળાઓએ અગર અંતર્ગોળ ઘૂમટે સોળ વિદ્યાદેવીઓ યા આઠ દેવીઓના ચોડાણ તથા બબ્બે થાંભલાઓ વચ્ચે તોરણો કે કમાનોના લગાણની.

પાટો પર સાતિયાઓથી છતના ઢંકાણ છત પરના ત્રિકોણાકારી ચારચાર ખૂણાઓએ એકેકા ઘંટના લગાણની.

મંદિર માંગલિક માટે ડાબીજમણી બાજુઓના બંને બારણાઓનાં ભૂંગળો થકી ભિડાણબિડાણની સર્જનાઓએ સર્જિત છે.

નકશા મુજબ ત્રણેય બારણાઓવાળા ચોકિયારાઓ ગર્ભગૃહ, કોળીમંડપ અને રંગમંડપ જેવા મંડાણોએ મંડિત છે.

નકશા મુજબ શિખરની ચારેય દિશાઓએ પેટીઓ, ઉરુશૃંગ ઉછરંગ, શિખરીઓ, ધામણો, આમલસારો અને કળશના લગાણ. આગલેપાછલે ત્રણેય સ્થાનોએ એકેકા ગોખલાના ભરાણ, આમલસારાની ચારેય દિશાઓએ એકેકી

જોગણીના કોતરાણ, ગોળાકારી પોલાણે ધ્વજદંડના પરોવણ, ભીતરી દેરીની બાંધણી અને મધ્યપ્રદેશે શુકનાશના જડાણના.

રંગમંડપના અંતર્ગોળ ઘૂમટ પર બહિર્ગોળ ઘૂમટ અને ત્રણેય ચોકિયારાઓ પર ઘૂમટીઓ અગર ચારેચાર સ્થાનોએ સામરણો અને સામરણોની મધ્યમાં એકેક કળશના જડાણના બાંધણ બાંધિત છે.

નકશા પ્રમાણે મંડોવરની ત્રણેય બાહ્ય દીવાલોમય મંડાણમાં ક્રમાનુક્રમે કણપીઠ, કુંભો, ઊભા પથ્થર, છજું, કેવાલના ઉપરાઉપરી થરો થકી ભદર, પઢરો અને રેખાઓના ચોડાણ, પથ્થરના થર પર મધ્ય ત્રણ ગોખલાઓના મંગલ મૂર્તિઓના તેમજ અન્ય ગોખલાઓમાં દશ દિગ્પાલોના બેઠાણની.

કેવાલના થરોએ કઠોડાના ચોટાણ, છજાની ચારેય વિદિશાઓએ એકેક હાથીના ચોડાણની.

પ્રદક્ષિણા કાજે ચારે બાજુએ ભમતી અને ભમતીના દાસાઓથી બિડાણની ગોઠવણીઓ ગોઠિત છે.

નકશા મુજબ સન્મુખસ્થ ચોકિયારા સાથે પગથિયાઓના ચોટિત ચોંટાણા, ભૂમિપ્રદેશને થોડે અંતરે પ્રાંગણપ્રવેશાર્થે વિશાળ દરવાજા જોડિત જોડાણ, તેમજ દરવાજાની ઉભકો અને ઊભકોને માથે નમૂનેદાર નકશીદાર મઢાણો મઢિત છે.

ગાદી મધ્યે પ્રસાદ દેવી અને પગથીઓએ હાથણીઓ લગાડાય છે.

સંક્ષેપમાં આવા છે પરમ્પરામય સ્થપતિઓ સ્થાપિત અજોડ કલાકૌશલ્યોમય બેજોડ શિલ્પ સ્થાપત્યો.

અગમ શિલ્પશાસ્ત્રજનિત જિનાલય નિર્માણની દુષ્કર ભૂલચૂકોની સુકર સુધારણા કાજે શાસનશ્રેયલક્ષે શિલ્પશાસ્ત્રીઓ માન્ય સુગમ ગુરુચાવીઓ ચતુર્વિધ સંઘને દોષરોષરહિતતાની શરતે સોંપાય છે.

આ સંયોજકે કેટલાંક વર્ષ અગાઉ અંગત ઉપયોગ અંગે શિલ્પશાસ્ત્ર ઉપર પંચોતેર જેટલા ફુલસ્કેપ કાગળોમાં એક લઘુ પુસ્તિકા લખી હતી. ભારતના પ્રથમ પંક્તિના એક પ્રખ્યાત શિલ્પશાસ્ત્રી પાસે પ્રમાર્જના કરાવી હતી. એના આધારે પ્રસ્તુત પ્રકરણ પ્રકાશિત છે. જિનાલયના નિર્માણકાર્યમાં કાર્યકર્તાઓને ઉપયોગી નીવડશે.

(૧) અભ્યંતર, બાહ્ય, ઊર્ધ્વ અને સન્મુખ વિભાગોમાં અનુક્રમે ગર્ભગૃહ, કોળી મંડપ, રંગમંડપ, શૃંગાર ચોકિયારાઓને દીવાલોમય મંડોવર સહિત શિખર શિખરીઓ ઘૂંમટીઓ અને સામરણોને માપપટી વડે માપો. નકશાનાં પદો અને માપનાં પ્રમાણોને સરખાવો. ફેરફાર હોય તો ભૂલ છે.

(૨) મૂળનાયકજી, ગર્ભગૃહ, પ્રવેશદ્વાર, કોળી મંડપ, રંગમંડપ, શૃંગારચોકી, ચોકિયારા, પગથિયાઓ અને પ્રાંગણ પ્રવેશના મધ્યબિંદુઓએ લાલ પેન્સિલ-પેન વડે ચોકડીઓ કરો.

(૩) ગર્ભગૃહના મૂળનાયકજીથી છેક બાહ્ય પ્રવેશદ્વાર પર લાલ ચોકડીઓનાં ચિહ્નો છે. એ પ્રમાણે બંને ચોકિયારાઓ સાથે રંગમંડપના મધ્યબિંદુઓએય લાલ ચોકડી કરો. માણસો પાસે આડીઊભી પાતળી દોરીઓ પકડાવો.

(૪) બાહ્ય વિભાગના મંડોવરના પદેપદની લંબાઈ, પહોળાઈ અને જાડાઈને બરાબર તપાસો.

(૫) ઊર્ધ્વ વિભાગમાં શિખર, મધ્યનો ઘૂંમટ, સન્મુખની ઘૂમટી-ઘૂમટીઓના મધ્યબિંદુઓ પર લાલ નિશાન લગાવો. આડીઊભી લીટીથી ચોકડીઓ દોરો. કાટખૂણાઓ તપાસો. શિખર અને ઘૂંમટઘૂમટીઓ વચ્ચેનાં માપોને માપો. ત્રણેય ઘૂંમટઘૂમટીઓ અને ઘૂંમટના કળશો પર લાલ લીટીઓ દોરો. માણસો પાસે દોરી પકડાવો. માપો. લાઇનો અને કાટખૂણાઓ તપાસો.

(૬) શિખરના શુકનાશ, મધ્યનો ઘૂંમટ અને સન્મુખસ્થ ઘૂમટીના કળશોની મધ્યમાં મધ્યમબિંદુઓ દોરો. મધ્યના ઘૂંમટ અને આજુબાજુની ડાબીજમણી ઘૂમટીઓના મધ્યપ્રદેશે નિશાન લગાવો. લાઇન અને કાટખૂણાઓ તપાસો.

(૭) દોરીઓ, કાટખૂણાઓ અને મધ્યબિંદુઓ સીધી લાઇનમાં કાટખૂણાઓ બરાબર આવે તો જિનાલય નિર્માણ દોષરહિત સપ્રમાણસર છે. નકશાના માપો પ્રમાણે આવે તોય ક્ષતિવિહીન જિનાલય છે. પરંતુ એક સીધી લાઇનમાં, બરાબર કાટખૂણાઓએ અને નકશાના માપ પ્રમાણે આવે નહીં તો નિર્માણમાં ભૂલ છે. જે બાજુએ દોરી સીધી લાઇનમાં, કાટખૂણાઓએ આવે નહીં તે બાજુના વિભાગમાં દોષ ભૂલ છે. ગલત ગલતી છે.

ચીવટથી ચકાસાય છે ત્યારે ભૂલ ઝડપભેર ઝડપાય છે નિષ્ણાત અનુભવી શિલ્પીઓ પાસે ભૂલોને સુધારાય છે. સુધારણાઓ થકી અખિલ જિનાલયને દોષરહિત બનાવાય છે.

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

❑

# પરિશિષ્ટ

## ૧. તીર્થંકરોના આયુકાળ અને સંયમપર્યાય

| | તીર્થંકર | આયુકાળ | સંયમપર્યાય |
|---|---|---|---|
| ૧. | ઋષભદેવ | ૮૪ લાખ પૂર્વ | એક લાખ પૂર્વ |
| ૨. | અજિતનાથ | ૭૨ લાખ પૂર્વ | ,, |
| ૩. | સંભવનાથ | ૬૦ ,, | ,, |
| ૪. | અભિનંદનસ્વામી | ૫૦ ,, | ,, |
| ૫. | સુમતિનાથ | ૪૦ ,, | ,, |
| ૬. | પદ્મપ્રભુસ્વામી | ૩૦ ,, | ,, |
| ૭. | સુપાર્શ્વનાથ ભગવાન | ૨૦ ,, | ,, |
| ૮. | ચન્દ્રપ્રભસ્વામી | ૧૦ ,, | ,, |
| ૯. | સુવિધિનાથ | ૨ ,, | ,, |
| ૧૦. | શીતળનાથ | ૧ ,, | પચાસ હજાર પૂર્વ |
| ૧૧. | શ્રેયાંશનાથ | ૮૪ લાખ વર્ષ | ૨૧ લાખ વર્ષ |
| ૧૨. | વાસુપૂજ્યસ્વામી | ૭૨ ,, | ૫૪ ,, |
| ૧૩. | વિમલનાથ | ૬૦ ,, | ૧૫ ,, |
| ૧૪. | અનંતનાથ | ૩૦ ,, | ૭ ૧/૨ ,, |
| ૧૫. | ધર્મનાથ | ૧૦ ,, | ૨ ૧/૨ |
| ૧૬. | શાંતિનાથ | ૧ ,, | ૨૫ હજાર વર્ષ |
| ૧૭. | કુંથુનાથ | ૯૫ હજાર વર્ષ | ૨૩૭૫૦ ,, |
| ૧૮. | અરનાથ | ૮૪ ,, | ૨૧૦૦૦ ,, |
| ૧૯. | મલ્લિનાથ | ૫૫ ,, | ૧૪૦૦૦ ,, |
| ૨૦. | મુનિસુવ્રતસ્વામી | ૩૦ ,, | ૭૫૦૦ ,, |
| ૨૧. | નેમિનાથ ભગવાન | ૧૦ ,, | ૨૫૦૦ ,, |
| ૨૨. | નેમિનાથ પ્રભુ | ૧ ,, | ૭૦૦ ,, |
| ૨૩. | પાર્શ્વનાથ પ્રભુ | ૧૦૦ વર્ષ | ૭૦ ,, |
| ૨૪. | મહાવીરસ્વામી ભગવાન | ૭૨ ,, | ૪૨ ,, |

❑

## ૨. સૃષ્ટિ સંચાલન

એકદા નિરાકાર શક્તિએ સાકાર સ્વરૂપ ધારણ કર્યું. સકલ સૃષ્ટિનું સર્જન સર્જ્યું. પૃથ્વી પર પરમાત્માઓના અવનવા અવતારોએ સાકાર શક્તિ અવતરે છે. અધર્મના વિનાશ વેરે છે અને ધર્મના વિકાસ પ્રેરે છે. સૂક્ષ્મ તન્માત્રાના લય સાથે વિરાટ વિશ્વ પ્રલયથી વિલય પામે છે. બૃહત બ્રહ્માંડ પૂર્વવત્ શૂન્યવત્ બને છે. આવી છે વૈદિક શૈવ દર્શનની સામાન્ય માન્યતા.

સકલ સૃષ્ટિનું સંચાલન સ્વયં સંચાલિત છે. અનાદિ અનંતકાલીન છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળોએ ત્રૈકાલિક છે. ભૂતકાળ જેમ ભવિષ્ય કાળ અનંતોઅનંતો છે. વર્તમાનકાળ કેવળ પ્રવર્તમાન પળ છે. દિન, પક્ષ, માસ, વર્ષ તેમજ પલ્યોપમ, સાગરોપમ ઉત્સર્પિણી અવસર્પિણી કાલચક્રોના અધિકઅધિકતર કાલમાન છે.

અનાદિકાળથી વિરાટ વિશ્વમાં જીવ, જીવના સંસાર અને સંસારસંસારકના કર્મચક્ર છે. કર્મબદ્ધતાએ સંસાર સંસરણ અને કર્મમુક્તતાએ સંસારવિરમણના એકાંતિક કાર્મિક કાનૂનો ગતિમાન છે.

અનાદિકાળના અનંતા અનંત કાલચક્રો અંતર્ગત એકેકા કાલચક્રની અવસર્પિણી ઉત્સર્પિણીએ નિયતિ નિયત ચોવીસ-ચોવીસ તીર્થંકરો ચમકે છે. એકેક તીર્થંકરના શાસને સંખ્યાતા જીવો કર્મમુક્ત સંસારમુક્ત મુક્તિયુક્ત બને છે.

એ અન્વયે અનંતાઅનંત કાલચક્રના અનંતા અરિહંત ભગવંતો પ્રકાશ્યા છે અને અનંતા જીવો મોક્ષ પામ્યા છે. અનંતાઅનંતા કાલચક્રોએય અનંતા જીવો મોક્ષ મેળવશે. છતાંય જીવસૃષ્ટિનું સંસારચક્ર અંતરહિત અનંતાઅનંતા કાળેય સંસરમાન રહેશે. જૈન દર્શનની આવી સૈદ્ધાંતિક સિદ્ધાંતતા છે.

❑

## પુસ્તકોનાં નામ

### ૧. પંચકલ્યાણક યોગ

શ્રી મહાવીર સ્વામી ભગવાનના જીવનચરિત્ર સાથે પંચ કલ્યાણક લેખે તીર્થંકર નામકર્મ નિકાચન અને તીર્થંકરપદ પદવી યોગનાં રહસ્યો આરાધનાઓ સાથે આલેખ્યાં છે.

### ૨. સાક્ષાત્કાર યોગ

ગુરુ પરમાત્મા અને આત્મ–સાક્ષાત્કારો સાથે જ્યોતિયોગ, ષટ્ચક્ર ભેદનયોગ વગેરેનાં રહસ્યો અનુભવોને આધારે પ્રસ્તુત કર્યાં છે.

## છપાશે તેવાં પુસ્તકોની યાદી

### ૩. નવકારનાં નિધાન

આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતોના અઠ્યાસી ગુણોની સાધનાસિદ્ધિનાં રહસ્યો તેમજ નવકારના પૂજનયોગ, જપયોગ અને વીસેક પ્રકારનાં ધ્યાનો સાથે લખ્યાં છે.

### ૪. સાધકની સાધનાકથાઓ

ચાર દાયકાઓના નિવૃત્તિમય જીવનમાં જપયોગ, ધ્યાનયોગ, ભક્તિયોગ તેમજ નવકાર અને અર્હંમંત્રના જપ સાથે લોગસ્સના કાઉસ્સગ ધ્યાનો લગભગ અનુભવોના આધારે તારીખ, માસ અને વર્ષવાર લેખન પામ્યાં છે. આશરે આ પુસ્તક જેવાં એક હજાર પાનાં થાય છે.

### ૫. જૈન જ્યોતિષનાં રહસ્યો

આઠ કર્મો અને એકસો અઠ્ઠાવન કર્મપ્રકૃતિઓના ગ્રહો, રાશિઓ, સ્થાનો અને ભાવાદિ તેમજ પુણ્યપાપની મતુર્ભંગી, ધર્માદિ ચાર પુરુષાર્થ સમેત બ્રહ્મચર્ય, સંન્યસ્ત યોગ તેમજ પ્રેતાદિ દોષો, દેવકૃપા જેવા યોગો તેમજ મુહૂર્તના નિત્ય–અનિત્ય યોગો પર લેખન લખાય છે.

### ૬. તિથિ આરાધનાનાં રહસ્ય

પર્વતિથિઓ, શાશ્વતી ઓળીઓ, પર્યુષણ પર્વ, સંવત્સરી મહાપર્વ તેમજ સંવત્સરી પરિવર્તનાં ગૂઢ રહસ્યોની અનુપ્રેક્ષાપૂર્વક વિવેચના આવશે.

### ૭. યોગસિદ્ધિઓના ચમત્કારો

એક હજાર યોગસિદ્ધિઓનાં નામ, કાળ, કાર્યોનાં આલેખન આલેખાશે.